# શ્રી કનક જૈન જ્યોતિષ સંગ્રહ

ભાગ-૨



આશીર્વાદ દાતા : પરમ પૂજ્ય આ. ભ. શ્રી કીર્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.
સંકલન કર્તા : સંયમ શાહ - રોમીલ શાહ

Aries Taurus Gemini Cancer Leo Virgo

♈ ♉ ♊ ♋ ♌ ♍

# શ્રી કનક જૈન જ્યોતિષ સંગ્રહ

## ભાગ-૨

આશીર્વાદ દાતા

**પરમ પૂજ્ય આ.ભ. શ્રી કીર્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.**

માર્ગદર્શક

**સંગીત વિશેષજ્ઞ પૂજ્ય મુનિરાજ શ્રી તપપ્રભ વિજયજી મ.સા.**

સંકલન કર્તા

**સંયમ શાહ - રોમીલ શાહ**

શ્રુતભક્તિ સહાયક

**શ્રીમતી ચંદ્રિકાબેન મફતલાલ મોદી (રમુણવાળા)**

**સહપરિવાર**

**હસ્તે. નરપતભાઈ(આર્મી), મહેન્દ્રભાઈ(રાજુભાઈ) મફતલાલ**

**(બ્રહ્માણી ગોલ્ડ પેલેસ, નરોડા)**

# Shri Kanak Jain Jyotish Sangrah (Bhaag-2)

By : Sanyam Shah & Romil Shah

**પ્રથમ આવૃત્તિ :**

**નકલ : ૨,૦૦૦**

**કિંમત : ₹ 300/-**

**પ્રાપ્તિસ્થાન :**

(૧) રોમીલ વિનીતકુમાર શાહ
એચ-૨૪, ચિંતનફ્લેટ, નયનનગર, કૃષ્ણનગર, અમદાવાદ.
☛ (મો. : ૯૭૨૭૫૧૪૦૦૮, ૯૪૦૮૨૮૬૮૭૮)

(૨) સંયમ શાહ ☛ (મો. ૦૯૪૨૮૩૬૨૮૮૬, ૦૯૮૨૫૪૫૪૦૧૮)

(૩) જશવંતલાલ ગીરધરલાલ શાહ
જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ, અમદાવાદ.

(૪) પ્રણવભાઈ ભરતભાઈ શાહ
૪૦૧/૪૦૨, પાર્શ્વ કોમ્પલેક્ષ, ગંગોત્રી એપાર્ટમેન્ટ સામે,
આર.વી. દેસાઈ રોડ, વડોદરા. ☛ (મો. ૯૮૯૮૫૮૫૧૨૩)

પ્રીન્ટર્સ : નવનીત પ્રીન્ટર્સ : નિકુંજભાઈ શાહ : કુવાવાળીપોળ,
શાહપુર, અમદાવાદ. ☛ (મો. ૯૮૨૫૨૬૧૧૭૭)

# અર્પણ

યુગની આદિ કરનારા યુગાદિદેવ,

જ્યોતિષની જ્યોતિ સર્વપ્રથમ પાથરનાર

પ્રથમ તીર્થંકર

**શ્રી ઋષભદેવ**

તથા

અમારા વિદ્યાદાતા ગુરુદેવ

**આચાર્ય શ્રી કીર્તિપ્રભસૂરિશ્વરજી**

મહારાજ સાહેબના

ચરણોમાં

આ પુસ્તક સમર્પિત કરીએ છીએ.



# સંપાદકીય

સાહિત્ય નિર્માણથી જ સમાજના ઉચ્ચતમ વિકાસની યશોગાથાની ઘટમાળ નિરંતર ચાલ્યા કરે છે. માટે જ કદાચ જૈનોના વાર્ષિક ૧૧ કર્તવ્યોમાં શ્રુતભક્તિ (સાહિત્યપ્રેમ) મૂકવામાં આવ્યું છે.

આવી શ્રુતભક્તિ દ્વારા વ્યક્તિ તેમનું સમાજ પ્રત્યેનું ઋણ અદા કરે છે.

પ્રસ્તુત ગ્રંથના સંપૂર્ણ આર્થિક દાતા અમદાવાદ-નરોડા નિવાસી **શ્રી રાજુભાઈ મોદી (મૂળ રમૂણગામ)** છે.

બાળપણથી જ તેઓ ગુરુ આજ્ઞાને સંપૂર્ણ 'તહત્તિ' કરવા દ્વારા શૂન્યમાંથી સર્જન કરી ચૂક્યા છે. ગુરુદેવનો પડ્યો બોલ તરત ઝીલીને સહુને એક પ્રેરણા આપે છે કે સંસારમાં ગુરુ કરતાં વધારે પ્રાધાન્ય બીજા કોઈનું નથી. કલિયુગમાં ગુરુ આજ્ઞા એ જ ચમત્કાર છે. તે વાતને રાજુભાઈનું જીવન જાણ કે સમર્થન આપે છે.

આ ઉપરાંત અમ સહુને આવા સાહિત્ય સર્જનની પ્રેરણા-ફાવટ-ચીવટ અને શરૂઆત સં. ૨૦૬૯-૭૦ ના મહેસાણા સ્થિત ચાતુર્માસ થી મળી. મહેસાણા ગામનો પ્રાચીન ઉપાશ્રય, તેની નિકટમાં જ આવેલ શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તથા શ્રી મનોરંજન પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ સમું જિનાલય - આ બધું જ સદાય જ્ઞાન ધ્યાનમાં મસ્ત

રહેવાની બુલંદ પ્રેરણા આપે છે. અહીંના ટ્રસ્ટીઓ શ્રી જયકુમાર દાદા, શ્રી ભૂપેન્દ્રભાઈ વગેરે પણ સંપૂર્ણ સહકાર આપી ઉત્સાહ-ઉમંગ વધારે આપે છે.

આ ઉપરાંત શ્રી ભરતભાઈ (રાંતેજવાળા), શ્રી ભરતભાઈ રસિકલાલ શાહ તથા શ્રી ડૉ. સંજયભાઈ શાહ પણ આર્થિક રીતે જ્ઞાન સર્જનના આવા કાર્યોમાં પીઠબળ પુરું પાડતાં રહ્યા છે. આ સિવાય પણ ડૉ. સંજયભાઈ જ્ઞાન બાબતે પોતાના વિશાળ જ્ઞાનનો લાભ આપતાં રહ્યાં છે.

તથા શ્રી નિકુંજભાઈ શાહ (નવનીત પ્રિન્ટર્સ), શ્રી શશીકાંત વાઘેલા અને શ્રી વિક્કીભાઈ પંચાલનો પણ અદ્ભૂત સહયોગ આ ગ્રંથના નિર્માણ કાર્યમાં રહ્યો છે.

આ બધા કારણોથી જ આ ગ્રંથનું નિર્માણ શક્ય બન્યું.

જ્યોતિષ વિષયના આ રોકડીયા જ્ઞાન પીરસતાં ગ્રંથનો વાચકો લાભ ઉઠાવી સ્વ-પર જીવનને ઉત્તરોત્તર સુખી-સંતુષ્ટ બનાવે એ જ શુભકામના સહ વિર્મુ છું.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**- રોમીલ શાહ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| | **મુહૂર્ત પ્રકરણ** | |
| | **મુહૂર્ત કાઢવાની સરળ માહિતી :** | |
| ૧. | તિથિ / વાર / નક્ષત્ર / યોગ / કરણ / ચંદ્રરાશિ / | |
| | તારાયંત્ર / કાળ પ્રકરણ | ૧ |
| ૨. | શુભ - અશુભ રાજયોગો / હોરા - ચોઘડિયા / | |
| | ગુજરાતી અને મારવાડી તફાવત / જૈન ચોઘડિયા | ૧૦ |
| | **વધુ સુક્ષ્મતાથી મુહૂર્ત કાઢવાની માહિતી :** | |
| ૩. | તિથિ પ્રકાર અને કાર્યો | ૧૪ |
| ૪. | કરિ દિવસ / નક્ષત્ર અને કાર્ય / નક્ષત્રોના મુખ / | |
| | દિશાશૂલ - નક્ષત્રશૂલ અને યોગિની | ૧૫ |
| ૫. | ગંડાંત દોષ / ગ્રહણથી અશુભ દિવસો / ગ્રહણ નક્ષત્ર દોષ / | |
| | પાપ ગ્રહયુક્ત નક્ષત્ર દોષ | ૧૬ |
| ૬. | વસુનવક મડાપંચકની સમજ / યાત્રા મુહૂર્ત વિચાર | |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૭. | કરણમાં કરવાનાં કાર્યો / વિષ્ટિનાં મુખ અને પૃચ્છ / સ્વર્ગનું મનુષ્ય કે પાતાળમાં વિષ્ટિ / વિષ્ટિનાં વાર પરત્વે નામ | ૧૮ |
| ૮. | શુભ - અશુભ રાજયોગોની સમજ / યમઘંટયોગ તથા ફાંકડું | ૨૦ |
| ૯. | મુહૂર્તને લગતી કેટલીક ધ્યાનમાં રાખવા લાયક બાબતો | ૨૪ |
| ૧૦. | વસ્તુ શોધવાનું યંત્ર | ૨૬ |
| ૧૧. | જન્મ નક્ષત્ર પાયો / નક્ષત્રોના સ્વામીઓ | ૨૬ |
| ૧૨. | કેટલીક અગત્યની માહિતી / રજોદર્શન વિશેની માહિતી | ૨૭ |
| ૧૩. | લગ્ન મેળાપક વગેરે માટે ઉપયોગી બાબતો : યોનિ - ગણ - યુંજા - નાડી | ૩૦ |
| ૧૪. | જ્યોતિષ અને લેણાદેણી | ૩૪ |
| ૧૫. | અન્ય યોગોની સમજ : વજ્રમુશલ, અરિ, અસ્થિ, ક્રકચ, મૃત્યુ, યમઘંટ, વિષ, સિદ્ધિ, હુતાશન, સિદ્ધિદા તિથિ, મૃત્યુદા તિથિ, દગ્ધ, ઉત્પાત, કાણ, દગ્ધાતિથિ, યમદ્રષ્ટા, સર્વાર્થ યોગની સમજ | ૩૯ |
| ૧૬. | બિમારી અને નક્ષત્ર | ૪૧ |
| ૧૭. | કળશચક્ર (કુંભ ચક્ર), વૃષભ ચક્ર, કૂર્મ ચક્ર | ૪૪ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૮. | સૂતેલી ભૂમિ કોઠો | ૪૮ |
| ૧૯. | પચ્ચક્ખાણ વિષયક | ૫૦ |
| ૨૦. | સંવત્સરના ૫ ભેદ / નવીન વસ્ત્ર - પાત્ર વાપરવા માટે / | |
| | લોચ કરવા માટે | ૫૧ |
| ૨૧ | જૈન કાળ ગણના | ૫૨ |
| | **ફળાદેશ પ્રકરણ** | |
| ૨૨. | જ્યોતિષ વિષયક પ્રાથમિક માહિતી | ૫૫ |
| ૨૩. | ગ્રહ સ્વભાવ રાશિ / સ્વામી / ઉચ્ચ - નીચ્ચ / | |
| | રાશિ સ્વભાવ | ૫૬ |
| ૨૪. | જન્મ કુંડળીનાં ૧૨ ભાવોનું વિસ્તૃત વર્ણન | ૫૯ |
| ૨૫. | ગ્રહોનો સ્વભાવ / ગ્રહોના કારક / રાશિઓના સ્વભાવ | ૬૨ |
| ૨૬. | પરમ ઉચ્ચ, પરમ નીચ્ચ તેમજ મૂળ ત્રિકોણનો વિચાર | ૬૪ |
| ૨૭. | ઉચ્ચ / મૂળ ત્રિકોણ / સ્વગૃહી ગ્રહોનું ફળ | ૬૫ |
| ૨૮. | ભાવ પ્રમાણે ગ્રહફળ | ૬૭ |
| ૨૯. | ગ્રહોનું ચોક્કસ ફળ | ૬૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૦. | ગ્રહ દિશા / ક્રૂર તથા સૌમ્ય ગ્રહ / ગ્રહોની જાતિ | |
| | ગ્રહ બલાબલ / ગ્રહ દ્રષ્ટિ વિચાર | ૭૨ |
| ૩૧. | ગ્રહ મૈત્રી વિચાર | ૭૪ |
| ૩૨. | જન્મ કુંડળી ગોચર કુંડળી વિષયક વિચાર | ૭૫ |
| ૩૩. | જાતકની જન્મ રાશિ / જન્મ તિથિ કઈ / જન્મ સમય / | |
| | જન્મ ઋતુ કઈ ? | ૭૬ |
| ૩૪. | રાશિમાં ગ્રહને રહેવાનો કાળ / ગ્રહોની ગતિ વિચાર | ૭૮ |
| ૩૫. | ગ્રહોની અવસ્થા અને રંગ | ૮૦ |
| ૩૬. | મંગળ દોષ વિષયક | ૮૧ |
| ૩૭. | શનિની નાની-મોટી પનોતી | ૮૮ |
| ૩૮. | કમુહૂર્તો તથા રોગ-આરોગ્ય વિષયક વિચાર | ૮૯ |
| ૩૯. | આયુષ્ય વિષયક વિચાર | ૯૮ |
| ૪૦. | નવગ્રહ શાંતિ કરવાનો જાપ | ૧૦૨ |
| ૪૧. | ષડ્વર્ગ કુંડળી અને ફળાદેશ | ૧૦૫ |
| ૪૨. | દશવર્ગી બળનાં પારિજાતાદિ ભેદનું ફળ | ૧૦૬ |
| ૪૩. | જ્યોતિષની દુર્લભ માહિતી | ૧૦૭ |
| ૪૪. | માસ ફળ જાણવાની રીત | ૧૦૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૫ | ગ્રહોના નંગ / ગુણ / વસ્ત્ર / ધાતુ વિષયક | ૧૦૯ |
| ૪૬ | ભાવનાં કારકો અને કારક યોગો | ૧૧૧ |
| ૪૭ | શરીરને વિશે રાશિઓ | ૧૧૧ |
| ૪૮ | તારીખ પ્રમાણે ઋતુની માહિતી | ૧૧૨ |
| ૪૯ | ખોવાયેલી વસ્તુ કઈ દિશામાં ગઈ અને કોણે લીધી ? | ૧૧૨ |
| ૫૦ | જ્યોતિષના આધારે ધનધાન્યની તેજી-મંદી | ૧૧૩ |
| ૫૧ | રાશિ-ગ્રહો અને નંગોના અંગ્રેજી નામ | ૧૨૦ |
| ૫૨ | કુંડળીનું લગ્ન શોધવાની રીત | ૧૨૨ |
| ૫૩ | અષ્ટાંગ નિમિત્ત | ૧૨૪ |
| ૫૪ | સ્વરજ્ઞાન | ૧૨૫ |
| ૫૫ | સ્વપ્ન વિષયક | ૧૨૯ |
| ૫૬ | છીંક પ્રકરણ | ૧૩૭ |
| ૫૭ | કુંડળીમાં બનતા રાજયોગો અને તેના ફળાદેશ | ૧૩૯ |
| ૫૮ | વર્ગકુંડળીનાં યોગો | ૨૨૩ |
| ૫૯ | ૨૪ તીર્થંકરોના જન્માક્ષરો | ૨૨૭ |
| ૬૦ | સંકલનકર્તા મુમુક્ષુ સંયમકુમારના શુભાશુભ ગ્રહો | ૨૩૯ |
| ૬૧ | જ્યોતિષ રત્નસંચય | ૨૪૧ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| | **પરિશિષ્ટ** | |
| ૬૨ | જિનબિંબ ભરાવવા યોગ્ય / અયોગ્ય રાશિ કોષ્ટક (૨૪ જિન પ્રમાણે) | ૨૫૦ |
| ૬૩ | રાશિમાં આવતાં અક્ષરોનું વિવરણ કોષ્ટક | ૨૫૨ |
| ૬૪ | જિનબિંબ ભરાવવા યોગ્ય / અયોગ્ય રાશિ (રાશિ પ્રમાણે) | ૨૫૩ |
| ૬૫ | નવગ્રહ કોષ્ટક | ૨૫૫ |
| ૬૬ | બાર રાશિ કોષ્ટક | ૨૫૯ |
| ૬૭ | નક્ષત્ર કોષ્ટક સેટ-૧ | ૨૬૧ |
| ૬૮ | નક્ષત્ર કોષ્ટક સેટ-૨ | ૨૬૮ |


ॐ ह्रीं

# પ્રસ્તાવના

**'પહેલાં ખોલો આંખ,**
**પછી ફેલાવો પાંખ'**

જ્યોતિષનો રહસ્યાર્થ છે પ્રકાશ પાડનાર (જ્યોતિ). ભૂત અને ભવિષ્યના પેટાળમાં જે જે ગેબી અને ગૂઢ વાતો છૂપાયેલી છે તેને જોવા-જાણવા સમર્થ બનાવનાર છે જ્યોતિષ.

આથી જ્યોતિષનો વિવેકપૂર્ણ તથા જાગૃતિપૂર્વકનો ઉપયોગ જીવોને અને જીવનને ઘણી બધી અણધારી તથા નાહકની ચેષ્ટાઓ તથા મુશ્કેલીઓમાંથી ઉગારી શકશે.

આ જ્યોતિષનો નિયમ છે કે 'ભય-શંકા લાગે તો જ્યોતિષ જોવું નહીં અને જોયા પછી ભય-શંકા કરવા નહી.'

ઉપરાંત, કોઈપણ વ્યક્તિના મર્મ-રહસ્ય ખુલ્લાં કરવા નહીં, ચાહે ગમે તે પરિસ્થિતિ આવી જાય.

જ્યોતિષ એ સૌથી પ્રાચીન વિષય છે અને કદાચ કંઈક વધુ તિરસ્કૃત વિષય પણ !

એ વાત બહુ સાચી છે કે જ્યોતિષના કારણે જ ગણિતનો જન્મ થયો. જ્યોતિષની ગણતરીઓ માટે જ ગણિત વિષય અસ્તિત્વમાં આવ્યો. યુનાનનો દાર્શનિક પાયથાગોરસ પણ ભારત અને ઈજીપ્તની તેની યાત્રા

પછી મહાવીર અને બુદ્ધના વિચારોથી પ્રભાવિત થઈ કહે છે કે, ***"અવકાશમાં ભ્રમણ કરતાં ગ્રહો વચ્ચે એક સંગીતમય સંબંધ છે (Planetary Harmony)."***

પેરાસીલીસ નામનો ચિકિત્સક તો મરીઝની જન્મકુંડળી દેખીને પછી જ ઈલાજ કરતો અને સહુના આશ્ચર્ય વચ્ચે પરિણામ નક્કર જ આવતું ! તે કહેતો કે, ***"વ્યક્તિ કયા નક્ષત્રમાં પેદા થયો છે તે ના જાણું ત્યાં સુધી તેના અંદરના સંગીતની ખબર ન પડે અને આ સંગીત સૂત્રો વિના ચિકિત્સા ના થાય."*** તે કહેતો કે, ***"સ્વાસ્થ્ય એટલે જ ભીતરમાં વહેતું સંગીત."*** આ સ્વાસ્થ્ય એ સ્વભાવ છે. જયારે સ્વાસ્થ્યને આપણે "બિમારીનો અભાવ" એ પ્રમાણે વ્યાખ્યાગત કરીએ છીએ ત્યારે "સ્વાસ્થ્ય"ની નકારાત્મક અને અધૂરી વ્યાખ્યા બાંધીએ છીએ.

જ્યોતિષ એ કોઈ નવું વિજ્ઞાન નથી કે જેણે વિકસિત થવાનું છે, પણ તે સ્વયં જ વિકસિત થઈ ચૂકેલ વિજ્ઞાન છે.

વૈજ્ઞાનિકો પણ પોતાની શોધખોળ કરીને કહી ચૂક્યા છે કે વ્યક્તિગત રૂપે બાળક આ ગ્રહ-નક્ષત્ર-તારાઓની વ્યવસ્થાથી પ્રભાવિત છે કે કેમ તે અમે નથી કહી શકતા પણ સામૂહિક રૂપે જીવન જરૂર પ્રભાવિત થાય છે. અને જેમ જેમ આવી ખોજ સૂક્ષ્મ થતી જશે તેમ તેમ માલૂમ પડશે કે બાળક પણ વ્યક્તિગત રૂપે પ્રભાવિત થાય છે, હા, તેના જન્મ સમયના અંતરીક્ષની ગ્રહ-નક્ષત્રની સ્થિતિમાંથી જ તો.

કૃત્રિમ ઉપગ્રહોથી માલૂમ પડ્યું છે કે બ્રહ્માંડના ગ્રહ નક્ષત્રો-તારાઓમાંથી નિરંતર અનંત પ્રકારના કિરણોનો જાલ નીકળી રહ્યો છે કે જે પૃથ્વીને ટકરાયા કરે છે અને પૃથ્વી પર એવી કોઈ ચીજ નથી જે એનાથી અપ્રભાવિત છૂટી જાય. બહુ જ સ્પષ્ટપણે આપણે જાણીએ છીએ કે ચંદ્રથી સમુદ્રનું પાણી પ્રભાવિત થાય છે. સમુદ્રમાં પણ પાણી અને મીઠા (Salt)નું મિશ્રણ છે તો માનવીના શરીરમાં 65% પાણી તથા એ જ પ્રમાણમાં મીઠાના મિશ્રણનું પ્રમાણ છે. તો જો ચંદ્રથી સમુદ્રનું પાણી પ્રભાવિત થઈ શકે તો માનવીય શરીરનું પાણી કેમ નહીં ?

પ્રયોગો દ્વારા જાણવામાં આવ્યું છે કે પૂર્ણિમાના દિવસોમાં પાગલપનનું પ્રમાણ વધારે જ્યારે અમાવસ્યાના દિવસોમાં તે ઓછું જોવા મળે છે ! પાગલ માટે અંગ્રેજી શબ્દ છે, lunatic, જે મૂળભૂત રીતે lunar (ચંદ્ર) પરથી આવેલો છે. આ શબ્દ પણ પાછો 3,000 વર્ષ જૂનો છે. હિંદી ભાષામાં પણ આવા વ્યક્તિઓને "चांदमारा" કહેવામાં આવે છે. 3,000 વર્ષ પહેલાંના એ લોકોને પણ ખબર હતી કે ચંદ્રને પાગલો સાથે કંઈક ને કંઈક લેવાંદેવાં જરૂર છે.

પ્રૉફેસર બ્રાઉન નામના વ્યક્તિ પણ જ્યોતિષના અવિશ્વાસી હતા. આથી જ પોતાની માન્યતાને વધુ પીઠબળ પૂરનારા કારણો મળી રહે તે હેતુથી તેમણે સંશોધન કર્યું અને 50,000 વ્યક્તિઓના સંશોધનમાંથી

તેઓ એવા સારાંશ પર આવ્યા કે પ્રત્યેક પ્રૉફેશનના વ્યક્તિ એક વિશિષ્ટ ગ્રહ-નક્ષત્ર સ્થિતિમાં અવતરે છે. તેમણે અલગ અલગ, કહો કે, તદ્દન વિરોધી કાર્યશૈલીના વ્યક્તિઓનો પણ અભ્યાસ કર્યો. તો અચંબામાં મૂકાય એવી વાત સામે આવી કે આર્મી (Army) ના સૈનિક કે ઑફિસર એ બધા જ મંગળ ગ્રહના વિશિષ્ટ પ્રભાવમાં જન્મે છે જ્યારે તેનાથી તદ્દન વિરુદ્ધ એવા શાંતિવાદી (Pessimist) લોકો મંગળની વિશિષ્ટ અસરોમાં પેદા થતા નથી.

જેમ કે, ગણિતજ્ઞ અને કવિ પણ પોતાના ખાસ નક્ષત્રોમાં જન્મે છે. આ બંનેના જીવનનાં રંગઢંગમાં જ એટલો ભેદ છે કે આપણે માનવું જ પડે કે એમની જન્મની ક્ષણમાં ભેદ હોવો જ જોઈએ. બ્રાઉને દસ અલગ અલગ તદ્દન ભિન્ન વ્યાવસાયિકોનો અભ્યાસ કર્યો. આ અભ્યાસ વધતાં માલૂમ પડ્યું કે પ્રત્યેક Field નો વ્યક્તિ જન્મની સાથે વિશેષ ક્ષમતાઓની સૂચના આપે છે અને અહીં જન્મની પળે પળ (ક્ષણ) બહુ જ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

જ્યોતિષનું એ બુલંદપણે માનવું છે કે, **'ક્ષણ એ કોઈ નજીવી ઘટના નથી.'**

જ્યોતિષ બતાવે છે કે પ્રત્યેક પ્રાણી પાસે કોઈ એવું વિશિષ્ટ આંતરઈન્દ્રિય છે જે અત્યંત જાગૃતપણે કુદરતી પ્રભાવોની અનુભૂતિ કરે છે જેને શાસ્ત્રીય ભાષામાં છઠ્ઠી ઈન્દ્રિય કે પ્રજ્ઞા કહી શકાય અને સરળ ભાષામાં

અર્ધજાગ્રત મન કહેવાય. આવી સંકેત લિપિ અને સૂચના યંત્ર શાયદ મનુષ્ય પાસે પણ છે, પરંતુ મનુષ્યએ તેની બુદ્ધિમાનીમાં તે ખોયું છે.

આ પૃથ્વી પર જે જીવન છે તે એકલવાયું (Isolated) નથી, પણ તે સમગ્ર બ્રહ્માંડ સાથે સંયુક્ત છે. એકવાર ખબર પડે કે આપણે અલગ (પૃથક્) નથી બલકે આપણે સંયુક્ત છીએ તો જ્યોતિષને સમજવું સહેલું થઈ જશે.

મોટાભાગે બુદ્ધિજીવી વર્ગ જ્યોતિષને એક અંધવિશ્વાસ (Superstition) માને છે. પણ અંધવિશ્વાસ તેને જ મનાય જેના માટે કોઈ વૈજ્ઞાનિક તથ્યો આપવા સમર્થ ના હોઈએ. જ્યોતિષ એ તો વિજ્ઞાન છે, સર્વત્ર પથરાયેલું શાશ્વત ગણિત છે અને વિજ્ઞાનનો અર્થ જ થાય છે. કાર્યકારણના સંબંધની તલાશ (Discovery of Cause Effect Relationship). આ કાર્ય-કારણના સંબંધો એકાદ-બે બાબતોમાં સંયોગ (Coincidence) હોઈ શકે, લાખો માં નહીં. તે પ્રૉફેસર બ્રાઉન અને સાંપ્રત આવિષ્કારોના આધારે જાણી શકાય છે.

જ્યોતિષ એ જ કહે છે કે દુનિયામાં જે ઘટિત થાય છે તેના કારણ છે. આ રીતે જ્યોતિષ એ '**કર્મવાદ**' અને '**ક્રમબદ્ધ પર્યાય**' ના સિદ્ધાંતોને બુલંદ રીતે Support કરે છે.

જ્યોતિષ બહુ જ વૈજ્ઞાનિક ચિંતન છે જે કહે છે કે, આપણી આજ

એ કાલ(અતીત)માંથી નીકળી છે અને ભવિષ્ય આજ માંથી નીકળશે અને જ્યોતિષ એવું પણ કહે છે કે જે ભવિષ્યમાં થવું જોઈએ તે કોઈ સૂક્ષ્મ અર્થોમાં આજે પણ થઈ જવું જોઈએ. (સાદી ભાષામાં કહો તો યોગો બધા પડેલાં જ છે, જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ તે યોગોમાંથી પસાર થતાં જઈએ છીએ.)

**દા.ત. : અમેરિકી પ્રમુખ અબ્રાહમ લિંકન :** મૃત્યુના ૩ દિવસ પહેલાં તેમને સ્વપ્ન આવ્યું હતું કે તેમની હત્યા થઈ છે, અને તેમની લાશ White House ના એક ખાસ રૂમમાં પડી છે. તેમણે રૂમ નંબર પણ દેખ્યો. તેમની ઉંઘ ઉડી ગઈ અને તેઓ હસ્યા અને પત્નીને સ્વપ્ન વિશે વાત કરી કે મારી આસપાસ તું ઉભી છે અને બીજા લોકો પણ ઉભા છે. આમ કહી સૂઈ ગયા.

૩ દિવસ પછી તેમની હત્યા થઈ, એજ નંબરની રૂમમાં તેમની લાશ પડી હતી તથા એ જ લોકો ત્યાં હાજર હતા. જો ૩ દિવસ પછી જે થવાનું છે તે કોઈ અર્થોમાં આજે જ ન થઈ ગયું હોય તો તેનું સ્વપ્ન કઈ રીતે નિર્મિત થઈ શકે ? એની સ્વપ્નમાં ઝલક પણ કેવી રીતે મળી શકે ?

સ્વપ્નમાં ઝલક એ જ વાતની મળી શકે કે જે કોઈ અર્થમાં અત્યારે પણ ક્યાંક હયાત હોય અને આપણે તેની glimpse જોઈ શકીએ.

જ્યોતિષનું માનવું છે કે ભવિષ્ય એ આપણું અજ્ઞાન છે એટલે તો ભવિષ્ય છે. જો આપણને જ્ઞાત હોય તો ભવિષ્ય જેવી કોઈ ઘટના નથી.

તે હજી પણ ક્યાંક મૌજૂદ છે.

**મહાવીરસ્વામી જીવન ઘટના ઉલ્લેખ :** જેની પર બહુ મોટો વિવાદ ચાલ્યો કે જ્યાં મહાવીરસ્વામી ના સમુદાયમાંથી જ ૫૦૦ જણા અલગ પડી ગયા.

મહાવીરસ્વામી કહેતાં કે, "જે થઈ રહ્યું છે તે એક અર્થમાં થઈ જ ચૂક્યું છે (कडेमाणे कडे चलेमाणे चले)" જે ક્રિયમાણ છે તે થઈ જ ચૂક્યું છે.

મહાવીરસ્વામીનો કોઈ શિષ્ય વર્ષાકાળમાં તેમનાથી અલગ જગ્યાએ હતો. બિમારી હતી. શિષ્યને એકવાર કહ્યું, કે સંથારો પાથરો, (સંથારો) ચટાઈ પાથરવાની શરૂ કરી. ગોળ લપેટાયેલી ચટાઈને એણે થોડી ખોલી ત્યારે મહાવીરસ્વામીના એ શિષ્યને ખયાલ આવ્યો કે ઉભા રહો. મહાવીરસ્વામી કહે છે કે, જે થઈ રહ્યું છે તે થઈ ચૂક્યું છે. તું અડધામાં રૂકી જા. ચટાઈ ખુલી તો ગઈ છે પણ ખુલી નથી ચૂકી, ઉભો રહે. એને અચાનક ખ્યાલ આવ્યો કે મહાવીર બહુ ખોટી વાત કહે છે. ચટાઈ અડધી ખુલી છે પણ ક્યાં ખૂલી ચૂકી છે. અને તેણે ચટાઈ ત્યાં જ રોકી દીધી.

વર્ષાકાળ પછી તે મહાવીરસ્વામીની પાસે આવ્યો અને કહ્યું કે તમે ખોટું કહો છો કે જે થઈ રહ્યું છે તે થઈ ચૂક્યું છે. કેમ કે, ચટાઈ હજીપણ અડધી ખૂલી રાખી છે. ખૂલી રહી હતી તો પણ ખૂલી નથી ગઈ. તો હું તમારી વાત ખોટી સિદ્ધ કરવા આવ્યો છું.

મહાવીરસ્વામીએ એને જે કીધું તેને તે નહીં સમજી શક્યો હોય કેમ કે, તે કદાચ બહુ બાળબુદ્ધિનો રહ્યો હશે. અન્યથા તે આવી વાત લઈને ન આવત. મહાવીરસ્વામીએ કહ્યું, તે પેલા શિષ્યને રોક્યો... રોકી જ રહ્યો હતો કે પેલો શિષ્ય રોકાઈ જ ગયો. તે ખાલી ચટાઈ રોકાતી દેખી છે. એક બીજી ક્રિયા પણ સાથે ચાલી રહી હતી તે તો થઈ ચૂકી છે. અને ક્યાં સુધી તારી ચટાઈ રોકાયેલી રહેશે. ખુલવાની શરૂ થઈ ચૂકી છે, ખુલી જશે ! તું પાછો જા. તે પાછો ગયો તો દેખ્યું કે એક માણસ તે ખોલીને તેના પર આરામ ફરમાવી રહ્યો હતો ! ચટાઈ ખૂલી ચૂકી હતી !

આપણે સદા અતીત થી દેખીએ છીએ, આપણું ચિંતન સામાન્યતઃ Past Oriented (અતીતથી જોડાયેલું) છે...

કળી ખીલી રહી છે, ફૂલની તરફ જઈ રહી છે, કળી ફૂલ બનશે. પણ આનાથી ઊલટું પણ ઘટી શકે છે. આ વાત એવી છે કે હું પાછળથી તમને ધક્કો મારું છું. તમને આગળની તરફ સરકાવું છું. એવું પણ થઈ શકે કે કોઈ તમને આગળથી ખેંચી રહ્યું હોય. ગતિ બંને પ્રકારની હોઈ શકે છે.

જ્યોતિષનું માનવું છે કે તે અધૂરી દ્રષ્ટિ છે કે અતીત ધક્કો મારી રહ્યું છે અને ભવિષ્ય ઘટી રહ્યું છે. સંપૂર્ણ દ્રષ્ટિ એ છે કે અતીત ધક્કો લગાવી રહ્યું છે અને ભવિષ્ય ખેંચી રહ્યું છે. કળી ફૂલ બને છે એટલું જ નહિ પણ

ફૂલ કળીને ફૂલ બનવા માટે પોકારી પણ રહ્યું છે, ખેંચી પણ રહ્યું છે. અતીત પાછળ છે, ભવિષ્ય આગળ છે, અત્યારે વર્તમાનની ક્ષણમાં તે એક કળી છે.

***આખુંય અતીત ધક્કો આપી રહ્યું છે... ખીલી જાઓ.***

***આખુંય ભવિષ્ય આહ્‌વાન કરી રહ્યું છે... ખીલી જાઓ.***

અતીત અને ભવિષ્ય બંનેના દબાવમાં  કળી ફૂલ બનશે. જો કોઈ ભવિષ્ય ના હોય તો માત્ર અતીત ફૂલ નહીં બનાવી શકે ! કેમ કે, ભવિષ્યમાં પણ અવકાશ જોઈએ ફૂલ બનવા માટે. ભવિષ્ય સ્થાન આપે તો જ કળી ફૂલ બની શકે. જો ભવિષ્ય ન હોય તો અતીત ગમે તેવું જોર કરે પણ (જેમ કે, તમને પાછળથી કોઈ ગમે તેટલા ધક્કા મારે પણ આગળ દીવાલ હોય તો તમને કોઈ આગળ નહીં હટાવી શકે) આકાર નથી પામી શકતું.

આમ, અતીત કામ કરે છે અને ભવિષ્ય જગ્યા (અવકાશ) આપે છે. જ્યોતિષની દ્રષ્ટિ એ છે કે અતીત પર ઉભેલી દ્રષ્ટિ અધૂરી છે. અર્ધવૈજ્ઞાનિક છે, ભવિષ્ય દરેક સમયે પોકારી રહ્યું છે, ખેંચી (આકર્ષી) રહ્યું છે. આપણને ખબર નથી, દેખાતું નથી.આ આપણી આંખની (દ્રષ્ટિની-જ્ઞાનની) કમજોરી છે. વ્યક્તિ જે આકાશીય પરિસ્થિતિમાં જન્મ લે છે, તે દરેક ખગોળીય પરિસ્થિતિ કંઈક ને કંઈક સ્પષ્ટ સૂચના આપે છે કે જેને ઓળખવું એ

સત્યપુર (સાંચોર)

તીર્થોદ્ધારક, જીવદયા પ્રેમી, મંત્રપ્રભાવક

# પરમ પૂજ્ય આચાર્ય
# શ્રી કનકપ્રભ
# સૂરીશ્વરજી મ.સા.



## ગુરુદેવ



જ્ઞાનસત્ર પ્રરુપક, સરળસ્વભાવી,
અધ્યાત્મ યોગી

**પરમ પૂજ્ય આચાર્ય દેવ**
**શ્રી કીર્તિપ્રભ**
**સૂરીશ્વરજી મ.સા.**



માર્ગદર્શક : સંગીત વિશેષજ્ઞ

# પૂજ્ય મુનિરાજ
# શ્રી તપપ્રભવિજયજી
# મ.સા.


Romil Shah

ભવિષ્ય કથન (Future Forecasting) કહેવાય છે.

ભવિષ્ય એકદમ અનિશ્ચિત નથી, આપણું જ્ઞાન અનિશ્ચિત છે, આપણું અજ્ઞાન ભારી છે. આવામાં જ્યોતિષએ ભવિષ્યમાં દેખવાની પ્રક્રિયા છે.

રાન હુબાર્ડ નામના વ્યક્તિએ પશ્ચિમ વિશ્વમાં એક નવા શબ્દ અને વિષયની શોધખોળ શરૂ કરી હતી. અલબત્ત, તે શોધખોળ પૂર્વીય દેશો માટે તો બહુ પહેલાં થઈ ચૂકી છે. એ ખોજ છે Time Track. હુબાર્ડ એવો ખ્યાલ પ્રસ્તુત કરે છે કે પ્રત્યેક વ્યક્તિ જ્યાં પણ જીવ્યો છે, આ પૃથ્વી પર કે બીજે ક્યાંય પણ, કોઈ ગ્રહ પર, માનવ તરીકે કે પશુ તરીકે, વનસ્પતિ તરીકે યા પથ્થર તરીકે, વ્યક્તિ જ્યાં પણ જીવ્યો છે, આ અનંતયાત્રામાં **એ પૂરેપૂરો Time Track (સમયની પૂરેપૂરી ધારા) એની ભીતરમાં હજી પણ સંરક્ષિત છે.** એ ધારા ખોલી શકાય છે અને એ ધારામાં વ્યક્તિને પુનઃ પ્રવાહિત કરી શકાય છે.

માનવ પાસે બે પ્રકારની સ્મૃતિ છે : એક છે જેમાં આપણે રોજબરોજની વાતો વિગતો યાદ રાખીએ છીએ. આ સ્મૃતિ કામચલાઉ છે, સ્થાયી નથી, અસલી નથી. તેમાં આજે યાદ રાખેલું આપણે કાલે ભૂલી જઈશું. પણ આનાથી પણ ઊંડી બીજી પણ એક સ્મૃતિ છે, જે કામચલાઉ નથી. પણ આપણા જીવનના સમસ્ત અનુભવોનો સાર, અનંત અનંત

જીવનપથો પર લીધેલાં અનુભવોનો સાર એક સાથે રહેલો છે. તે આપણી ભીતરમાં સંરક્ષિત થઈ જાય છે. જેમ કે એક બંધ ટેપ આપણા ખીસ્સામાં પડેલી છે. જેને ખોલી શકાય છે. અને જ્યારે એને ખોલવામાં આવે છે ત્યારે તેને હુબાર્ડ **Time Track Travel** કહે છે. જ્યારે મહાવીર તેને **'જાતિસ્મરણ જ્ઞાન'** કહે છે. એટલે કે **'સમયમાં પાછાં ફરવું'**. જ્યારે આ બીજી સ્મૃતિ ખોલવામાં આવે છે, ત્યારે આપણને એવું નથી લાગતું કે તે યાદ કરવામાં આવી રહ્યું છે, પણ જાણે એવું લાગે છે કે તે આપણે જીવી જ રહ્યા છીએ (You Re–Live). આ Time Track ખોલવો કઠિન નથી. અને આના વિના જ્યોતિષ અધુરું છે. જ્યોતિષની જે બહુ જ ગહનતમપકડ છે તે તો આપણા અતીત ને જ ખોલવાની વાત છે. કેમ કે, જો અતીતની પૂરી ખબર પડી જાય તો આખું ય ભવિષ્ય ખબર પડી જાય. કેમ કે, આપણું ભવિષ્ય આપણા અતીતથી જ જન્મશે ! આપણા ભવિષ્યને આપણા અતીતને જાણ્યા સિવાય નહીં જાણી શકાય. કારણ કે, આપણું ભવિષ્ય આપના અતીતનું સંતાન થવા જઈ રહ્યું છે.

હુબાર્ડની આ ફિલોસોફી ઘણી મદદગાર સાબિત થઈ છે. એક વ્યક્તિ છે જે બોલવામાં તકલીફ અનુભવે છે. તો આમાં હુબાર્ડનું કહેવું છે કે તે બાળપણની કોઈ સ્મૃતિ પર અટકી ગયો (Stuck) છે. તેની આગળ નથી વધી શક્યો તો હુબાર્ડ એને તેના Time Track પર પાછો લઈ જશે. એના ભીતરમાં સંરક્ષિત સ્મૃતિ ને તોડશે અને જ્યારે તે ૬ વર્ષનો

થઈ જશે કે જ્યાં તેની સ્મૃતિ થોભી ગઈ હતી, જ્યાંથી તે આગળ નથી વધ્યો. પછી જ્યારે તે પાછો પહોંચી જશે, તેની અતીતની ધારા તૂટી જશે. તે વ્યક્તિ પાછો ફરશે અને ત્યારે તે ૩૦ વર્ષનો થઈ જશે. એ ૨૪ વર્ષનો જે તફાવત પડી ગયો હતો, તે તેને પાર કરી લેશે. મઝાની વાત છે કે હજારો દવાઓ તે વ્યક્તિને બોલવામાં સમર્થ નથી બનાવી શકી. પણ આ Time Track માં પાછા જવાની ક્રિયા દ્વારા તે વ્યક્તિ ફરી બોલવામાં સમર્થ થઈ શક્યો.

ઘણી બધી બિમારીઓ કેવળ આ Time Track ના કારણે આવે છે. જેમાં માત્ર જે-તે બિમારીના આંતરિક અજ્ઞાત ભયના કારણે દર્દી ભૂતકાળની તે બિમારીને યાદ કરી કરીને તેમાં જ જીવવા લાગે છે. જ્યારે કે વર્તમાનમાં તેને તે બિમારી છે જ નહીં. કંઈક આવી રીતે તે ભૂતકાળની બિમારીને ભયનો માર્યો ફરી જીવવા લાગે છે (relive) અને આપણે એ દર્દીનો ઈલાજ કરવા બેસીએ છીએ કે જેનો કોઈ મતલબ જ નથી. કેમ કે, તે એક વર્ષ પહેલાનો વ્યક્તિ છે જ નહીં કે જેનો ઈલાજ થઈ શકે. આપણે દવાઓ બેકારમાં તેને આપીએ છીએ કેમ કે આ દવાઓ જે વ્યક્તિમાં જઈ રહી છે જે અત્યારે છે અને બિમાર તે વ્યક્તિ છે જે એક વર્ષ પહેલાં હતો. અલબત્ત, આપણી સારવારની દરેક ક્રિયા (ઈલાજ) તેના રોગને મજબૂત કરશે. ઈલાજનો પ્રત્યેક પ્રયોગ નિષ્ફળ જતાં એને એવું પ્રતીત કરાવશે કે

'કાંઈ નથી થઈ શકવાનું.' અને આમ, તે આગળના વર્ષની તૈયારી ફરી કરી રહ્યો છે. સો માંથી સિત્તેર બિમારીઓ આ Time Track માં પકડાઈ ગયેલી-જકડાઈ ગયેલી વાતો છે. જેને આપણે ભૂતકાળમાં પુનઃ સરકીને જીવતાં હોઈએ છીએ.

જ્યોતિષ માત્ર નક્ષત્રોનું અધ્યયન નથી, પરંતુ બીજા પણ અલગ-અલગ આયામો દ્વારા મનુષ્યના ભવિષ્યને ફંફોસવાની ચેષ્ટા છે કે ભવિષ્ય કેવી રીતે પકડાઈ શકે. આ અલગ અલગ આયામો (માર્ગો) માંથી વધારે પ્રચલિત થયો છે ગ્રહ-નક્ષત્રનો મનુષ્ય પરના પ્રભાવનો માર્ગ. અને આના માટે દિન-પ્રતિદિન વૈજ્ઞાનિક આધાર પણ મળવા લાગ્યા છે.

એટલું તો નક્કી થઈ ચૂક્યું છે કે જીવન પ્રભાવિત છે. તે અપ્રભાવિત નથી રહી શકવાનું.

જ્યોતિષ એ અનિવાર્ય (inevitable) સાથે સહયોગ-સહકાર કરતાં શિખવાની વ્યવહારુ બુદ્ધિ આપે છે. કે જે અનિવાર્ય છે, તેની સાથે વ્યર્થનો સંઘર્ષ ટાળવો અને જે નથી થઈ શકવાનું તેની વ્યર્થની માંગ ન કરવી. આમ, કર્મવાદના સિદ્ધાંતની સ્પષ્ટતા જ્યોતિષના સ્પષ્ટ જ્ઞાન સાથે થઈ રહી છે. આમ, જ્યોતિષ મનુષ્યને ધાર્મિક બનાવવા માટે, 'તથાતા'માં લઈ જવા માટે, 'પરમસ્વીકાર'ની ભાવનામાં લઈ જવા માટેનો ઉપાય છે.

આ સમગ્ર વિશ્વ એક જીવંત શરીર છે (The Organic

Unity). અહીં એકલવાયું કશું જ નથી. પ્રત્યેક પ્રાણી-પંખી-માનવ કોઈક ને કોઈક કિરણો ફેંકવા દ્વારા એક બીજા સાથે સંકળાયેલો છે. જેમ ચંદ્ર-સૂર્ય વગેરેની મનુષ્ય પર અસર છે તેમ જ્યોતિષની બીજી એક ગૂઢ ખોજ એ છે કે મનુષ્ય પણ અહીં લાખો કિલોમીટર દૂર રહીને ગ્રહો પર અસર પાડે છે. બસ, તેના તરફ લક્ષ્ય (ઉપયોગ) રાખવું જરૂરી છે. બધુ સંયુક્ત છે, જાણ કે એક જ શરીરના અભિન્ન અંગો ! અહીં અગુરુલઘુપણું છે, ક્યાંય કોઈ ગુરુ (મોટું) કે લઘુ (નાનું) નથી. આ એકાત્મનો બોધ જો ખ્યાલમાં આવે તો જ જ્યોતિષ સમજમાં આવી શકે, અન્યથા કિનારે રહી છબછબિયાં ની ચેષ્ટા છે.

આ બધાં જ કારણોસર જ્યોતિષ પ્રત્યે બદલાયેલો સકારાત્મક અભિગમ ઘણા નક્કર કાર્યો કરી બતાવશે.

ઈતિહાસ પણ બતાવે છે કે કેવી રીતે શ્રી કલ્પસૂત્રના રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામી ભગવાને જ્યોતિષના બારીક અને સૂક્ષ્મ જ્ઞાન દ્વારા જયવંતા જિનધર્મનો જયધ્વનિ ચારે બાજુ ફેલાવ્યો હતો.

આ ઉપરાંત, પવિત્ર એવા ૪૫ આગમો પૈકી સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ જેવા આગમો પણ જ્યોતિષ વિષયને જૈનશાસનના અભિન્ન અંગ તરીકે દર્શાવે છે.

જ્યોતિષની જ્યોતિ (પ્રકાશ) વિના તો સામાન્ય જનજીવન પણ જાણે

અધુરું છે. રોજબરોજ જોવાતી તિથિ-વાર-સૂર્યોદય-સૂર્યાસ્ત ઉપરાંત નવકારશી વગેરેનો ધર્મ પણ જ્યોતિષની જ પ્રાથમિક ભૂમિકા છે. આમ, જ્યોતિષ એ ધર્મ સાથે સુમેળ ધરાવે છે.

જ્યોતિષનો દુરુપયોગ કરાતાં પાસાંઓને બાદ કરતાં જ્યોતિષ એ તો પુરુષ અને સ્ત્રીઓની કળા પણ છે. ખુદ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે પોતાના પુત્ર બાહુબલીને જ્યોતિષ વિદ્યાથી યુક્ત કર્યા હતા.

દરેક યુગમાં સહજપણે એવી રહેતી બદીઓ ના કારણે જો જ્યોતિષ વિષયને ધિક્કારવામાં આવશે તો આ વિદ્યા લુપ્ત થતાં માનવજાતને ઘણું બધું નુકસાન વેઠવું પડશે.

જ્યોતિષનો દુરુપયોગ અટકાવવા તેનું ખરું જ્ઞાન આજની પેઢીમાં સંપાદિત કરવું પડશે, તો જ અત્યાર સુધી ધિક્કારની નજરે જોવાતાં આ વિષયને ફરીથી એ સચોટતા અને વેધકતા મળશે.

- રોમીલ શાહ

# મુહૂર્ત પ્રકરણ

કોઈ પણ પ્રસંગ વિષયક મુહૂર્ત જોવા માટે નીચે મુજબ ની બાબતો જોવી તથા ધ્યાનમાં રાખવી આવશ્યક છે. જેમાં પંચાંગ (પાંચ અંગ) ઉપરાંત જે-તે વ્યક્તિનો ચંદ્ર, શુભ-અશુભ રાજયોગો, દિનમાન, દિશા અને કાળ વગેરેનો સમાવેશ થાય છે.

સહુથી પહેલાં પંચાંગ (તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ)ની શુભ-અશુભ સ્થિતિ જાણવી.

## (૧) તિથિ :

- તિથિઓના પાંચ પ્રકાર હોય છે અને કુલ મળી ૧૫ તિથિઓ હોય છે. શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ એમ બંને પક્ષની ૧૫-૧૫ મળી કુલ ૩૦ તિથિઓ ગણાય છે. જેની શરૂઆત એકમથી કે પ્રતિપદાથી થાય છે. શુક્લ પક્ષમાં અંતિમ ૧૫મી તિથિ પૂનમ ગણાય છે. જ્યારે કૃષ્ણપક્ષમાં અંતિમ ૧૫મી તિથિ અમાવસ્યા ગણાય છે. કેટલાક સરળતાની ખાતર ૩૦ કે ૦)) એવા અંકથી પણ અમાવસ્યાનો ઉલ્લેખ કરવામાં આવે છે.
- સૂર્ય ચંદ્રનો ભોગ સરખો થાય ત્યારે અમાવસ્યાનો અંત થાય સૂર્ય કરતાં ચંદ્રની ગતિ વિશેષ ઝડપી હોવાથી સૂર્યની આગળ ચંદ્ર જાય છે આમ બન્ને વચ્ચે બાર અંશ પડવાને જે કાળ લાગે છે તેને તિથિ કહેવાય છે.
- એક ચંદ્રમાસમાં $\left[\frac{૩૬૦}{૧૨} = ૩૦\right]$ ૩૦ તિથિ થાય.
- ૧૨ અંશનાં અંતરે પ્રતિપદા (એકમ) પૂરી થાય.
- ૨૪ અંશનાં અંતરે બીજ પૂરી થાય.
- ૧૮૦ અંશનાં અંતરે પૂનમ પૂરી થાય.

◆ **ચોથ, નોમ, ચૌદસ અને અમાસ-અશુભ છે. બાકી બધી તિથિઓ શુભ છે.**

## (૨) વાર :

- એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી વાર ગણાય તે વાર સાત છે. વાર મધ્યરાત્રિએ બદલાતો નથી તે ખાસ ધ્યાન રાખવું.

- (૧) રવિ → રડાવે
  (૨) સોમ → શાંતિ આપે
  (૩) મંગળ → મારે
  (૪) બુધ → બુધ્ધિ આપે
  (૫) ગુરુ → જ્ઞાન આપે
  (૬) શુક્ર → સુખ આપે
  (૭) શનિ → સતાવે

◆ **રવિ, મંગળ, શનિ અશુભ વાર છે. જ્યારે બાકીનાં બધા વાર શુભ છે.**

## ❊ દિનમાન :

- દિનમાન એટલે દિવસ અને રાત્રિનો કુલ સમયગાળો. દિંવસ અને રાત્રિ થઈને કુલ ૬૦ ઘડી અથવા ૨૪ કલાક થાય. ઋતુ મુજબ દિવસ-રાત નાના મોટા થાય છે. અગાઉના જમાનામાં ઘડી પળનું માપ હતું. અત્યારે વ્યવહારિક પ્રયોગમાં કલાક-મિનિટ-સેકન્ડ છે. આ જોતાં ઘડિયાળના સમય અને ઘડી પળના સમયનું કોષ્ટક નીચે મુજબ થશે.

| | | |
|---|---|---|
| ૨॥ પળ | = | ૧ મિનિટ |
| ૨॥ ઘડી | = | ૧ કલાક |
| ૧ ઘડી | = | ૬૦ પળ |
| ૧ પળ | = | ૬૦ વિપળ |

**(3) નક્ષત્ર :**

- જે સ્થિર પ્રકૃતિવાળો તારો હોય, જે તારો કદી ખરી ન પડે, જે ઘણા તારાઓનો સમૂહ હોય (ઝૂમખું) તે સમૂહને નક્ષત્ર તરીકે ઓળખવામાં આવે છે. આમ નક્ષત્રો ૨૭ છે.
- ૮૦૦ કળાએ ૧૩ અંશ ૨૦ કળાનો એક ભાગ આ પ્રમાણે નક્ષત્ર મંડળના ૨૭ ભાગ કરી તે પ્રત્યેક નક્ષત્ર ભાગ અને તે ભાગને ભોગવવામાં ચંદ્રને જે કાળ લાગે છે તેને નક્ષત્ર કહેવાય નક્ષત્ર "૨૭" છે. પણ અભિજીત નક્ષત્ર ઉતરાષાઢા નક્ષત્રની પૂંછમાંથી અને શ્રવણ નક્ષત્રનાં મુખમાંથી સંયોજન સ્વરૂપે કલ્પવામાં આવે છે. આમ અભિજીત સુધીનાં ૨૮ નક્ષત્રોનાં ક્રમ નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| (૧) અશ્વિની | (૨) ભરણી | (૩) કૃતિકા |
| (૪) રોહિણી | (૫) મૃગશીર્ષ | (૬) આર્દ્રા |
| (૭) પુનર્વસુ | (૮) પુષ્ય | (૯) આશ્લેષા |
| (૧૦) મઘા | (૧૧) પૂર્વા ફાલ્ગુની | (૧૨) ઉત્તરા ફાલ્ગુની |
| (૧૩) હસ્ત | (૧૪) ચિત્રા | (૧૫) સ્વાતિ |
| (૧૬) વિશાખા | (૧૭) અનુરાધા | (૧૮) જયેષ્ઠા |
| (૧૯) મૂળ | (૨૦) પૂર્વાષાઢા | (૨૧) ઉત્તરાષાઢા |
| (૨૨) અભિજીત | (૨૩) શ્રવણ | (૨૪) ધનિષ્ઠા |
| (૨૫) શતતારકા(શતભિષા) | (૨૬) પૂર્વા ભાદ્રપદ | (૨૭) ઉત્તરા ભાદ્રપદ |
| (૨૮) રેવતી | | |

- મુહૂર્ત લેતી વેળાએ કોઈને કોઈ નામ નિમિત્ત બને છે. દરેક નક્ષત્રના ચાર ચરણ ગણાય છે (૧લું, ૨જું, ૩જું, ૪થું) દરેક ચરણના અધિપત્યમાં બારાક્ષરીનો કોઈને કોઈ અક્ષર હોય છે. જે પાછળના કોષ્ટકોમાંથી જાણવું.
- **અશુભ →** આર્દ્રા, આશ્લેષા, જયેષ્ઠા, મૂળ, ભરણી, મઘા, પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વા ભાદ્રાપદ

- **મિશ્ર (સાધારણ)** → કૃતિકા અને વિશાખા
- **શુભ** → બાકીનાં બધા શુભ ગણવા.

## (૪) યોગ :

- ચંદ્ર સૂર્યનાં ભોગનો સરવાળો (યોગ) કરી તે સરવાળો ૮૦૦ કળા સ્પષ્ટ માનથી જેટલો આવે એટલો વધવાને જે કાળ લાગે છે તેને યોગ કહેવાય યોગ "૨૭" છે.

| | | |
|---|---|---|
| (૧) વિષ્કુંભ | (૨) પ્રીતિ | (૩) આયુષ્માન |
| (૪) સૌભાગ્ય | (૫) શોભન | (૬) અતિગંડ |
| (૭) સુકર્મા | (૮) ધૃતિ | (૯) શૂલ |
| (૧૦) ગંડ | (૧૧) વૃધ્ધિ | (૧૨) ધ્રુવ |
| (૧૩) વ્યાઘાત | (૧૪) હર્ષણ | (૧૫) વજ્ર |
| (૧૬) સિધ્ધિ | (૧૭) વ્યત્તિપાત | (૧૮) વરિયાન |
| (૧૯) પરિઘ | (૨૦) શિવ | (૨૧) સિધ્ધ |
| (૨૨) સાધ્ય | (૨૩) શુભ | (૨૪) શુક્લ |
| (૨૫) બ્રહ્મ | (૨૬) ઐન્દ્ર | (૨૭) વૈધૃતિ |

- **અશુભ** → ધૃતિ, વ્યાઘાત, વજ્ર, વ્યતિપાત, પરિઘ, વૈધૃતિ, શૂલ
- **શુભ** → બાકી બધા સારા યોગ ગણવા.

## (૫) કરણ :

- ચંદ્ર સૂર્ય વચ્ચે ૬ અંશ અંતર પડવાને જે કાળ લાગે તે કરણ.

**અથવા**

એક ચંદ્રમાસમાં ૬૦ કરણો આવે છે.

- **અશુભ** → કિસ્તુઘ્ન, શકુની, ચતુષ્પાદ, નાગ, વિષ્ટિ
- **શુભ** → બવ, બાલવ, કૌલવ, તૈતીલ, ગર અને વણિજ

શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષના કરણો નક્કી હોય છે. જે નીચે મુજબ છે :

| સુદના કરણો | | | વદના કરણો | | |
|---|---|---|---|---|---|
| તિથિ | પહેલો ભાગ | બીજો ભાગ | તિથિ | પહેલો ભાગ | બીજો ભાગ |
| ૧ | કિસ્તુઘ્ન | બવ | ૧ | બાલવ | કૌલવ |
| ૨ | બાલવ | કૌલવ | ૨ | તૈતિલ | ગર |
| ૩ | તૈતિલ | ગર | ૩ | વણિજ | વિષ્ટિ |
| ૪ | વણિજ | વિષ્ટિ | ૪ | બવ | બાલવ |
| ૫ | બવ | બાલવ | ૫ | કૌલવ | તૈતિલ |
| ૬ | કૌલવ | તૈતિલ | ૬ | ગર | વણિજ |
| ૭ | ગર | વણિજ | ૭ | વિષ્ટિ | બવ |
| ૮ | વિષ્ટિ | બવ | ૮ | બાલવ | કૌલવ |
| ૯ | બાલવ | કૌલવ | ૯ | તૈતિલ | ગર |
| ૧૦ | તૈતિલ | ગર | ૧૦ | વણિજ | વિષ્ટિ |
| ૧૧ | વણિજ | વિષ્ટિ | ૧૧ | બવ | બાલવ |
| ૧૨ | બવ | બાલવ | ૧૨ | કૌલવ | તૈતિલ |
| ૧૩ | કૌલવ | તૈતિલ | ૧૩ | ગર | વણિજ |
| ૧૪ | ગર | વણિજ | ૧૪ | વિષ્ટિ | શકુની |
| ૧૫ | વિષ્ટિ | બવ | ૦)) | ચતુષ્પાદ | નાગ |

## (૬) ચંદ્રરાશિ :

- જેના નામે મુહૂર્ત જોવાનું હોય, તેની રાશિથી વર્તમાનમાં જે રાશિનો ચંદ્ર હોય તો ગણવો.
- આમાં ચોથો, આઠમો, બારમો ચંદ્ર આવે તો તે અશુભ છે, બાકી બધા શુભ છે.
- પૂર્વમાં → ૧, ૫, ૯ રાશિ

  દક્ષિણમાં → ૨, ૬, ૧૦ રાશિ

  પશ્ચિમમાં → ૩, ૭, ૧૧ રાશિ

  ઉત્તરમાં → ૪, ૮, ૧૨ રાશિ
- સામેનાં (સન્મુખ ચંદ્ર)માં યાત્રા પ્રવાસ થાય અને જમણા ચંદ્રમાં પણ યાત્રા, જાત્રા, પ્રવાસ થાય.
- પૂઠનાં અને ડાબા ચંદ્રમાં યાત્રા, જાત્રા, પ્રવાસ ન થાય.

  **દા.ત.** : ગોચરનાં ચંદ્ર (દૈનિક પંચાંગનો ચંદ્ર) જે દિવસ યાત્રા, પ્રવાસ કરવાનો હોય તે દિવસે પંચાંગમાં રાશિ જોવાની જો મેષ રાશિ હોય તો પૂર્વનો ચંદ્ર છે પૂર્વમાં સન્મુખ (સામેનો) ચંદ્ર થાય એટલે જવાય દક્ષિણમાં ડાબો ચંદ્ર થાય એટલે ન જવાય પશ્ચિમમાં પૂઠનો ચંદ્ર હોય તો ન જવાય અને ઉત્તરમાં જમણો ચંદ્ર થાય માટે ઉત્તરમાં જઈ શકાય.
- ચંદ્ર ગણવાની શરૂઆત પૂર્વ દિશાથી કરવી પૂર્વ પછી દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એમ ક્રમસર બધી દિશા લેવી.
- પોતાની જન્મ રાશિથી દૈનિક ચંદ્રની રાશિ બારમે હોય (થાય) તો યાત્રા, જાત્રા, પ્રવાસ કરવામાં કાંઈ વાંધો આવતો નથી.
- નીચ્ચ રાશિનો અને શત્રુ રાશિનો ચંદ્ર થતો હોય તો યાત્રા, જાત્રા, પ્રવાસ કરાય નહિ.

- બારમા ચંદ્રમાં પગ પાળા વિહાર કરી શકાય છે પરંતુ બસ વગેરે વાહનોમાં યાત્રા, જાત્રા, પ્રવાસ ન કરી શકાય.
- ઉચ્ચનો અને સ્વગૃહી ચંદ્ર ૪, ૮, ૧૨માં નડતો નથી.

## રાશિનાં નામ :

| | | |
|---|---|---|
| (૧) મેષ | (૨) વૃષભ | (૩) મિથુન |
| (૪) કર્ક | (૫) સિંહ | (૬) કન્યા |
| (૭) તુલા | (૮) વૃશ્ચિક | (૯) ધન |
| (૧૦) મકર | (૧૧) કુંભ | (૧૨) મીન |

- **શુભ રાશિ :** પોતાની રાશિથી (જેનું મુહૂર્ત કાઢવાનું હોય તેની રાશિ થી) ૧, ૩, ૬, ૧૦, ૧૧ કાયમ માટે સારી ગણવી.
- **અશુભ રાશિ :** પોતાની રાશિથી (જેનું મુહૂર્ત કાઢવાનું હોય તેની રાશિથી) ૪, ૮, ૧૨ કાયમ માટે ખરાબ ફક્ત વિહાર માટે ૧૨મી રાશિ સારી.
- **મધ્યમ રાશિ :** (સુદમાં સારી) ૨, ૫, ૭, ૯ સુદમાં સારી ગણવી.
- **મધ્યમ રાશિ :** (વદમાં ખોટી) ૨, ૫, ૭, ૯ વદમાં ખોટી.

## શુભ...પાપ...પુરુષ... સ્ત્રી અને ચરાદિ રાશિઓ વિષયક :

- **શુભ રાશિ :** વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર, મીન
  **પાપ રાશિ :** મેષ, મિથુન, સિંહ, તુલા, ધન, કુંભ
- **પુરુષ રાશિ :** મેષ, મિથુન, સિંહ, તુલા, ધન, કુંભ
  **સ્ત્રી રાશિ :** વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર, મીન
- **ચર રાશિ :** મેષ, કર્ક, તુલા, મકર

**સ્થિર રાશિ :** વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ

**દ્વિસ્વભાવ રાશિ :** મિથુન, કન્યા, ધન, મીન

- ચર રાશિમાં જન્મેલો માણસ સ્વભાવે ચંચળ થાય છે.
- સ્થિર રાશિમાં જન્મેલો માણસ સ્વભાવે સ્થિર અને શાન્ત થાય છે.
- દ્વિસ્વભાવ રાશિમાં જન્મેલો માણસ સ્વભાવે સ્થિર તથા ચંચળ થાય છે.

## તારા યંત્ર :

- સુદ-૬ થી વદ-૭ સુધી ચંદ્રબળ જોવું.
- વદ-૮ થી અમાસ સુધી તારાબળ જોવું.

| જન્મ | સંપત | વિપત | ક્ષમા | યમા | સાધના | નિધના | મૈત્રી | પ્ર.મૈત્રી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| કર્મ-૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| આધાન-૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |

- વિપત, યમા, નિધના એ અશુભ તારા કહેવાય.
- સંપત, ક્ષમા, સાધના, મૈત્રી, પ્ર.મૈત્રી એ શુભ તારા કહેવાય.
- **વિપત તારા :** ૩, ૧૨, ૨૧ (અશુભ)
- **યમા તારા :** ૫, ૧૪, ૨૩ (અશુભ)
- **નિધના તારા :** ૭, ૧૬, ૨૫ (અશુભ)
- સુદ-૧ થી સુદ-૫ સુધી તારા અને ચંદ્ર બંને બળ જોવું.

- ❋ પુષ્ય નક્ષત્ર હોય તો કાંઈ જોવાની જરૂર પડતી નથી.
- ❋ તારાબળ હંમેશા જન્મ નક્ષત્રથી ગોચર નક્ષત્ર સુધી ગણવામાં આવે છે. એટલે કે જન્મ નક્ષત્રથી દૈનિક નક્ષત્ર સુધી ગણવામાં આવે છે.
- ◆ ઉદાહરણ : મારું પૂ.ભા. નક્ષત્ર છે. તો ત્યાંથી રેવતી તે ત્રીજું નક્ષત્ર થાય. આશ્લેષા તે ૧૨મું નક્ષત્ર થાય અને જયેષ્ઠા તે ૨૧મું નક્ષત્ર થાય. આમ તે વિપત તારા કહેવાય. તે અશુભ કહેવાય છે.
- ❋ બારમો ચંદ્ર, ૨૫મી તારા, ક્ષીણ ચંદ્ર, પૂઠનો ચંદ્ર, શત્રુનાં ઘરનો ચંદ્ર આ બધુ ભેગું થાય તો બહુ જ ખરાબ થાય. માટે યાત્રા, જાત્રા, વિહાર ન કરાય.
- ❋ બારમો ચંદ્ર હોય ત્યારે વિહાર થાય પરંતુ ગાડી વગેરેમાં યાત્રા ન થાય.

## (૭) કાળ પ્રકરણ :

- યાત્રા-પ્રવાસ વગેરેના મુહૂર્ત માટે વાર પ્રમાણે કઈ દિશામાં સામે કાળ છે તે ખાસ જોવું.
- સામો કાળ હોય તે દિવસે તે દિશામાં જવું વર્જ્ય છે.
- રવિવારે → ઉત્તરમાં કાળ હોય.

સોમવારે → વાયવ્યમાં કાળ હોય.

મંગળવારે → પશ્ચિમમાં કાળ હોય.

બુધવારે → નૈઋત્યમાં કાળ હોય.

ગુરુવારે → દક્ષિણમાં કાળ હોય.

શુક્રવારે → અગ્નિમાં કાળ હોય.

શનિવારે → પૂર્વમાં કાળ હોય.

- સામે કાળે યાત્રા-પ્રવાસ ના કરાય.

  **દા.ત.** : રવિવારે ઉત્તરમાં જાત્રા, યાત્રા ન થાય ગુરુવારે દક્ષિણમાં યાત્રા પ્રવાસ ન થાય એવી રીતે દરેક વારનું સમજી લેવું અને ઈશાન ખૂણો ખાલી કહેવાય.

## (૮) રાજયોગો :

- **શુભ રાજયોગ :**

(૧) રવિયોગ (૨) રાજયોગ (૩) કુમારયોગ
(૪) સ્થિરયોગ (૫) સિદ્ધિયોગ (૬) અમૃતસિદ્ધિયોગ
(૭) રવિ પુષ્ય (૮) ગુરુ પુષ્ય

- **અશુભ રાજયોગ :**

(૧) વ્યત્તિપાત મહાપાત (૨) ભદ્રા (૩) યમઘંટયોગ
(૪) મૃત્યુયોગ (૫) દગ્ધયોગ (૬) જ્વાલામુખીયોગ
(૭) વૃદ્ધિતિથિ (૮) ક્ષયતિથિ
(૯) પંચક (જેમાં દક્ષિણ દિશા તરફ ન જવું)
(૧૦) વૈધૃતિ મહાપાતયોગ
(૧૧) વજ્રમુશલયોગ
(૧૨) વિંછુડો : પોતાની રાશિથી ચોથો, આઠમો, બારમો ચંદ્ર જેને હોય તેને નડે છે.

## (9) હોરા/ચોઘડિયા :

- હોરા એક-એક કલાકની હોય છે. જ્યારે ચોઘડિયા દોઢ-દોઢ કલાકના હોય છે. જે નીચે મુજબના કોષ્ટકો પરથી જાણી શકાય છે :

# અહોરાત્રીનું સપૂર્ણ હોરાકોષ્ટક

| હોરા | પ્રારંભ કલાકે | સમાપ્ત કલાકે | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **સવારનો સમય (સૂર્યોદય પછી)** | | | | | | | | | |
| ૧ | ૬:૦૦ | ૭:૦૦ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૨ | ૭:૦૦ | ૮:૦૦ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૩ | ૮:૦૦ | ૯:૦૦ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| ૪ | ૯:૦૦ | ૧૦:૦૦ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| ૫ | ૧૦:૦૦ | ૧૧:૦૦ | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |
| ૬ | ૧૧:૦૦ | ૧૨:૦૦ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |
| **બપોરનો સમય (મધ્યાહ્ન)** | | | | | | | | | |
| ૭ | ૧૨:૦૦ | ૧૩:૦૦ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ૮ | ૧૩:૦૦ | ૧૪:૦૦ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૯ | ૧૪:૦૦ | ૧૫:૦૦ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૧૦ | ૧૫:૦૦ | ૧૬:૦૦ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| ૧૧ | ૧૬:૦૦ | ૧૭:૦૦ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| ૧૨ | ૧૭:૦૦ | ૧૮:૦૦ | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |
| **સાંજનો સમય (મધ્યાહ્ન પછી)** | | | | | | | | | |
| ૧૩ | ૧૮:૦૦ | ૧૯:૦૦ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૧૯:૦૦ | ૨૦:૦૦ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ૧૫ | ૨૦:૦૦ | ૨૧:૦૦ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૧૬ | ૨૧:૦૦ | ૨૨:૦૦ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૧૭ | ૨૨:૦૦ | ૨૩:૦૦ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| ૧૮ | ૨૩:૦૦ | ૨૪:૦૦ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| રાતનો સમય (મધ્યરાત્રી પછી) | | | | | | | | | |
| ૧૯ | ૨૪:૦૦ | ૧:૦૦ | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |
| ૨૦ | ૧:૦૦ | ૨:૦૦ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |
| ૨૧ | ૨:૦૦ | ૩:૦૦ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ૨૨ | ૩:૦૦ | ૪:૦૦ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૨૩ | ૪:૦૦ | ૫:૦૦ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૨૪ | ૫:૦૦ | ૬:૦૦ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |

## ગુજરાતી અને મારવાડી તફાવત

**વર્ષ** : ચૈત્રથી આસો સુધી મારવાડી ૧ વર્ષ આગળ હોય છે.

**માસ** : કારતક થી ફાગણ સુધી બે સરખા હોય છે.
વદમાં ૧ માસ આગળ હોય છે.
- સુદ માં બે સરખા હોય છે.

## ❋ જૈન ચોઘડીયા

| ક્રમ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શુભ | શુભ | કંટક | કાળ | યમઘંટા | શુભ | કુલિક |
| ૨ | શુભ | કંટક | કુવેલા | યમઘંટા | શુભ | કુલિક | કાળ |
| ૩ | કંટક | કાળ | યમઘંટા | શુભ | કુલિક | કુવેલા | શુભ |
| ૪ | કુવેલા | યમઘંટા | શુભ | કુલિક | કાળ | શુભ | કંટક |
| ૫ | યમઘંટા | શુભ | કુલિક | કુવેલા | શુભ | કંટક | શુભ |
| ૬ | શુભ | કુલિક | કાળ | શુભ | કંટક | શુભ | કુવેલા |
| ૭ | કુલિક | કુવેલા | શુભ | કંટક | શુભ | કાળ | શુભ |
| ૮ | કાળ | શુભ | શુભ | શુભ | કુવેલા | શુભ | શુભ |

## ❋ જૈન શુભ ચોઘડીયા

| નં. | દિવસના સમય | વાર | રાત્રીનો સમય |
|---|---|---|---|
| ૧ | ૬:૦૦ થી ૭:૩૦ | રવિ, સોમ, શુક્ર | ૧૮:૦૦ થી ૧૯:૩૦ |
| ૨ | ૭:૩૦ થી ૯:૦૦ | રવિ, ગુરુ | ૧૯:૩૦ થી ૨૧:૦૦ |
| ૩ | ૯:૦૦ થી ૧૦:૩૦ | બુધ, શનિ | ૨૧:૦૦ થી ૨૨:૩૦ |
| ૪ | ૧૦:૩૦ થી ૧૨:૦૦ | મંગળ, શુક્ર | ૨૨:૩૦ થી ૨૪:૦૦ |
| ૫ | ૧૨:૦૦ થી ૧૩:૩૦ | સોમ, ગુરુ, શનિ | ૦૦:૦૦ થી ૧:૩૦ |
| ૬ | ૧૩:૩૦ થી ૧૫:૦૦ | રવિ, બુધ, શુક્ર | ૧:૩૦ થી ૪:૩૦ |
| ૭ | ૧૫:૦૦ થી ૧૬:૩૦ | મંગળ, ગુરુ, શનિ | ૩:૦૦ થી ૪:૩૦ |
| ૮ | ૧૬:૩૦ થી ૧૮:૦૦ | સોમ,મંગળ,બુધ,શુક્ર,શનિ | ૪:૩૦ થી ૬:૦૦ |

(૧) દરેક ચોઘડીયુ દિવસના આઠમા ભાગ જેટલા સમયનું હોય છે. ચલ, અમૃત, લાભ આદિ ચોઘડીયા કંટક આદિ દોષથી દુષિત થયેલા પણ હોય છે અને તે દુષિત ચોઘડીયા અનિષ્ટ ફળ આપે છે અથવા નિષ્ફળ જાય છે.

(૨) માટે શુભ કાર્યની સફળતા ઇચ્છનારાઓએ ચલ, લાભ આદિ વર્તમાનમાં આપેલ હોરા અને ચોઘડીયા સાથે સાથે આ જૈન ચોઘડીયાનો ઉપયોગ કરવો. તેમાં કંટક, કુવેલા, યમઘંટ, કુલિક, કાળ, અશુભ જાણવા. શુભ સિવાયના ચોઘડીયા ખરાબ જાણવા.

(૩) ઉપરોક્ત કોષ્ટક શુભ ચોઘડીયા નું જ છે. કંટક, કુવેલા, યમઘંટ, કાળ અશુભ વગેરે ચોઘડીયા આપેલા નથી.

(૪) દિવસ અને રાત્રિના ચોઘડીયા એક સરખા જાણવાં.

## ❊ સામાન્યત : કોઈ મુહૂર્ત કાઢવા માટે આટલી બાબતો જોવી. વધું ઊંડાણપૂર્વક મુહૂર્ત જોવા-જાણવા આગળ વધુ મુદા આપેલ છે :

**➺ નંદા, ભદ્રા, જયા, રિક્તા, પૂર્ણા તિથિઓ અને તેમાં કરવાનાં કાર્યો...**

(૧) **નંદા :** ૧, ૬, ૧૧ આ તિથિ નંદા તિથિ છે ચિત્ર, ઉત્સવ, વાસ્તુ, ક્ષેત્ર અને નૃત્યાદિક આનંદવાળા કાર્યો કરવા.

(૨) **ભદ્રા :** ૨, ૭, ૧૨ આ તિથિ ભદ્રા તિથિ છે વિવાહ, અલંકાર, વાહન પ્રયાણ તથા શાંતિ પૌષ્ટિકાદિક કાર્યો કરવા.

(૩) **જયા :** ૩, ૮, ૧૩ આ તિથિ જયા તિથિ છે યુધ્ધ તથા સૈન્ય પર હુમલો કરવો વગેરે કાર્યમાં સફળતા મળે છે.

(૪) **રિક્તા :** ૪, ૯, ૧૪ આ તિથિ રિક્તા તિથિ છે તથા અમાવસ્યા પણ છે. જંત્ર, મંત્ર, રક્ષા, દીક્ષા, ક્ષુદ્ર અને સ્નાન વગેરે કાર્યમાં સફળતા મળે.

(૫) **પૂર્ણા :** ૫, ૧૦, ૧૫ આ તિથિ પૂર્ણાતિથિ છે, વિવાહ, દીક્ષા, યાત્રા વગેરે કાર્યમાં સફળતા મળે.

## ❋ કરિ દિવસ...

➻ ગ્રહણ, હોળી, પ્રેતદાહ વિધિ દિવસ, ભાવુકા વૈશાખ વદ-૩૦ અને અયન સંક્રાંતિ દિન પછીનો દિવસ કરિ દિવસ ગણાય છે આથી કરિદિન અને તેની પૂર્વ દિવસ આવા બંને દિવસો શુભ કાર્યમાં ત્યાગવા.

## ➻ કયા નક્ષત્રમાં શું કામ કરવું ?

(૧) **ચર :** ચલ → પુનર્વસુ, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા અને સોમવાર - વાહન, વાડી વગેરે કાર્યની સિધ્ધિ કરનાર છે.

(૨) **લઘુ :** ક્ષિપ્ર → અશ્વિની, પુષ્ય, હસ્ત, અભિજિત અને ગુરુવાર - વ્યાપાર, વિલાસ, જ્ઞાન તથા ઔષધીનાં કાર્યમાં સિધ્ધિ અપાવનાર છે.

(૩) **મૃદુ :** મૈત્ર → મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, રેવતી અને શુક્રવાર મૈત્રી તથા માંગલિક કાર્યોમાં સિધ્ધિ આપનાર છે.

(૪) **ધ્રુવ :** સ્થિર → રોહિણી, ઉ.ફા., ઉ.ષા., ઉ.ભા અને રવિવાર - વાવેતર, વાસ્તુ વગેરે કાર્યની સિધ્ધિ આપનાર છે.

(૫) **દારુણ :** તીક્ષ્ણ → આર્દ્રા, આશ્લેષા, જ્યેષ્ઠા, મૂળ અને શનિવાર - ક્લેશ, બંધન પશુઓને કેળવવા વગેરે કાર્યની સિધ્ધિ કરનાર છે.

(૬) **ક્રૂર :** ઉગ્ર → ભરણી, મઘા, પૂ.ફા., પૂ.ષા., પૂ.ભા. અને મંગળવાર - ઘાત, મારણ વગેરે કાર્યોની સિધ્ધિ કરનાર છે.

(૭) **મિશ્ર :** સાધારણ → કૃતિકા, વિશાખા અને બુધવાર - યજ્ઞ, અગ્નિહોમ વગેરે કાર્યોની સિધ્ધિ કરનાર છે.

### નક્ષત્રોના મુખ :

(૧) **અધોમુખ :** ભરણી, કૃતિકા, આશ્લેષા, મઘા, પૂ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા., પૂ.ભા. આ નક્ષત્રો ખનનખાત ગૃહારંભ કાર્યોની સિધ્ધિ કરનાર છે.

(૨) **તિર્યગ મુખ :** અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જયેષ્ઠા, રેવતી આ નક્ષત્રો યાત્રાદિ કાર્યોની સિધ્ધિ કરનાર છે.

(૩) **ઉર્ધ્વમુખ :** રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ.ફા., ઉ.ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ.ભા., આ નક્ષત્રો ધ્વજ, અભિષેક આદિ કાર્યોમાં શુભ છે.

## ❊ દિશાશૂલ, નક્ષત્રશૂલ અને યોગિની

| દિશા | દિશા શૂલ | નક્ષત્ર શૂલ | યોગીની (તિથિ) |
|---|---|---|---|
| પૂર્વ | શનિ, સોમ | જયેષ્ઠા, પુષ્ય | ૧-૯ |
| અગ્નિ | સોમ, ગુરુ | ઉ.ષા. | ૩-૧૧ |
| દક્ષિણ | ગુરુ | પૂ.ભા., વિ. | ૫-૧૩ |
| નૈઋત્ય | શનિ, રવિ | શ્રવણ, ધનિષ્ઠા | ૪-૧૨ |
| પશ્ચિમ | શુક્ર, રવિ | રોહિણી, પુષ્ય | ૬-૧૪ |
| વાયવ્ય | મંગળ | મૃગશીર્ષ | ૭-૧૫ |
| ઉત્તર | મંગળ, બુધ | પૂ.ફા., ઉ.ફા. | ૨-૧૦ |
| ઈશાન | બુધ, શનિ | હસ્ત, વિશાખા | ૮-૩૦ |

ભરણી, કૃતિકા, આર્દ્રા, આશ્લેષા, મઘા, ઉ.ષા., ઉ.ભા., ઉ.ફા. અને વિશાખા નક્ષત્ર હોય સાથે સાથે પ્રયાણ કરનારની જન્મરાશિ(જન્મ ચંદ્ર), જન્મ નક્ષત્ર, મૃત્યુયોગ, યમઘંટ યોગ, હુતાશન યોગ, જ્વાલામુખી યોગ, શત્રુયોગ અને કકચયોગ હોય તેમજ દિશાશૂલ, નક્ષત્રશૂલ અને સન્મુખ યોગિની તથા સામો કાળ હોય તો પ્રયાણ કરવામાં નિષેધ છે.

**✻ ગંડાંત દોષ (મુહૂર્તમાં વર્જ્ય છે) :**

(૧) **તિથિ ગંડાંત :** નંદા તિથિ (૧, ૬, ૧૧)નાં આરંભની એક ઘડી અને પૂર્ણા (૫, ૧૦, ૧૫) તિથિઓનાં અંતની એક ઘડી.

(૨) **નક્ષત્ર ગંડાંત :** અશ્વિની, મઘા, મૂળ નક્ષત્રનાં આરંભની બે ઘડી તેમજ આશ્લેષા, જયેષ્ઠા અને રેવતીનાં અંતની બે ઘડીઓ.

(૩) **લગ્ન ગંડાત :** મેષ, સિંહ અને ધન લગ્નનાં આરંભની અર્ધી ઘડી તથા કર્ક, વૃશ્ચિક, મીન લગ્નનાં અંતની અર્ધી ઘડી લગ્ન ગંડાંતની હોઈ દોષકારક ગણાય છે.

**✻ ગ્રહણથી અશુભ દિવસો :**

- સૂર્ય કે ચંદ્રના ગ્રહણ વખતે ગ્રહણનો પા ભાગ ઘેરાય... તો ગ્રહણ પહેલા અને પછી ૧-૧ દિવસ શુભકાર્ય વર્જ્ય.
- જો અર્ધો ભાગ ઘેરાય... તો પહેલાનાં અને પછીના ૨-૨ દિવસ શુભ કાર્ય વર્જ્ય.
- જો પોણો ભાગ ઘેરાય... તો પહેલાંના અને પછીના ૩-૩ દિવસ શુભ કાર્ય વર્જ્ય.
- ખગ્રાસ / પૂરો ભાગ ઘેરાય... તો પહેલાનાં અને પછીના ૪-૪ દિવસ શુભ કાર્ય વર્જ્ય.

**✻ ગ્રહણ નક્ષત્ર દોષ :**

- સ્થળ પરત્વે સૂર્ય-ચંદ્ર ગ્રહણ, ભુક્તદિન નક્ષત્ર ૬ માસ અવધિ સુધી ત્યાજવું. (ગ્રસ્તોદિત)

**✻ પાપગ્રહયુક્ત નક્ષત્ર દોષ :**

- ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રમાં કોઈપણ પાપગ્રહ હોય તો તે પાપગ્રહયુક્ત નક્ષત્ર ગણાય છે જે શુભ કાર્યમાં વર્જ્ય છે.

## ❋ વસુનવક મડાપંચકની સમજ :

➻ વૈશાખ વદીમાં જે દિવસે ચંદ્ર નક્ષત્ર ધનિષ્ઠા આવે તે દિવસથી નવમા દિવસે રોહિણી આવે છે. આ નવ દિવસને ધનિષ્ઠા નવક-મહાપંચક કહે છે. તેમાં શુભ કામ વર્જ્ય છે. આ બાબત મુહૂર્ત તત્ત્વ ગ્રંથમાં છે. તે દક્ષિણ દેશમાં જોવાય છે.

## ❋ યાત્રા મુહૂર્ત વિચાર :

➻ પંચકમાં દક્ષિણ દિશાયાત્રા નિષેધ છે. મનની પ્રસન્નતા, શુભ શુકનો અને સારા નિમિત્તો થકી પ્રયાણ કરવું સારું છે.

## ❋ કરણમાં કરવાનાં કાર્યો :

(૧) **બવ :** પૌષ્ટિક, સ્થિર, કલ્યાણકારક કર્મો.

(૨) **બાલવ :** બ્રાહ્મણો, પૂજન, દાન, ભોજન, વગેરે હિતકારી ધર્મ કૃત્યો.

(૩) **કૌલવ :** સ્ત્રી અને મિત્ર સંબંધી કાર્યો કરવા.

(૪) **તૈતિલ :** કલ્યાણકારક અને ગૃહસંબંધી કાર્યો કરવા.

(૫) **ગર :** ધાન્ય (બીજ) સંબંધી તથા જમીન ખેડવી વગેરે કાર્યો કરવા.

(૬) **વણિજ :** બહુકાલ પર્યંત રહેનાર (સ્થિર) અને વ્યાપાર સંબંધી કાર્યો કરવા.

(૭) **વિષ્ટિ :** ઉપલા છ એ કરણોનાં કરેલાં કાર્યો સિદ્ધિ આપતાં નથી પાડા, ઊંટ, બકરાં સંબંધી કાર્યો વિષ્ટિ કરણમાં કરવાથી સિધ્ધિ પામે, વિષ્ટિનાં પુચ્છમાં કરવામાં આવતાં સર્વકાર્યો સિધ્ધ થાય છે.

(૮) **શકુની :** મંત્ર સંબંધી (મંત્રોપદેશ) મંત્રગ્રહણ, મંત્ર સિદ્ધ કરવો, ઔષધ સિદ્ધ કરવું, દેવું કિંવા લેવું, પુષ્ટિકારક કાર્યો શકુની કરણમાં કરવા.

(૯) **ચતુષ્પાદ :** ગાય, બળદ, બ્રાહ્મણ, રાજ્ય, પિતૃઓ સંબંધી કાર્યો કરવા.

(૧૦) **નાગ :** સૌભાગ્યદાયક કૂર્મકર્મ (ઘણાં કાળ પર્યંત રહે તેવાં) કાર્યો કરવા.

(૧૧) **કિંસ્તુઘ્ન :** શુભ પૌષ્ટિક મંગળ કાર્યો કરવા.

## ❊ વિષ્ટિનાં મુખ અને પુચ્છ...

વિષ્ટિની એકંદર ઘડીઓના ચાર ભાગ કરવા એક ભાગને ચરણ અથવા પ્રહર કહેવાય છે.

- **વિષ્ટિનું મુખ અશુભ... વિષ્ટિનું પુચ્છ શુભ ગણાય...**
- સુદ-૪ની ઉત્તરાર્ધમાં (બીજા ભાગમાં) વિષ્ટિ, તેનાં પહેલા ભાગમાં / પહેલા ચરણની પ્રથમ પાંચ ઘડીને વિષ્ટિનું મુખ કહે છે અને છેલ્લાં (ચોથા) ભાગની છેલ્લી ત્રણ ઘડીને વિષ્ટિનું પુચ્છ કહેવાય છે.
- સુદ-૮ની ભદ્રાનાં બીજા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટી મુખ અને પહેલા ભાગની છેલ્લી ત્રણ ઘડી વિષ્ટિ પુચ્છ.
- સુદ-૧૧ની ભદ્રાનાં ત્રીજા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટિ મુખ અને બીજા ભાગની છેલ્લી ત્રણ ઘડી વિષ્ટિ પુચ્છ.
- સુદ-૧૫ની ભદ્રાનાં ચોથા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટિ મુખ અને ત્રીજા ભાગની છેલ્લી ત્રણ ઘડી વિષ્ટી પુચ્છ.
- વદ-૩ ની ભદ્રાનાં ચોથા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટિ મુખ. તેમજ ત્રીજાભાગની છેલ્લી ત્રણ ઘડી વિષ્ટિ પુચ્છ કહેવાય છે.
- વદ-૭ની ભદ્રાનાં ત્રીજા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટિ મુખ.
- વદ-૧૦ની ભદ્રાનાં બીજા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટિ મુખ અને પહેલા ભાગની છેલ્લી ૩ ઘડી વિષ્ટિ પુચ્છ.
- વદ-૧૪ની ભદ્રાનાં પહેલા ભાગની પહેલી પાંચ ઘડી વિષ્ટિ મુખ અને ચોથાભાગની છેલ્લી ત્રણ ઘડી વિષ્ટિ પુચ્છ.
- કર્મકાળે જે લગ્ન હોય તેનો સ્વામી શુભ ગ્રહ હોય, બળવાન હોય, પોતાના નવમાંશમાં હોય તો વિષ્ટિ દોષકારક નથી.

## ❊ સ્વર્ગ, મનુષ્ય કે પાતાળમાં વિષ્ટિ ?

**(૧) સ્વર્ગલોકમાં વિષ્ટિ :**

મેષ, વૃષભ, મિથુન અને વૃશ્ચિક રાશિનાં ચંદ્રમાં હોય ત્યારે સ્વર્ગલોકમાં વિષ્ટિ રહે છે.

**(૨) મનુષ્યલોકમાં વિષ્ટિ :**

કર્ક, સિંહ, કુંભ, મીનનો ચંદ્ર હોય ત્યારે મનુષ્યલોકમાં વિષ્ટિ રહે છે.

**(૩) પાતાળલોકમાં વિષ્ટિ :**

કન્યા, તુલા, ધનુ, મકરનો ચંદ્ર હોય તો પાતાળલોકમાં વિષ્ટિ કહેવાય.

- વિષ્ટિ જે લોકમાં રહે છે ત્યાં તેનો દોષ છે તેથી મનુષ્યલોક સિવાયનાં સ્વર્ગ, પાતાળલોકમાં રહેલી વિષ્ટિનો દોષ મનુષ્ય લોકને નથી.

## ❊ વિષ્ટિનાં વાર પરત્વે નામ...

- સોમ, શુક્ર → કલ્યાણી
- રવિ, બુધ, મંગળ → ભદ્રા
- ગુરુવાર → પુણ્યમતી
- શનિવાર → વૃશ્ચિકી

## ❊ શુભ રાજયોગો કઈ રીતે બને ?

(૧) **રવિયોગ :** સૂર્ય નક્ષત્રથી દૈનિક નક્ષત્ર ૪, ૬, ૯, ૧૦, ૧૩, ૨૦ હોય તો થાય છે આયોગ શુભ કાર્યોમાં શ્રેષ્ઠ છે એટલું જ નહિ પરંતુ અનેક અશુભ યોગોનો નાશ કરી લગ્નશુદ્ધિ જેટલું શુભ ફળ આપે છે.

(૨) **રાજયોગ :** મંગળ, બુધ, શુક્ર અને રવિ આમાંના કોઈવારે ૨, ૩, ૭, ૧૨, ૧૫ (પૂનમ) એમાંની કોઈપણ તિથિ હોય અને ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂ.ફા., ચિત્રા, અનુરાધા, પૂ.ષા., ધનિષ્ઠા, ઉ.ભા., એમાંનું કોઈપણ નક્ષત્ર હોય તો રાજયોગ થાય છે આ યોગ માંગલિક કાર્ય, ધર્મકાર્ય, પૌષ્ટિક આદિ કાર્યોમાં શુભ છે.

(૩) **કુમારયોગ :** સોમ, મંગળ, બુધ અને શુક્ર એમાંના કોઈપણ વારે ૧, ૬, ૧૧, ૫ અને ૧૦ એમાંથી કોઈપણ તિથિ હોય અને અશ્વિની, રોહિણી, પુનર્વસુ, મઘા, હસ્ત, વિશાખા, મૂળ, શ્રવણ અને પૂ.ભા. આમાંનું કોઈપણ નક્ષત્ર હોય તો કુમારયોગ થાય આ યોગ મૈત્રી, વિદ્યા, દિક્ષા, ગૃહ અને અન્ય વ્રત આદિ કાર્યોમાં શુભ છે.

(૪) **સ્થિરયોગ :** ગુરુ કે શનિવાર હોય ૪, ૯, ૮, ૧૩, ૧૪ હોય અને કૃતિકા આર્દ્રા, ઉ.ફા., સ્વાતિ, જ્યેષ્ઠા, ઉ.ષા., શતભિષા કે રેવતી નક્ષત્રમાંથી કોઈપણ નક્ષત્ર હોય તો સ્થિરયોગથી રોગાદિકનો નાશ થાય.

(૫) **અમૃતસિદ્ધિ યોગ :** રવિ-હસ્ત, સોમ-મૃગશીર્ષ, મંગળ-અશ્વિની, બુધ-અનુરાધા, ગુરુ-પુષ્ય, શુક્ર-રેવતી અને શનિ-રોહિણી હોય પરંતુ રવિવારથી અનુક્રમે ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ તિથિ હોય તો વિષયોગ થાય તેમજ ગુરુ પુષ્ય વિવાહમાં, શનિ-રોહિણી પ્રયાણમાં અને મંગળ-અશ્વિનીથી બનતો અમૃતસિદ્ધિ યોગ પ્રવેશમાં વર્જ્ય છે.

## ❋ અશુભયોગ કઈ રીતે બને ?

(૧) **મૃત્યુયોગ :**

રવિવારે → અનુરાધા, સોમવારે → ઉ.ષા.,
મંગળવારે → શતતારકા, બુધવારે → અશ્વિની,
ગુરુવારે → મૃગશીર્ષ શુક્રવારે → આશ્લેષા
શનિવારે → હસ્ત નક્ષત્ર હોય તો આ યોગ બને છે.

(૨) **યમઘંટ યોગ :**

રવિવારે → મઘા, સોમવારે → વિશાખા
મંગળવારે → આર્દ્રા બુધવારે → મૂળ
ગુરુવારે → કૃતિકા શુક્રવારે → રોહિણી
શનિવારે → હસ્ત નક્ષત્ર હોતાં થાય છે.

આ યોગ વિંધ્ય પર્વતથી ઉત્તરમાં હિમાલય પ્રદેશ સુધી વર્જ્ય છે.

(૩) **કાલમુખી યોગ :**

ત્રીજે → અનુરાધા, ચોથે → ત્રણ ઉતરા,

પાંચમે → મઘા, આઠમે → રોહિણી તથા

નોમના દિને → કૃતિકા નક્ષત્ર હોય તો કાલમુખી યોગ બને છે.

(૪) **સૂર્ય દગ્ધાતિથિ :** આ યોગ સૂર્યથી બનતો યોગ છે.

| | | |
|---|---|---|
| **સૂર્ય** → | મેષ-કર્ક તિથિ → ૬ | વૃષભ-કુંભ → ૪ |
| | મિથુન-કન્યા → ૮ | સિંહ-વૃશ્ચિક → ૧૦ |
| | ધન-મીન → ૨ | મકર-તુલા → ૧૨ અશુભ છે. |

(૫) **ચંદ્ર દગ્ધાતિથિ :** આ યોગ ચંદ્રથી થતો યોગ છે.

| | | |
|---|---|---|
| **ચંદ્ર** → | કુંભ-ધન → ૨ | મેષ-મિથુન → ૪ |
| | વૃષભ-કર્ક → ૧૦ | તુલા-સિંહ → ૬ |
| | મકર-મીન → ૮ | વૃશ્ચિક-કન્યા → ૧૨ અશુભ છે. |

◆ **અશુભયોગોની સમજ :**

- **વિષયોગ :** રવિવારથી શનિવાર સુધીના "અમૃતસિધ્ધિયોગ" થવામાં જણાવેલ નક્ષત્રો સાથે અનુક્રમે પાંચમ, છઠ્ઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગ્યારસ, એ તિથિ હોય તો અમૃત સિધ્ધિયોગને સ્થાને "વિષયોગ" થતો હોવાથી સર્વથા વર્જ્ય ગણાય ગુરુપુષ્યથી થતો "અમૃતસિધ્ધિયોગ" લગ્નવિવાહમાં વર્જ્ય ગણાય શનિ રોહિણીથી થતો "અમૃતસિધ્ધિયોગ" પ્રયાણમાં વર્જ્ય ગણાય અને મંગળ અશ્વિનીથી થતો "અમૃતસિધ્ધિયોગ" પ્રવેશમાં વર્જ્ય ગણાય.
- **મૃત્યુયોગ :** રવિ કે મંગળવારે એકમ, છઠ્ઠ કે અગ્યારસ હોય, સોમ કે શુક્રવારે બીજ, સાતમ કે બારસ હોય, બુધવારે ત્રીજ, આઠમ કે તેરસ હોય, ગુરુવારે ચોથ, નોમ કે ચૌદશ હોય અને શનિવારે પાંચમ, દશમ કે પૂર્ણિમા

તિથિ હોય તો મૃત્યુયોગ થાય છે.

- **જ્વાળામુખી યોગ :** એકમે મૂળ, પાંચમે ભરણી, આઠમે કૃતિકા, નોમે રોહિણી કે દશમે આશ્લેષા નક્ષત્ર હોય તો "જ્વાળામુખીયોગ" થાય છે.

**શ્લોક :** એકમ મૂળ પાંચમ ભરણી આઠમ કૃતિકા, નોમ રોહિણી દશમ આશ્લેષા, સૂણ રે સહી, જણે તે જીવે નહી, વસે તે ઉજડ થાય નારી પહેરે ચૂડલો ગર્ભ સૂમળો જાય.

- **કાળમુખીયોગ :** ત્રીજને અનુરાધા, ચોથ તિથિએ ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરષાઢા કે ઉત્તરભાદ્રપદા હોય, પાંચમ ને મઘા, આઠમને રોહિણી કે નોમને કૃતિકા નક્ષત્ર હોય તો "કાળમુખી યોગ" થાય છે.

## ❊ યમઘંટયોગ તથા ફાંકડું...

| વાર | યમઘંટયોગ | ફાંકડું |
|---|---|---|
| રવિ | મઘા | સાતમ |
| સોમ | વિશાખા | છઠ્ઠ |
| મંગળ | આર્દ્રા | પાંચમ |
| બુધ | મૂળ | ચોથ |
| ગુરુ | કૃતિકા | ત્રીજ |
| શુક્ર | રોહિણી | બીજ |
| શનિ | હસ્ત | એકમ |

- યમઘંટ યોગમાં → વિદેશ જવું નહિ અને શુભ કાર્ય કરવું નહિ.
- ફાંકડામાં → પ્રવેશ અને પ્રયાણ ત્યજવું.

- પ્રયાણ વખતે → કોઈ જમવાનો આગ્રહ કરે તો જમીને જવું.
  "જાઓ... જાઓ કાર્ય સિદ્ધ થશે" એમ કોઈ કહે તો તરત જ જવું.

## મુહૂર્તને લગતી કેટલીક ધ્યાનમાં રાખવા લાયક બાબતો...

- ઘાતતિથિ, ઘાતવાર અને ઘાત નક્ષત્ર મુસાફરીએ જતાં ત્યાજ્વાં, અન્ય કાર્યોમાં તે શુભ છે. લગ્ન-દિશા-પ્રતિષ્ઠામાં તેનો દોષ નથી.
- યુધ્ધ, વાદ-વિવાદ, રાજસેવા તથા નવા વાહનનાં મુહૂર્તમાં ઘાતચંદ્રનો ત્યાગ કરવો. પરંતુ તીર્થયાત્રા, વિવાહ વગેરે સર્વ માંગાલિક કાર્યોમાં ઘાતચંદ્રનો દોષ નથી.
- જન્મમાસ, જન્મનક્ષત્ર અને જન્મતિથિ વિવાહમાં પ્રથમ ગર્ભના પુત્ર કે કન્યા માટે લેવા યોગ્ય નથી પરંતુ એ પછીના બાળકો માટે સંતાન આપનાર છે. દોષકારક નથી.
- જન્મરાશિ, જન્મમાસ, જન્મનક્ષત્ર અને જન્મલગ્નમાં પરણેલી સ્ત્રી પુત્રવતી અને પતિને પ્રિય થાય છે.
- ખેતી, મકાન, વિવાહ, કૂવા વગેરેનું નિર્માણમાં જન્મચંદ્ર શ્રેષ્ઠ છે.
- બારમો ચંદ્ર ગર્ભાધાન, જન્મસમય, અભિષેક, જનોઈ, વિવાહ અને મુસાફરીમાં શુભ છે.
- ચંદ્ર પોતાની નીચ રાશિનો તેમજ શત્રુ ક્ષેત્રનો હોય તો છ, આઠ કે બારમા ચંદ્રનો દોષ નથી.
- કોઈપણ વ્યક્તિની જન્મકુંડળીમાં બીજા ધનસ્થાનનો અધિપતિ, પાંચમા સ્થાનનો અધિપતિ, આઠમા સ્થાનનો અધિપતિ અને લાભસ્થાનનો અધિપતિ

આ ચારેય સ્થાનના ગ્રહો એક જ સ્થાનમાં હોય, પરસ્પર શુભ સંબંધમાં હોય કે પરિવર્તન યોગમાં હોય ત્યારે વેપારમાં આકસ્મિક ધનલાભનો યોગ બને છે.

- જન્મકુંડળીમાં જ્યારે ૪-૫-૯-૧૧ના માલિકો વચ્ચે યુતિ, પરિવર્તન યોગ કે શુભ સ્થિતિ જણાતી હોય ત્યારે વ્યક્તિને વાયદાના વેપારમાં ફાયદાનો લાભ મળે છે.
- જન્મકુંડળીમાં ચંદ્રથી જ્યારે ૯મા, ૧૦મા અને ૧૧મા સ્થાનમાં કોઈ એક, બે કે ત્રણ સ્થાનમાં બુધ-ગુરુ અને શુક્ર રહેલા હોય ત્યારે વસુમતિ નામનો પ્રચૂર ધનસંપત્તિ નામનો યોગ થાય છે. જે અલ્પ પ્રયાસે ધન કમાણી કરાવે છે.
- જન્મકુંડળીમાં ધનેશ અને અષ્ટમેશ વચ્ચે બીજા અને ૮મા સ્થાનમાં થયેલા પરિવર્તનયોગ હોય અથવા અષ્ટમેશ ધન સ્થાનમાં હોય અથવા ધનેશ ૮મા સ્થાનમાં હોય ત્યારે પણ આકસ્મિક ધનલાભ સટ્ટા દ્વારા થઈ શકે.
- જન્મ કુંડળીમાં કેન્દ્ર સ્થાનમાં રહેલો વૃષભનો મંગળ સટ્ટામાં લાભ આપે.
- સિંહ અને ધન લગ્નમાં જો સૂર્ય અને ગુરુ વ્યક્તિની કુંડળીમાં પાંચમા સ્થાનમાં રહેલા હોય તો તે લાભદાયક છે. જન્મકુંડળીમાં સિંહ લગ્નમાં ચંદ્ર, ગુરુ અને શુક્રની યુતિ આઠમા સ્થાનમાં લાભકારક છે. તેમજ સિંહ લગ્નમાં ૧૧માં સ્થાનમાં સૂર્ય-બુધ અને ગુરુની યુતિ પણ લાભકારક છે.
- જાતકની તુલા લગ્નની અથવા કુંભ લગ્નની કુંડલીમાં ચંદ્ર-ગુરુ અને શુક્ર જો ૮મા સ્થાનમાં રહેલો હોય તો આકસ્મિક લાભ આપે અથવા સટ્ટામાં લાભ આપે.

- જો વ્યક્તિની કુંડળીમાં કર્ક, કન્યા કે મીન લગ્ન હોય અને બુધ-ગુરુ કે શુક્ર જો ૯મા સ્થાનમાં હોય તો શેર-સટ્ટાથી લાભ આપશે.

# વસ્તુ શોધવાનું યંત્ર

| દક્ષિણેગઈ<br>૩ દિને મળે<br>કાણાં નક્ષત્રો | પશ્ચિમેગઈ<br>૨માસે મળે<br>ચિબડાં નક્ષત્રો | ઉત્તરેગઇ<br>ન મળે<br>દેખતા નક્ષત્રો | પૂર્વમાંગઈ<br>તુરંત મળે<br>આંધળા નક્ષત્રો |
|---|---|---|---|
| મૃગશીર્ષ | આર્દ્રા | પુનર્વસુ | રોહિણી |
| આશ્લેષા | મઘા | પુ.ફા. | પુષ્ય |
| હસ્ત | ચિત્રા | સ્વાતિ | ઉ.ફા. |
| અનુરાધા | જ્યેષ્ઠા | મૂળ | વિશાખા |
| ઉ.ષા. | અનુરાધા | શ્રવણ | પૂ.ષા. |
| શતતારકા | પૂ.ભા. | ઉ.ભા | ધનિષ્ઠા |
| અશ્વિની | ભરણી | કૃતિકા | રેવતી |

❊ **જન્મ નક્ષત્ર પાયો...**

(૧) **ચાંદી (રૂપાનો) પાયો :**

આર્દ્રા થી ૧૦ નક્ષત્ર સુધી ચાંદીનો (રૂપાનો) પાયો કહેવાય. (શુભ)

(૨) **લોખંડનો પાયો :**

વિશાખાથી ૪ નક્ષત્ર સુધી લોખંડનો પાયો ગણાય. (અશુભ માં અશુભ)

(૩) **તાંબાનો પાયો :**

પૂર્વાષાઢાથી ૭ નક્ષત્ર સુધી તાંબાનો પાયો કહેવાય. (શુભ, શ્રેષ્ઠ)

**(૪) સોનાનો પાયો :**

રેવતીથી ૬ નક્ષત્ર સુધી સોનાનો પાયો કહેવાય. (અશુભ)

## નક્ષત્રોના સ્વામીઓ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | અશ્વિની | - | અશ્વિનીકુમાર | (૧૫) | સ્વાતિ | - | વાયુ |
| (૨) | ભરણી | - | યમ | (૧૬) | વિશાખા | - | ઈંદ્રાગ્નિ |
| (૩) | કૃતિકા | - | અગ્નિ | (૧૭) | અનુરાધા | - | મિત્ર |
| (૪) | રોહિણી | - | બ્રહ્મા | (૧૮) | જ્યેષ્ઠા | - | ઈંદ્ર |
| (૫) | મૃગશીર્ષ | - | સોમ | (૧૯) | મૂળ | - | નિર્ઋતિ |
| (૬) | આર્દ્રા | - | શિવ | (૨૦) | પૂ.ષા | - | જળ |
| (૭) | પુનર્વસુ | - | અદિતિ | (૨૧) | ઉ.ષા. | - | વિશ્વદેવ |
| (૮) | પુષ્ય | - | બૃહસ્પતિ | (૨૨) | અભિજિત | - | બ્રહ્મા |
| (૯) | આશ્લેષા | - | સર્પ | (૨૩) | શ્રવણ | - | વિષ્ણુ |
| (૧૦) | મઘા | - | પિતર | (૨૪) | ધનિષ્ઠા | - | વસુ |
| (૧૧) | પૂ.ફા. | - | ભગ | (૨૫) | શતભિષા | - | વરૂણ |
| (૧૨) | ઉ.ફા. | - | અર્થમા | (૨૬) | પૂ.ભા. | - | અજૈકપદ |
| (૧૩) | હસ્ત | - | સૂર્ય | (૨૭) | ઉ.ભા. | - | અહિર્બુધ્ન |
| (૧૪) | ચિત્રા | - | ત્વસ્ટા | (૨૮) | રેવતી | - | પુંષાદેવ |

## કેટલીક અગત્યની માહિતી

પ્રાચીન કાળથી હિંદુ સંસ્કૃતિમાં જન્મથી લઈને વિવાહ સુધીના "૧૬" સંસ્કારો કરવામાં આવે છે. તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) ગર્ભાધાન | (૯) વ્રતબંધ |
| (૨) પુસંવન (રાખડી બાંધવી તે) | (૧૦) ચાર વેદવ્રત |
| (૩) સીમંત (અઘરણી) | (૧૧) ચાર વેદવ્રત |
| (૪) જાતકર્મ | (૧૨) ચાર વેદવ્રત |
| (૫) નામકરણ | (૧૩) ચાર વેદવ્રત |
| (૬) નિષ્ક્રમણ | (૧૪) કેશાંત |
| (૭) અન્નપ્રાસન | (૧૫) સમાવર્તન |
| (૮) ચૈલ (વાળ ઉતારવાનું) | (૧૬) વિવાહ |

(૧) **ગર્ભાધાન :** ઈચ્છા મુજબ ભાગ્યશાળી અને સારા સંતાનો પ્રાપ્ત કરવા આ આવશ્યક છે પુત્રની ઈચ્છાવાળા પુરુષે સ્ત્રીને ઋતુદર્શન (રજોદર્શન) થયા પછીની પહેલી ચાર રાત્રિ તથા ૪, ૬, ૮, ૯, ૧૧, ૧૪, ૧૫, ૩૦ તિથિઓ માતા-પિતાનો મૃત્યુદિવસ.

- પોતાના જન્મ નક્ષત્ર, જન્મતિથિ, જન્મવાર, તથા નક્ષત્રની સંધિ તથા એકી સંખ્યાઓની રાત્રિનો ત્યાગ કરી સોમ, બુધ, ગુરુ, શુક્રવારે ચંદ્ર અનુકૂળ (૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧) હોય તો સ્ત્રીસંગ કરવો.
- પુત્રીની ઈચ્છાવાળાઓએ બેકી સંખ્યાવાળી રાત્રિઓ છોડી દેવી અને એકી સંખ્યાવાળી રાત્રિઓ ઉપયોગમાં લેવી અને ખરાબ યોગો ત્યજી દેવાં. ગર્ભાધાનમાં મૂળ, મઘા અને રેવતી ન લેવા.

## રજોદર્શન વિશેની માહિતી

- કન્યાને પ્રથમ રજોદર્શન માગશર, મહા, વૈશાખ, જેઠ, શ્રાવણ અને આસો

માસમાં સુદ પક્ષમાં સોમ, બુધ, ગુરુ, શુક્રવારનાં દિવસે શુભ લગ્નમાં આવે તો તે અત્યંત શુભ છે.

- ઉપરાંત શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, સ્વાતિ, ઉ.ફા., ઉ.ષાઢા, ઉ.ભા., પુષ્ય, અશ્વિની, અનુરાધા, અભિજીત, રેવતી, મૃગશીર્ષ, રોહિણી, હસ્ત નક્ષત્રો અને સફેદ વસ્ત્ર ધારણ કરેલ હોય તો શુભ માનવું.
- પુનર્વસુ, વિશાખા, કૃતિકા, મૂળ તથા મઘામાં પ્રથમ રજોદર્શન થાય તો મધ્યમ સમજવું.
- બાકીનાં નક્ષત્રો અશુભ છે.
- ૪, ૯, ૧૪, ૩૦, ૮, ૬ તિથિઓ વૈધૃતિ, વિષ્ટિ, ગ્રહણનાં દિવસે સંક્રાંતિનાં દિવસો, વ્યત્તિપાત, સંધ્યાનો સમય રોગી તેમજ રાત્રિનાં સમયે નિંદ્રામાં હોય ત્યારે રજોદર્શન અશુભ ગણવામાં આવે છે.
- હસ્ત, સ્વાતિ, જેઠ, મૃગશીર્ષ, અનુરાધા, અશ્વિની, ધનિષ્ઠા, રોહિણી, ઉ.ફા., ઉ.ષા., ઉ.ભા. અને શુભ તિથિ અને શુભવારનાં સ્નાન કરવું ફળદાયક છે.
- ઉપરાંત મૂળ, વિશાખા, હસ્ત, અશ્વિની તેમજ રોહીણી નક્ષત્રમાં અને શુભતિથિ તેમજ શુભવારમાં ઋતુમતિ સ્નાન કરે તો તત્કાળ ગર્ભધારણ કરે છે.

**● સમાગમમાં ત્યાજ્ય બાબતો...**

- તિથિ ગંડાંત, લગ્ન ગંડાંત, માતૃપિતૃ નિધન, જન્મ નક્ષત્ર, મૂળ, અશ્વિની, રેવતી, ભરણી, મઘા નક્ષત્રો, માતૃપિતૃ શ્રાદ્ધદિન, વૈધૃતિ, વ્યત્તિપાત અને ગ્રહણનો દિવસ ત્યાગ કરવો.

# લગ્ન મેળાપક વગેરે માટે ઉપયોગી બાબતો

❋ <u>યોનિ</u> :

➻ યોનિનું વર્ગીકરણ પણ વર્ગની જેમ કરાયેલ છે. યોનિનો ઉપયોગ સ્ત્રી-પુરુષના **મેળાપક**માં કરવામાં આવે છે. યોનિ દ્વારા મેળાપકમાં સ્ત્રી પુરુષનો મેળ અને કયા પ્રાણીની પ્રકૃતિનો ગુણ તે સ્ત્રી પુરુષમાં છે તે જાણી શકાય. સરખી કે એકરૂપ યોનિનો **મેળાપક**માં મેળ કરવાથી લગ્નજીવન સુખી થાય અને **સંતાનપ્રાપ્તિ** ઈચ્છા મુજબ થાય.

| નક્ષત્ર | | યોનિ |
|---|---|---|
| અશ્વિની, શતભિષા | - | અશ્વ (વર્ષમાં ૨-૩ વાર સંભોગ) |
| ભરણી, રેવતી | - | ગજ (વર્ષમાં ૧ વખત સંભોગ) |
| કૃતિકા, પુષ્ય | - | મેષ (ઘેટો) (વર્ષમાં ૩ વખત) |
| રોહિણી, મૃગશીર્ષ | - | સર્પ (વર્ષમાં ૪-૫ વખત અને વર્ષાઋતુમાં વધુ) |
| આર્દ્રા, મૂળ | - | શ્વાન (માસ-માસમાં) |
| પુનર્વસુ, આશ્લેષા | - | માંજર (બિલાડી) (ઋતુ મુજબ) |
| મઘા, પૂ.ફા. | - | ઉંદર (માસિક-એક સાથે ૨૫-૩૦ સંતાન) |
| ઉ.ફા., ઉ.ભા. | - | નૌ (વર્ષમાં ૨ વખત) |
| હસ્ત, સ્વાતિ | - | મહિષી (પાડો) (ઋતુ મુજબ) |
| ચિત્રા, વિશાખા | - | વ્યાઘ્ર (વાઘ) (વર્ષમાં ૩-૪ વખત) |
| અનુરાધા, જ્યેષ્ઠા | - | મૃગ (વર્ષમાં ૨ વખત) |
| પૂ.ષા., શ્રવણ | - | વાનર (શક્યતઃ રોજ) |
| ઉ.ષા. | - | નકુલ (નોળિયો) (ઋતુ મુજબ) |
| ધનિષ્ઠા, પૂ.ભા. | - | સિંહ (વર્ષમાં ૨ વખત) |

## ❊ ગણ :

➻ ગણ એટલે ગણના અથવા ગુણ અથવા વિભાગ.

કુલ ૩ પ્રકારના ગણ : દેવ, મનુષ્ય, રાક્ષસ.

મેળાપકમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે.

આનાથી મનુષ્યની પ્રકૃતિ જાણી શકાય છે.

| દેવગણ | મનુષ્યગણ | રાક્ષસગણ |
|---|---|---|
| અશ્વિની | ભરણી | કૃતિકા |
| મૃગશીર્ષ | રોહિણી | ચિત્રા |
| પુનર્વસુ | આર્દ્રા | મઘા |
| પુષ્ય | પૂ.ફા. | વિશાખા |
| હસ્ત | ઉ.ફા. | જયેષ્ઠા |
| સ્વાતિ | પૂ.ષા. | મૂળ |
| અનુરાધા | ઉ.ષા. | ધનિષ્ઠા |
| શ્રવણ | પૂ.ભા. | આશ્લેષા |
| રેવતી | ઉ.ભા. | શતભિષા |

**શુભ મેળ :**

| ગણ | દેવ | મનુષ્ય | રાક્ષસ |
|---|---|---|---|
| દેવ | ૧ | ૧ | ૦ |
| મનુષ્ય | ૧ | ૧ | ૦ |
| રાક્ષસ | ૦ | ૦ | ૧ |

✻ **યુંજા :**

- યુંજા એટલે રાશિની શરૂઆત અને તેનું બળ જાણવાની રીત.

  યુંજા ૩ પ્રકારની છે : પૂર્વ, મધ્ય, અંત્ય.

- પૂર્વ યુંજા : રેવતી નક્ષત્રથી મૃગશીર્ષ સુધી - ૬ નક્ષત્ર

  મધ્ય યુંજા : આર્દ્રા નક્ષત્રથી અનુરાધા સુધી - ૧૨ નક્ષત્ર

  અંત્ય યુંજા : જ્યેષ્ઠા થી ઉ.ભાદ્રપદ સુધી - ૯ નક્ષત્ર

- મધ્ય યુંજાનું બળ વધુ છે. જેથી રાશિ મધ્યમાં બળ પામી છે તેમ કહેવાય. માટે પૂર્વ એ પ્રારંભની રાશિ અને અંત્ય એ અંતની રાશિ તરીકે લેવાય છે.

✻ **નાડી :**

- નાડી એટલે નસ-રગ.

  નાડી દ્વારા વ્યક્તિના જીવનના પ્રસંગો જાણી શકાય.

  લગ્નમેળાપકમાં તે ઉપયોગી અંગ છે.

  નાડી મુખ્યત્વે ત્રણ છે. આદ્ય, મધ્ય, અંત્ય

- આ ત્રણેય નાડીનો સીધો સંબંધ આયુર્વેદમાં મનુષ્ય પ્રકૃતિ માટે કરેલ છે.

| નાડી | પ્રકૃતિ / ગુણ |
|---|---|
| આદ્ય | વાત / રજો ગુણ |
| મધ્ય | પિત્ત / તમો ગુણ |
| અંત્ય | કફ / સત્ત્વ ગુણ |

- લગ્ન મેળાપકમાં સરખી નાડી આવે ત્યારે તેનો મેળાપ કરાતો નથી. કારણ કે સરખી નાડી વાળી વ્યક્તિનો સ્વભાવ-શારીરિક બાંધો-ગુણ-દોષ રોગ વગેરે સરખા આવે અને અશાંતિ-બિમારી-અશક્તિ રહે માટે મેળ થતો નથી.

- નાડી દોષમાં અમુક છૂટછાટ હોય છે... જેમ કે,
  (૧) નાડી એક હોય પણ રાશિ નક્ષત્ર અલગ હોય તો ચાલે.
  (૨) સ્ત્રીની નાડીનું નક્ષત્ર પુરુષ કરતાં આગળ હોવું જોઈએ.
  (૩) બંનેના નક્ષત્રો વચ્ચે ૧૩ નક્ષત્રોનો ફરક ચાલે.

અપવાદ છે પરંતુ નાડી દોષને એક શારીરિક દોષ સમજીને ચાલીએ તો તે અશુભ ફળ જ આપે છે. અને આવા મેળાપ કરેલ જોડાનાં સંતાન નબળાં, અશક્ત, શારીરિક પીડાવાળા, માંદા થાય છે.

અથવા મધ્યનાડી જેવી પિત્તનાડીના મેળવાળી વ્યક્તિની સંતાન થવાની શક્યતા ઘટી જાય. મેળાપકમાં તેના ૪ ગુણ છે અને એક નાડી હોતા ૦ બિંદુ મળે છે.

**નાડી નક્ષત્ર**

| આદ્ય | મધ્ય | અંત્ય |
|---|---|---|
| અશ્વિની | ભરણી | કૃતિકા |
| આર્દ્રા | મૃગશીર્ષ | રોહિણી |
| પુનર્વસુ | પુષ્ય | આશ્લેષા |
| ઉ.ફા. | પૂ.ફા. | મઘા |
| હસ્ત | ચિત્રા | સ્વાતિ |
| જયેષ્ઠા | અનુરાધા | વિશાખા |
| મૂળ | પૂ.ષા. | ઉ.ષા. |
| શતતારકા | ધનિષ્ઠા | શ્રવણ |
| પૂ.ભા. | ઉ.ભા. | રેવતી |

## ❋ જ્યોતિષ અને લેણાદેણી :

વિશ્વ આખુંય સંયુક્ત છે. અહીં દરેકને કોઈને કોઈ સંબંધ જરૂર છે. જે આપણી કુંડળી દ્વારા પ્રગટ થાય છે. આપણો જન્મ થતાં જ દરેક વ્યક્તિ સાથેનો લેણદેણનો સંબંધ નક્કી થઈ જાય છે.

જ્યોતિષની સચોટ દ્રષ્ટિથી આ બાબત કેવી રીતે સમજી શકીએ તે સમજવા આપણા દરેકના સંબંધોને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકીએ છીએ :

(૧) નવપંચમ
(૨) દ્વિર્દ્વાદશક (બિયાબારુ)
(૩) ષડાષ્ટક
(૪) ત્રિ એકાદશ
(૫) ચતુર્થ દશમ
(૬) સમ-સપ્તક
(૭) સમલગ્ન

**(૧) નવપંચમ :**

આ સંબંધોમાં પહેલી કુંડળીને બીજી કુંડળી નવમે (ભાગ્ય સ્થાને) આવે છે. જ્યારે બીજી કુંડળીને પહેલી કુંડળી પાંચમે આવે છે.

**દા.ત.** : એક તુલા લગ્ન અને બીજું કુંભ લગ્નની કુંડળી.

આવા જાતકો પ્રેમાળ સંબંધો ધરાવે છે.

કુંભ લગ્નની વ્યક્તિને તુલા લગ્નની વ્યક્તિથી લાભ જ થશે, કારણ કે આ લગ્ન તેને ભાગ્યમાં, ધર્મસ્થાનમાં આવશે. કુંભ લગ્નવાળા વ્યક્તિને, તુલા લગ્નની વ્યક્તિના જીવનમાં આવવાથી ભાગ્યવૃદ્ધિ થશે, દૂરની મુસાફરી થશે, ધાર્મિક કાર્ય થશે. જ્યારે તુલા લગ્નવાળા વ્યક્તિને કુંભ લગ્નના વ્યક્તિના સંયોગથી મોજમજા થશે, નવી નવી યોજના અપાવશે, શેરબજારમાં ક્યાં નાણાં રોકવા તેનું માર્ગદર્શન આપશે, પ્રેમ કરતાં શીખવે.

આપણને જેના પર જોતાં જ પ્રેમ આવે તે વ્યક્તિ એટલે આપણું પાંચમું લગ્ન. જે આપણને પ્રેમ કરતાં શીખવાડે-જીવન જીવતાં શીખવાડે. આવું મૅચમેકિંગ લગ્નજીવન માટે પ્રેમાળ જોડું ગણાય. એકબીજાને પ્રેમ કરીને

છેવટે ધર્મ તરફ વળી જનાર જોડકાઓ આ કક્ષાની શ્રેણીમાં આવશે. આમાં પણ મધ્યમ ફળ આપનારા સંબંધો આપેલ કોષ્ટકમાંથી સમજવા.

(૨) **દ્વિર્દ્વાદશક (બિયા-બારુ)** : આવા સંબંધોમાં પહેલી કુંડળીને બીજી કુંડળી બારમે આવે છે. જ્યારે બીજી કુંડળીને પહેલી કુંડળી બીજે (ધન સ્થાને) આવે છે.

**દા.ત.** : એક મેષ લગ્ન અને બીજી વૃષભ લગ્નની કુંડળી આમાં મેષ લગ્નવાળા જાતકને વૃષભ લગ્નવાળા જાતકથી જીવનભર આર્થિક ફાયદો જ થશે. કારણ કે, આ લગ્ન તેના ધનસ્થાને આવે છે જે તેને જીવનભર ધન આપશે પણ વૃષભ લગ્નની વ્યક્તિને મેષ લગ્નવાળો ખર્ચાળ સાબિત થશે. કારણ કે, આ લગ્ન તેને બારમે આવશે અને બારમું સ્થાન એટલે ખર્ચ. જ્યોતિષ શાસ્ત્ર આવા સંબંધોને ગયા જન્મના શત્રુ તરીકેના સંબંધ તરીકે ઓળખાવે છે જેમાં એકે આજીવન આપવાનું જ્યારે બીજાએ આજીવન લેવાનું.

લગ્નજીવનમાં સ્ત્રીનું લગ્ન બીજા સ્થાને આવતું હોય અર્થાત્ પુરુષનું તુલા લગ્ન અને સ્ત્રીનું વૃશ્ચિક લગ્ન હોય તો સ્ત્રીના આવતાં જ ઘરમાં આર્થિક ઉન્નતિ શરૂ થાય છે, પતિને આજીવન પત્નીથી આર્થિક લાભ રહે છે પરંતુ પત્ની માટે (વૃશ્ચિક લગ્ન) પતિ બારમા સ્થાનનો હોવાથી (તુલા લગ્નનો) માનસિક તથા આર્થિક રીતે દુઃખદાયી બને છે.

બિયાબારુંનો સંબંધ એટલે એકે આજીવન આપવાનું અને બીજાએ આજીવન પામવાનું.

આવા સંબંધો મૅચમેકિંગ વખતે ટાળવા કારણ કે આવા લોકો લગ્ન કરીને બરબાદ પણ થઈ જાય છે.

આમાં પણ શ્રેષ્ઠ દ્વિર્દ્વાશક આપેલ કોષ્ટકમાંથી જાણવું.

(૩) **ષડાષ્ટક :**

આમાં પ્રથમ કુંડળીને બીજી કુંડળી છઠ્ઠે આવે છે જ્યારે બીજી કુંડળીને પ્રથમ કુંડળીને આઠમે આવે છે. આ સંબંધોમાં બંનેને નુકસાન જ રહે છે. આવા સંબંધો અંતે ઝઘડા, કર્જ વગેરેમાં પરિણમે છે.

**દા.ત.** : એક મેષ લગ્ન અને બીજાનું કન્યા લગ્ન છે.

મેષ લગ્નની વ્યક્તિને કન્યા લગ્નની વ્યક્તિ સાથે ઝઘડા અને કર્જ થાય છે. જ્યારે કન્યા લગ્નને મેષ લગ્ન આઠમે આવે છે જે તેને મૃત્યુની ચેતવણી સ્વરૂપે મળે છે.

કુંડલી મૅચિંગ વખતે આ સંબંધ જરૂર ટાળવો નહીં તો તેમનું જીવન સંઘર્ષમાં જ વીતશે તે વાત નક્કી. આવા સંબંધો કે જેમાં આઠમું સ્થાન સંકળાય તે હંમેશાં ટાળવા.

આવા સંબંધો સંતાન સાથે પણ હોય તો પણ ચેતવા જેવું છે.

આમાં, પ્રીતિ ષડાષ્ટક સંબંધોમાં કંઈક રાહત મળી શકે.

(૪) **ત્રિ-એકાદશ :**

આવા સંબંધોમાં પહેલી કુંડળીને બીજી કુંડળી ત્રીજે આવે છે. જ્યારે બીજી કુંડળીને પહેલી કુંડળી અગ્યારમે આવે છે.

**દા.ત.** : એકને સિંહ લગ્ન છે ને બીજાને તુલા લગ્ન.

આવા સંબંધમાં તુલા લગ્નની વ્યક્તિને લાભદાયક રહેશે. કારણ કે, તેને સિંહ લગ્નની વ્યક્તિ ૧૧મા સ્થાને આવશે. જે તેને ઇચ્છાપૂર્તિ કરાવશે. અથવા પ્રૉપર્ટી અપાવશે કે સમ્માન આપશે, જ્યારે સિંહ લગ્નની વ્યક્તિને તુલા લગ્નની વ્યક્તિ હિંમત આપશે, કોઈ પણ મોટા કામ માટે પ્રેરણા આપશે.

આ પ્રકારના સંબંધોમાં પત્ની ૧૧મા સ્થાનની હોય તો લગ્ન થતાં જ સંપત્તિના ઢગલેઢગલાં થશે. આ પ્રકારનો મિત્ર મળે તો પણ લાભદાયી નીવડશે.

**(૫) ચતુર્થ-દશમ :**

આવા સંબંધમાં એક કુંડળી બીજી કુંડળીને ચોથે આવશે જ્યારે બીજી કુંડળી પ્રથમ કુંડળીને ૧૦મે આવશે.

**દા.ત. :** તુલા લગ્ન તથા કર્ક લગ્નના સંબંધો. તુલા લગ્નની વ્યક્તિને કર્ક લગ્નની વ્યક્તિ ૧૦મે આવે છે, જે તેને પ્રતિષ્ઠા અપાવશે, કામ-ધંધામાં મદદગાર સાબિત થશે અને કર્ક લગ્નની વ્યક્તિ તુલા લગ્નવાળા જાતકને જોતાં જ ખુશ થઈ જશે, તેના સંબંધો ઘનિષ્ટ (ઘર જેવાં) હશે, અંતિમ અવસ્થા સુધી રહેશે, જે ચતુર્થ સ્થાનમાં જોવાય છે.

મૅચમેકિંગમાં આવા સંબંધો શુભદાયી નીવડે છે. જેમ કે, તુલા લગ્નની વ્યક્તિને કર્ક લગ્નની વ્યક્તિના સંયોગથી કામધંધામાં સરળતા વધે છે. આ જોડી એટલે જવાહરલાલ નહેરુ અને ગાંધીજીની જોડી.

**(૬) સમસપ્તક :**

એકબીજાને સાતમે આવે તેવા સંબંધો એટલે સમ-સપ્તકના સંબંધો.

**દા.ત. :** એકનું મેષ લગ્ન તથા બીજાનું તુલા લગ્ન. આવા સંબંધો પાર્ટનરશીપ માટે એકદમ ઉત્તમ ગણાય. કારણ કે દરેક લગ્નની કમજોરી તેના સાતમા લગ્નની શક્તિ હોય છે. જ્યારે દરેક સાતમા લગ્નની શક્તિ પ્રથમ લગ્નની કમજોરી હોય છે. માટે જ લગ્નજીવનના નિર્ણય માટે શુભફળદાયી કે આવકારદાયક ગણાય છે.

આમ, એકબીજાને પૂરક હોય કે એકબીજા વગર જેનું જીવન પુરું ન થતું હોય તેવા સંબંધો એટલે સમસપ્તક.

**(૭) સમલગ્ન :**

આવા સંબંધો ગોચરમાં શુભ સમયમાં બંનેને શુભદાયી ઠરે છે. પરંતુ બારમો રાહુ કે શનિ જેવા પ્રતિકૂળ ગોચરમાં આવા સંબંધોને મોટી મુશ્કેલી નડે છે. કારણ કે બંનેના લગ્ન સરખા જ છે જેથી બંનેને શુભ સમય સાથે આવે છે. પણ અશુભ સમય પૂરો કરવો મુશ્કેલજનક બને છે.

### શુભ નવપંચમ

| ૯ | - | ૫ |
|---|---|---|
| મેષ | - | સિંહ |
| વૃષભ | - | કન્યા |
| મિથુન | - | તુલા |
| સિંહ | - | ધન |
| તુલા | - | કુંભ |
| વૃશ્ચિક | - | મીન |
| ધન | - | મેષ |
| મકર | - | વૃષભ |

### શ્રેષ્ઠ દ્વિર્દ્વાદશક

| ૨ | - | ૧૨ |
|---|---|---|
| મેષ | - | મીન |
| મેષ | - | મીન |
| મિથુન | - | વૃષભ |
| સિંહ | - | કર્ક |
| તુલા | - | કન્યા |
| ધન | - | વૃશ્ચિક |

### અપવાદ

| | | |
|---|---|---|
| કન્યા | - | સિંહ |

### મધ્યમ નવપંચમ

| ૯ | - | ૫ |
|---|---|---|
| કુંભ | - | મિથુન |
| મીન | - | કર્ક |
| કર્ક | - | વૃશ્ચિક |
| કન્યા | - | મકર |

### અશુભ દ્વિર્દ્વાદશક

| ૨ | - | ૧૨ |
|---|---|---|
| વૃશ્ચિક | - | તુલા |
| મકર | - | ધન |
| મીન | - | કુંભ |
| વૃષભ | - | મેષ |
| કર્ક | - | મિથુન |

### પ્રીતિ ષડાષ્ટક

| ૬ | - | ૮ |
|---|---|---|
| મેષ | - | વૃશ્ચિક |
| મિથુન | - | મકર |
| સિંહ | - | મીન |
| તુલા | - | વૃષભ |
| ધન | - | કર્ક |
| કુંભ | - | કન્યા |

### શત્રુ ષડાષ્ટક

| ૬ | - | ૮ |
|---|---|---|
| વૃષભ | - | ધન |
| કર્ક | - | કુંભ |
| વૃશ્ચિક | - | મિથુન |
| મકર | - | સિંહ |
| મીન | - | તુલા |

## ❋ વજ્રમુશલ, અરિ, અસ્થિ તથા ક્રકચ યોગોની સમજ :

| વાર | વજ્રમુશલયોગ | અરિ(શત્રુ)યોગ | અસ્થિરયોગ | ક્રકચયોગ |
|---|---|---|---|---|
| (૧) રવિવાર | ભરણી | ભરણી | ઉ.ષા. | બારસ(૧૨) |
| (૨) સોમવાર | ચિત્રા | પુષ્ય | આર્દ્રા | અગ્યારસ(૧૧) |
| (૩) મંગળવાર | ઉ.ષા. | ઉ.ષા. | વિશાખા | દશમ(૧૦) |
| (૪) બુધવાર | ધનિષ્ઠા | આર્દ્રા | રોહિણી | નોમ(૯) |
| (૫) ગુરુવાર | ઉ.ફા. | વિશાખા | શતભિષા | આઠમ(૮) |
| (૬) શુક્રવાર | જયેષ્ઠા | રેવતી | મઘા | સાતમ(૭) |
| (૭) શનિવાર | રેવતી | શતભિષા | મૂળ | છઠ્ઠ(૬) |

- ઉપરનાં ચારેય યોગ ખરાબ છે.
- ક્રકચ (કર્ક) યોગમાં રવિવારનાં ક્રમાંકથી તિથિની સંખ્યા સાથે ગણતા તેર(૧૩)નો આંક થાય ત્યારે ક્રકચ (કર્ક) યોગ થાય છે.

**દા.ત.→** રવિવાર તે ૧લા ક્રમમાં આવે અને તેની સામે ક્રકચયોગમાં જોતાં ૧૨(બારસ) આવે છે આમ ૧ + ૧૨ = ૧૩ થાય.

ગુરુવાર હોય તો ગુરુવાર ૫મા ક્રમમાં આવે છે તેની સામે ક્રકચયોગમાં જોતાં આઠમ આવે છે આમ ૫ + ૮ = ૧૩ આવે છે. આમ ક્રકચ યોગ થાય.

## ❈ મૃત્યુયોગ, યમઘંટયોગ, વિષયોગ, સિદ્ધિયોગ વગેરેની સમજ :

| વાર | મૃત્યુયોગ | યમઘંટયોગ | વિષયોગ (હલાહલ) | સિધ્ધિયોગ |
|---|---|---|---|---|
| રવિવાર | અનુરાધા | મઘા | હસ્ત + ૫ (તિથિ) | મૂળ |
| સોમવાર | ઉ.ષા. | વિશાખા | મૃગશીર્ષ + ૬ (તિથિ) | શ્રવણ |
| મંગળવાર | શતભિષા | આર્દ્રા | અશ્વિની + ૭ (તિથિ) | ઉ.ભા. |
| બુધવાર | અશ્વિની | મૂળ | અનુરાધા + ૮ (તિથિ) | કૃતિકા |
| ગુરુવાર | મૃગશીર્ષ | કૃતિકા | પુષ્ય + ૯ (તિથિ) | પુનર્વસુ |
| શુક્રવાર | આશ્લેષા | રોહિણી | રેવતી + ૧૦ (તિથિ) | પૂ.ફા. |
| શનિવાર | હસ્ત | હસ્ત | રોહિણી + ૧૧ (તિથિ) | સ્વાતિ |

શુભ યોગ → સિધ્ધિયોગ

અશુભ યોગ → મૃત્યુયોગ, યમઘંટ યોગ, વિષયોગ (હલાહલયોગ)

## ❈ હુતાશન યોગ, સિદ્ધિદાતિથિયોગ, મૃત્યુદાતિથિ, દગ્ધયોગ, ઉત્પાતયોગ વગેરેની સમજ :

| વાર | હુતાશન યોગ | સિદ્ધિદાતિથિ યોગ | મૃત્યુદાતિથિ | દગ્ધયોગ | ઉત્પાતયોગ |
|---|---|---|---|---|---|
| રવિવાર | દ્વાદશી (૧૨) | ..... | ૧-૬-૧૧ | ભરણી | વિશાખા |
| સોમવાર | એકાદશી (૧૧) | ..... | ૨-૭-૧૨ | ચિત્રા | પૂ.ષા. |
| મંગળવાર | પંચમી (૫) | ૩-૮-૧૩ | ૧-૬-૧૧ | ઉ.ષા. | ધનિષ્ઠા |
| બુધવાર | અષ્ટમી (૮) | ૨-૭-૧૨ | ૩-૮-૧૩ | ધનિષ્ઠા | રેવતી |
| ગુરુવાર | નવમી (૯) | ૫-૧૦-૧૫ | ૪-૯-૧૪ | ઉ.ફા. | રોહિણી |
| શુક્રવાર | દશમી (૧૦) | ૧-૬-૧૧ | ૨-૭-૧૨ | જયેષ્ઠા | પુષ્ય |
| શનિવાર | એકાદશી (૧૧) | ૪-૯-૧૪ | ૫-૧૦-૧૫ | રેવતી | ઉ.ફા. |

**શુભ યોગ :** સિધ્ધિદા તિથિયોગ

**અશુભ યોગ :** હુતાશનયોગ, મૃત્યુદાતિથિ, દગ્ધયોગ, ઉત્પાતયોગ

❋ **કાણયોગ, દગ્ધાતિથિ, યમદ્રષ્ટાયોગ, સર્વાર્થયોગ વગેરેની સમજ :**

| વાર | કાણયોગ | દગ્ધાતિથિ | યમદ્રષ્ટાયોગ | સર્વાર્થયોગ |
|---|---|---|---|---|
| રવિવાર | જયેષ્ઠા | દ્વાદશી(૧૨) | મઘા, ધનિષ્ઠા | પુષ્ય, ઉ.ફા. હસ્ત, મૂળ |
| સોમવાર | અભિજિત | એકાદશી(૧૧) | મૂળ, વિશાખા | મૃગ., પુષ્ય અનુરાધા |
| મંગળવાર | પૂ.ભા. | પંચમી(૫) | ભરણી, કૃતિકા | કૃતિકા, આશ્લેષા |
| બુધવાર | ભરણી | તૃતિયા(૩) | પુન., રેવતી | રોહિણી, મૃગ., હસ્ત |
| ગુરૂવાર | આર્દ્રા | ષષ્ઠી(૬) | અશ્વિની, ઉ.ષા. | પુનર્વસુ, પુષ્ય |
| શુક્રવાર | મઘા | અષ્ટમી(૮) | રોહિણી, અનુરાધા | પુનર્વસુ, અનુરાધા |
| શનિવાર | ચિત્રા | નવમી(૯) | શ્રવણ, શતતારકા | સ્વાતિ, શ્રવણ |

**શુભ યોગ :** સર્વાર્થયોગ **અશુભ યોગ :** કાણયોગ, યમદ્રષ્ટાયોગ, દગ્ધાતિથિ

❋ **બિમારીમાં રાશિવાળાને નક્ષત્રનો યોગ...**

- **મેષ** રાશિવાળાને **પૂ.ફા.**માં તાવ આવે તો ન મટે.
- **વૃષભ** રાશિવાળાને **હસ્ત**માં તાવ આવે તો ન મટે.
- **મિથુન** રાશિવાળાને **સ્વાતિ**માં તાવ આવે તો ન મટે.
- **કર્ક** રાશિવાળાને **અનુરાધા**માં તાવ આવે તો ન મટે.
- **સિંહ** રાશિવાળાને **પૂ.ષા.**માં તાવ આવે તો ન મટે.
- **કન્યા** રાશિવાળાને **શ્રવણ**માં તાવ આવે તો ન મટે.
- **તુલા** રાશિવાળાને **શતભિષા**માં તાવ આવે તો ન મટે.

- **વૃશ્ચિક** રાશિવાળાને **રેવતી**માં તાવ આવે તો ન મટે.
- **ધન** રાશિવાળાને **ભરણી**માં તાવ આવે તો ન મટે.
- **મકર** રાશિવાળાને **રોહિણી**માં તાવ આવે તો ન મટે.
- **કુંભ** રાશિવાળાને **આર્દ્રા**માં તાવ આવે તો ન મટે.
- **મીન** રાશિવાળાને **આશ્લેષા**માં તાવ આવે તો ન મટે.

## રોગી નિરોગી થશે ?

* શનિ, રવિ કે મંગળ - તિથિ → ૪, ૬, ૧૨, ૧૪ અને નક્ષત્ર ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ ત્રણે પૂર્વ અને શતભિષામાં માંદો પડે તો તે બચવો મુશ્કેલ છે.
* સોમવારે → પાંચમ, ગુરુવારે → બીજ, શુક્રવારે → ચોથ હોય અને માંદો પડે તો તે બચવો મુશ્કેલ છે
* મઘા, મૂળ તથા ૪, ૮, ૯ તેમજ રાકા (પૂનમ-અમાસ)માં માંદો પડે તો પણ રોગી મરણ પામે છે.
* **રોગ ક્યારે મટે ?**

| નક્ષત્રો | વાર | મટશે કે નહિ ? - કેટલા દિવસે |
|---|---|---|
| અશ્વિની | સોમવાર | ૨૧ દિવસે |
| ભરણી | રવિવાર/બુધવારે | ૨૧ દિવસે - મહાકષ્ટે |
| કૃતિકા | ગુરુવારે | ૧૮ દિવસે |
| રોહિણી | શનિવારે | ૭ દિવસે |
| મૃગશીર્ષ | શનિવાર / રવિવાર | પીડા પામે પછી મરણ |

| | | |
|---|---|---|
| આર્દ્રા | મંગળવાર / શુક્રવાર | જીવે નહિં |
| પુનર્વસુ | શનિવાર / બુધવાર | ૨૫ દિવસે |
| પુષ્ય | શનિવાર / ગુરુવાર | ૧૩ દિવસે... |
| આશ્લેષા | સોમવાર / શુક્રવાર | તાવ આવે... તે મરે... |
| મઘા | રવિ / બુધ / શનિ | ૧૯ દિવસે |
| પૂ.ફા. | સોમવાર / ગુરુવાર | ૧૧ દિવસે |
| ઉ.ફા. | સોમવાર / ગુરુવાર | ૧૧ દિવસે |
| હસ્ત | શનિ / રવિ / બુધ | ૧૫ દિવસે |
| ચિત્રા | સોમવાર | ૧૭ દિવસે |
| સ્વાતિ | રવિ / શનિ / બુધ | ૨૦ દિવસે |
| વિશાખા | રવિ / મંગળ / શનિ | જીવે નહિં... |
| અનુરાધા | બુધવાર | ૮ દિવસે |
| જ્યેષ્ઠા | ગુરુવાર | ૨૦ દિવસે |
| મૂળ | શનિ / રવિ / સોમ | જીવે નહિં... |
| પૂ.ષા. | બુધવાર / સોમવાર | ૧૮ દિવસે |
| ઉ.ષા. | ગુરુવાર | ૯ દિવસે |
| શ્રવણ | શનિ / રવિ / મંગળ | ૫ દિવસે |
| ધનિષ્ઠા | રવિ / મંગળ | જીવે નહિ |
| શતભિષા | ગુરુવાર / શુક્રવાર | ૪૦ દિવસ રહે |
| પૂ.ભા. | શનિ / રવિ / મંગળ | જીવે નહિ |
| ઉ.ભા. | સોમવાર / બુધવાર | ૧૦ દિવસે |
| રેવતી | શુક્રવાર / ગુરુવાર | ૧૮ દિવસે |

# કળશ ચક્ર (કુંભ ચક્ર)

| સૂર્યનક્ષત્ર | દૈનિકનક્ષત્ર (ચંદ્ર) | |
|---|---|---|
| અશ્વિની | (૧) આર્દ્રા થી હસ્ત | (૨) શ્રવણ થી રેવતી |
| ભરણી | (૧) પુનર્વસુ થી ચિત્રા | (૨) ધનિષ્ઠા થી અશ્વિની |
| કૃતિકા | (૧) પુષ્યથી સ્વાતિ | (૨) શતતારકા થી ભરણી |
| રોહિણી | (૧) આશ્લેષા થી વિશાખા | (૨) પૂ.ભા. થી કૃતિકા |
| મૃગશીર્ષ | (૧) મઘા થી અનુરાધા | (૨) ઉ.ભા. થી રોહિણી |
| આર્દ્રા | (૧) પૂ.ફા. થી જયેષ્ઠા | (૨) રેવતી થી મૃગશીર્ષ |
| પુર્નવસુ | (૧) ઉ.ફા.થી મૂળ | (૨) અશ્વની થી આર્દ્રા |
| પુષ્ય | (૧) હસ્ત થી પૂ.ષા. | (૨) ભરણી થી પુનર્વસુ |
| આશ્લેષા | (૧) ચિત્રા થી ઉ.ષા. | (૨) કૃતિકા થી પુષ્ય |
| મઘા | (૧) સ્વાતિ થી શ્રવણ | (૨) રોહિણી થી આશ્લેષા |
| પૂ.ફા. | (૧) વિશાખા થી ધનિષ્ઠા | (૨) મૃગશીર્ષ થી મઘા |
| ઉ.ફા. | (૧) અનુરાધા થી શતતારકા | (૨) આર્દ્રા થી પૂ.ફા. |
| હસ્ત | (૧) જયેષ્ઠા થી પૂ.ભા. | (૨) પુનર્વસુ થી ઉ.ફા. |
| ચિત્રા | (૧) મૂળ થી ઉ.ભા. | (૨) પુષ્ય થી હસ્ત |
| સ્વાતિ | (૧) પૂ.ષા. થી રેવતી | (૨) આશ્લેષા થી ચિત્રા |
| વિશાખા | (૧) ઉ.ષા. થી અશ્વિની | (૨) મઘા થી સ્વાતી |
| અનુરાધા | (૧) શ્રવણ થી ભરણી | (૨) પૂ.ફા. થી વિશાખા |
| જયેષ્ઠા | (૧)ધનિષ્ઠા થી કૃતિકા | (૨) ઉ.ફા. થી અનુરાધા |
| મૂળ | (૧) શતતારકા થી રોહિણી | (૨) હસ્ત થી જયેષ્ઠા |

| | | |
|---|---|---|
| પૂ.ષા. | (૧) પૂ.ભા. થી મૃગશીર્ષ | (૨) ચિત્રા થી મૂળ |
| ઉ.ષા. | (૧) ઉ.ભા. થી આર્દ્રા | (૨) સ્વાતિ થી પૂ.ષા. |
| શ્રવણ | (૧) રેવતી થી પુનર્વસુ | (૨) વિશાખા થી ઉ.ષા. |
| ધનિષ્ઠા | (૧) અશ્વિની થી પુષ્ય | (૨) અનુરાધા થી શ્રવણ |
| શતભિષા | (૧) ભરણી થી આશ્લેષા | (૨) જ્યેષ્ઠા થી ધનિષ્ઠા |
| પૂ.ભા. | (૧) કૃતિકા થી મઘા | (૨) મૂળ થી શતતારકા |
| ઉ.ભા. | (૧) રોહિણી થી પૂ.ફા. | (૨) પૂ.ષા. થી પૂ.ભા. |
| રેવતી | (૧) મૃગશીર્ષ થી ઉ.ફા. | (૨) ઉ.ષા. થી ઉ.ભા. |

- અંજનશલાકા, શાંતિ સ્નાત્ર, પૂજનો વગેરેમાં જે કુંભ સ્થાન થાય તે વખતે કળશ ચક્ર (કુંભચક્ર)નો ઉપયોગ થાય છે.

## વૃષભ ચક્ર

| સૂર્યનક્ષત્ર | દૈનિક નક્ષત્ર (ચંદ્ર) |
|---|---|
| અશ્વિની | પુષ્ય થી જયેષ્ઠા |
| ભરણી | આશ્લેષા થી મૂળ |
| કૃતિકા | મઘા થી પૂ.ષા. |
| રોહિણી | પૂ.ફા. થી ઉ.ષા. |
| મૃગશીર્ષ | ઉ.ફા. થી અભિજીત |
| આર્દ્રા | હસ્ત થી શ્રવણ |
| પુનર્વસુ | ચિત્રા થી ધનિષ્ઠા |
| પુષ્ય | સ્વાતી થી શતભિષા |
| આશ્લેષા | વિશાખા થી પૂ.ભા. |

| | |
|---|---|
| મઘા | અનુરાધા થી ઉ.ભા. |
| પૂ.ફા. | જ્યેષ્ઠા થી રેવતી |
| ઉ.ફા. | મૂળ થી અશ્વિની |
| હસ્ત | પૂ.ષા. થી ભરણી |
| ચિત્રા | ઉ.ષા. થી કૃતિકા |
| સ્વાતિ | અભિજીત થી રોહિણી |
| વિશાખા | શ્રવણ થી મૃગશીર્ષ |
| અનુરાધા | ધનિષ્ઠા થી આર્દ્રા |
| જ્યેષ્ઠા | શતભિષા થી પુનર્વસુ |
| મૂળ | પૂ. ભા. થી પુષ્ય |
| પૂ.ષા. | ઉ.ભા. થી આશ્લેષા |
| ઉ.ષા. | રેવતી થી મઘા |
| અભિજીત | અશ્વિની થી પૂ.ફા. |
| શ્રવણ | ભરણી થી ઉ.ફા. |
| ધનિષ્ઠા | કૃતિકા થી હસ્ત |
| શતભિષા | રોહિણી થી ચિત્રા |
| પૂ.ભા. | મૃગશીર્ષ થી સ્વાતિ |
| ઉ.ભા. | આર્દ્રા થી વિશાખા |
| રેવતી | પુનર્વસુ થી અનુરાધા |

- ઘર / મકાન / ઓફિસ / કંપની વગેરે વખતે કુંભ મૂકવામાં આવે છે. તે વખતે આ વૃષભ ચક્રનો ઉપયોગ કરવામાં આવે છે.

# કૂર્મ ચક્ર

| તિથી | દૈનિક નક્ષત્ર (ચંદ્ર) |
|---|---|
| ૧ | અશ્વિની, વિશાખા |
| ૨ | ભરણી, અનુરાધા |
| ૩ | કૃતિકા, જ્યેષ્ઠા |
| ૪ | રોહિણી, મૂળ |
| ૫ | મૃગશીર્ષ, પૂ.ષા. |
| ૬ | આર્દ્રા, ઉ.ષા. |
| ૭ | પુનર્વસુ, શ્રવણ |
| ૮ | પુષ્ય, ધનિષ્ઠા |
| ૯ | આશ્લેષા, શતતારકા |
| ૧૦ | મઘા, પૂ.ભા. |
| ૧૧ | પૂ.ફા., ઉ.ભા. |
| ૧૨ | ઉ.ફા., રેવતી |
| ૧૩ | હસ્ત |
| ૧૪ | ચિત્રા |
| ૧૫ | સ્વાતિ |

- જ્યારે શિલાસ્થાપન, શિલાન્યાસ, કૂર્મન્યાસ વગેરે વખતે જે કાચબાનું પ્રતિક મૂકવામાં આવે છે. ત્યારે કૂર્મચક્રનો ઉપયોગ થાય છે.

# સૂતેલી ભૂમિ કોઠો...

| સૂર્યનક્ષત્ર | સૂતેલી ભૂમિવાળા ચંદ્ર નક્ષત્ર | | | | | |
|---|---|---|---|---|---|---|
| અશ્વિની | મૃગશીર્ષ | પુનર્વસુ | આશ્લેષા | ઉ.ફા | મૂળ | ઉ.ભા |
| ભરણી | આર્દ્રા | પુષ્ય | મઘા | હસ્ત | પૂ.ષા. | રેવતી |
| કૃતિકા | પુનર્વસુ | આશ્લેષા | પૂ.ફા. | ચિત્રા | ઉ.ષા. | અશ્વિની |
| રોહિણી | પુષ્યા | મઘા | ઉ.ફા. | સ્વાતિ | શ્રવણ | ભરણી |
| મૃગશીર્ષ | આશ્લેષા | પૂ.ફા. | હસ્ત | વિશાખા | ધનિષ્ઠા | કૃતિકા |
| આર્દ્રા | મઘા | ઉ.ફા. | ચિત્રા | અનુરાધા | શતતારકા | રોહિણી |
| પુનર્વસુ | પૂ.ફા. | હસ્ત | સ્વાતિ | જ્યેષ્ઠા | પૂ.ભા. | મૃગશીર્ષ |
| પુષ્ય | ઉ.ફા. | ચિત્રા | વિશાખા | મૂળ | ઉ.ભા. | આર્દ્રા |
| આશ્લેષા | હસ્ત | સ્વાતિ | અનુરાધા | પૂ.ષા. | રેવતી | પુનર્વસુ |
| મઘા | ચિત્રા | વિશાખા | જ્યેષ્ઠા | ઉ.ષા. | અશ્વિની | પુષ્ય |
| પૂ.ફા. | સ્વાતિ | અનુરાધા | મૂળ | શ્રવણ | ભરણી | આશ્લેષા |
| ઉ.ફા. | વિશાખા | જ્યેષ્ઠા | પૂ.ષા. | ધનિષ્ઠા | કૃતિકા | મઘા |
| હસ્ત | અનુરાધા | મૂળ | ઉ.ષા. | શતતારકા | રોહિણી | પૂ.ફા. |
| ચિત્રા | જ્યેષ્ઠા | પૂ.ષા. | શ્રવણ | પૂ.ભા. | મૃગશીર્ષ | ઉ.ફા. |

Aries ♈ Taurus ♉ Gemini ♊ Cancer ♋ Leo ♌ Virgo ♍

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સ્વાતિ | મૂળ | ઉ.ષા. | ધનિષ્ઠા | ઉ.ભા. | આર્દ્રા | હસ્ત |
| વિશાખા | પૂ.ષા. | શ્રવણ | શતતારકા | રેવતી | પુનર્વસુ | ચિત્રા |
| અનુરાધા | ઉ.ષા. | ધનિષ્ઠા | પૂ.ભા. | અશ્વિની | પુષ્ય | સ્વાતિ |
| જયેષ્ઠા | શ્રવણ | શતતારકા | ઉ.ભા. | ભરણી | આશ્લેષા | વિશાખા |
| મૂળ | ઘનિષ્ઠા | પૂ.ભા. | રેવતી | કૃતિકા | મઘા | અનુરાધા |
| પૂ.ષા. | શતતારકા | ઉ.ભા. | અશ્વિની | રોહિણી | પૂ.ફા. | જયેષ્ઠા |
| ઉ.ષા. | પૂ.ભાં. | રેવતી | ભરણી | મૃગશીર્ષ | ઉ.ફા. | મૂળ |
| શ્રવણ | ઉ.ભા. | અશ્વિની | કૃતિકા | આર્દ્રા | હસ્ત | પૂ.ષા. |
| ઘનિષ્ઠા | રેવતી | ભરણી | રોહિણી | પુનવર્સુ | ચિત્રા | ઉ.ષા. |
| શતભિષા | અશ્વીની | કૃતિકા | મૃગશીર્ષ | પુષ્ય | સ્વાતિ | શ્રવણ |
| પૂ.ભા. | ભરણી | રોહિણી | આર્દ્રા | આશ્લેષા | વિશાખા | ઘનિષ્ઠા |
| ઉ.ભા. | કૃતિકા | મૃગશીર્ષ | પુનવર્સુ | મઘા | અનુરાધા | શતતારકા |
| રેવતી | રોહિણી | આર્દ્રા | પુષ્ય | પૂ.ફા. | જયેષ્ઠા | પૂ.ભા. |

- ઉપરનાં સૂર્યનક્ષત્ર વખતે ચંદ્ર નક્ષત્ર ભૂમિશયન થાય. સૂતેલી ભૂમિવાળા નક્ષત્રોમાં ખાત મૂર્હુત (ખોદવાનું) અને શિલાન્યાસ કરી શકાય નહિ.

## ❊ પચ્ચક્ખાણ વિષયક :

- સૂર્યોદય થી સૂર્યાસ્ત = ૧ દિવસ **તથા** સૂર્યાસ્ત થી સૂર્યોદય = ૧ રાત્રિ
- સૂર્યોદય પછી ૪૮ મિનિટે **નવકારશીનું** પચ્ચક્ખાણ આવે.
- સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધીના સમયના ૪ **ભાગ** કરો, તેના ૧ ભાગને **૧ પ્રહર** કહેવાય.
- સૂર્યોદયના સમયમાં ૧ પ્રહર ઉમેરો તો **પોરસીનું** પચ્ચક્ખાણ આવે.
- સૂર્યોદયના સમયમાં (૧.૫) ૧ પ્રહર અને અડધો પ્રહર ઉમેરો તો **સાઢ-પોરસીનું** પચ્ચક્ખાણ આવે.
- સૂર્યોદયના સમયમાં ૨ પ્રહર ઉમેરો તો **પુરિમઢ્ઢનું** પચ્ચક્ખાણ આવે.
- સૂર્યોદયના સમયમાં ૩ પ્રહર ઉમેરો તો **અવઢ્ઢનું** પચ્ચક્ખાણ આવે.
- સૂર્યોદયના સમયમાં ૪ પ્રહર ઉમેરો તો **સૂર્યાસ્તનો** સમય આવે.
- સૂર્યોદય પછી ૪૮ મિનિટે **કામળીનો કાળ** આવે. (ગરમીમાં) ... સાંજે સૂર્યાસ્ત પહેલાં ૪૮ મિનિટે આવે.
- સૂર્યોદય પછી ૯૬ મિનિટે **કામળીનો કાળ** આવે. (શિયાળામાં) ... સાંજે સૂર્યાસ્ત પહેલા ૧ કલાક ૩૬ મિનિટે આવે.
- સૂર્યોદય પછી ૧૪૪ મિનિટે **કામળી કાળ** આવે. (ચોમાસામાં) ... સાંજે સૂર્યાસ્ત પહેલા ૨ કલાક ૨૪ મિનિટે આવે.
- સૂર્યોદય પછી ૨ કલાક ૨૪ મિનિટે પાત્રા પોરસી આવે.
- ૧ સૌર વર્ષ = ૩૬૫ દિવસ, ૬ કલાક, ૧૨ મિનિટ, ૩૬ સેકંડ
- ૧ ચંદ્ર વર્ષ = ૩૫૪ દિવસ, ૮ કલાક, ૪૮ મિનિટ, ૩૩ સેકંડ

- ૧ અહોરાત્ર = ૧ દિવસ.
- ૩૦ દિવસ = ૧ સાયન માસ.

## ❊ સંવત્સરના ૫ ભેદ

- સૌર વર્ષ : તે ૩૬૫ દિન, ૧૫ ઘડી, ૩૧ પલ, ૩૧ વિપલ અને ૨૪ પ્રતિવિપલનું છે.
- ચંદ્ર વર્ષ : ૧૨ માસ / ૩૫૪ દિવસનું છે.
- સાયન વર્ષ : ૧ સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ૧ એવા ૩૬૦ દિનનું વર્ષ.
- નક્ષત્ર વર્ષ : એક નક્ષત્રની શરૂઆતથી પુનઃ તેજ નક્ષત્ર સુધીમાં થતાં ૩૬૬ દિવસના સમયને નક્ષત્ર વર્ષ કહેવાય.
- બાર્હસ્પત્યવર્ષ : ગુરુને એક રાશી ભોગવતાં થતાં સમયને બાર્હસ્પત્ય વર્ષ કહેવાય છે.
- વિક્રમ સંવત : કાર્તિક સુદ એકમથી શરૂ થતું વર્ષ.
- શાલીનીવાહક વર્ષ : ચૈત્ર સુદ એકમ થી શરૂ થતું વર્ષ.

## ❊ નવીન વસ્ત્ર ધારણ કરવા માટે...

- રવિવારે પહેરવાથી – જલ્દી જીર્ણ થાય.
- સોમવારે પહેરવાથી – વારંવાર ધોવું પડે.
- મંગળવારે પહેરવાથી – દુઃખ આપનાર થાય.
- શનિવારે પહેરવાથી – જલ્દી મેલું થાય.

- બાકીનાં બુધવાર, ગુરુવાર અને શુક્રવારે નવીન વસ્ત્ર પહેરવાથી અનુક્રમે, ધન, જ્ઞાન અને સુખની પ્રાપ્તિ થાય છે.

## ✻ નવીન પાત્ર વાપરવા માટે...

- અશ્વિની, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા, રેવતી તથા સોમવાર અને ગુરુવાર સારો છે.

## ✻ લોચ કરવા માટે...

- શનિવાર અને મંગળવાર સિવાયના વાર સારા છે.
- રિક્તા તિથિઓ ૪, ૯, ૧૦ તથા ૬, ૮, ૦)) સિવાયની તિથિ સારી છે.
- કૃતિકા, વિશાખા, મઘા, ભરણી વર્જ્ય છે અને બાકીનાં નક્ષત્રો મધ્યમ છે.

## ✻ જૈન કાળ ગણના :

| | | | |
|---|---|---|---|
| ૧ | નિર્વિભાજ્ય કાળ પ્રમાણ | = | ૧ સમય |
| ૨ | અસંખ્ય સમય | = | ૧ આવલી |
| ૩ | ૨૫૬ આવલી | = | ૧ ક્ષુલ્લક ભવ |
| ૪ | ૧૩૬ ૧/૩ ક્ષુલ્લક ભવ | = | ૧ મિનિટ |
| ૫ | ૭૮ ૨૯/૪૮ શ્વાસોશ્વાસ (પ્રાણ) | = | ૧ મિનિટ |
| ૬ | ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ આવલી | = | ૧ પ્રાણ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ૧૭ $\frac{૧૩૯૫}{૩૭૭૩}$ ક્ષુલ્લક ભવ | = | ૧ પ્રાણ (શ્વાસોશ્વાસ) |
| ૮ | ૨૨ $\frac{૩૪}{૪૫}$ ક્ષુલ્લક ભવ | = | ૧ સેકન્ડ |
| ૯ | ૧ $\frac{૮૯૩}{૨૮૮૦}$ | = | ૧ સેકન્ડ |
| ૧૦ | ૭ પ્રાણ | = | ૧ સ્તોક |
| ૧૧ | ૭ સ્તોક | = | ૧ લવ |
| ૧૨ | ૩૮.૫ લવ | = | ૧ ઘડી (૬ ક્ષણ) |
| ૧૩ | ૭૭ લવ | = | ૧ મુહૂર્ત = ૨ઘડી (૪૮ મિનિટ) |
| ૧૪ | ૧૬૭૭૭૨૧૬ આવલી | = | ૧ મુહૂર્ત (૪૮ મિનિટ) |
| ૧૫ | ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ | = | ૧ મુહૂર્ત (૪૮ મિનિટ) |
| ૧૬ | ૩૭૭૩ શ્વાસોશ્વાસ | = | ૧ મુહૂર્ત (૪૮ મિનિટ) |
| ૧૭ | ૧ સમય ન્યુન મુહૂર્ત | = | ૧ અંતમુહૂર્ત (ઉત્કૃષ્ટ) |
| ૧૮ | ૨ સમય | = | ૧ અંતમુહૂર્ત (જઘન્ય) |
| ૧૯ | ૩૦ મુહૂર્ત | = | ૧ અહોરાત્રી |
| ૨૦ | ૩૦ અહોરાત્રી | = | ૧ મહિનો |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૮૪ લાખ વર્ષ | = | ૧ પૂર્વાંગ |
| ૨૨ | ૮૪ લાખ પૂર્વાંગ | = | ૧ પૂર્વ |
| ૨૩ | ૨ અયન | = | ૧ વર્ષ |
| ૨૪ | ૭૦,૫૬૦ અબજ વર્ષ | = | ૧ પૂર્વ |
| ૨૫ | અસંખ્યાતા વર્ષ (પલ્ય-પ્રરૂપણાએ) | = | ૧ પલ્યોપમ |
| ૨૬ | ૧૦ કોડા કોડી પલ્યોપમ | = | ૧ સાગરોપમ |
| ૨૭ | ૧૦ કોડા કોડી સાગરોપમ | = | ૧ ઉત્સર્પિણી |
| ૨૮ | ૧૦ કોડા કોડી સાગરોપમ | = | ૧ અવસર્પિણી |
| ૨૯ | ૨૦ કોડા કોડી સાગરોપમ | = | ૧ કાળચક્ર |
| ૩૦ | અનંતા કાળચક્ર | = | ૧ પુદ્ગલ પરાવર્તન |
| ૩૧ | $\frac{૧}{૨}$ પુદ્ગલ પરાવર્તન સંસાર બાકી | = | સમકિત પ્રાપ્તિ |
| ૩૨ | ૪ ગાઉ | = | ૧ યોજન |
| ૩૩ | ૬૦ અહોરાત્રી | = | ૧ ઋતુ |
| ૩૪ | ૩ ઋતુ | = | ૧ અયન |

# ફળાદેશ પ્રકરણ

## જ્યોતિષ વિષયક પ્રાથમિક માહિતી

આકાશનાં ૩૬૦ ભાગ પડે છે. તે દરેક ભાગને અંશ કહેવાય છે ૩૬૦ અંશનાં ૨૭ ભાગ પડે છે, તેને ૨૭ નક્ષત્રો કહેવાય છે. ૨૭ નક્ષત્રોનાં ૧૨ ભાગ પડે છે, તેને ૧૨ રાશિ કહેવાય છે. તે ૧૨ રાશિ આકાશમાં લાઈન બધ્ધ રહેલ છે.

- ૧ રાશિનાં ૩૦ અંશ થાય છે. ૧ અંશ બરાબર ૬૦ કળા થાય. ૧ કળા બરાબર ૬૦ વિકળા થાય. ૧ વિકળા બરાબર ૬૦ પ્રતિ વિકળા થાય છે. આમ, આ ચાર ફળ કાઢ્યા પછી કાઢવાની જરૂર નથી.
- ૧ રાશિમાં સવા બે નક્ષત્રો આવે. ૧ નક્ષત્રનાં ચાર ભાગ પડે. એટલે ૧ નક્ષત્રના ૪ ચરણ હોય છે. એવા ૯ ચરણની ૧ રાશિ થાય છે. અશ્વિનીનાં ૪ ચરણ, ભરણીના ૪ ચરણ અને કૃતિકાનું ૧ ચરણ એમ ૯ ચરણથી ૧ મેષ રાશિ થાય છે.

* ૧ ચરણનાં ૩ અંશને ૨૦ કળા થાય છે.
* ૧ નક્ષત્રનાં ૧૩ અંશ ૨૦ કળા થાય છે.
* ૧ રાશિનાં ૩૦ અંશ થાય.
* ૧૨ રાશિનાં ૩૬૦ અંશ થાય.
* ૨૭ નક્ષત્ર બરાબર ૩૬૦ અંશ થાય.
* ૨૭ નક્ષત્ર બરાબર ૧૨ રાશિ થાય છે.

* ૧ રાશિ બરાબર સવા બે નક્ષત્ર થાય.
* ૧ નક્ષત્ર બરાબર ૪ ચરણ થાય.
* ૧ કલાકની અઢી ઘડી થાય.
* ૧ ઘડીની ૬૦ પળ થાય.
* ૧ કલાકની ૬૦ મિનિટ થાય.
* ૧ મિનિટની ૬૦ સેકન્ડ થાય.

કોઈપણ જન્મકુંડળી જોતાં પહેલાં નવ ગ્રહ, બાર રાશિ અને બાર ભાવનું જ્ઞાન હોવું જરૂરી છે. ગ્રહોના સ્વભાવ, રાશિ અને તેના સ્વામી-ઉચ્ચ-નીચ્ચ તથા કુંડળીમાં દેખાતાં બાર ખાના (બાર ભાવ) વગેરે કેવી રીતે દેખાય તેની માહિતી નીચે મુજબ જાણી શકાય :

## ગ્રહ સ્વભાવ

| | | |
|---|---|---|
| સૂર્ય | - | શૂરવીર બનાવે, તેજસ્વી બનાવે. |
| સોમ | - | શાંતિ આપે, રૂપાળાં કરે. |
| મંગળ | - | મારે |
| બુધ | - | બુધ્ધિ આપે, લાંબા-પાતળાં કરે. |
| ગુરુ | - | જ્ઞાન આપે, જાડાં-લાંબા કરે. |
| શુક્ર | - | સુખ આપે, આકર્ષક-ઘાટીલા કરે. |
| શનિ | - | સતાવે |
| રાહુ | - | રડાવે |
| કેતુ | - | કાપે |

## રાશિ-સ્વામી-ઉચ્ચ-નીચ્ચ

| નં. | રાશિ | સ્વામી | ઉચ્ચ | નીચ્ચ |
|---|---|---|---|---|
| ૧ | મેષ | મંગળ | સૂર્ય | શનિ |
| ૨ | વૃષભ | શુક્ર | ચંદ્ર | - |
| ૩ | મિથુન | બુધ | રાહુ | કેતુ |
| ૪ | કર્ક | ચંદ્ર | ગુરુ | મંગળ |
| ૫ | સિંહ | સૂર્ય | - | - |
| ૬ | કન્યા | બુધ | બુધ | શુક્ર |
| ૭ | તુલા | શુક્ર | શનિ | સૂર્ય |
| ૮ | વૃશ્ચિક | મંગળ | - | ચંદ્ર |
| ૯ | ધન | ગુરુ | કેતુ | રાહુ |
| ૧૦ | મકર | શનિ | મંગળ | ગુરુ |
| ૧૧ | કુંભ | શનિ | - | - |
| ૧૨ | મીન | ગુરુ | શુક્ર | બુધ |

## રાશિ સ્વભાવ

૧. અ, લ, ઈ રાશિ થઈ **મેષ**, દલીલથી થાકે નહિ લેશ;
વકીલ, વીતંડા, વાદી વેશ, ભાગ્ય મેળવે બાલ્યા વેશ.

૨. **વૃષભ** ગણી છે બ, વ, ઉ, જૂના વિચારોથી ભરપૂર;
લીધી વાત ન મેલે કોર, જીવનભર સુખસંપત જોર.

૩. **મિથુન** ક, છ, ઘ કહેવાય, બહુ દો પણ થાકી જાય;
સેવા માટે સઘળે ધાય, અપજશ લઈ માગે વિદાય.

૪. **કર્ક** કહે ડ ને હ હું, કોક મરે તો મારે શું ?
કરૂં કામ મારૂં ચૂપચાપ, મને ન ઓળખે મા કે બાપ.

૫. **સિંહ** સમોવડ મ, ટ હોય, સૂતા જગાડી શકે ન કોય;
રહે નહિ જો મારી વાત, લાખ મળે તોય મારૂં લાત.

૬. પ, ઠ, ણ **કન્યા**ના તન, જોક ઓફ ઓલ, માસ્ટર ઓફ નન;
નડે નાર ને નર સુખદાય, એ રાશિ કન્યા સરજાઈ.

૭. ર, ત **તુલા**ની પીછાણ, ડહાપણનો દરિઓ **ખાણ;**
ઠગી શકે ન એને ચોર, ગણિતમાં નહિ એ**ની જોડ.**

૮. **વૃશ્ચિક** ન, ય સાદાજન, હલે ચલે નહિ એનું તન;
ક્યારે કરડે જાણે કોણ, વરસે ત્યારે ઘીનું મોણ.

૯. ભ, ધ, ફ, ઢ **ધન** રાશિ હોય, સ્વાર્થમાં પહોંચે નહિ કોય;
મધ્યાવસ્થા સુખમાં જાય, ઉત્તરાવસ્થા એ પસ્તાય.

૧૦. **મકર** કહે સહુ અમને ભજો, ખ, જ માટે જગતને તજો;
હું સાચો ને મારો વાદ, મને બદલતાં ન મળે બાદ.

૧૧. **કુંભ** ને ભાગે ગ, શ જાય, ઊંઘ કરે કાં ફરવા જાય;
વાંચે વડવાનો ઈતિહાસ, આળસનાં દાસાનું દાસ.

૧૨. દ, ચ, ઝ, થ **મીન** મનાય, સત્તાથી એ નવ ગભરાય;
સંગીત પ્રેમી સર્વે હોય, જીવનમાં સુખને દુઃખ જોય.

# જન્મ કુંડળીનાં ૧૨ ભાવોનું વિસ્તૃત વર્ણન

**૧**
લગ્ન
શારીરિક શક્તિ, સ્વભાવ, જ્ઞાન,
આયુષ્ય, મનોબળ, માનસિક વલણ, રૂપ, રંગ, તેજ,
ચારિત્ર્ય, સંતોષ, દેખાવ, નોકરી, ધંધો, જન્મ સમયની
સ્થિતિ, પુત્રનું ભાગ્ય, ભાવિજન્મ, પ્રકૃતિ, બાપની મા,
માતાનો બાપ
કારક → સૂર્યગ્રહ

**૨**
બીજુંસ્થાન, ધનભુવન, કુટુંબ, સ્થાન, વાણી,
ધન સંચય, જમણી આંખ, ભોજન, આહાર,
દાંત, કાન, ગળું, વિદ્યા સ્વતંત્રતા
કારક → ગુરુ

**૩**
ત્રીજું
સ્થાન પરાક્રમ,
ભ્રાતૃભવન, ભાઈ-
બહેનોની લેણાદેણી,
સાહસ, પરાક્રમ, ટુંકીમુસાફરી,
મહત્ત્વનાં ફેરફાર, કાર્યની સફળતા,
પાડોશી, સંગીત, ધીરજ,
નોકરનું સુખ
કારક → મંગળ

**૪**
માતૃભવન, સુખભવન
સ્થાવર મિલકત, બચતનો સંગ્રહ
ગૃહજીવન, અભ્યાસમાં ડીગ્રી,
જીવન સાથીના દુશ્મનો, સસરા,
અંતઃકરણ, છાતી, હોજરી, પીઠ,
ભણતર, જનતા, ખેતી,
વાહન સુખ
કારક → ચંદ્ર, મંગળ

**૫**
ચોથું
પુત્રભુવન,
સંચિત કર્મ, મિત્ર
વર્ગ, રમતગમત,
સટ્ટો, ધનપ્રાપ્તિની તકો,
લોટરી, સુખ માટેનાં ખર્ચા, વિદ્યા,
બુધ્ધિ, પ્રેમ, વ્યભિચાર, યાદશક્તિ,
ગયાજન્મનું પુણ્ય
કારક → ગુરુ

**૬**
શત્રુ ભવન, નોકરી,
શત્રુ, મોસાળ પક્ષ, રોગ, દુઃખ,
કરજ, હાથ નીચેના માણસો, મુશ્કેલીઓ, દારિદ્રતા
કારક → શનિ, મંગળ

**૭**
સ્ત્રીભુવન, કલત્ર,
પતિ-પત્ની, જીવનસાથી,
ભાગીદારી, દાંપત્યજીવન, પ્રણયસુખ, કામવાસના,
પોતનાં તરફ આકર્ષાતા લોકો, કામકળાની જાણકારી, પ્રેમિકા,
પતિ પત્નિનો મનમેળ, કોન્ટ્રાક્ટ, દરિયાઈ મુસાફરી, કોર્ટ
કચેરી, હરિફો, દત્તક પુત્ર, ભાગીદારનું ધન અટકાઈ
જવું, જાહેરજીવન
કારક → શુક્રગ્રહ

**૮**
મૃત્યુભવન, આકસ્મિક
ધન-વારસો, સટ્ટાલોટરીથી લાભ,
સંકટ, પરાભવ, ઍક્સિડન્ટ, ઑપરેશન,
મૃત્યુ, ચિંતા, બક્ષીસ મળવી, જીવનસાથીથી થતા લાભ,
જનનેન્દ્રિય રોગો કારક → શનિ

**૯**
ભાગ્ય
ભવન,
ભાગ્ય, ધર્મ, પિતાની
મિલકત, પૈસા પાછા
ફરવા, પરદેશીઓ, દાન,
કીર્તિ, ધાર્મિક ખર્ચ, ભાગ્યોદય,
આવતો જન્મ, લાંબી
મુસાફરી, પરદેશગમન
કારક → ગુરુ

**૧૦**
કર્મભવન, ધંધો,
અધિકારીપદ, અભ્યાસ, રાજ્ય કે
પિતા તરફથી મળતો લાભ, નોકરી-ધંધો,
આબરૂ, સમૃદ્ધિ, સફળતા, પિતાનું સુખ, પ્રતિષ્ઠા,
આજીવિકા, કીર્તિ, કર્મભૂમિ, આદર સત્કાર, જાહેર જીવન,
ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિ, સાસુ, હૃદય, પિતાનો
સ્વભાવ, ઢીંચણ, છાતિ, આભૂષણો
કારક → શનિ અને બુધ
સૂર્ય, ગુરુ

**૧૧**
લાભ
ભવન,
નોકરી-ધંધામાં થતી
આવક, ધન મેળવવાની
ઈચ્છા, આવકની ચિંતા, મિત્રો,
લાભ-હાની, સામાજિકજીવન, રત્ન,
સમૃદ્ધિ, વસ્ત્ર, આર્થિક લાભ,
આશ્રયદાતા, મોટાભાઈ
કારક → ગુરુ

**૧૨**
ખર્ચ, ધનહાની, ખોટ, મોક્ષ, કરજ, શૈયાસુખ, કાળાબજાર, કોર્ટનો
ખોટો ઝઘડો, બંધન-દંડ, હૉસ્પિટલની લાંબી બિમારી,
બહારનાં સંબંધો, ગુપ્ત શત્રુ, કાકા-ફઈ,
કારક → શનિ

જેટલી રાશિઓ છે, એટલા જ લગ્ન છે. રાશિ અને લગ્નમાં ફરક બસ એટલો છે - જ્યારે બાળકનો જન્મ થાય છે, તો એ સમયે કયો સમય છે એ જોવામાં આવે છે. પ્રત્યેક લગ્ન લગભગ બે કલાકનું હોય છે અને ૨૪ કલાકમાં ૧૨ લગ્ન ચાલે છે. પરંતુ રાશિનો સંબંધ નક્ષત્ર અને ચન્દ્રમાથી હોય છે. ચન્દ્રમા એક રાશિમાં સવા બે દિવસ રહે છે. રાશિ અને લગ્નોના નામ એક જેવા જ હોય છે. જેમ કે મેષ લગ્ન અથવા મેષ રાશિ. માની લો એક વ્યક્તિએ ૧૯ ઑક્ટોબર, ૧૯૪૦ને રાત્રે ૧૦ વાગ્યે જ્યારે જન્મ લીધો, ત્યારે મિથુન લગ્ન ચાલી રહ્યું હતું. વ્યક્તિનું જન્મ-લગ્ન બન્યું મિથુન. એ સમયે રોહિણી નક્ષત્ર શરૂ થયું હતું તો 'રોહિણી' નક્ષત્રના પ્રથમ ભાગમાં અક્ષર આવ્યો 'ઓ', તો વ્યક્તિની રાશિ બની વૃષભ અને નામ રાખવામાં આવ્યું "ઓમપ્રકાશ".

આ પ્રકારે ૧૨ લગ્ન હોય છે અને ૧૨ જ ભાવ હોય છે જેને જન્મકુંડળીનું રૂપ આપવામાં આવે છે. જેમ કે - પ્રથમ ભાવ એને લગ્ન પણ કહે છે. કુંડળીના ૧૨ ઘરોને ૧૨ ભાવોના નામ આપવામાં આવ્યા છે.




૧. પ્રથમ ભાવ, ચોથો ભાવ, સાતમો ભાવ તેમજ દશમો ભાવ કેન્દ્ર કહેવાય છે. કેન્દ્રમાં સ્થિત ગ્રહ શુભ માનવામાં આવે છે, ખાસ કરીને દશમ ભાવના ગ્રહ અતિ શુભ માનવામાં આવે છે.

૨. પંચમ ભાવ અને નવમ ભાવને 'ત્રિકોણ' કહે છે. કેટલાક વ્યક્તિ લગ્નને પણ ત્રિકોણ કહે છે. ત્રિકોણમાં સ્થિત ગ્રહ શુભ માનવામાં આવે છે.

૩. છઠ્ઠા, આઠમા અને બારમા ભાવને દુષ્ટ ભાવ કહેવામાં આવે છે.

૪. ત્રીજા, છઠ્ઠા અને અગિયારમા ભાવને ત્રિક્ સ્થાન કહે છે. આ સ્થાન શક્તિ, ઋણ અને લાભ માટે નુકસાનકારક હોય છે.

૫. બીજા અને અગિયારમાં ભાવને પણફર કહે છે.

૬. ત્રીજા, છઠ્ઠા, નવમા અને બારમા ભાવને આપોક્લિમ કહે છે.

**સરળ શબ્દોમાં :**

- પ્રથમ ભાવમાં સ્થિત રાશિના સ્વામીને લગ્નેશ કહેવામાં આવે છે.
- દ્વિતીય ભાવમાં સ્થિત રાશિના સ્વામીને દ્વિતીયેશ કે ધનેશ કહેવામાં આવે છે.
- તૃતીય ભાવમાં સ્થિત રાશિના સ્વામીને તૃતીયેશ કે પરાક્રમેશ કહેવામાં આવે છે.
- ચતુર્થ ભાવમાં સ્થિત રાશિના સ્વામીને ચતુર્થેશ અથવા સુખેશ કહેવામાં આવે છે.
- પંચમ ભાવમાં સ્થિત રાશિના સ્વામીને પંચમેશ અથવા સુખેશ કહેવામાં આવે છે.
- છઠ્ઠા ભાવમાં સ્થિત રાશિના સ્વામીને ષષ્ઠેશ અથવા રોગેશ કહેવામાં આવે છે.
- સાતમા ભાવમાં સ્થિત રાશિના સ્વામીને સપ્તમેશ કહેવામાં આવે છે.
- આઠમા ભાવમાં સ્થિત રાશિના સ્વામીને અષ્ટમેશ કહેવામાં આવે છે.
- નવમા ભાવમાં સ્થિત રાશિના સ્વામીને નવમેશ અથવા ભાગ્યેશ કહેવામાં આવે છે.
- દશમ ભાવમાં સ્થિત રાશિના સ્વામીને દશમેશ, કર્મેશ અથવા રાજ્યેશ કહેવામાં આવે છે.

- એકાદશ ભાવમાં સ્થિત રાશિના સ્વામીને એકાદશેશ અથવા લાભેશ કહેવામાં આવે છે.
- બારમાં ભાવમાં સ્થિત રાશિના સ્વામીને વ્યયેશ અથવા દ્વાદશેશ કહેવામાં આવે છે.




## ગ્રહોનો સ્વભાવ

- **સૂર્ય :** ઉગ્ર સ્વભાવનો છે. એની દિશા પૂર્વ છે. અગ્નિ તત્ત્વ છે. આછી લાલી અને આછું પીળાપણું છે. પુરુષ પ્રધાન અને ક્ષત્રિય ગુણોથી યુક્ત છે.
- **ચન્દ્ર :** આ સૌમ્ય ગ્રહ છે. આમાં જળ તત્ત્વ છે. આનો રંગ સફેદ છે. આ સ્ત્રી પ્રધાન ગ્રહ છે. આમાં વૈશ્ય અને બ્રાહ્મણના તત્ત્વ હાજર છે. આની દિશા ઉત્તર-પશ્ચિમ છે.
- **મંગળ :** આ વીર યોદ્ધા તેમજ ખૂની સ્વભાવનો ગ્રહ છે. આનો રંગ લાલ છે. આમાં અગ્નિ તત્ત્વ અને પુરુષ પ્રધાન તેમજ ક્ષત્રિય ગુણ છે. દિશા દક્ષિણ છે.
- **બુધ :** આ ચતુર અને હાસ્ય પ્રધાન ગ્રહ છે. આમાં સ્ત્રી અને નપુંસક બંને તત્ત્વ હાજર છે. બુધ ક્યારેય વૃદ્ધ નથી થતો. આમાં જવાનીની રંગીનિઓ હંમેશા ભરેલી રહે છે. આને રાજકુમારની સંજ્ઞા આપવામાં આવી છે. આમાં પૃથ્વી અને વાયુ તત્ત્વ હાજર છે. આનો રંગ લીલો અને ઉત્તર દિશા છે.

- **ગુરુ :** પુરુષ પ્રધાન ગ્રહ છે. સ્વભાવ મૌન તેમજ શાંત છે. આમાં ક્ષત્રિયો જેવાં ગુણ છે. આનો રંગ પીળો છે. આમાં અગ્નિ અને જળ બંને તત્ત્વો હાજર છે. દિશા ઉત્તર-પૂર્વ છે.
- **શુક્ર :** આનો સ્વભાવ રસિક અને કલાત્મક છે. આમાં સ્ત્રી ગુણ છે. આમાં ભૂમિ અને વાયુ તત્ત્વ છે. આની પ્રવૃત્તિ વૈશ્યો અને શૂદ્રો જેવી છે. આનો રંગ સફેદ છે. દિશા દક્ષિણ-પૂર્વ છે.
- **શનિ :** આ ગંભીર અને દુષ્ટ સ્વભાવનો ગ્રહ છે. આમાં નપુંસક અને ક્યાંક-ક્યાંક સ્ત્રી-પુરુષ બંને ગુણ મળી આવે છે. આનો રંગ કાળો છે. આમાં પૃથ્વી અને વાયુ તત્ત્વ છે. દિશા દક્ષિણ-પશ્ચિમ છે.
- **રાહુ :** આમાં શનિ જેવાં ગુણ છે. રંગ કથ્થઈ છે.
- **કેતુ :** આમાં મંગળ જેવાં ગુણ છે. રંગ ધૂંધળો અને માટી જેવો છે.

## ગ્રહોના કારક

- સૂર્ય - પિતાનો કારક છે.
- ચન્દ્ર - માતાનો કારક છે.
- મંગળ - નાના ભાઈનો કારક છે.
- બુધ - મામા તેમજ બહેનનો કારક છે.
- ગુરુ - મોટાભાઈ, પુત્ર અને પતિનો કારક છે.
- શુક્ર - પત્નીનો કારક છે.
- શનિ - નોકર કે સેવક તેમજ આયુનો કારક છે.

## રાશિઓના સ્વભાવ

પૂર્વમાં જ સ્પષ્ટ છે કે બાર જ રાશિઓ છે અને બાર જ લગ્ન છે. રાશિઓને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવી છે : ચર, સ્થિર અને દ્વિસ્વભાવ.

- **ચર**નો અર્થ છે - ચાલવું અર્થાત્ ગતિ. આ સ્વભાવની રાશિઓ મેષ, કર્ક, તુલા અને મકર છે. જે અસ્થિર સ્વભાવની છે.
- **સ્થિર**નો અર્થ છે સ્થાયી. આ સ્વભાવની રાશિઓ વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ રાશિઓ છે. આ રાશિઓ સ્થિર સ્વભાવમાં આવે છે, આ રાશિઓથી સંબંધિત વ્યક્તિ ઈરાદાના પાક્કા હોય છે.
- **દ્વિસ્વભાવ** નો અર્થ છે બે સ્વભાવ. ક્યારેક ચલાયમાન તો ક્યારેક સ્થિર. ક્યારેય એક જ નિર્ણય પર નથી રહેતા. આ સ્વભાવની રાશિઓ મિથુન, કન્યા, ધનુ અને મીન છે.

**❊ પરમ ઉચ્ચ, પરમ નિચ્ચ તેમજ મૂળત્રિકોણનો વિચાર :**

| ગ્રહ | ઉચ્ચરાશિ | ઉચ્ચઅંશ | નિચ્ચરાશિ | નિચ્ચઅંશ | મૂળ ત્રિકોણ | મૂળ ત્રિકોણનાં અંશ |
|---|---|---|---|---|---|---|
| સૂર્ય | મેષ | ૧૦ | તુલા | ૧૦ | સિંહ | ૨૦ સુધી |
| ચંદ્ર | વૃષભ | ૩ | વૃશ્ચિક | ૩ | વૃષભ | ૩ થી... |
| મંગળ | મકર | ૨૮ | કર્ક | ૨૮ | મેષ | ૧૮ સુધી |
| બુધ | કન્યા | ૧૫ | મીન | ૧૫ | કન્યા | ૧૫ થી ૨૦ |
| ગુરુ | કર્ક | ૫ | મકર | ૫ | ધન | ૧ થી ૧૩ |
| શુક્ર | મીન | ૨૭ | કન્યા | ૨૭ | તુલા | ૧ થી ૧૦ |
| શનિ | તુલા | ૨૦ | મેષ | ૨૦ | કુંભ | ૧ થી ૨૦ |
| રાહુ | મિથુન | ૧૫ | ધન | ૧૫ | કુંભ | |

## ❋ ઉચ્ચાદિમાં રહેલા ગ્રહોનું ફળ :

| | | |
|---|---|---|
| ઉચ્ચનો ગ્રહ | → | બહુ સમૃદ્ધિ આપે. |
| મૂળત્રિકોણનો | → | પ્રધાન કે સેનાપતિ કરે. |
| પોતાની રાશિનો | → | હર્ષ, ધન, ધાન્ય અને સંપત્તિમાં વધારો કરે. |
| મિત્રનાં ઘરનો | → | બહુ કીર્તિ આપે. |
| પોતાની હોરાનો | → | તેજસ્વી, ભાગ્યશાળી, સ્થિર વૈભવવાળો, રાજાથી પ્રાપ્ત થયેલા ધનવાળો, બહુ જોરાવર કરે છે. |
| પોતાનો દ્રેષકોણનો | → | ગુણવાન કરે. |
| પોતાના નવમાંશનો | → | પ્રસિદ્ધ કરે. |
| પોતાના સપ્તમાંશનો | → | સાહસ કામ કરનાર, ધનવાન કિર્તિવાળો કરે. |
| પોતાના દ્વાદશાંશનો | → | કર્મમાં પ્રીતિવાળો, પરોપકાર કરનાર કરે. |
| પોતાના ત્રિશાંશનો | → | બહુ સુખી, ગુણવાન કરે. |
| શુભ દ્રષ્ટિવાળો | → | ધનવાન, પ્રસિદ્ધ ભાગ્યશાળી, પ્રધાન, સુંદર શરીરનો ને સારો સુખી થાય. |

## ❋ ઉચ્ચમાં રહેલા ગ્રહોનું ફળ :

| | | |
|---|---|---|
| સૂર્ય | : | ઉચ્ચનો હોય તો બહુ ક્રોધી, બહુ ધનવાન, મોટો માણસ થાય. |
| ચંદ્ર | : | સારા અનાજનો, ખોરાકનો, કપડાવાળો અને સારા અલંકારવાળો થાય. |
| મંગળ | : | તેજસ્વી, દુઃખ સહન કરી શકે તેવો, ગર્વવાળો, પરદેશમાં પ્રીતિવાળો. |
| બુધ | : | બુદ્ધિવાન, કુળવાન, ચતુરાઈથી વચન બોલનાર. |
| ગુરુ | : | પ્રસિદ્ધ, ધનવાન, વિદ્વાન, સત્કાર કરવા લાયક. |

શુક્ર : વિલાસ, હાસ્ય, ગાયનને નાચમાં પ્રીતિવાળો.

શનિ : રાજાથી અધિકાર મેળવનાર, ગામ અને નગરનો અધિપતિ, જંગલનું અનાજ ખાનાર, ખરાબ સ્ત્રીના લાભવાળો થાય છે.

## ❋ મૂળત્રિકોણમાં રહેલા ગ્રહોનું ફળ :

સૂર્ય : ધનવાન, આગેવાન, બહુ ચતુર થાય છે.

ચંદ્ર : ભોગ ભોગવનાર, ગુણવાન.

મંગળ : ચોર લોકોનો સ્વામી, શૂરવીર, નિર્દય.

બુધ : વિનોદ કરનાર, જય મેળવનાર.

ગુરુ : સારું કામ કરનાર, મોટો માણસ, નિતિ જાણનાર, સુખી થાય છે.

શુક્ર : ગામ અને શહેરમાં મોટો, ધનવાન અને સારો ભાગ્યશાળી થાય.

શનિ : ધનવાન, કુળવાન અને શૂરવીર થાય છે.

## ❋ પોતાની રાશિમાં રહેલા ગ્રહોનું ફળ (સ્વગૃહી) :

સૂર્ય : મોટો, સમર્થ અને ઘણાં ઉંચા કામ કરનાર થાય.

ચંદ્ર : જ્યાં ત્યાંથી બહુ સુખી અને માન મેળવનાર થાય છે.

મંગળ : ધનવાન, ક્રોધી, સ્થિર થાય.

બુધ : સુંદર વાર્તા કરનાર કે પંડિત થાય.

ગુરુ : કાવ્ય, શાસ્ત્ર જાણનાર, ધનવાન સારા આચરણ વાળો થાય.

શુક્ર : ખેતી કરનાર અને વધારે ધનવાળો થાય.

શનિ : માનવા લાયક, દુઃખ વિનાનો થાય છે.

## ✻ ભાવ પ્રમાણે ગ્રહ-ફળ :

અહીં પર સ્ત્રી અને પુરુષની જન્મ કુંડળીઓના બારેય ભાવો પર અલગ-અલગ ગ્રહોનો જે પ્રભાવ થાય છે, એનો સંક્ષિપ્ત પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. વિશ્વાસ છે કે વાચક આનાથી લાભ ઉઠાવશે.

### પુરુષની જન્મકુંડળીઓમાં ભાવસ્થ ગ્રહ-ફળ

| ક્રમ | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | તનુ | શૂર અંગપીડા | કાંતિ સુખ | રક્ત દોષ | સુખી | વિદ્વાન | સુખી | દુઃખી | રોગી | એકાકી |
| ૨. | ધન | ધનક્ષય | ધનાઢ્ય | ઋણી | ધનીગુણી | ધનાગમ | ધની | ધનહીન | નિર્ધન | મૂરખ |
| ૩. | પરાક્રમ | નિરોગી | કીર્તિ માન | પરાક્રમી | શત્રુનાશ | પાપી | પાપી | પરાક્રમી | વીર પરાક્રમી | વીર |
| ૪. | સુખ | દુઃખી | સુખભોગી | દુઃખી | સુખી | સુખી | સુખી | દુઃખી | માતૃહીન | દુઃખી |
| ૫. | સંતાન | સંતાન હીન | ધની પુત્રવાન | પુત્રહીન | અલ્પ પુત્ર | પ્રતાપી | શ્રેષ્ઠ | પુત્ર રહિત | કુમતિ | મૂરખ |
| ૬. | રોગશત્રુ | શત્રુનાશ | અલ્પાયુ | શત્રુ નાશ | રોગી | કામી | રોગી | શત્રુજિત્ | સબળ | સબળ |
| ૭. | ગૃહસ્થી | સ્ત્રી દુષ્ટા | શ્રેષ્ઠ સ્ત્રી | સ્ત્રી નાશ | ધર્મજ્ઞ | સુભાર્યા | કામી | સ્ત્રી કુલટા | સ્ત્રી રોગી | દુષ્ટા |
| ૮. | મૃત્યુ | અલ્પાયુ | યોગી | દેહપીડા | ગુણી | નીચત્વ | નીચ | નેત્રરોગી | રોગી | ક્લેશ |
| ૯. | ભાગ્ય | દુષ્ટબુદ્ધિ | ધર્માત્મા | પાપકર્મી | સુખી | ધાર્મિક | તપસ્વી | દુષ્ટબુદ્ધિ | દીન | પાપી |
| ૧૦. | પિતાકર્મ | શૂર | તેજસ્વી | તેજસ્વી | કીર્તિમાન | સંપત્તિ વાન | સંપત્તિ વાન | પરાક્રમી | માની | પિતૃહીન |
| ૧૧. | લાભ | ધની | ધની | ધની | ધની | ધની | સુબુદ્ધિ | ધનવાન | ખ્યાતિ પ્રાપ્ત | ધની |
| ૧૨. | વ્યય | દુષ્ટ સ્વભાવ | ધની કામી | પતિત | દરિદ્રી | મૂરખ | રોગી | દુઃખી | પતિત | દુર્જન |

# સ્ત્રીની જન્મકુંડળીઓમાં ભાવસ્થ ગ્રહ-ફળ

| ક્રમ | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દેહ | ક્રોધી | ગતાયુ | વિધવા | સૌભાગ્ય શાળી | સતી | સુખી | બન્ધ્યા | પુત્રહીન | દુઃખી |
| ૨. | દ્રવ્ય | દરિદ્રી | બહુધન | બન્ધ્યા | ધનાઢ્યા | ધનાઢ્યા | સુભગા | દુઃખી | દરિદ્રા | દુઃખાર્તા |
| ૩. | ભ્રાતૃ | સુસુતા | સુખી | વિસહજ | પુત્રવતી | સુસહજા | ધની | સુદક્ષા | સવિતા | રોગી |
| ૪. | સુખ | સપીડા | દુર્ભગા | દુઃખાર્તા | સુગૃહા | સુખી | સુખી | હૃદયરોગી | રોગાન્તી | માતૃહા |
| ૫. | સંતાન | પુત્રહીન | સુખી | વિપુત્ર | કાંતિ | સગુણા | પુત્રવતી | વિપુત્ર | વિપુત્ર | અપુત્ર |
| ૬. | શત્રુ | સુખી | રોગી | સ્વસ્થ | સકોપા | સાપદા | દરિદ્રા | ગુણજ્ઞા | સધના | ધની |
| ૭. | ગૃહસ્થ | દુઃખી | પતિપ્રિયા | વિધવા | પતિવ્રતા | કીર્તી યુતા | પતિપ્રિયા | વિધવા | દુઃખી | વિધવા |
| ૮. | આયુ | વિધવા | રોગી | વિધર્મા | કૃતઘ્ન | રોગી | સુખી | દુઃખી | વિધવા | દુઃખી |
| ૯. | ધર્મ | ધર્મજ્ઞા | સુખી | દુઃખી | સુભગા | પુત્રાઢ્યા | ધર્મરતા | બન્ધ્યા | બન્ધ્યા | સશોકા |
| ૧૦. | કર્મ | સુકર્મા | ધર્મજ્ઞા | કુપુત્રા | સત્યકર્મી | સાધ્વી | સધવા | પાપિની | દુષ્કર્મા | પાપી |
| ૧૧. | લાભ | સધના | ગુણજ્ઞા | ધની | પતિવ્રતા | સુપુત્રવાન્ | સુ સુતા | સુલંભા | નિરોગી | સુભગા |
| ૧૨. | વ્યય | ક્રોધિની | હીનાંગા | ખલ | કુસંગી | સુવ્યયા | સુવ્યયા | મૂઢબુદ્ધિ | દુષ્ટા | રોગી |

## ગ્રહોનું ચોક્કસ ફળ...

### સૂર્ય

- નવમેશથી પ્રભાવિત સૂર્ય સાત્ત્વિક કર્મ કરાવે.
- મંગળ કે કેતુ સાથેનો સૂર્ય અગ્નિપ્રધાન વ્યવસાય આપે છે.
- પંચમેશ અને નવમેશ સાથે સૂર્ય પિતૃક વ્યવસાય આપે છે.

- શનિ અને રાહુથી પ્રભાવિત સૂર્ય ચિકિત્સા કર્મ કરાવે.
- રાહુ કે શનિથી પીડિત સૂર્ય પિતા સાથેના સંબંધ બગાડે છે.
- ચતુર્થેશ સાથે સૂર્ય-લાકડાની વસ્તુના કાર્ય કરે છે.
- સૂર્યથી ચોથો શનિ અનેક વિપત્તિઓ આપે છે.
- સૂર્યથી દસમો શનિ વારંવાર વ્યવસાય બદલાવે છે.
- સૂર્યથી બીજો કે બારમો શનિ ધનપ્રાપ્તિમાં વિઘ્નો લાવે છે.
- સૂર્યની સાથે જે ગ્રહ બેઠા હોય તે અસ્તના થાય.

## ચંદ્ર

- ચંદ્ર-ગુરુનો યોગ દાર્શનિક બનાવે છે.
- ધનનો ચંદ્ર પહેલવાન બનાવે છે.
- ચર રાશિનો ચંદ્ર મનને ચંચળ બનાવે છે.
- ચંદ્ર-બુધનો યોગ વક્તા બનાવે છે.
- ૪-૮-૧૨ના ભાવોના સ્વામીથી પ્રભાવિત ચંદ્ર જળપ્રધાન વ્યવસાય કરાવે છે.
- સ્ત્રીગ્રહોથી પ્રભાવિત ચંદ્ર અભિનય ક્ષેત્રે કુશળ બનાવે છે.
- વાયુતત્ત્વની રાશિનો ચંદ્ર બુદ્ધિજીવી બનાવે છે.
- બુધથી પ્રભાવિત ચંદ્ર વ્યવસાય કરાવે.
- રાહુથી પ્રભાવિત ચંદ્ર ઝેર કે શરાબનું કાર્ય કરાવે.
- દ્વિતિયેશથી પ્રભાવિત ચંદ્ર હોટલનો ધંધો કરાવે.

## મંગળ

- ૬ કે ૧૧ ભાવમાં મંગળ ચોરી જેવા કાર્યો કરાવે.
- ૧-૩-૬ ભાવમાં રહેલ મંગળ ઝઘડાળું બનાવે.

- તુલાનો મંગળ કામી બનાવે.
- બે અને બારમા ભાવમાં મંગળ ધનનો બાધક છે.
- મંગળ-શનિનો યોગ જે ભાવમાં થાય તે ભાવનો નાશ થાય.
- મંગળ-ચંદ્ર-શુક્રનો યોગ હોટલ કે લોજના માલિક બનાવે.
- મંગળ-ચંદ્રનો યોગ હિંસક બનાવે.
- મંગળ-ગુરુનો યોગ ઉચ્ચપદ આપે.
- કેતુ અથવા સૂર્યથી પ્રભાવિત મંગળ ફેક્ટરીના માલિક બનાવે.

## બુધ

- કુંભ રાશિનો બુધ વેદનું જ્ઞાન અપાવે.
- ૨-૯-૧૨ ભાવમાં રહેલ બુધ જ્યોતિષ કાર્ય કરાવે.
- સૂર્યથી પ્રભાવિત બુધ એકાઉન્ટનું કાર્ય કરાવે.
- ગુરુ મંગળથી પ્રભાવિત બુધ સફળ વકીલ બનાવે.
- ૨-૫-૯ ભાવનો બુધ શિક્ષક બનાવે.
- શનિ-શુક્ર સાથે બુધ કપડાનો વ્યવસાય કરાવે.
- ત્રીજા ભાવમાં રહેલ બુધ લેખક બનાવે.
- મંગળ સાથે રહેલ બુધ મિથ્યાવાદી બનાવે.
- કન્યા રાશિનો બુધ શિલ્પ અને હસ્તકલાનું જ્ઞાન આપે.

## ગુરુ

- બીજા અને અગિયારમાં ભાવમાં રહેલ ગુરુ અચળ સંપત્તિ અપાવે.
- ૫-૯-૧૨ ભાવમાં રહેલ ગુરુ પુરોહિતનું કાર્ય કરાવે.
- ૬-૮-૧૨માં રહેલ ગુરુ નિષ્ફળ હોય છે.
- વાયુ તત્ત્વની રાશિનો ગુરુ વિદ્વતા આપે છે.

- ગુરુ-મંગળનો યોગ સંતાનને તકલીફ આપે છે.
- બુધ-ગુરુ-મંગળનો યોગ ફોજદારી વકીલ બનાવે.
- ગુરુ-બુધ-શુક્રનો યોગ વકીલ બનાવે.
- નવમે રહેલ ગુરુ રાજ્યથી લાભ આપે.

## શુક્ર

- લગ્નમાં રહેલ શુક્ર વિલાસી બનાવે.
- બુધ-ચંદ્ર-શનિ સાથે શુક્રનો સંબંધ ફિલ્મી કાર્યો કરાવે છે.
- બીજા ભાવમાં શુક્ર-બુધના યોગ સૌંદર્ય પ્રસાધનો કાર્ય કરાવે છે.
- પાંચમે શુક્ર-બુધનો યોગ સંગીતકાર કરાવે.
- કર્ક કે વૃશ્ચિકનો શુક્ર દ્વિભાર્યા યોગ બનાવે.
- મંગળ-શનિ કે રાહુ સાથે રહેલ શુક્ર વ્યભિચાર બનાવે.
- શનિ-શુક્રનો યોગ નીચવૃત્તિ આપે.
- પાંચમે રહેલ શુક્ર ચિત્રકળામાં નિપુણ બનાવે.
- ત્રીજા ભાવમાં શુક્ર-ચંદ્રનો યોગ ફળ-શાકભાજીનો ધંધો અપાવે.

## શનિ

- દસમે રહેલ શનિ રાજનિતિમાં આગવું સ્થાન અપાવે.
- શનિ-મંગળનો યોગ મશીનરીનું કાર્ય કરાવે.
- ચોથે રહેલ શનિ ખનીજ કાર્ય કરાવે.
- દસમે રહેલ શનિ સિમેન્ટનું કાર્ય કરાવે.
- સાતમે શનિ પથ્થરનું કાર્ય કરાવે.
- શનિ-સૂર્ય કે શનિ-મંગળનો યોગ સર્વદા ઘાતક હોય છે.
- શનિ-રાહુનો યોગ નોકરી કરાવે.

| | | |
|---|---|---|
| ➠ ઉચ્ચનો ગ્રહ | ૧00% | સારું ફળ આપે. |
| કેન્દ્ર-ત્રિકોણનો ગ્રહ | ૭૫% | સારું ફળ આપે. |
| સ્વગૃહિ ગ્રહ | ૫0% | સારું ફળ આપે. |
| મિત્રક્ષેત્રી ગ્રહ | ૨૫% | સારું ફળ આપે. |
| નીચ્ચનો ગ્રહ | ૧00% | ખરાબ ફળ આપે. |
| શત્રુક્ષેત્રી ગ્રહ | ૨૫% | ખરાબ ફળ આપે. |

## ❋ ગ્રહ દિશા વિચાર :




ઉપલી બાબતના પ્રશ્ન સમયે જે ગ્રહની રાશિનું લગ્ન હોય અથવા જે ગ્રહ લગ્નમાં હોય તે દિશામાં ગયેલી વસ્તુ સિદ્ધ થાય અથવા જે કંઈ કામ કરવું હોય તે પણ તે દિશામાં સિદ્ધ થાય.

## ❊ ક્રૂર તથા સૌમ્ય ગ્રહ વિચાર :

| | | | | |
|---|---|---|---|---|
| ક્ષીણ ચંદ્ર | ક્રૂર (પાપગ્રહ) | | ચંદ્ર | સૌમ્ય |
| શનિ બુધ | | | ગુરુ | |
| રવિ બુધ | | | શુક્ર | |
| મંગળ બુધ | | | બુધ | |

- ક્ષીણ ચંદ્ર ક્રૂર ગ્રહ કહેવાય. (કૃષ્ણપક્ષની આઠમથી અમાવસ્યા સુધી ક્ષીણ ચંદ્ર કહ્યો છે.)
- પાપ ગ્રહની સાથે જો બુધ હોય તો તે પણ પાપ ગ્રહ કહેવાય.

## ❊ ગ્રહોની જાતિ વિચાર :

| | | |
|---|---|---|
| પુરુષ ગ્રહ | : | રવિ, મંગળ, ગુરુ |
| સ્ત્રીગ્રહ | : | ચંદ્ર, શુક્ર, કેતુ |
| નપુંસક ગ્રહ | : | બુધ, શનિ |

## ❊ ગ્રહ બલાબલ વિચાર :

- જે ગ્રહ મિત્રની રાશિ પર સ્થિત હોય, સ્વગૃહી હોય, ઉચ્ચનો હોય, નવમાંશકમાં પોતાની રાશિનો હોય, શુભગ્રહની દ્રષ્ટિવાળો હોય, યુવાવસ્થાનો હોય, રાજયોગમાં હોય તો તે બળવાન કહેવાય છે.
- ઉપરાંત, સ્ત્રી રાશિ પર સ્થિત સ્ત્રી ગ્રહ તથા પુરુષ રાશિ પર સ્થિત પુરુષ ગ્રહ પણ બળવાન કહેવાય.

## ❊ ગ્રહ દ્રષ્ટિ વિચાર :

- જન્મકુંડળીમાં જે ગ્રહ જે સ્થાનમાં હોય ત્યાંથી ગણતાં,

- ત્રીજા અને દસમા સ્થાનમાં તે ગ્રહની ૫ વસા (૧ પાદ : પા) દ્રષ્ટિ હોય છે,
- ૯મા અને ૫ મા સ્થાનમાં ૧૦ વસા (૨ પાદ : અર્ધ) દ્રષ્ટિ હોય છે,
- ૪ થા અને ૮મા સ્થાનમાં ૧૫ વસા (૩ પાદ : પોણી) દ્રષ્ટિ હોય છે તથા દરેક ગ્રહની ૭મા સ્થાન પર ૨૦ વસા (સંપૂર્ણ) દ્રષ્ટિ હોય છે.
- આ સિવાય,
  મંગળ ૪થા અને ૮મા સ્થાને સંપૂર્ણ દ્રષ્ટિએ જુએ છે.
  ગુરુ ૫મા અને ૯મા સ્થાને સંપૂર્ણ દ્રષ્ટિએ જુએ છે.
  શનિ ૩જા અને ૧૦મા સ્થાને સંપૂર્ણ દ્રષ્ટિએ જુએ છે.

## ગ્રહમૈત્રી વિચાર

### ❋ નૈસર્ગિક ગ્રહ મૈત્રી :

| ગ્રહ | મિત્ર | સમ | શત્રુ |
|---|---|---|---|
| સૂર્ય | ચંદ્ર, મંગળ, ગુરુ | બુધ | શુક્ર, શનિ, રાહુ |
| ચંદ્ર | સૂર્ય, બુધ | મંગળ, ગુરુ, શુક્ર શનિ | — |
| મંગળ | સૂર્ય, ચંદ્ર, ગુરુ | શુક્ર, શનિ | બુધ, રાહુ |
| બુધ | સૂર્ય, શુક્ર, રાહુ | મંગળ, ગુરુ, શનિ | ચંદ્ર |
| ગુરુ | સૂર્ય, ચંદ્ર, મંગળ | શનિ, રાહુ | બુધ, શુક્ર |
| શુક્ર | બુધ, શનિ, રાહુ | મંગળ, ગુરુ | સૂર્ય, ચંદ્ર |
| શનિ | બુધ, શુક્ર, રાહુ | ગુરુ | સૂર્ય, ચંદ્ર, મંગળ |
| રાહુ | બુધ, શુક્ર, શનિ | ગુરુ | સૂર્ય, ચંદ્ર, મંગળ |

## ❋ તાત્કાલિક ગ્રહ મૈત્રી :

- જન્મપત્રિકામાં કોઈ બે ગ્રહ યુતિમાં હોય તો શત્રુ સમજવા.
  કોઈપણ ગ્રહથી ૪ ભાવ સુધી (આગળ અને પાછળ બંને) જે ગ્રહો હોય તે મિત્ર સમજવા. આને તાત્કાલિક ગ્રહમૈત્રી કહેવાય.
- આમ, નૈસર્ગિક તથા તાત્કાલિક ગ્રહ મૈત્રી જોવી.
- બંનેનું ભેગું ફળ આ પ્રમાણે જાણી શકાય :

| નૈસર્ગિક મૈત્રી | + | તાત્કાલિક મૈત્રી | | |
|---|---|---|---|---|
| મિત્ર | + | મિત્ર | = | અધિમિત્ર |
| મિત્ર | + | શત્રુ | = | સમ |
| શત્રુ | + | મિત્ર | = | સમ |
| શત્રુ | + | શત્રુ | = | અધિશત્રુ |
| સમ | + | સમ | = | સમ |

- અધિમિત્ર એ ઉચ્ચ જેવું ફળ આપે તથા અધિશત્રુ એ નીચ્ચ જેવું ફળ આપે તથા સમ ગ્રહોની અસર નથી.

## ❋ જન્મકુંડળી ગોચર કુંડળી વિષયક વિચાર :

- જન્મ સમયના ગ્રહો સારા હોય અને ગોચર (વર્તમાન)ના ગ્રહો પણ સારા હોય તો શ્રેષ્ઠ ફળ આપે.
- જન્મના ગ્રહો સારા હોય પણ ગોચરના ગ્રહો અશુભ અવસ્થામાં હોય તો ખરાબ ફળ ન આપે.
- જન્મના ગ્રહો અશુભ અવસ્થામાં હોય પણ ગોચરના ગ્રહો સારા હોય તો સારું પરિણામ ન મળી શકે.

- જન્મના ગ્રહો અશુભ અવસ્થામાં હોય તથા ગોચરના ગ્રહો પણ અશુભ અવસ્થામાં હોય તો ઘણું ખરાબ ફળ આપે.

*** જાતકની જન્મ રાશિ કેવી રીતે જાણી શકાય ?**

- જન્મકુંડળીમાં જે રાશિમાં ચંદ્ર હોય, તેને જાતકની જન્મરાશિ જાણવી.

*** જાતકનો જન્મ શુક્લ પક્ષમાં છે કે કૃષ્ણ પક્ષમાં ?**

- જો સૂર્ય તથા ચંદ્ર યુતિમાં (એક જ રાશિમાં) હોય, તો અમાવસ્યાએ જન્મ થયેલો જાણવો.
- જો સૂર્યથી સાત ભાવ (સ્થાન) સુધીમાં ચંદ્ર હોય, તો શુક્લપક્ષમાં જન્મ જાણવો.
- જો સૂર્ય તથા ચંદ્ર સામસામે હોય (સૂર્યથી ચંદ્ર સાતમે) તો પૂનમ નો જન્મ જાણવો.
- સૂર્ય થી સાત ભાવ પછી જો ચંદ્ર હોય, તો કૃષ્ણ પક્ષમાં જન્મ જાણવો.

*** જાતકનો જન્મ કઈ તિથિએ છે ?**

- આ માટે સૂર્ય કયા ભાવમાં છે તે ધ્યાનમાં લેવું.

| ભાવ નં. | ભાવ પ્રમાણે | સૂર્યથી ચંદ્ર જે ભાવમાં હોય તેની અંદાજે તિથિ |
|---|---|---|
| ૧ | સૂર્યોદય | વદ-૧૪, અમાસ, સુદ ૧ |
| ૨ | | સુદ-૨, ૩, ૪ |
| ૩ | | સુદ-૫, ૬, ૭ |
| ૪ | મધ્યરાત્રિ | સુદ-૮, ૯ |
| ૫ | | સુદ-૧૦, ૧૧ |

| | | |
|---|---|---|
| ૬ | | સુદ-૧૨, ૧૩ |
| ૭ | સૂર્યાસ્ત | સુદ-૧૪, પૂનમ, વદ-૧ |
| ૮ | | વદ-૨, ૩, ૪ |
| ૯ | | વદ-૫, ૬, ૭ |
| ૧૦ | મધ્યાહ્ન | વદ-૮, ૯ |
| ૧૧ | | વ-૧૦,૧૧ |
| ૧૨ | | વદ-૧૨,૧૩ |

## * જાતકનો જન્મ કેટલા વાગ્યે છે ?




સૂર્ય પરથી વ્યક્તિના જન્મનો સમય જાણી શકાય છે. સૂર્ય દરેક ભાવમાં ૨-૨ કલાક રહે. પૂર્વ દિશામાં (૧લા ભાવમાં) સૂર્ય હોય તો સવારે ૫:૩૦ થી ૭:૩૦ નો જન્મ જાણવો. સૂર્ય બારમા ભાવમાં હોય, તો સવારે ૭:૩૦ થી ૯:૩૦ નો જન્મ જાણવો. આમ, દરેક ભાવમાં સૂર્યનું બે-બે કલાકનું ભ્રમણ સમજી જન્મ સમય જાણી શકાય.

## * જાતકની જન્મ ઋતુ / મહિનો કયો ?

| રાશિ | સૂર્ય રાશિ પ્રવેશ | ભારતીય મહિનો | ઋતુ | |
|---|---|---|---|---|
| ૧ | મેષ સંક્રાંતિ | ચૈત્ર માસ માં | વસંત | ઉનાળો |
| ૨ | વૃષભ સંક્રાંતિ | વૈશાખ માસ માં | વસંત | ઉનાળો |
| ૩ | મિથુન સંક્રાંતિ | જયેષ્ઠ માસ માં | ગ્રીષ્મ | ઉનાળો |
| ૪ | કર્ક સંક્રાંતિ | અષાઢ માસ માં | ગ્રીષ્મ | ઉનાળો |
| ૫ | સિંહ સંક્રાંતિ | શ્રાવણ માસ માં | વર્ષા | ચોમાસુ |
| ૬ | કન્યા સંક્રાંતિ | ભાદ્રપદ માસ માં | વર્ષા | ચોમાસુ |
| ૭ | તુલા સંક્રાંતિ | આસો માસ માં | શરદ | ચોમાસુ |
| ૮ | વૃશ્ચિક સંક્રાંતિ | કાર્તિક માસ માં | શરદ | ચોમાસુ |
| ૯ | ધન સંક્રાંતિ | માગસર માસ માં | હેમંત | શિયાળો |
| ૧૦ | મકર સંક્રાંતિ | પોષ માસ માં | હેમંત | શિયાળો |
| ૧૧ | કુંભ સંક્રાંતિ | મહા માસ માં | શિશિર | શિયાળો |
| ૧૨ | મીન સંક્રાંતિ | ફાગણ માસ માં | શિશિર | શિયાળો |

## * રાશિમાં ગ્રહને રહેવાનો કાળ...

- સૂર્ય ૧ રાશિમાં ૧ માસ રહે છે.
- ચંદ્ર ૧ રાશિમાં સવા બે દિવસ રહે છે.
- મંગળ ૧ રાશિમાં દોઢ માસ રહે છે.
- બુધ ૧ રાશિમાં ૨૮ દિવસ રહે છે.
- ગુરુ ૧ રાશિમાં ૧૩ માસ રહે છે.

- શુક્ર ૧ રાશિમાં ૧ માસ રહે છે.
- શનિ ૧ રાશિમાં અઢી વર્ષ રહે છે.
- રાહુ ૧ રાશિમાં દોઢ વર્ષ રહે છે.
- કેતુ ૧ રાશિમાં દોઢ વર્ષ રહે છે.

❋ આ સમય તો માત્ર સામાન્ય રીતે ચાલે છે બાકી મંદ ગતિ, વક્ર ગતિ અને શીઘ્રગતિમાં ફેરફાર થાય છે.

❋ બુધ અને શુક્ર હંમેશા સૂર્યની આજુબાજુ રહે છે

❋ **ગ્રહોની ગતિ વિચાર (સરળ-વક્ર-માર્ગી) :**

- સૂર્ય અને ચંદ્ર માર્ગી ગ્રહ છે એટલે કે માર્ગ પર ચાલનારા છે તે ક્યારેય વક્રી થતાં નથી.
- રાહુ અને કેતુ હંમેશા વક્ર ગતિનાં છે તે કદી માર્ગી થતાં નથી.
- માર્ગી એટલે ૧ રાશિમાંથી ૨ માં, ૨ માંથી ૩ માં આમ સીધા ક્રમે ચાલે તેને માર્ગી કહેવાય.
- વક્રી એટલે ઊંધા ક્રમે ચાલે ૧૨ રાશિ માંથી ૧૧મા અને ૧૧ માંથી ૧૦મા આવે. તેમ ઊંધા ચાલે તેને વક્રી કહેવાય.

આના સિવાય બાકીનાં ગ્રહો વક્રી તેમજ માર્ગી બન્ને રીતે ચાલે છે.

તેની વિગત નીચે મુજબ છે.

- સૂર્ય થી બીજે, ત્રીજે → સરળ ગતિ
  સૂર્ય થી ચોથે, પાંચમે → માર્ગ ગામી
  સૂર્ય થી છઠ્ઠે, સાતમે → અતિ વક્રગતિ

સૂર્ય થી આઠમે, નવમે → વક્ર ગતિ

સૂર્ય થી દસમે → મંદ ગતિ

સૂર્ય થી અગિયારમે → સમ ગતિ

સૂર્ય થી બારમે → શીઘ્ર ગતિ




❊ આ ઉપરનું સંપૂર્ણ કોષ્ટક મંગળ, શનિ અને ગુરુને અનુલક્ષીને છે.

## ગ્રહોની અવસ્થા

| બેકી રાશિ અંશ સુધી | અવસ્થા | એકી રાશિ અંશ સુધી |
|---|---|---|
| ૨૫ થી ૩૦ | બાલાવસ્થા | ૦ થી ૬ |
| ૧૯ થી ૨૪ | કુમારાવસ્થા | ૭ થી ૧૨ |
| ૧૩ થી ૧૮ | યુવાવસ્થા | ૧૩ થી ૧૮ |
| ૭ થી ૧૨ | વૃદ્ધાવસ્થા | ૧૯ થી ૨૪ |
| ૦ થી ૬ | મૃતાવસ્થા | ૨૫ થી ૩૦ |

**❊ નવગ્રહના નામ અને રંગ :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સૂર્ય | - | લાલ | (૨) | ચંદ્ર | - | શ્વેત |
| (૩) | મંગળ | - | લાલ | (૪) | બુધ | - | લીલો |
| (૫) | ગુરુ | - | પીળો | (૬) | શુક્ર | - | શ્વેત |
| (૭) | શનિ | - | કાળો | (૮) | રાહુ | - | કાળો |
| (૯) | કેતુ | - | કાળો | | | | |

## મંગળ દોષ વિષયક

મંગળનો શુભ અર્થ, અનુકૂળતા, માંગલિક, મધુરતાથી છે, છતાં જાતકની જન્મકુંડળીમાં સ્થાન, ખાસ કરીને ૧/૪/૭/૮/૧૨માં ભાવમાં આવીને દોષ કેમ થાય છે ? વિઘ્ન કેમ ઉપસ્થિત કરે છે ? ગૃહસ્થ જીવનમાં કેમ બાધક બને છે ? ક્યાંક ભ્રાન્તિ તો નથી ને ? ક્યાંક આપણી સમજ-વિચારમાં ન્યૂનતા તો નથી ને ?

જ્યોતિષમાં બહુધા મંગળી કુંડળીને દોષપૂર્ણ માનવામાં આવે છે, કેમ માનવામાં આવે છે એ બહુધા પંડિત નથી જાણતા. તેઓ માત્ર પુસ્તકોમાં જે લખ્યું છે, એને જ અપનાવીને, એના પર ચાલતા રહે છે. આજના પંડિત વર્ગમાં મનન તેમજ ચિંતનનો અભાવ થતો જઈ રહ્યો છે.

જ્યારે જન્મ-કુંડળીના ૧, ૪, ૭, ૮, ૧૨માં ભાગમાં મંગળ ઉપસ્થિત હોય તો તે જાતક મંગલી (માંગલિક) કહેવાશે. નીચે એક કુંડળી જુઓ. એમ જ્યાં-જ્યાં પર મંગળ લખ્યું છે, એ સ્થાનોમાં જ મંગળ હોવા પર જાતક માંગલિક હશે.




પારંપરિક જ્યોતિષમાં માંગલિક દોષનું કારણ શું છે, તે સ્પષ્ટ કરીએ. મંગળ અનુશાસન પ્રિય છે, ઘોર સ્વાભિમાની, અત્યધિક કઠોર છે. કઠોરતા હંમેશાં દુઃખદાયી છે. ઘોર સ્વાભિમાન અસહ્ય છે. આ જ લક્ષણોને કારણે મંગળને પાપી ગ્રહ માનવામાં આવ્યો છે. મનુષ્યના નેત્રમાં જ અમૃત અને નેત્રમાં જ ઝેર છે. મંગળનું ક્રોધ પર આધિપત્ય છે અને જ્યારે ક્રોધ ચરમ અવસ્થા આવે છે તો સુખનો હ્રાસ થાય છે. સુખથી જાતક વંચિત થઈ જાય છે. ધ્યાન રાખો કે સુખનો ભાવ ચતુર્થ છે અને મંગળ પોતાના સ્થાનથી ચતુર્થ ભાવને વિશેષ દ્રષ્ટિથી જુએ છે. ક્રોધ-આવેશ-ઉત્તેજનાની સ્થિતિમાં વિવેક શક્તિ સાથ છોડી જાય છે: જન્મજાત બુદ્ધિ, સહજાત બુદ્ધિ, કૉમનસેન્સ નષ્ટ થઈ જાય છે. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' અને બુદ્ધિનો ભાવ અષ્ટમ છે. ધ્યાન રાખો કે મંગળ પોતાનાથી અષ્ટમ ભાવને વિશેષ દ્રષ્ટિથી જુએ છે. ઉત્તેજના દૈહિક હોય, માનસિક હોય અથવા રાગાત્મક હોય અર્થાત્ માંગલિક હંમેશા અહિતકર છે.

તમને ધ્યાન હોવું જોઈએ - દ્વિતીય ભાવ એકાદશભાવ પર આધારિત છે. ખુદ પોતાનામાં એનું શું અસ્તિત્વ છે ? લાભ થશે, કમાણી થશે, અર્થોપાર્જનમાં સમર્થ હોવા પર સંપત્તિ જરૂર થશે પણ કમાણી રહિત વ્યક્તિ સંપત્તિ નિર્માણની કલ્પના નથી કરી શકતા. ઠીક એ જ પ્રકારે દ્વાદશ ભાવનો આધાર ષષ્ઠ ભાવ છે. રોગ-શોક-શત્રુ, ઋણની અવસ્થામાં કષ્ટ-પીડા, વિક્ષોભ, અહિત, નુકસાન, મૃત્યુ,

અપમાન, સન્માન, નુકસાન, દુર્દશા સહજ સ્વાભાવિક છે. બળનો સપ્તમ ભાવ છે દ્વાદશ અને લાભનો સુખ ભાવ છે સંપત્તિ અને કુટુંબ.

આવો ! માંગલિક જાતક કુંડળી પર વિચાર કરીએ. ધ્યાન રાખો - લગ્ન ચતુર્થ, સપ્તમ, અષ્ટમ તેમજ દ્વાદશ સ્થાન પર મંગળની ઉપસ્થિતિ જાતકને માંગલિક બનાવે છે.

એક શબ્દ બહુધા પ્રચલિત છે 'મોલિયા મંગળ' અથવા 'ચુનરી મંગળ' મૂળ રીતે આ સામાજિક ઓળખાય છે. ચુનરી કન્યા, સ્ત્રીનું વસ્ત્ર છે તથા મોલિયાનો અર્થ પાઘડી છે, જે પુરુષની ઓળખ છે. આ જ પ્રકારે આજકાલ એક નવી પ્રથા ડબલ કે ત્રિપલ મંગળનો ચાલી પડ્યો છે. મૂળ રીતે તો માંગલિક દોષ પછી ડબલ કે ત્રિપલ મંગળનો કેવો દોષ ? આ પ્રકારે ઘણા લોકો ચોવીસ, અઠ્યાવીસ, ત્રીસ વર્ષાયુ પછી માંગલિક દોષ નથી માનતા. મંગળ આકાશથી ક્યાંક ગાયબ થઈ જાય છે અથવા એમની કૉસ્મિક રેન્જ નષ્ટ થઈ જાય છે અથવા મંગળનું તેજ નષ્ટ થઈ જાય છે. આ બધુ હળદરની એક ગાંઠ લઈને બનેલા પંસારીનું ષડયંત્ર છે, જાતકને ભ્રમિત કરે છે. આની પાછળ મૂળ રીતે ભાવ એ છે કે જ્યારે કન્યા સત્યાવીસ, અઠ્યાવીસ વર્ષની થઈ જાય તો માતા-પિતાની માનસિકતા બદલાઈ જાય છે. કારણ છોકરો પણ તો ૩૦-૩૨ વર્ષનો જોઈએ અને યુગ-ધર્માનુસાર ૩૦-૩૨માં વર્ષ સુધી અવિવાહિત છોકરો અથવા તો અંગ-દોષ, વિધુર કે ચારિત્રિક દોષ અથવા દીન-હીન હોવાથી અવસ્થામાં અવિવાહિત હશે. આવી અવસ્થામાં કન્યાના માતા-પિતા યેન-કેન પ્રકારે કન્યાના હાથ પીળા કરવા ઇચ્છે છે. આ અવસ્થામાં એમનો ઉદ્દેશ્ય માત્ર લગ્ન કરવાનો રહે છે. મંગળ દોષને તેઓ ભૂલી જાય છે.

આવો ! જોઈએ, મંગળ ક્યાં-ક્યાં ઉપસ્થિત થઈને કયા-કયા દોષ પ્રદાન કરે છે.

**જો લગ્નમાં મંગળ ઉપસ્થિત છે તો :**

એની દ્રષ્ટિ પોતાનાથી સપ્તમ ભાવ પર રહેશે. ફળ સ્વરૂપે સપ્તમ ભાવ ભોગ

સુખનો છે અને જાતકના ગૃહસ્થ જીવનમાં ઉત્તેજના, આવેશ આપશે. અતિશય ભોગી, ભોગમાં ક્રૂરતા પ્રદાન કરશે. પત્ની-પતિના પ્રત્યે ક્રૂર તથા જાતક સુખહીન હશે. ભૂમિ-ભવન સુખ રહિત તથા પોતાના સ્વભાવને કારણે જન-માનસની નજરમાં આદરને પાત્ર નહીં હોય. આવેશ વશાત્ નિર્ણાયક બુદ્ધિનો અભાવ તથા ખોટાં નિર્ણયો લઈને વારંવાર પસ્તાશે. ચતુર્થનું સુખ ભાવ સપ્તમ પર રહે છે. પતિ-પત્નીના વિચારોમાં ભારે મતભેદ સહજ સ્વાભાવિક છે ત્યારે એક પક્ષ અતિ ભોગી તેમજ પ્રતિપક્ષ શાંત, અલ્પ ભોગી રૂચિવાળો હશે. આવી અવસ્થામાં ગૃહસ્થ જીવનમાં વિઘટન, છૂટાછેડા, વિરોધ, માનાપમાન રહેવા ઉચિત છે. મૂળ રીતે મંગળ દ્રષ્ટિ પ્રભાવથી સુખ, ગૃહસ્થ તેમજ બુદ્ધિ બલને સળગાવી દે છે.




**જો મંગળ ચતુર્થ ભાવમાં છે તો :**



ચતુર્થ મંગળની દ્રષ્ટિ ગૃહસ્થ સુખ, ભોગ સુખ, વેપાર, ઘોર ઉત્તેજના, આવેશ, ક્રોધને વશીભૂત થઈ ગૃહસ્થ સુખમાં ન્યૂનતા પ્રદાન કરશે, ત્યાં જ કર્મહીન થશે. વારંવાર નોકરી કે વેપાર બદલતો રહેશે. પિતાથી ઘોર વિરોધ, અનબન રહેશે. પિતા-પુત્રની વિચારધારામાં જમીન-આકાશનું અંતર હશે. આવી સ્થિતિમાં આર્થિક લાભમાં ન્યૂનતા સહજ સ્વાભાવિક છે. કમાતો ના હોય એવો જાતક કોઈને પણ પ્રિય નથી લાગી શકતો. કાર્ય-વ્યવસાયમાં લાભથી વંચિત આવેશી જાતક જન-માનસમાં અપમાનનું કારક બની જાય છે. અને આ જ કારણ છે કે એનું જીવન દુ:ખી રહે છે.

**જો મંગળ સપ્તમ ભાંવમાં છે તો :**




સપ્તમ ભાવમાં અર્થાત્ સ્વયં ગૃહસ્થ ભાવમાં મંગળ રહેવા પર ગૃહસ્થ સુખમાં ભારે બાધાનો કારક બની જાય છે. લગ્ન પર પૂર્ણ દ્રષ્ટિ રહેવાને કારણે પ્રતિપક્ષી ઘોર જિદ્દી, આવેશી, ક્રોધી, અતિ ભોગ પ્રિય, અપ્રાકૃતિક મૈથુન કરવાવાળો હશે. ફળ સ્વરૂપે વૈવાહિક રૂપમાં જાતક સંતુષ્ટ નથી હોતો. સપ્તમનો અષ્ટમ કુટુંબ ભાવ હોવાને કારણે કુટુંબથી વિરોધ, અનબન રહે તો આશ્ચર્ય નથી ? પિતૃ-વિરોધી તેમજ કર્મહીન જાતક સુખી નથી રહેતો અને જીવનમાં ઘર-કુટુંબ, કાર્ય-વ્યવસાય, સ્વાસ્થ્ય રહિત જાતકના જીવનમાં બાકી શું રહી જાય છે ?

**જો મંગળ અષ્ટમ ભાવમાં છે તો :**

જાતકના ઘર પરિવાર, કુટુંબ, ધન-ધાન્ય, સમૃદ્ધિથી રહિત હશે. જ્યારે તે અર્થોપાર્જન જ નહીં કરે તો સંપત્તિ કેવી રીતે મેળવશે. ઉલટું પૈતૃક સંપત્તિનો પણ તે નાશ કરશે. આવા અકર્મણ્ય, આળસું જાતકનું પરાક્રમ રહે - એ શક્ય નથી. ભાઈ એમને નાકારો જીવ કિનારો કરી લેશે. સામાજિક માન-સન્માનમાં ન્યૂનતા આવશે. અને મિત્ર સાથ છોડી દેશે અને આવી અવસ્થામાં પતિ-પત્નીમાં મધુરતા રહે - એ શક્ય નથી.




**જો મંગળ દ્વાદશ ભાવમાં છે તો :**




આવો મંગળ ખુદ દ્વાદશ ભાવમાં રહીને અર્થરહિત લાભનો યશેષ્ઠ ભાગ

અપવ્યય કરે છે. વારંવાર અપમાનિત થાય છે. ભાઈ-મિત્ર સાથ છોડી જાય છે તથા સતત રોગ, શોક, શત્રુઓથી ઘેરાયેલો રહે છે. પોતાની પરિસ્થિતિઓ, હીનતા, અપમાન, નિરાશા, કુંઠા, સંત્રાસનો બદલો તે પ્રતિપક્ષી પત્ની-પતિથી કાઢે છે. ક્રોધ તેમજ આવેશના વશીભૂત પોતાનું જીવન નર્ક બનાવી લે છે. પતિ-પત્નીમાં સતત અવિશ્વાસ તેમજ વિરોધ બનેલો રહે છે.

સાથે જ જ્યારે કુંડળી મેળવવાની વાત આવે તો માત્ર નક્ષત્રથી નક્ષત્રનું મિલન કરી ગુણ જોઈ લેવા જ યથેષ્ટ નથી હોતા. ગુણ મિલન તો માત્ર એક સ્થૂળ રૂપ છે. ખુદ વ્યક્તિગત કુંડળીમાં માનસિકતા, ભોગ, સૌભાગ્ય યોગ, સંતાન, આયુકારક ગ્રહ યોગાયોગ પણ જોવા જોઈએ. જો વ્યક્તિશઃ ભારે દોષ છે, એ અવસ્થામાં કુંડળી મિલાવવાથી પણ શું થશે ? જ્યોતિષીને જોઈએ કે જાતકને અંધારમાં ન રાખીને વસ્તુ સ્થિતિથી પરિચિત કરાવી લેવા જોઈએ. હું અહીંયા કેટલાક દુર્યોગ સ્પષ્ટ કરી દઉં છું.

- જો પંચમ ભાવમાં ગુરુ એકલો છે તથા ગુરુ પર કોઈ અન્ય ગ્રહની દ્રષ્ટિ ન હોય, એવી અવસ્થામાં પુત્ર-સુખ ક્યારેય શક્ય નથી.
- જો જાતક સૂર્ય, ચન્દ્ર તેમજ લગ્ન ત્રણેયથી માંગલિક છે, એવી અવસ્થામાં જાતક વિધુર અથવા વિધવા થશે જ - એ અતૂટ સત્ય છે.
- જો સપ્તમ ભાવ પાપ કર્તરી યોગ ગત છે અર્થાત્ ૬/૮માં ભાવમાં પાપ ગ્રહ (સૂર્ય, મંગળ, શનિ, રાહુ, કેતુ)માંથી કોઈ એક હોય તો ગૃહસ્થ સુખ માટે ચાહે જેટલો પ્રયત્ન કરે, નહીં મળે. આજીવન નારકીય જીવન વ્યતીત કરવું પડશે.
- સપ્તમ શુક્ર અતિભોગી બની અસંતુષ્ટ જ રહેશે તેમજ ખોટા સંબંધ બનાવશે જ.

# શનિની નાની-મોટી પનોતી

ગોચરનો શનિ પોતાની રાશિથી ૧૨ મે, ૧ લે અને ૨ જે હોય તો તેને સાડાસાતી પનોતી કહેવાય છે. એટલે કે પોતાની રાશિથી ૧૨મો શનિ પ્રારંભ થાય એટલે સાડાસતી શરૂ થાય. એક ભાવમાં શનિ અઢી વર્ષ રહે છે. ૧૨ મો ભાવ પૂરો કરીને પ્રથમ ભાવમાં પ્રવેશ કરતાં અઢી વર્ષ પૂર્ણ થાય છે. બીજા ભાવમાં પ્રવેશ કરતાં ૫ વર્ષ પૂર્ણ થાય છે અને અઢી વર્ષ બાકી રહે છે. ત્રીજે શનિ આવતાં સાડાસતી પૂર્ણ થાય છે. ચોથે શનિ આવતાં અઢી વર્ષની નાની પનોતી શરૂ થાય છે. પાંચમે આવતાં પૂર્ણ થઈ જાય છે. આઠમે શનિ આવતાં અઢી વર્ષની નાની પનોતી શરૂ થાય છે અને નવમે આવતા તે પૂર્ણ થાય છે.

- શનિની પનોતી અશુભ જ અસર આપે છે તેમ નથી. તેની અસર તેના પાયા પર અવલંબિત છે. જ્યારે શનિ રાશિપ્રવેશ કરે ત્યારે ગોચરનો ચંદ્ર જન્મરાશિના ચંદ્રથી જ્યાં આવે એટલે પનોતિનો જે-તે પાયો શરૂ ગણાય.

| **ચંદ્રથી એટલે કે જન્મ રાશિથી ગોચરનો શનિ** | **પનોતિનો પાયો** | **પાયાનું ફળ** | **ફળ** |
|---|---|---|---|
| પહેલો-છઠ્ઠો-અગિયારમો હોય | સોનાનો પાયો | મધ્યમ અશુભ | ચિંતા કરાવે |
| બીજો-પાંચમો-નવમો હોય | રૂપાનો પાયો | શુભ | લાભ અપાવે |
| ત્રીજો-સાતમો-દસમો હોય | તાંબાનો પાયો | શુભ શ્રેષ્ઠ | લક્ષ્મી-સમૃદ્ધિ અપાવે |
| ચોથો-આઠમો-બારમો હોય | લોખંડનો પાયો | અશુભ | કષ્ટદાયક બને |

## કમુહૂર્તો

- ધનાર્ક અને મીનાર્ક એટલે કે ધન રાશિમાં સૂર્ય હોય અને મીન રાશિમાં સૂર્ય હોય તો તેને કમુહૂર્તા કહેવાય છે. તેમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરે કરવામાં આવતી નથી.
- સિંહ રાશિમાં ગુરુ બેઠેલો હોય તેમજ ગુરુ અને શુક્ર અસ્તના હોય એટલે ગુરુ અને શુક્ર તે સૂર્યની સાથે બેઠેલા હોય તો વાસ્તુ, અંજનશલાકા, પ્રતિષ્ઠા, લગ્ન, ખાત મુહૂર્ત, શિલાન્યાસ અને દીક્ષા થતી નથી.

## રોગ-આરોગ્ય વિષયક વિચાર

આજે બહુધા દરેક વ્યક્તિ કોઈ-ને-કોઈ રોગથી પીડિત છે અને હજારો-લાખો રૂપિયા ખર્ચ કરીને તે સારવાર કરાવે છે. કળિયુગના નર્ક હૉસ્પિટલ અથવા ક્લિનિકના ચક્કર પર-ચક્કર કાપે છે, કોઈ કારણ વગર પણ ડૉક્ટરની સલાહ પર ટેસ્ટ કરાવે છે અને ડૉક્ટર માત્ર પોતાની ફી મેળવવા માટે કોઈ કારણ વગર ઓપરેશન સુદ્ધાં કરી દે છે. આજના યુગમાં બિમાર થવું કેટલી મોટી દુર્ઘટના છે. એ તમે સારી રીતે જાણો છો. જો તમારી પાસે પૈસા નથી તો તમને બીમાર થવાનો પણ અધિકાર નથી.

પરંતુ છતાં પણ જીવનમાં દુઃખ, કષ્ટ તેમજ રોગ આવતા જ રહે છે. થોડાં કષ્ટ થોડાં સમય સુધી પીડિત કરી જાય છે, તો કેટલાંક લાંબા સમય સુધી પીડિત કરે છે અને શારીરિક ક્ષતિ પહોંચાડે છે, તો કેટલાંક રોગ થયા પછી મૃત્યુપર્યન્ત સાથે રહે છે. જાતક રોગ નિવારણ માટે દર-દર ભટકે છે, સારવાર પર પોતાની સામર્થ્યથી વધારે ખર્ચ કરે છે. પરંતુ ક્યારેક-ક્યારેક તે હતાશ તેમજ નિરાશ પણ

થઈ જાય છે, તો કોઈ વિશ્વાસુ જાતક જ્યોતિષીઓની પાસે પણ આવી જાય છે. જ્યોતિષ શાસ્ત્રમાં અનિષ્ટકારી ગ્રહોને ઓળખીને એને દાન-જપ-તપ દ્વારા એમને શાંત કરવામાં આવે છે.

| | |
|---|---|
| મેષ | માથુ |
| વૃષભ | મુખ |
| મિથુન | ખભા, હાથ, શ્વાસ નળી |
| કર્ક | છાતી |
| સિંહ | પેટ, હૃદય |
| કન્યા | આંતરડાં, ગુદા |
| તુલા | ગુપ્તેન્દ્રિય ભાગ |
| વૃશ્ચિક | અંડકોષ |
| ધનુ | નિતંબ, પગનો ઉપરનો ભાગ |
| મકર | ઘૂંટણો |
| કુંભ | ઘૂંટણોનો નીચેનો ભાગ |
| મીન | પગ |

આને એમ સમજી શકાય છે કે જો મેષ રાશિ પાપ ગ્રહ યુક્ત હોય અથવા મેષ રાશિ પર પાપગ્રહ (સૂર્ય, શનિ, મંગળ, રાહુ, કેતુ)ની દ્રષ્ટિ હોય તો, તથા મેષનો સ્વામી મંગળ પણ પાપગ્રહ યુક્ત હોય તો એના માથા તેમજ મગજ, મસ્તક પર ઠેસ વાગશે અથવા વ્યાધિ થશે.

આ પ્રકારે જો સાતમી રાશિ અર્થાત્ તુલા રાશિસ્થ પાપ ગ્રહ હોય અથવા તુલા રાશિ પર ગ્રહની દ્રષ્ટિ હોય તો ગુપ્તેન્દ્રિયથી સંબંધિત રોગ અથવા ગુપ્તેન્દ્રિય શિથિલતા જેવા રોગથી જાતક પીડિત થશે.




પહેલાં જુઓ કે પારંપરિક જ્યોતિષ અનુસાર કયો ગ્રહ કયા-કયા પ્રકારના રોગ આપે છે ?

- **સૂર્ય** - ડિપ્થીરિયા, નેત્રરોગ, અપચો, ગઠિયા, રક્તચાપ, સ્નાયુ દુર્બળતા.
- **ચન્દ્ર** - મસ્તક પીડા, નાની-નાની દુર્ઘટના, હૃદય રોગ, કબજિયાત, આંતરડાના રોગ, મૂત્ર રોગ, ગેસ થવો.
- **મંગળ** - દુર્ઘટના, એક્સીડેન્ટ, આંગિક શિથિલતા, હૃદય રોગ, રક્તચાપ.
- **બુધ** - ચર્મ રોગ, સ્નાયુ નિર્બળતા, ચિન્તા, દુર્બળતા, નબળાઈ, માનસિક દુર્બળતા.
- **ગુરુ** - ચર્મ રોગ, દાદ, ખાઝ, ખુજલી, પ્રમેહ, સેપ્ટિંક, પિત્ત પ્રકોપ, શૂળ રોહ, ઉદ્વેગ, ગુપ્તેન્દ્રિય શૈથિલ્ય, ભોગથી અરૂચિ, રક્તદોષ, ગેસ.
- **શુક્ર** - ફેફસાં સંબંધિત રોગ, ધાતુ-ક્ષીણતા, સ્નાયુ નિર્બળતા, છાતીમાં કમજોરી, મૂત્ર રોગ, કફ જિનત રોગ, શરદી.

- **શનિ** - વાયુ રોગ, વાત-રોગ, ગઠિયા, શરીર ક્ષીણતા, અંધરોગ, હૃદયની કમજોરી, લોહીની ઊણપ, મળબદ્ધતા, રક્તચાપ, કુષ્ઠ, મૂત્ર રોગ, ગંજાપણું, નાક-કાનમાં પીડા.

પારંપરિક જ્યોતિષમાં જ્યાં ગ્રહ પોતાનાથી સાતમા ભાવને ક્યાં પણ આગળ કે પાછળના ભાવોમાં પણ જોઈ શકે છે.

રોગ તેમજ રોગીના સંબંધમાં પ્રશ્નોના નિવારણ માટે વર્ષફળને આધાર બનાવવામાં આવ્યું છે. કયો ભાવ પીડિત છે, એને જાણવા માટે સૌ પ્રથમ ત્રીજા ભાવથી આરંભ કરવામાં આવે છે. જો ત્રીજો ભાવ ખાલી હોય તો આઠમો ભાવ જોવામાં આવે છે અને આઠમો ભાવ ખાલી હોય તો પાંચમો ભાવ અને પાંચમો ભાવ ખાલી હોય તો અગિયારમો ભાવ જોવામાં આવે છે અને જો અગિયારમો પણ ખાલી હોય તો ચતુર્થ ભાવ જોવામાં આવે છે. આ વાતને સરળતાપૂર્વક આ ક્રમમાં જુઓ - ૩ - ૮ - ૫ - ૧૧ - ૪.

૩,૮,૫,૧૧,૪માં કોઈ પણ ભાવ પીડિત હોય તો જાતકને રોગગ્રસ્ત બનાવી દે છે. ૨,૪ ભાવ રોગની પ્રકૃતિ બતાવે છે તેમજ દસમો ભાવ રોગનું સ્વરૂપ, ગતિ બતાવે છે.

પંચમ ભાવ જાતકના રોગ નિવારણનું સામર્થ્ય બતાવે છે તો ત્રીજો ભાવ રોગની ઘાતકતા તેમજ સંભાવના વ્યક્ત કરે છે.

જન્મ કુંડળીનો કોઈ અશુભ ગ્રહ વર્ષફળમાં તૃતીય તેમજ નવમમાં આવે ત્યારે વ્યક્તિ પર રોગનું આક્રમણ થાય છે.

આવો ! રોગ નિવારણ ગ્રહ તેમજ શરીરના અંગો પર પ્રભાવનો અભ્યાસ કરીએ.

## ગ્રહ અને શરીરના અંગ

| | | |
|---|---|---|
| સૂર્ય | - | આખું શરીર, ચહેરાનો જમણો ભાગ |
| ચન્દ્ર | - | હૃદય, ચહેરાનો ડાબો ભાગ |
| મંગળ નેક | - | હૃદય, ઉપરનો હોઠ |
| મંગળ બંધ | - | હૃદય, નીચેનો હોઠ |
| બુધ | - | મગજ, સ્નાયુ તંત્ર, જીભ, દાંત |
| ગુરુ | - | ગરદન, નાક |
| શુક્ર | - | સ્વર તંત્ર, ગાલ |
| શનિ | - | આંખો, ભ્રમરો, વાળ |
| રાહુ | - | મસ્તિષ્કના કંપન, માથુ, દાઢી |
| કેતુ | - | ધડ, કરોડરજ્જુનું હાડકું, ઘૂંટણ, ટખના, પંજા, કાન |

## બારેય ભાવ અને મનુષ્ય શરીર

| | | |
|---|---|---|
| પ્રથમ ભાવ | - | મ્હોં, દાંત, જીભ, મસ્તિષ્ક |
| દ્વિતીય ભાવ | - | જમણી આંખ |
| તૃતીય ભાવ | - | કાન, ગરદન, હાથ |
| ચતુર્થ ભાવ | - | પેટ, ખભા |
| પંચમ ભાવ | - | કમરની ઉપરનો ભાગ |
| ષષ્ઠ ભાવ | - | જમણો પગ તેમજ ગુપ્ત અંગ |
| સપ્તમ ભાવ | - | નાભિ, ઉદરનો મધ્ય ભાગ |
| અષ્ટમ ભાવ | - | ડાબો પગ તેમજ ગુપ્ત અંગ |

નવમ ભાવ - કમરની ઉપરનો ભાગ

દશમ ભાવ - પેટ, ખભા

એકાદશ ભાવ - ડાબો હાથ, કાન, ગરદન

દ્વાદશ ભાવ - ડાબી આંખ, પગના તળીયા

## બારેય રાશિ તેમજ શરીરના અંગ

મેષ - માથું, પેટ, મસ્તિષ્ક, આંખો

વૃષભ - મુખ, આંખ, હાડકાં, માંસ

મિથુન - ગળું, શ્વાસનળી

કર્ક - છાતી, ફેફસાં, લોહી

સિંહ - પીઠ, હૃદય, આંતરડા, જિગર (હૃદય)

કન્યા - પેટનો ઉપરનો ભાગ, આંતરડાં, હાડકાં, માંસ

તુલા - કમર, ગુદા, શ્વસન ક્રિયા

વૃશ્ચિક - ગુપ્તેન્દ્રિય, ગુદા

ધનુ - જાંઘો, જાંઘોની નસો, મળ દ્વાર

મકર - સાંધાઓના હાડકાં, માંસ

કુંભ - ઘૂંટણો, ઘૂંટણોના હાડકાં, માંસ અને શ્વસન ક્રિયા

મીન - પગની આંગળીઓ અને એની નસો

બિમારીનું કારણ જાણવા માટે ભાવ ત્રીજો, નવમો અને પાંચમો જુઓ, કારણ ભાવ સંખ્યા ૩ બરબાદી આપે છે, ભાવ પાંચ શરીરમાં આત્મા નાંખે છે અને એનો પાયો ભાવ ૯માં હોય છે.

(૧) જ્યારે ૩,૯ નીચ હોય છે તો પાંચ પણ નીચ થઈ જાય છે પરંતુ જ્યારે ૯માં સૂર્ય કે ચન્દ્ર હોય તો પાંચ નીચ નથી થતો.

(૨) ૧૦ માટે ૫,૬ના ગ્રહ વધારે ખરાબ હોય છે. અશુભ ગ્રહની નિશાની નીચ ગ્રહની વસ્તુઓથી હશે.

(૩) જન્મ કુંડળી અનુસાર જ્યારે સૂર્ય કે ચન્દ્રની સાથે શુક્ર, બુધ અથવા કોઈ પાપ ગ્રહ સ્થિત હોય તેમજ જે વર્ષના વર્ષફળમાં ઉક્ત ગ્રહ ૧,૬,૭,૮,૧૦માં આવી જાય તો રોગનું આક્રમણ થશે.

(૪) ભાવ ૩ માટે

ભાવ ૧ - અચાનક ઠેસ વગાડશે, ભાવ ૨-મદદ કરશે.

ભાવ ૬ - દગો આપશે, ભાવ ૭-મદદરૂપ થશે.

ભાવ ૮ - નીચ કરાવશે. ભાવ ૧૧ - આપસી મદદ આપશે.

(૫) નંબર પાંચ માટે

ભાવ ૧ - આપસી મદદ આપશે, ભાવ ૪ - મદદ કરશે.

ભાવ ૭ - અચાનક ઠેસ વગાડશે, ભાવ ૮ - દગો આપશે.

ભાવ ૯ - મદદરૂપ થશે. ભાવ ૧૦ - ટકરાવ આપશે.

## ગ્રહ પીડિત હોવા પર કયા ગ્રહ કઈ બિમારી આપશે ?

**સૂર્ય** - રક્તચાપ, પાગલપન, મ્હોંમાંથી ફીણ નીકળવું, લકવો વગેરે.

**ચન્દ્ર** - હૃદયરોગ, નેત્ર રોગ વગેરે

**મંગળ નેક (સૂર્ય, બુધ)** - પેટની બિમારીઓ, કોલેરા, પિત્ત, હૃદયની બિમારીઓ વગેરે.

મંગળ બંધ (સૂર્ય, શનિ) - ભગંદર, ફોલ્લાં, નાસૂર વગેરે.

બુધ - માનસિક રોગ, સ્નાયુ રોગ, જીભ તેમજ દાંતના રોગ.

બૃહસ્પતિ - શ્વાસ અને ફેફસાંની બિમારીઓ વગેરે.

શુક્ર - ખંજવાળ, ચર્મરોગ વગેરે.

શનિ - નેત્ર જ્યોતિ, દમ, ખાંસી, કફ વગેરે.

રાહુ - તાવ, માનસિક રોગ, પ્લેગ વગેરે.

કેતુ - મૂત્ર રોગ, ફોલ્લાં-ફોલ્લી, ગળગણ્ડ, અંડકોષ, યૌન સંબંધી રોગ, હાથ-પગમાં દર્દ, કાનના રોગ, કરોડરજ્જુના હાડકાંના રોગ વગેરે.

ગુરુ-રાહુ અથવા ગુરુ-બુધ - દમ, ફેંફસા- શ્વાસની તકલીફ.

રાહુ-કેતુ - હરસ.

રાહુ-ચન્દ્ર - પાગલપન, નિમોનિયા વગેરે.

સૂર્ય-શુક્ર અથવા બુધ-ગુરુ - ક્ષય રોગ, દમ વગેરે.

મંગળ-શનિ - કુષ્ટ રોગ, રક્ત વિકાર વગેરે.

શુક્ર-રાહુ - નપુંસકતા.

શુક્ર-કેતુ - સ્વપ્નદોષ.

ગુરુ-મંગળબંદ (સૂર્ય-શનિ) - પીલિયા (કમળો).

ચન્દ્ર-બુધ અથવા
મંગળથી ટકરાવ - ગ્લેન્ડસ.

# હાથના નખોથી બિમારી તેમજ ગ્રહ દોષ જ્ઞાતવ્ય

હાથની આંગળીઓના નખોનો રંગ બદલાઈ જાય તો બુધથી સંબંધિત બિમારીઓનું કારણ હશે.

નખોનો રંગ આસમાની થઈ જાય તો રાહુથી સંબંધિત બિમારી રક્ત-વિકાર થશે.

નખ નાના તેમજ સફેદ થઈ જાય તો શુક્રથી સંબંધિત લોહીની ઊણપની બિમારી થશે.

નખ ખૂબ નાના તેમજ એના રંગ જર્દ થી જાય તો ગુરુથી સંબંધિત દિલના રોગથી પરેશાન થશે.

નખોનો રંગ કાળો થઈ જાય તો શનિથી સંબંધિત બિમારીઓ હશે અને મોટાભાગે રોગ-નિવારણ પર ખર્ચ થશે.

નખ પીળા થવા લાગે તો ગુરુથી સંબંધિત ફેફસાં અને શ્વાસની બિમારીની પરેશાન થશે.

નખોમાં ડાઘા, સુકાયેલા, કાળા કે સફેદ થઈ જાય તો કેતુથી સંબંધિત રોગ થશે.

## આયુષ્ય વિષયક વિચાર

જાતકની આયુ જાણવા માટે ચન્દ્રનું જ્ઞાન જરૂરી થઈ જાય છે. નીચે એક સારણી દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે ભાવમાં ચન્દ્રમા સ્થિત હશે, જાતકની આયુ લગભગ એટલા વર્ષની માનવામાં આવી છે.

### ચન્દ્રમાથી આયુ-નિર્વાણ સારણી

| ભાવનો સ્વામી | ચન્દ્રમા જે ભાવમાં હોય | મૃત્યુનો દિવસ | આયુ વર્ષ |
|---|---|---|---|
| મંગળ | ૧ | બુધવાર | ૯૦ |
| શુક્ર | ૨ | શુક્રવાર | ૯૬ |
| બુધ | ૩ | બુધવાર | ૮૦ |
| ચન્દ્ર | ૪ | શુક્રવાર | ૮૫ |
| કેતુ, બુધ | ૫ | મંગળવાર | ૧૦૦ |
| શુક્ર | ૬ | રવિવાર | ૮૦ |
| મંગળ | ૭ | સોમવાર | ૮૫ |
| ગુરુ | ૮ | બુધવાર | ૯૦ |
| ગુરુ | ૯ | ગુરુવાર | ૭૫ |
| શનિ | ૧૦ | મંગળવાર | ૯૦ |
| શનિ | ૧૧ | શનિવાર | ૯૦ |
| રાહુ, ગુરુ | ૧૨ | ગુરુવાર | ૯૦ |

ચન્દ્રમાની સાથે શુક્રનો સંબંધ હોવા પર આયુ ૮૫ વર્ષ

પુરુષ ગ્રહ (ગુરુ, સૂર્ય, મંગળ) હોવા પર આયુ ૯૬ વર્ષ

પાપી (રાહુ, કેતુ) હોવા પર આયુ ૩ વર્ષ ઓછી

શનિ + ગુરુના સમયે વ્યક્તિની આયુનો નિર્ણય એકાદશ ભાવથી કરવામાં આવશે. પરંતુ જો એકાદશ ભાવ ખાલી હોય તો ઉપર્યુક્ત ચન્દ્ર સારણી અનુસાર હશે.

- જ્યારે વ્યક્તિનો સ્વભાવ તેમજ હાવ-ભાવ બદલાવા લાગે, તે અજીબોગરીબ પ્રકારની હરકતો કરવા લાગે ત્યારે એની આયુ કેટલી બાકી છે એનો નિર્ણય નિમ્ન છે :
- સ્વભાવ બદલાઈ જાય, કઠોર સ્વભાવનો થઈ જાય - આયુ ૧ વર્ષ ઓછી
- રાત્રે ધ્રુવનો તારો નજરે ન પડે - આયુ ૪૦ દિવસ શેષ
- ઘી, તેલ, પાણીમાં ખુદનો પડછાયો નજરે ન પડે - આયુ ૭ વર્ષ શેષ.
- કાચમાં પોતાની અક્સ (આંખ) ન દેખાય - આયુ ૧ દિવસ શેષ
- શ્વાસ લેતાં સમયે પેટ ના હલે, આંખ પથરાઈ જાય - આયુ થોડા કલાક શેષ

**ગ્રહ સ્થિતિ અને આયુ :**

- ચન્દ્ર નં.૬, સૂર્ય નં.૧૦ અથવા ચન્દ્ર + કેતુ નં.૬માં હોય - આયુ ૧૨ દિવસ.
- સૂર્ય + શનિ ગુરુના ભાવમાં અથવા પુરુષ ગ્રહની સાથે / મિત્ર ન નહોય - આયુ ૧૨ મહિના.
- સૂર્ય + ચંદ્ર ભાવ નં. ૧૧માં સાથે હોય ત્યારે - આયુ ૯ વર્ષ
- ચન્દ્ર + રાહુ ભાવ નં. ૧ માં હોય - અચાનક અથવા ગોળીથી મૃત્યુ બપોરે જરૂર થશે.
- ગુરુ, રાહુ, ભાવ નં. ૨માં અથવા બુધ + ગુરુ ભાવ નં. ૬માં - લાંબી બિમારી ૨૦ વર્ષ.
- સૂર્ય + રાહુ નં. ૧૦,૧૧ અને નં. ૮મા આયુને ઓછા કરવાવાળા ગ્રહો જ્યારે શનિ ૩,૫,૬માં હોય - દીર્ઘાયુ.

- ચન્દ્ર, રાહુ નં. ૬ અથવા મંગળ બંધ નં. ૬, શુક્ર અને કેતુ નષ્ટ, બોલતા સમયે દાંતનું માંસ નજરે આવે, કાન ઉપર તરફ ચઢેલા હોય - મરતા સમયે પુત્ર પીછો છોડી જશે.
- બુધ, બૃહસ્પતિ નં. ૨ અથવા બૃહસ્પતિ + રાહુ નં. ૩માં હોય - ૩૦ વર્ષ. પરંતુ ૧૬,૧૯,૨૨ માં વર્ષે જાતકના પિતાનું મૃત્યુ.
- ગુરુ + રાહુ નં. ૯, ૧૧ - ૪૦ વર્ષ
- રાહુ + ગુરુ નં. ૬ અથવા બુધ, કેતુ નં. ૧૨ - ૪૫ વર્ષ
- ચન્દ્ર, રાહુ, નં. ૫(પાંચ) માં હોય અથવા ૨, ૭ના ગ્રહ બેઅસર, નીચ હોય - ૫૦ વર્ષ.
- ચન્દ્ર + રાહુ + બુધ ત્રણેય સાથે ભાવ ૨ અથવા પાંચમા હોય - ૫૬ વર્ષ
- ચન્દ્ર + બુધ ભાવ નં. ૨માં હોય - ૬૦ વર્ષ.
- ચન્દ્ર + રાહુ નં. ૯માં હોય - ૭૫ વર્ષ.
- ચન્દ્ર + ગુરુ નં. ૪ અથવા ચન્દ્ર નં. ૩, ૬માં હોય - ૮૦ વર્ષ
- ચન્દ્ર + મંગળ ભાવન નં. ૭માં હોય - ૮૫ વર્ષ.

**અલ્પાયુ યોગ :**

- ગુરુ વધારે ગ્રહોથી ઘેરાયેલો હોય.
- ભાવ નં. ૯માં બુધ, ગુરુ, શુક્ર હોય.
- ભાવ નં. ૯માં ગુરુના શત્રુ ગ્રહ બુધ, શુક્ર, રાહુ
- ચન્દ્ર, રાહુ નં. ૭ અથવા ૮
- બુધ નં.૯માં હોય.
- ગુરુ ૮,૬,૧૦,૧૧માં ભાવમાં હોય, તેમજ
- મંગળ + બુધ + શુક્ર ૭માં ભાવમાં હોય - આયુ ફક્ત બે વર્ષ
- બુધ, શુક્ર, ચન્દ્ર ૫ (પાંચ)માં ભાવમાં હોય - આયુ ફક્ત બે વર્ષ

# ઊંચાઈ અને આયુ વર્ષ

| વ્યક્તિની ઊંચાઈ | આયુ વર્ષ |
|---|---|
| ૯૦ આંગળ | ૩૦ વર્ષ |
| ૯૧ આંગળ | ૫૩ વર્ષ |
| ૯૨ આંગળ | ૪૦ વર્ષ |
| ૯૩ આંગળ | ૪૫ વર્ષ |
| ૯૪ આંગળ | ૫૦ વર્ષ |
| ૯૫ આંગળ | ૫૫ વર્ષ |
| ૯૬ આંગળ | ૬૦ વર્ષ |
| ૯૭ આંગળ | ૬૫ વર્ષ |
| ૯૮ આંગળ | ૭૦ વર્ષ |
| ૯૯ આંગળ | ૭૫ વર્ષ |
| ૧૦૦ આંગળ | ૮૦ વર્ષ |
| ૧૦૧ આંગળ | ૮૫ વર્ષ |
| ૧૦૨ આંગળ | ૯૦ વર્ષ |
| ૧૦૩ આંગળ | ૯૫ વર્ષ |
| ૧૦૪ આંગળ | ૧૦૦ વર્ષ |
| ૧૦૫ આંગળ | ૧૦૫ વર્ષ |
| ૧૦૬ આંગળ | ૧૧૦ વર્ષ |
| ૧૦૭ આંગળ | ૧૧૫ વર્ષ |
| ૧૦૮ આંગળ | ૧૨૦ વર્ષ |

(નોંધ : ૪૮ આંગળ = ૩૬ ઇંચ)

# નવગ્રહ શાંતિ કરવાનો જાપ

- દરેક માણસને એક પછી એક નવગ્રહ હંમેશા સારા માઠા પરિણામ નિપજાવતાં જાય છે પ્રતિકૂળ પરિણામોમાં માણસ આકુળ વ્યાકુળ બની આમતેમ દોડધામ કરે છે પણ તેવું ન કરતાં જાપ કરવાથી જે-તે ગ્રહની પ્રતિકૂળ અસરો શાંત થાય છે. તે નવ ગ્રહોના જાપ તથા વિધિ નીચે પ્રમાણે છે.

## * સૂર્યની દશાનો જાપ :

- લાલ વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી, પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ બેસી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો સિધ્ધાણં ।

ૐ હ્રીઁ પદ્મપ્રભ નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## * ચંદ્રની દશાનો જાપ :

- શ્વેત વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો અરિહંતાણં ।

ૐ હ્રીઁ ચન્દ્રપ્રભ નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## * મંગળની દશાનો જાપ :

- લાલ વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો સિધ્ધાણં ।

ૐ હ્રીઁ વાસુપૂજ્યપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## ❊ બુધની દશાનો જાપ :

- લીલા વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં ।

ૐ હ્રીઁ શાન્તિનાથપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## ❊ ગુરુની દશાનો જાપ :

- પીળા વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો આયરિયાણં ।

ૐ હ્રીઁ ઋષભદેવપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## ❊ શુક્રની દશાનો જાપ :

- શ્વેત વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો અરિહંતાણં ।

ૐ હ્રીઁ સુવિધિનાથપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## ❊ શનિની દશાનો જાપ :

- કાળું વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।

ૐ હ્રીઁ મુનિસુવ્રતપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## ❊ રાહુની દશાનો જાપ :

- કાળું વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।

ૐ હ્રીઁ નેમિનાથપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

## ❊ કેતુની દશાનો જાપ :

- કાળું વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ૧૦૮ વાર મંત્ર ગણવો.

**મંત્ર :** ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।

ૐ હ્રીઁ પાર્શ્વનાથપ્રભો નમસ્તુભ્યમ્ મમ શાન્તિ શાન્તિ ।

- ગ્રહોની વિપરીત અસરોથી મુક્ત રહેવા જે-તે ગ્રહોની પૂજા કરવાનું વલણ મોટે ભાગે જોવામાં આવી રહ્યું છે. પરંતુ જૈનદર્શન મુજબ નવે ગ્રહો કોઈક વિશિષ્ટ મહાપુરુષોના દાસ બની તેઓના ચરણ સેવતાં હોય છે. આ મહાપુરુષો એટલે શ્રી તીર્થંકરો. સમગ્ર બ્રહ્માંડનું સર્વશ્રેષ્ઠ પદ એટલે તીર્થંકર પદ. આ પદવીમાં વિશ્વના તમામ પદ-પ્રતિષ્ઠા આવી જાય, તેથી જ પ્રતિકૂળ ગ્રહદશા વાળા ગ્રહના સ્વામી શ્રી તીર્થંકરોની પૂજા-ભક્તિ, અનન્ય આરાધના કરવા મનને કટિબદ્ધ બનાવવું.

- શ્રી તીર્થંકરોના જાપ, ભક્તિ કરવા પાછળ બીજા અનેકાનેક લાભ છૂપાયેલા છે.

## ષડ્વર્ગ કુંડળીઓ...

(૧) **હોરા :** સુખ, સંપત્તિ, ધન-ધાન્ય, શક્તિ, સમૃદ્ધિનું ફળ સામાન્ય રીતે હોરા કુંડળીમાંથી સચોટ રીતે નિર્ધારી શકાય છે. છતાં જાતકના જીવનને સ્પર્શતી ઘણી બધી બાબતોનો પણ અભ્યાસ હોરા કુંડળીથી કરવામાં આવે છે. હોરા કુંડળીમાં બે જ ખાનાં હોય છે. તેમાં જન્મ કુંડળીમાં રહેલા ગ્રહોને પ્રથમ અને દ્વિતીય ૧૫ અંશોને અલગ અલગ બે સ્થાનમાં મૂકવામાં આવે છે. જે દ્વિતીય ભાવ ના ફળોને પ્રગટ કરે છે.

(૨) **દ્રેષ્કોણ :** દ્રેષ્કોણ કુંડળીમાં ભ્રાતૃસુખ, ભાઈભાંડુ આદિનો વિચાર કરવામાં આવે છે. લગ્ન અને જન્મકુંડલીમાંની રાશિને ૧૦-૧૦-૧૦ અંશના ત્રણ ભાગથી વિભાજીત કરવામાં આવે છે. જે સામાન્ય રીતે જાતકની જન્મ કુંડળીના ત્રીજા ભાવથી થતાં ફળોનો અભ્યાસ કરવામાં ઉપયોગી છે.

(૩) **સપ્તમાંશ :** જન્મકુંડલી સૂચિત રાશિના સાત સરખા ભાગ કરવામાં આવે છે. અને સપ્તમાંશ કુંડળીમાં પુત્ર-પુત્રાદિ સૂચક પાંચમા ભાવનો વિચાર કરવામાં આવે છે.

(૪) **નવમાંશ :** નવમાંશ કુંડળીમાં રાશિના નવ સરખા ભાગ કરવામાં આવે છે. જેમાં એક નક્ષત્રનાં એક ચરણ જેવડો દરેક ભાગ હોય છે. નવમાંશ કુંડળી ઉપરથી દામ્પત્ય સુખનો વિચાર કરવામાં આવે છે. દક્ષિણ ભારતમાં જન્મકુંડળી જેટલું જ મહત્ત્વ નવમાંશ કુંડળીને આપવામાં આવે છે.

(૫) **દ્વાદશાંશ :** રાશિનાં બાર સરખા ભાગ પાડવામાં આવે છે. દરેક ભાગ ૨ અંશ ૩૦ કલાનો હોય છે. દ્વાદશાંશ કુંડલી ઉપરથી જાતકનાં માતા-પિતા સંબંધી વિચારવામાં આવે છે. દ્વાદશાંશ કુંડળી જન્મ કુંડળીનાં ચોથા અને

દસમા ભાવને પ્રગટ કરે છે.

(૬) **ત્રિશાંશ :** જાતકની કુંડળીની શુભ અને અશુભ બાબતો ઉપર પ્રકાશ પાડે છે. ચારિત્રને સ્ત્રી જાતકનાં ફળો ઉપર અભ્યાસ ત્રિશાંશ કુંડળીથી કરવામાં આવે છે.

## ષડ્‌વર્ગ કુંડળીઓનો ફળાદેશ

(૧) **વર્ગોતમી :** જન્મકુંડળીમાં જે રાશિનો ગ્રહ હોય તે જ રાશિમાં અન્ય વર્ગ કુંડળીમાં પણ તે જ ગ્રહ હોય તો તેવા ગ્રહને વર્ગોતમી કહેવામાં આવે છે.

(૨) **કિંશુક :** જન્મ કુંડળી અને એક વર્ગ કુંડળીમાં જો ગ્રહ વર્ગોતમી હોય તો તેને કિંશુક કહેવામાં આવે છે.

(૩) **વ્યંજન :** કુંડળી સાથે ગ્રહ બે વર્ગ કુંડળીમાં એક જ રાશિનો હોતા ગ્રહને વ્યંજન ગ્રહ કહે છે.

(૪) **ચામર :** ત્રણ વર્ગ કુંડળીમાં હોતા ચામર ગ્રહ કહે છે.

(૫) **છત્ર :** ચાર વર્ગ કુંડળીમાં હોતાં છત્ર ગ્રહ કહેવામાં આવે છે.

(૬) **કુંડલ :** પાંચ વર્ગ કુંડળીમાં હોતા કુંડલ ગ્રહ હોય છે.

(૭) **મુકુટ :** જ્યારે જન્મ કુંડળીમાં જે રાશિનો ગ્રહ હોય તે જ રાશિમાં હોરા, દ્રેષ્કોણ, સપ્તમાંશ, દ્વાદશાંશ, નવમાંશ અને ત્રિશાંશ કુંડળીમાં તે જ રાશિમાં તે જ ગ્રહ હોય તો તેવા વર્ગોતમી ગ્રહને મુકુટ વર્ગીય ગ્રહ કહેવામાં આવે છે.

## દશવર્ગી બળના પારિજાતાદિ ભેદનું ફળ

- એક વર્ગ પામેલો ગ્રહ **નિર્બળ** ગણાય છે.
- બે વર્ગ બળ પામેલો **પારીજાતાંશ** ગ્રહ ધનવાન બનાવે છે.

- ત્રણ વર્ગ બળ પામેલો **ઉત્તમાંશ** બળ પામેલો ગ્રહ સંપૂર્ણ સંપત્તિવાળો બનાવે છે.
- ચાર વર્ગ બળ પામેલો **ગોપુરાંશવાળો** ગ્રહ હંમેશા ધનવાનને સંપૂર્ણ વિદ્યા જાણનાર બનાવે છે.
- પાંચ વર્ગ બળ પામેલો **સિંહાસનાંશવાળો** ગ્રહ સર્વ લોકોથી વખણાયેલો, રાજા સમ સન્માનવાળો બનાવે છે.
- છ વર્ગ બળ પામેલો **પારાવતાંશવાળો** ગ્રહ સર્વ શાસ્ત્ર જાણનાર, માંડલિક રાજા સમ સુખ આપનાર બનાવે છે.
- સાત-આઠ વર્ગ બળ પામેલો દેવલોક તથા **બ્રહ્મલોકાંશ** કે **અમરલોકાંશવાળો** ગ્રહ મહાદાન કરનાર, પૃથ્વીના રાજા સમ ધન, સુખ-સંપત્તિવાળો અને યશવાળો બનાવે છે.
- નવ વર્ગ બળ પામેલો **ઐરાવતાંશ** અથવા શુક્રવાહનવાળો ગ્રહ સર્વ ઐશ્વર્યવાળો ચક્રવર્તી સમગણ, ધન, ધાન્યનો તથા ઘણી રિધ્ધિ-સિધ્ધિનો માલિક બનાવે છે.
- દસ વર્ગ બળ પામેલો **વૈશેષિકાંશવાળો** ગ્રહ યશસ્વી, બુધ્ધિમાન અને સંપૂર્ણ સુખવાળો ચક્રવર્તી રાજા સમ બનાવે છે.

## જ્યોતિષની દુર્લભ માહિતી

- **વર્ષાધિપતિ :** ચૈત્ર સુદી એકમના દિવસે જે ગ્રહનો વાર હોય તે ગ્રહ વર્ષેશ/વર્ષાધિપતિ કહેવાય છે.
- **મંત્રીગ્રહ :** મેષ રાશિમાં જે દિવસે સૂર્ય આવે તે વારના ગ્રહ ને મંત્રીગ્રહ કહેવાય છે.
- **શસ્યેશ :** કર્ક રાશિમાં જે દિવસે સૂર્ય આવે તે વારને શસ્યેશ કહેવાય છે.

- **માસેશ ગ્રહ :** દરેક માસની સુદી એકમનાં વારનો ગ્રહ માસેશ ગણાય છે.
- **દિનેશ ગ્રહ :** હંમેશાનાં વારનો ગ્રહ દિનેશ ગ્રહ ગણાય છે.
- **હોરેશ ગ્રહ :** હોરાનો સ્વામી હોરેશ ગણાય છે.
- **પતિ ગ્રહો :** રાશિનાં સ્વામીને પતિગ્રહ કહેવાય છે.
- **અસ્ત ગ્રહ :** સૂર્યની રાશિમાં અમૂક અંશે ગયેલા ગ્રહો અસ્ત કહેવાય. (૧૫ અંશ સુધી)
- **ઉદયી ગ્રહ :** સૂર્યથી અમૂક અંશે દૂર રહેલાં ગ્રહો ઉદયી કહેવાય છે. (૧૫ અંશ થી વધુ)
- **વક્રી ગ્રહો :** વક્ર ગતિવાળો (ઉંધી ગતિવાળો) ગ્રહ વક્રી કહેવાય છે. રાહુ અને કેતુ સદા વક્રી છે.
- **અતિચારી ગ્રહ :** નિત્યનાં વેગ કરતાં અધિક ઝડપથી ચાલનારો અતિચારી ગ્રહ છે. સૂર્ય અને ચંદ્ર સદા શીઘ્ર (અતિચારી) છે.
- **માર્ગી ગ્રહ :** સમ ગતિશીલ ગ્રહ માર્ગી કહેવાય છે.

## માસ ફળ જાણવાની રીત

- પોતાના જન્મ નામ પરથી તે ખબર ન હોય તો ચાલુ નામ પર જન્મ નક્ષત્ર કાઢવું. પછી જે માસનું ફળ જોવું હોય તે માસની સુદ-૧નાં દિવસે જે નક્ષત્ર હોય તે જન્મ નક્ષત્રથી કેટલામું છે. તે સંખ્યા જોઈ પછી તે સંખ્યાને ૭ વડે ગુણીને ૯ થી ભાગો. જે શેષ રહે તે આંકડો ગ્રહ તે માસમાં બળવાન છે. તેમ જાણવું.
- ૦(શૂન્ય) વધે તો મંગળ, ૧ શેષે રવિ, ૨ શેષે બુધ, ૩ શેષે રાહુ, ૪ શેષે ગુરુ, ૫ શેષે કેતુ, ૬ શેષે ચંદ્ર, ૭ શેષે શનિ, ૮ શેષે શુક્ર બળવાન છે. તેનું ફળ...

- **મંગળ :** કોઈ કામમાં જશ ના મળે, શારિરીક માનસિક પીડા.
- **રવિ :** પ્રવાસ, મસ્તકમાં વિકાસ, મનમાં ચિંતા, છાતીને શરીરમાં દાહ, જેવી પીડા.
- **બુધ :** સ્નેહીનો સમાગમ, ઈશ્વર સેવા, ધનલાભ.
- **રાહુ :** ઉદર વિકાર, દ્રવ્યનાશ નીચજનથી દુઃખ, ખાવા પીવાનું ન રૂચે.
- **ગુરુ :** ધન મળે, ગુરુ થવાનો લાભ, સ્થાવર મિલકત, તત્ત્વજ્ઞાનની એકાદ કળા મેળવવા મન ખેંચાય.
- **કેતુ :** સ્નેહી સાથે વિરોધ, નવો શત્રુ થાય, સર્પ, વીંછી, કુતરો, ઝેરી જાનવરથી ભય.
- **ચંદ્ર :** મન સ્વચ્છ, ધન લાભ, મિષ્ટાન મળવા સંભવ.
- **શનિ :** ઉદર પીડા, ખોટો આરોપ, શત્રુ તરફની ચિંતા.
- **શુક્ર :** સ્ત્રી સુખ મળે, વ્યાપારે લાભ, ચિંતાનો નાશ.

## સૂર્યાદિ ગ્રહોનાં નંગ વિશે

| | | | | | |
|---|---|---|---|---|---|
| સૂર્ય | → | માણેક | શુક્ર | → | હીરો |
| ચંદ્ર | → | શુધ્ધ મોતી | શનિ | → | નીલમણી (કાળો હીરો) |
| મંગળ | → | પરવાળું | રાહુ | → | ગોમેદક |
| બુધ | → | પાનું | કેતુ | → | વૈડુર્યમણિ |
| ગુરુ | → | પોખરાજ | | | |

✻ **સત્ત્વ, રજો અને તમોગુણી વિશે ગ્રહો...**

સત્ત્વગુણી → સૂર્ય, ચંદ્ર, ગુરુ

| | | |
|---|---|---|
| રજોગુણી | → | બુધ |
| તમોગુણી | → | મંગળ, શનિ |

❊ **ગ્રહોના વસ્ત્ર વિશે....**

| | | |
|---|---|---|
| સૂર્ય | → | જાડું વસ્ત્ર |
| ચંદ્ર | → | નવું |
| મંગળ | → | એક બાજુ અગ્નિથી બળેલું |
| બુધ | → | કોહેલું ને કાણાવાળું |
| ગુરુ | → | સહેજ વપરાયેલું |
| શુક્ર | → | મજબૂત (ટકાઉ) |
| શનિ | → | જુનું ને ફાટેલું |
| રાહુ | → | ચિત્રરૂપ |
| કેતુ | → | મોટા મોટા કાણાવાળું વસ્ત્ર |

**સમજૂતી :** જન્મ વખતે જે ગ્રહ બળવાન હોય તે ગ્રહનાં વસ્ત્ર પ્રમાણે જન્મ થતી વખતે તેની માતાએ વસ્ત્ર પહેરેલું હોવું જોઈએ.

❊ **ગ્રહોની ધાતુઓ :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સૂર્ય | → | તાંબુ | શુક્ર | → | મોતી |
| ચંદ્ર | → | મણિ | શનિ | → | સીસું |
| મંગળ | → | સોનું | રાહુ | → | સીસું |
| બુધ | → | કાંસું | કેતુ | → | નીલમણિ |
| ગુરુ | → | રૂપું | | | |

## ❋ ભાવ નાં કારકો :

| | |
|---|---|
| ૧લા ભાવનો → સૂર્ય | ૭માં ભાવનો → શુક્ર |
| ૨જા ભાવનો → ગુરુ | ૮માં ભાવનો → શનિ |
| ૩જા ભાવનો → મંગળ | ૯માં ભાવનો → રવિ અને ગુરુ |
| ૪થા ભાવનો → ચંદ્ર/બુધ | ૧૦માં ભાવનો → ગુ., ૨., બુ., શનિ |
| ૫મા ભાવનો → ગુરુ | ૧૧માં ભાવનો → ગુરુ |
| ૬ઠ્ઠા ભાવનો → શનિ અને મંગળ | ૧૨માં ભાવનો → શનિ |

## ❋ કારક યોગો...

◆ ગ્રહો, મૂળત્રિકોણનાં, સ્વગૃહી કે ઉચ્ચનાં થઈ પરસ્પર કેન્દ્રમાં હોય તો તે કારક થાય. તેમાં પણ દશમાં સ્થાનમાં રહેલો ગ્રહ વિશેષકારક થાય.

➾ **સમજૂતી :** લગ્નમાં ગુરુ કર્ક રાશિ (ઉચ્ચનો) અને ૪થે શનિ તુલા રાશિનો હોય તો ગુરુ અને શનિ પરસ્પર કારક થાય. આમ દરેક ગ્રહ અને કેન્દ્રનું સમજવું.

◆ **શરીરને વિશે રાશિઓ...**

➾ મેષ રાશિ માથાને વિષે.
➾ વૃષભ રાશિ મુખને વિષે.
➾ મિથુન રાશિ બે હાથને વિષે.
➾ કર્ક રાશિ હૃદયને વિષે.
➾ સિંહ રાશિ ઉદર (પેટ)ને વિષે.
➾ કન્યા રાશિ કેડને વિષે.
➾ તુલા રાશિ પેઢુ (કટીની નીચે) વિષે.
➾ વૃશ્ચિક રાશિ લિંગને વિષે.
➾ ધન રાશિ બે સાથળને વિષે.
➾ મકર રાશિ બે ઢીંચણને વિષે.
➾ કુંભ રાશિ બંને જાંઘને વિષે.
➾ મીન રાશિ બંને ચરણ(પગ)ને વિષે.

## ❊ તારીખ પ્રમાણે ઋતુની માહિતી...

(૧) **શિશિર :** ડિસેમ્બર ૨૨ થી ફેબ્રુઆરી ૧૮ સુધી

(૨) **વસંત :** ફેબ્રુઆરી ૧૯ થી એપ્રિલ ૧૯ સુધી

(૩) **ગ્રીષ્મ :** એપ્રિલ ૨૦ થી જૂન ૨૦ સુધી

(૪) **વર્ષા :** જૂન ૨૧ થી ઓગષ્ટ ૨૨ સુધી

(૫) **શરદ :** ઓગષ્ટ ૨૩ થી ઓક્ટોબર ૨૨ સુધી

(૬) **હેમંત :** ઓક્ટોબર ૨૩ થી ડિસેમ્બર ૨૧ સુધી

## ❊ ખોવાયેલી વસ્તુ (વ્યક્તિ) કઈ દિશામાં ગઈ ?

- **મેષ / વૃષભ** લગ્નમાં ખોવાયેલી વસ્તુ (વ્યક્તિ) **પૂર્વ દિશા**માં ગઈ.
- **મિથુન** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **અગ્નિ કોણ**માં ગઈ.
- **કર્ક** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **દક્ષિણ દિશા**માં ગઈ.
- **સિંહ** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **નૈઋત્ય કોણ**માં ગઈ.
- **કન્યા** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **ઉત્તર દિશા**માં ગઈ.
- **તુલા / વૃશ્ચિક** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **પશ્ચિમ દિશા**માં ગઈ.
- **ધન** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **વાયવ્ય કોણ**માં ગઈ.
- **મકર / કુંભ** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **ઉત્તર દિશા**માં ગઈ.
- **મીન** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **ઈશાન કોણ**માં ગઈ.

## ❊ ખોવાયેલી વસ્તુ કઈ વ્યક્તિએ લીધી છે ?

- **મેષ** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **બ્રાહ્મણ** જાણવો.

- **વૃષભ** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **ક્ષત્રિય** જાણવો.
- **મિથુન / મકર** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **વૈશ્ય** જાણવો.
- **કર્ક** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **શુદ્ર** જાણવો.
- **સિંહ** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **સ્વજન** (પોતાનો અંગત) જાણવો.
- **કન્યા** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **કુળની સ્ત્રી** જાણવી.
- **તુલા** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **પુત્ર** અથવા **ભાઈ** જાણવો.
- **વૃશ્ચિક** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **મલેચ્છ જાતિનો** જાણવો.
- **ધન** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **સ્ત્રી** જાણવી.
- **કુંભ** લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર **ઉંદર કે પ્રાણી** છે.
- **મીન** લગ્નમાં ખોવાયેલી વસ્તુ **પૃથ્વીમાં ચોરાઈ** છે.

# જ્યોતિષના આધારે ધનધાન્યની તેજી-મંદી

## નક્ષત્રો પરથી ધાન્યની તેજી-મંદી

- જયેષ્ઠા, આર્દ્રા, સ્વાતિ, આશ્લેષા, ભરણી, શતતારકા આ છ નક્ષત્રો પંદર મુહૂર્તીયાના કહેવાય.
- વિશાખા, પુનર્વસુ, રોહિણી, ઉ.ષા., ઉ.ફા. અને ઉ.ભા. આ છ નક્ષત્રો પીસ્તાલીશ મુહૂર્તીયાના છે.
- બાકીનાં બધા નક્ષત્રો ત્રીસ મુહૂર્તીયાના છે. એટલે કે એક દિવસનાં ભોગવાળાં છે. પરંતુ હાલમાં તો સર્વે નક્ષત્રો એક-એક દિવસનાં જ ભોગવાળાં છે.

આમ, ઉપર પ્રમાણે, સુદ બીજનાં દિવસે ઉદય પામતાં ચંદ્રને જોવો અને તે વખતે બૃહત્ નક્ષત્ર એટલે ૪૫ મુહૂર્તીયાના નક્ષત્ર હોય તો ધાન્ય સસ્તુ થાય.

- જઘન્ય ૧૫ મુહૂર્તીયું નક્ષત્ર હોય તો ધાન્ય મોઘું થશે.
- સમ એટલે ૩૦ મુહૂર્તીયું નક્ષત્ર હોય તો ધાન્યનાં ભાવ સમ રહેશે એમ સમજવું.

## ચંદ્ર દર્શન પરથી તેજી-મંદી

- **રવિવારે :** ચંદ્રદર્શન થાય તો પૂનમ સુધી દરેક વસ્તુના ભાવમાં મંદી થાય.
- **સોમવારે :** ચંદ્ર દર્શન થાય તો રૂ બજારમાં અને ચાંદીના ભાવો વધવાની શક્યતા.
- **મંગળવારે :** ચંદ્ર દર્શન થાય તો રૂ અને ચાંદીનાં બન્ને બાજુની વધઘટની શક્યતા.
- **બુધવારે :** ચંદ્ર દર્શન થાય તો ચાંદીમાં તેજી અને રૂ, ખાંડ, ગોળ, સાકર માં મંદી થઈ શકે.
- **ગુરુવારે :** ચંદ્ર દર્શન થાય તો રૂમાં તેજીની શક્યતા, ચાંદીમાં બન્ને તરફી વધઘટ અને ઘીમાં તેજીની શક્યતા ગણાય.
- **શુક્રવારે :** ચંદ્ર દર્શન થાય તો રૂ અને ચાંદીમાં બન્ને તરફી વધઘટ થાય. સોનામાં તેજીની શક્યતા ઊનમાં મંદી અને કઠોળના ભાવોમાં તેજીની શક્યતા.
- **શનિવારે :** ચંદ્ર દર્શન થાય તો રૂ, ચાંદી અને અનાજમાં તેજી થઈ શકે.

## ગ્રહોના નક્ષત્રના આધારે તેજી-મંદી...

- જ્યારે આર્દ્રા નક્ષત્રમાં સૂર્ય-મંગળ હોય ત્યારે એક મહિના સુધી અનાજમાં તેજી થઈ પછી મંદી થાય.
- શ્રવણ નક્ષત્રમાં જો કોઈ ક્રૂર ગ્રહ હોય તો અન્નમાં તેજી આવે અને ઘઉંમાં વિશેષ તેજી આવે.
- કૃતિકા નક્ષત્રમાં શનિ હોય તો બધી ચીજમાં મંદી રહે છે. પરંતુ લાકડાનાં વ્યાપારમાં પૂરો લાભ થાય છે.
- શનિ અશ્વિની નક્ષત્રમાં હોય તો તલ, તેલ અને ઘીમાં ૧ મહિના સુધી તેજી આવે અને પછી સસ્તુ થાય.
- ગુરુ શતભિષા નક્ષત્રમાં હોય અને મંગળ ચિત્રા નક્ષત્રમાં હોય તો ઘઉંનો પાક ન થાય અને અનાજ મોંઘુ થાય.
- ઉદિત શનિ ચિત્રા નક્ષત્રમાં જો હોય તો તેજી થાય.
- પૂર્વાષાઢા નક્ષત્રમાં શનિ હોય તો લાકડાના વ્યાપારમાં લાભ થાય.
- શનિ ધનિષ્ઠા નક્ષત્રમાં હોય કે ગુરુ શતભિષા નક્ષત્રમાં હોય અને મંગળ ચિત્રા નક્ષત્રમાં હોય તો અનાજમાં તેજી આવે છે.

## રાશિ અનુસાર તેજી-મંદી...

- સૂર્ય, મંગળ અને શુક્ર જો શનિની રાશિ (મકર, કુંભ)માં હોય અને ચંદ્રનો યોગ થતો હોય તો દુકાળ પડે.
- મંગળ-રાહુ વૃષભ રાશિમાં હોય તો છઠ્ઠા મહિનામાં મહાભય અને દુષ્કાળ પડે છે.

- શનિ કે રાહુ મિથુન રાશિમાં હોય તો દુષ્કાળએ પશ્ચિમ દિશાના સત્તાપક્ષને ઘાતકયોગ થાય.
- મેષ કે વૃશ્ચિક રાશિમાં બુધ આવે તો સોનું સસ્તુ થાય.
- સૂર્ય, મંગળ, ગુરુ અને શુક્ર એક રાશિમાં હોય તો તેજી થાય છે. બુધ, શુક્ર અને સૂર્ય એક રાશિમાં હોય તો બધા ધાન્યમાં તેજી આવે અને થોડો વરસાદ થાય.
- સૂર્ય, શુક્ર અને મંગળ એક રાશિમાં હોય તો ઘી, તેલ, મસૂર, અનાજ વગેરે મોંઘા થાય.
- ગુરુ, શુક્ર, શનિ અને રાહુ એક રાશિમાં રહેવાથી વરસાદ નથી થતો અને અનાજ મોંઘુ થાય છે.
- સૂર્ય, બુધ, ગુરુ, શનિ અને રાહુ જો એક રાશિમાં હોય તો સુકાળ થાય.
- સૂર્ય મિથુનમાં અને રાહુ કન્યામાં હોય તો બધા ધાન મોંઘા થાય છે. શુક્ર, શનિ, મંગળ અને ગુરુનો યોગ એક રાશિમાં હોય તો અતિવૃષ્ટિ અને દુષ્કાળ થાય છે.
- શુક્ર, શનિ, મંગળ, ગુરુ અને બુધ એક રાશિમાં હોય તો યુધ્ધ, પ્રજામાં ભય, અનાજ તેમજ ધાતુઓ મોંઘી થાય તથા ધાતુમાં તેજી આવે.
- સૂર્ય, મંગળ અને શુક્ર જો એક નક્ષત્રમાં હોય તો ઘી, તેલ, અનાજમાં તેજી આવે.
- શનિ, રાહુ એક રાશિમાં હોય તો બધા ધાન્ય મોંઘા થાય છે. સૂર્ય અને શુક્રની વચમાં બુધ હોય તો અન્નમાં તેજી આવે છે.

- ગુરુ, સૂર્ય, શુક્ર, શનિ અને મંગળ એક રાશિમાં હોય તો રાજપીડા, અન્નમાં તેજી અને પ્રજામાં ભય રહે છે.
- સૂર્ય, ચંદ્ર, શુક્ર, ગુરુ અને બુધ આ પાંચ ગ્રહ જો એક રાશિમાં હોય તો વરસાદ થાય અને તેજી થાય. નૈઋત્યકોણમાં પ્રજાને પીડા થાય.
- મીન રાશિમાં ચંદ્ર, શુક્ર, ગુરુ અને બુધ આ પાંચ ગ્રહ જો એક રાશિમાં હોય તો વરસાદ થાય અને તેજી થાય.
- ગુરુ સાથે વક્રી શનિ હોય તો નવમા મહિનામાં ઘઉં, તલ અને તેલ મોંઘા થાય છે.
- શનિ મૂળ નક્ષત્રમાં હોય, બુધ સ્વાતિ નક્ષત્રમાં હોય અને ચંદ્ર મઘા નક્ષત્રમાં હોય તો ધાન્યનો સંગ્રહ કરવાથી લાભ થાય છે.
- શનિ જ્યારે આર્દ્રા નક્ષત્રમાં જાય ત્યારે ધાન્યનો સંગ્રહ કરવાથી બીજા મહિનામાં બેગણો લાભ થાય છે.
- શનિ મૂળ નક્ષત્રમાં હોય અને બુધ સ્વાતિ નક્ષત્રમાં હોય તો ધાન્યનો સંગ્રહ કરવો જોઈએ.
- રાહુ જ્યારે મકર રાશિમાં જાય ત્યારે કાંસું જેવી ધાતુનો સંગ્રહ કરવાથી ત્રણ મહિના પછી ચારગણો લાભ થાય છે.
- રાહુ પાપગ્રહ સાથે જ્યારે કુંભ રાશિમાં હોય ત્યારે ઘઉં અને અનાજનો સંગ્રહ કરવાથી છ મહિનામાં ચારગણો લાભ થાય છે.
- રાહુ જ્યારે મીન રાશિમાં જાય ત્યારે ધાન્યનો સંગ્રહ કરવો જોઈએ. કેમ કે તે વર્ષ દુઃષ્કાળ હોવાથી ધાન્યનો ભાવ વધારે થશે.

- સૂર્ય, ચંદ્ર, ગુરુ જો એક રાશિમાં હોય તો ઉત્તરની તરફ પ્રજામાં ભય અને અનાજ તથા વસ્ત્રનો સંગ્રહ કરવાથી સાત માસમાં લાભ થાય.
- મંગળ, ગુરુ અને શુક્ર જ્યારે એક નક્ષત્રમાં હોય ત્યારે સુકાળ હોય અને અન્ન સંગ્રહ કરવાથી ચોથા માસમાં પૂર્ણ લાભ થાય છે.
- ચૈત્ર માસમાં ગુરુ, શુક્ર જો એક રાશિમાં હોય તો તલ, તેલ, ઘી અને અનાજનો સંગ્રહથી લાભ થાય છે.
- ચૈત્ર વદ પાંચમ બુધવારે જો મંગળવક્રી હોય તો તેલ, ઘી અને ઘઉંમાં તેજી આવે છે.
- ચૈત્ર સુદ સાતમે જો વાદળ હોય અને પવન જોરથી ફૂંકાતો હોય તો ઘઉંનો સંગ્રહ કરવાથી શ્રાવણ માસમાં ત્રણ ગણો લાભ થાય છે.
- વૈશાખ વદ સાતમે શનિવાર હોય અને ભરણી વગેરે ચાર નક્ષત્રોમાંથી કોઈ નક્ષત્રમાં મંગળ હોય તો કાંસુ, સોપારી, પીપર, તાંબુ, નાળિયેર અને લાલ વસ્ત્ર મોંઘા થાય છે.
- વૈશાખની તેરસ જો રવિવાર કે મંગળવારે આવે તો ગંઠોડા, સાકરમાં તેજી થાય. સિંધાલૂણ અને લાલ કપડામાં તેજી થાય.
- વૈશાખ સુદ પાંચમે જો વાદળ થાય, ગર્જના થતી હોય કે વરસાદ થાય તો અનાજનો સંગ્રહ કરીને ભાદરવા મહિનામાં વેચવાથી લાભ થાય.
- જેઠ સુદ સાતમે જો વાદળ ગરજે કે વરસાદ આવે તેવું આકાશ હોય કે દક્ષિણ બાજુનો પવન હોય તો તલનો સંગ્રહ કરી કારતકમાં વેચવાથી લાભ થાય છે.

- અષાઢ સુદ પાંચમે જો પશ્ચિમ બાજુનો પવન હોય કે ઇન્દ્ર ધનુષ દેખાય કે વરસાદ આવે તો ધાન્યનો સંગ્રહ કરી કારતક માસમાં વેચવાથી લાભ થાય છે.
- ભાદરવા વદ આઠમે જો રોહિણી નક્ષત્ર અને શનિવાર, શુક્રવાર કે રવિવાર હોય તો ઘઉં, હળદર, જીરું, પારો, સીસું, કસ્તૂરી, તલ, તેલ, ગોળ અને હિંગમાં તેજી આવે છે.
- ભાદરવા સુદ આઠમે મૂળ નક્ષત્ર અને સોમવાર કે રવિવાર હોય તો પાંચમા મહિનામાં શણ વિગેરેમાં તેજી આવે છે.
- શનિ અને રાહુ જો સાથે હોય તો તેલ અને શણમાં તેજી આવે છે.
- કારતક સુદ એકમનાં જો સૂર્યની રાશિમાં મંગળ હોય તો તેલ અને તલ મોંઘા થાય છે.
- કારતકમાં જો ગ્રહણ હોય અને વાદળ ગર્જના કરે તો ધાન્યનો સંગ્રહ કરવાથી લાભ થાય છે.
- ગ્રહણ ન હોય તો ચોથ કે અમાસે વાદળછાયું હોય તો અનાજ મોંઘુ થાય.
- પોષ વદ પાંચમે મંગળવાર હોવાથી અળશી, ઘી અને મજીઠ મોંઘા થાય છે.
- પોષમાં સૂર્યની સંક્રાંતિ રવિવારે હોય તો ધાન્ય બે ગણું, શનિમાં ત્રણ ગણું અને મંગળમાં ચાર ગણું મૂલ્ય થાય. બુધ-શુક્રમાં મધ્યમ અને ચંદ્ર-ગુરુમાં હોતાં અડધું મૂલ્ય થાય છે.
- પોષની અમાસ શનિ, રવિ કે મંગળવારે હોય તો ભય થાય અને ધાન્યમાં તેજી આવે.

- મહા સુદ એકમને દિવસે જો વાદળા વગર પવન ફૂંકાય તો તેલ અને સુગંધીત દ્રવ્યમાં તેજી આવે છે.
- મહા મહિનાની અમાસમાં વાદળા થાય તો ભાદરવામાં વરસાદ થાય છે. પૂનમે વાદળા થાય તો છઠ્ઠા મહિનામાં ધાન્ય મોંઘુ થાય છે.
- મહા મહિનાની પાંચમે શુક્ર, શનિવારે છઠ્ઠ અને સોમવારે સાતમ હોય તો ખેતીમાં વૃદ્ધિ થાય છે. જો આ યોગ ન હોય તો ઘઉં, ચોખા અને મગમાં ભાદરવા મહિનામાં તેજી આવે છે.
- ફાગણમાં શનિ-મંગળ વક્રી હોય કે મહામાસની ૧,૨,૩ આ તિથિઓમાં વક્રી હોય તો ધાન્યનો સંગ્રહ કરવો જોઈએ. ફાગણમાં ગુરુ અસ્તનો થાય કે વક્રી થાય અથવા શનિ વક્રી થાય તો અનાજમાં તેજી આવે. જો ફાગણમાં શુક્ર અસ્ત થાય તો ધાન્ય મોંઘુ થાય.

## ગ્રહોના નંગના અંગ્રેજી નામ

| | | |
|---|---|---|
| પ્રવાલ | - | Correl |
| હીરો | - | Diamond |
| પન્ના | - | Emerald |
| મોતી | - | Pearl |
| માણેક | - | Ruby |
| પોખરાજ | - | Topaz |
| નિલમ | - | Sapphire |

## રાશિઓના અંગ્રેજી નામ....

| | | | |
|---|---|---|---|
| મેષ | - | Aries | એરિસ |
| વૃષભ | - | Taurus | ટોરસ |
| મિથુન | - | Gemini | જેમિની |
| કર્ક | - | Cancer | કેન્સર |
| સિંહ | - | Leo | લીઓ |
| કન્યા | - | Virgo | વર્ગો |
| તુલા | - | Libra | લીબ્રા |
| વૃશ્ચિક | - | Scorpio | સ્કોરપીયો |
| ધન | - | Sagittarius | સેજીટેરિયસ |
| મકર | - | Capricorn | કેપ્રિકોન |
| કુંભ | - | Aquarius | એક્વેરીયસ |
| મીન | - | Pisces | પીસીસ |

## ગ્રહોના અંગ્રેજી નામ....

| | | | | |
|---|---|---|---|---|
| Ascndant | – | ASC. | – | લગ્ન |
| Sun | – | SUN. | – | સૂર્ય |
| Moon | – | MON. | – | ચંદ્ર |

| | | | | |
|---|---|---|---|---|
| Mars | – | MAR. | – | મંગળ |
| Mercury | – | MER. | – | બુધ |
| Jupiter | – | JUP. | – | ગુરુ |
| Venus | – | VEN. | – | શુક્ર |
| Saturn | – | SAT. | – | શનિ |
| Asc. Cods | – | RAH. | – | રાહુ |
| Des. Mode | – | KET. | – | કેતુ |

❋ **લગ્ન શોધવાની એક અપૂર્વ રીત...**

કોઈપણ જાતકની જન્મકુંડળી બનાવતાં પહેલાં તેનું લગ્ન શોધવાનું હોય છે. અને તેની સરળ રીત નીચે પ્રમાણે છે.

(૧) જાતકની જન્મ તારીખ અને સમય જાણી લેવાં.

(૨) પ્રથમ જન્મ તારીખને ૪ થી ગુણવી.

(૩) જન્મ સમયને મિનિટમાં રૂપાંતર કરવું.

(૪) જન્મ માસમાં ધ્રુવાંક ઉમેરવો..

(૫) જન્મ માસમાં ધ્રુવાંક ઉમેર્યા બાદ જો સરવાળો ૧૪૪૦ કરતાં વધે તો કુલ સરવાળા માંથી ૧૪૪૦ બાદ કરી રાશિ ધ્રુવાંકના કોષ્ટકમાં જોવું. જે આંક આવે તે પ્રમાણે લગ્ન નક્કી કરવું.

| રાશિ | માસ | રાશિધ્રુવાંક | માસ ધ્રુવાંક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૭૭ - ૧૮૧ | ૭૨૬ |
| ૨ | ૨ | ૧૮૨ - ૩૦૨ | ૮૫૦ |
| ૩ | ૩ | ૩૦૩ - ૪૩૪ | ૯૯૬ |
| ૪ | ૪ | ૪૩૫ - ૫૬૬ | ૧૦૮૬ |
| ૫ | ૫ | ૫૬૭ - ૬૯૧ | ૧૨૦૮ |
| ૬ | ૬ | ૬૯૨ - ૮૧૮ | ૧૩૨૬ |
| ૭ | ૭ | ૮૧૯ - ૯૪૯ | ૬ |
| ૮ | ૮ | ૯૫૦ - ૧૦૮૩ | ૧૨૬ |
| ૯ | ૯ | ૧૦૮૪ - ૧૨૦૮ | ૨૫૦ |
| ૧૦ | ૧૦ | ૧૨૦૯ - ૧૩૧૯ | ૩૬૬ |
| ૧૧ | ૧૧ | ૧૩૨૦ - ૧૪૧૯ | ૪૯૧ |
| ૧૨ | ૧૨ | ૧૪૨૦ - ૧૪૪૦ | ૬૦૪ |
| | | ૧ - ૭૬ | |

**ઉદાહરણ :**

જન્મ તારીખ : ૨૯/૦૧/૧૯૯૦

સમય સાંજે → ૭:૪૫ (૧૯:૪૫) કલાકે

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ જન્મ તારીખ | → | ૨૯ × ૪ | = | ૧૧૬ |
| જન્મ સમય : | | | | |
| કલાક | → | ૧૯ × ૬૦ મિ. | = | ૧૧૪૦ |
| મિનિટ | → | ૪૫ | = | ૪૫ |
| જન્મ માસ ૧નો ધ્રુવાંક | → | | | ૭૨૬ |
| | | | | ૨૦૨૭ |

| | | |
|---|---|---|
| ૧૪૪૦ થી વધુ હોવાથી | | ૨૦૨૭ |
| ૧૪૪૦ બાદ કરતા | – | ૧૪૪૦ |
| | | ૫૮૭ |

હવે, ૫૮૭ના રાશિ ધ્રુવાંકના કોઠામાં જુઓ

એટલે ૫ નંબરના ૫૮૭ આવે છે.

માટે ૫ આંક સિંહ રાશિનું લગ્ન થયું એમ કહેવાય...

## જ્યોતિષ વિદ્યાનાં કુલ ૮ વિભાગ પડે છે

**✻ અષ્ટાંગ નિમિત્ત :**

(૧) **અંગવિદ્યા :** પુરુષનું જમણું અંગ ફરકે અને સ્ત્રીઓનું ડાબું અંગ ફરકે તો સારું ઇત્યાદિ જેમાં અંગ ફરકવા વગેરેનો વિચાર કરવામાં આવે છે.

(૨) **સ્વપ્નવિદ્યા :** જેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠા સ્વપ્નોનો વિચાર હોય તે.

(૩) **સ્વરવિદ્યા :** જેમાં ગરુડ, ઘુવડ, કાગડો, કાંચીડો, ગરોડી, દુર્ગા, ભૈરવ, શિયાળ વગેરેનાં સ્વરથી થતાં શુભાશુભ ફળનો વિચાર હોય તે.

(૪) **ભૌમવિદ્યા :** જેમાં ધરતીકંપ વગેરેનું જ્ઞાન હોય.

(૫) **વ્યંજનવિદ્યા :** જેમાં મસ, તલ વગેરેનો વિચાર હોય તે.

(૬) **લક્ષણવિદ્યા :** જે સામુદ્રિક શાસ્ત્રોમાં હાથ-પગની રેખા વગેરે જોવાનો વિચારો દર્શાવ્યા છે તે.

(૭) **ઉત્પાતવિદ્યા :** જેમાં ઉલ્કાપાત વગેરે ઉત્પાતનાં ફળ બતાવ્યા હોય તે જેમ કે ઉલ્કાપાત થાય તો પ્રજાને પીડા થાય અતિશય તોફાની પવન થાય તો રાજા મરણ પામે, ધૂળનો વરસાદ થાય તો દુષ્કાળ પડે ઇત્યાદિ ઉત્પાતનાં ફળ જેમાં જણાવ્યા હોય તે ઉત્પાતવિદ્યા કહેવાય.

(૮) **અંતરિક્ષવિદ્યા :** જેમાં ગ્રહોનાં ઉદય અને અસ્ત વગેરેનો વિચાર હોય તે.

## સ્વર જ્ઞાન

- દિવસ દરમ્યાન અને રાત્રિ દરમ્યાન શ્વાસ ચાલ્યા કરે છે. તે પ્રમાણે રોજ સૂર્યોદય વખતે શ્વાસ ચાલે છે જો સૂર્યોદય વખતે ચંદ્રનાડી ચાલે તો કલાક પછી સૂર્ય નાડી એમ કલાક પછી ચંદ્રનાડી ચાલ્યા કરે છે અને જો સૂર્યોદય વખતે સૂર્યનાડી હોય તો કલાક પછી ચંદ્ર નાડી એમ વારાફરતી ચાલે છે.

- સુદ-૧, ૨, ૩ → ચંદ્રનાડી સૂર્યોદય વખતે શ્રેષ્ઠ ગણાય
  સુદ-૪, ૫, ૬ → સૂર્યનાડી સૂર્યોદય વખતે શ્રેષ્ઠ ગણાય
  સુદ-૭, ૮, ૯ → ચંદ્રનાડી સૂર્યોદય વખતે શ્રેષ્ઠ ગણાય
  સુદ-૧૦, ૧૧, ૧૨ → સૂર્યનાડી સૂર્યોદય વખતે શ્રેષ્ઠ ગણાય
  સુદ-૧૩, ૧૪, ૧૫ → ચંદ્રનાડી સૂર્યોદય વખતે શ્રેષ્ઠ ગણાય

  આમ, વદ પક્ષમાં વિપરીત સમજવું.

## ❋ સ્વર પ્રમાણે દિશાજ્ઞાન :

- જો કોઈ મોટો માણસ કે ગુરુ દ્વારા પોતાનું કાર્યસિધ્ધ કરાવવાની ઈચ્છા હોય તો પોતાનો શ્વાસ જે બાજુ ચાલતો હોય તે બાજુ પર તેઓ રહે તે રીતે બેસવું જોઈએ આમ, કરવાથી ધાર્યા પ્રમાણે સફળતા મળે છે.
- જો કોઈ વ્યક્તિ પાસેથી તમે તમારી ઇચ્છિત વસ્તુ માંગવા ઈચ્છતા હોવ તો તે વ્યક્તિને પણ તમારા જે નાકમાંથી શ્વાસ ચાલતો હોય તે તરફ રાખવો જોઈએ તો તરત જ કાર્ય સફળ થાય છે. તેમાં કોઈ શંકા નથી.
- જ્યારે પોતાનાં દુશ્મન અથવા ચોરની સાથે કામ પાર પાડવાનું હોય ત્યારે જે નાકમાંથી શ્વાસ ચાલતો હોય તેનાથી અવળી દિશામાં તે વ્યક્તિને રાખવી જોઈએ.
- જો પોતાને દુઃખ આપનાર, ઉપાધિમાં મૂકનાર કોઈ વ્યક્તિનો મેળાપ થાય અથવા પોતાનો લેણદાર મળે તો તેવા સમયે જે બાજુનાં નાકમાંથી શ્વાસ ચાલતો હોય તેના કરતાં ઊલટી દિશામાં તે વ્યક્તિને રાખવી જોઈએ કારણ કે એ પ્રમાણે કરવાથી સામે વાળાની શક્તિ નાશ પામે છે.
- ડાબી નાડી = દરેક કાર્ય સફળ બનાવનારી = ચંદ્રનાડી
- જમણી નાડી = કાર્યનો નાશ કરનારી = સૂર્યનાડી
- સુષુમ્ણાનાડી = કાર્યનાં બંધનોથી મુક્ત કરી મોક્ષ આપનાર

## ❋ સ્વર પ્રમાણે કાર્યજ્ઞાન :

- જે માણસ મુસાફરી કરવા ઈચ્છતા હોય અથવા કોઈ ગામમાં કે નગરમાં પ્રવેશ કરવા ઇચ્છતો હોય તો તે માટે ડાબી નાડી શ્રેષ્ઠ ગણાય છે.

- પોતાના સંબંધીને મળવું હોય, સુખ-શાંતિ માટેનાં કામ કરવા હોય, નવીન કપડાં પહેરવા હોય તો ડાબી નાડી સારી ગણાય.
- ખેતરમાં અનાજની વાવણી કરતી વખતે, નવીન ઘરમાં પ્રવેશ કરતી વખતે, મોટા માણસની મુલાકાત વખતે ડાબી નાડી સારી ગણાય.
- મંત્રની સાધનાનો આરંભ કરવામાં, વેપાર રોજગાર કરવામાં, માંદગીમાં દવા-દારૂ કરવામાં, સ્ત્રી સાથે ભોગવિલાસનાં સમયે, લડાઈ ઝઘડામાં, ગુરુની પાસે દીક્ષા લેવી હોય, મોટા પુરુષોની કે દેવની સેવા ચાકરી કરવી હોય કે ભૂતપ્રેતની સાધના કરવી હોય તો જમણી નાડી શ્રેષ્ઠ ગણાય...
- જે દિવસે રાત અને દિવસ સરખા હોય અને તે દિવસે આંખો ફરકે તો ૨૪ કલાકમાં મૃત્યુ થાય (વાયુ કે વિકારનાં હિસાબ વિના આંખો ફરકે તો...)
- છીંક હંમેશાં જમણી બાજુ ખાવી.
- પાંચ વાર નાડી ચાલી ગયા બાદ નાક બંધ થઈ જાય અને મોઢામાંથી શ્વાસ લેવાનું શરૂ થાય તો ભયંકર ઉપાધિ આવે છે.
- માગશર સુદ-૧ થી પાંચ દિન સુધી આખો દિવસ એક જ સ્વર ચાલે તો તેનું ૧૮ વર્ષનું આયુષ્ય સમજવું.
- આસો સુદ-૧ થી પાંચ દિન સુધી સળંગ એકજ સ્વર ચાલે તો ૧૫ વર્ષનું આયુષ્ય સમજવું.
- જેઠ સુદ-૧ થી ૧૦ દિન સુધી સળંગ એક જ સ્વર ચાલે તો ૯ વર્ષનું આયુષ્ય સમજવું.
- શ્રાવણ સુદ-૧ થી ૫ દિન સુધી સળંગ એક જ સ્વર ચાલે તો ૧૨ વર્ષનું આયુષ્ય સમજવું.

- મહા સુદ-૧ થી ૫ દિન સુધી સળંગ એક જ સ્વર ચાલે તો ૩ વર્ષનું આયુષ્ય સમજવું.
- જે મનુષ્યને બન્ને નાડી વારાફરતી ચાલે તો તેને લીલાલહેર થાય છે આનંદ-આનંદ સર્જાય છે.
- જે વ્યક્તિને ત્રણેય નાડી એક સાથે ચાલે છે એવો ભાસ થાય તો તે વ્યક્તિ ૬ કલાકમાં મરણ પામે.
- ચંદ્ર નાડી એક માસ સુધી સળંગ ચાલ્યા કરે તો તેમાં ધનનો નાશ થઈ જાય.
- ત્રણ દિવસ અને ત્રણ રાત ચંદ્ર સ્વર ચાલ્યા કરે તો સમજવું કે ભયંકર રોગ થવાનો છે.
- ૧ માસ સુધી સતત સૂર્ય સ્વર ચાલે તો ૨૪ કલાકમાં મરણ થાય.
- ૩ દિવસ અને ૩ રાત સતત સૂર્યનાડી ચાલ્યા કરે તો તેનું મરણ ૧ વર્ષમાં થાય છે.
- ૨ દિવસ અને ૨ રાત્રિ સતત સૂર્યનાડી ચાલ્યા કરે તો તેનું ૨ વર્ષનું આયુષ્ય સમજવું.
- ૨૪ કલાક સતત સૂર્ય સ્વર ચાલ્યા કરે તો ૩ વર્ષમાં મરણ આવે.
- સુદમાં જે સ્વર ચાલવો જોઈએ તે વદમાં અને વદમાં ચાલવો જોઈએ તે સુદમાં ચાલે આમ નિયમ વિરુદ્ધ સ્વર દોઢ માસ સુધી ચાલે તો ૬ માસનું આયુષ્ય સમજવું.
- સૂર્યની જગ્યાએ ચંદ્ર અને ચંદ્રની જગ્યાએ સૂર્યનાડી ૧ માસ સુધી ચાલે તો મિત્ર અને ભાઈબંધુને કલેશ, તકલીફ વગેરે આવે.
- વિપરીત શ્વાસોચ્છ્વાસ ૧૫ દિવસ સુધી આવે તો ભય અને રોગ આવે છે.

- વિપરીત સ્વર ૨ થી ૪ દિન સુધી ચાલે તો ક્લેશ, કંકાશ અને ખોટી ઉપાધીઓ આવે.
- મેષ, કર્ક, મકર અને તુલા એ સૂર્ય સ્વરની રાશિ છે. અને ચર કાર્યમાં શ્રેષ્ઠ છે.
- વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ અને ચંદ્ર સ્વરની રાશિ છે અને સ્થિર કાર્યમાં શ્રેષ્ઠ છે.
- મિથુન, કન્યા, ધન અને મીનએ સુષુમ્ણા નાડીની રાશિ છે. અને બંને સ્વભાવવાળી છે. આમાં કાર્યો કરવાથી હાની થાય છે.

ઉપરની બારે રાશિઓથી બારે મહિનાઓ પણ જાણી લેવા અથવા ઉપર લખેલ જે સંક્રાંતિ લાગે તે જ ચંદ્ર, સૂર્ય અને સુષુમ્ણાના મહિના સમજવા.

## સ્વપ્ન વિષયક

* સ્વપ્ન નવ પ્રકારનાં હોય છે.

(૧) અનુભવથી આવેલું સ્વપ્ન. (૨) સાંભળેલું સ્વપ્ન.

(૩) પ્રકૃતિનાં વિકાર (વાત, પિત્ત, કફ)થી આવતું સ્વપ્ન.

(૪) જાગતા દેખેલ વસ્તુ સ્વપ્નમાં દેખાય.

(૫) સહજ સ્વભાવથી આવતું સ્વપ્ન.

(૬) ચિંતા - વિચારોથી આવતું સ્વપ્ન.

- **ઉપરનાં ૬ સ્વપ્ન નિષ્ફળ ગણવા. તેઓ આપણને ફળ ન આપે.**

(૭) દેવનાં પ્રભાવ અને દેવીનાં પણ પ્રભાવથી આવતું સ્વપ્ન કદી પણ નિષ્ફળ જતું નથી. તે ફળે છે.

(૮) પાપનાં ઉદયથી આવતાં સ્વપ્નો કદી નિષ્ફળ જતાં નથી તે ફળે છે.

(૯) ધર્મનાં પ્રભાવથી આવતાં સ્વપ્નો કદી નિષ્ફળ જતાં નથી.

- પોતાના માટે આવેલું સ્વપ્ન પોતાને જ ફળે છે. પરંતુ જો સ્વપ્ન બીજા માટે દેખ્યું હોય તો તે સારું કે ખરાબ ફળ બીજાને મળે છે.
- સારું સ્વપ્ન આવ્યા પછી આપણે જાગી જવું જોઈએ. જો આપણે ઊંઘી જઈએ તો ફળ ન મળે. (સ્વપ્નનું ફળ ધોવાઈ જાય)
- આપણને સારું સ્વપ્ન આવ્યા બાદ ખરાબ સ્વપ્ન આવે તો ખરાબનું ફળ મળે અને ખરાબ બાદ સારું આવે તો સારું ફળ મળે છે.
- **પ્રથમ પ્રહરમાં આવેલું સ્વપ્ન :** બાર મહિને ફળે.
  **બીજા પ્રહરમાં આવેલું સ્વપ્ન :** છ મહિને ફળે.
  **ત્રીજા પ્રહરમાં આવેલું સ્વપ્ન :** ત્રણ મહિને ફળે.
  **ચોથા પ્રહરમાં આવેલું સ્વપ્ન :** એક મહિને ફળે.
- રાત્રિમાં પણ સૂર્યોદય પહેલાંની બે ઘડીમાં આવેલું સ્વપ્ન ફક્ત ૧૦ દિવસમાં ફળે.
- જો દિવસે સ્વપ્ન આવે તો સ્વપ્ન નિષ્ફળ સમજવું.

## સારું સ્વપ્ન કોને કહેવું ?

- સારું સ્વપ્ન ગુરુ મહારાજ / બ્રાહ્મણ / સ્વજનને કહેવું અથવા ગાય કે વાછરડાની જોડે જઈને સંભળાવવું.
- સ્વપ્ન વ્યક્તિને તેનાં સંતોષ તથા લાયકાત મુજબ ફળે છે.

- ખરાબ સ્વપ્ન આપણને આવે તો કોઈને કહેવું નહિ. આપણને ખરાબ સ્વપ્ન આવે તો તુરંત જ સૂઈ જવું.
- સ્વપ્નમાં હસવું / નાચવું એ સારું સ્વપ્ન ગણાય નહિ. અને રડવાનાં દિવસો આવે.
- સ્વપ્નો કુલ ૪૨ છે તેમાંથી ૩૦ ઉત્તમ અને ૩૦ માંથી ૧૪ ઉત્તમમાં પણ ઉત્તમ છે.

## વિવિધ સ્વપ્નના ફળાદેશ

શાસ્ત્રમાં દરેક જાતનાં સ્વપ્નનું ફળ દર્શાવવામાં આવેલ છે. જે દ્વારા મનુષ્ય આવનારી ઘટનાનું દર્શન પહેલેથી જ કરી શકે છે.

અહીં થોડાક સ્વપ્નો તેના ફળ સાથે દર્શાવીએ છીએ.

(૧) **અંગૂઠો જોવો** : ધન પ્રાપ્તિ અને શુભ સમાચાર પ્રાપ્ત થવાનો સંકેત.

(૨) **વિવાહિત સ્ત્રી દ્વારા પોતાનો અંગૂઠો જોવો** : સંતાન પ્રાપ્તિનો પૂર્વ સંકેત.

(૩) **વેપારી દ્વારા અંગૂઠો જોવો** : વ્યાપારમાં લાભ થવાનો પૂર્વ સંકેત.

(૪) **ઘસાયેલ અથવા કપાયેલ અંગૂઠો જોવા** : મુશ્કેલી આવવાનો પૂર્વ સંકેત.

(૫) **ચોર-ડાકુ દ્વારા પોતાનો કપાયેલ અંગૂઠો જોવો** : પકડાઈ જવાથી દંડીત અને મુશ્કેલી ગ્રસ્ત હોવાનો પૂર્વ સંકેત.

(૬) **રોગી પોતાનો અંગૂઠો જોવે** : ડૉક્ટરી સહાય ન મળવાથી લાંબો સમય રોગગ્રસ્ત રહેવાનો પૂર્વ સંકેત.

(૭) **રંગેલો અંગૂઠો જોવો :** જોવા વાળાને કર્જો લેવો પડે. પોલીસ કેસ થવાનો ભય.

(૮) **પોતાની જાતને અંગ વિચ્છેદ કરતા જોવું :** ભરોસાલાયક અથવા સલાહકાર મિત્રનાં મૃત્યુનું સંકેત.

(૯) **કમળ જોવું :** શુભ સમયનો પૂર્વ સંકેત.

(૧૦) **અવિવાહિત છોકરા-છોકરી દ્વારા કમળ જોવું :** પ્રેમ વિવાહ પૂર્વનો સંકેત.

(૧૧) **વિવાહીત સ્ત્રી દ્વારા ખિલેલું કમળ જોવું :** સુંદર પુત્ર પ્રાપ્ત થવાનો સંકેત.

(૧૨) **પોતાના હાથમાં કમળ જોવું :** ધન સમૃદ્ધિ વધવાનો સંકેત.

(૧૩) **કોઈ અપરિચિત દ્વારા કમળ ભેટમાં દેવું :** મિત્ર દ્વારા વિપુલ લાભ થવાનો સંકેત.

(૧૪) **કંબલનો ઉપયોગ કરતા જોવું :** આનંદિત જીવનનો પૂર્વ સંકેત.

(૧૫) **કંબલ ખરીદવા :** શીઘ્ર વિવાહ થવાનો સંકેત.

(૧૬) **ફાટેલા-ધાબળાને ઉપયોગ કરતા જોવું :** જલ્દીથી વિધુર થવાનો સંકેત.

(૧૭) **સ્ત્રી દ્વારા ફાટેલા ધાબળાનો ઉપયોગ કરતાં જોવું :** શીઘ્ર વિધવા થવાનો સંકેત.

(૧૮) **પોતાની જાતને ધાબાળાની ગાંઠ ઉપર બેઠેલા જોવું :** ઉચ્ચપદ, વિપુલ ધન, પ્રસિદ્ધિ મળવાનો પૂર્વ સંકેત.

(૧૯) **પોતાનો ધાબળો ચોરી થતો જોવો :** નોકરી છૂટવાનો પૂર્વ સંકેત.

(૨૦) **કસ્તૂરી જોવી :** સમૃદ્ધિ સૂચક સંકેત.

(૨૧) **કસ્તૂરી લગાડી સૂંઘતા જોવું :** દીર્ઘાયુ અને સ્વસ્થતાનું પ્રતિક.

(૨૨) **કસ્તૂરી માટે મૃગને મારતા જોવું :** આર્થિક ઉપાર્જન બંધ થવાનો સંકેત.

(૨૩) **કોઈ સ્ત્રી દ્વારા કસ્તૂરી ભેટ કરવી :** સુંદર પત્ની તથા લાડકા પુત્રની સાથે આનંદમય જીવન વ્યતિત થવાનો સંકેત.

(૨૪) **કોઈ મિત્રને કસ્તૂરી ભેટ કરવી :** પદમાં ઉન્નતિ થવાનો સંકેત.

(૨૫) **કસ્તૂરી વેંચતા જોવું :** લંપટ-ધોખેબાજ મિત્રથી ધોખો થવાનો સંકેત.

(૨૬) **પોતાના કાન કપાયેલા જોવા :** મોટું સંકટ આવવાનો પૂર્વ સંકેત.

(૨૭) **બીજાનો કાન કપાતા જોવું :** પરિશ્રમ કરવાનો પૂર્વ સંકેત.

(૨૮) **પોતાને પોતાનો અથવા બીજા દ્વારા પોતાનો કાન સાફ કરતાં જોવું :** શુભ સમાચારનો પૂર્વ સંકેત.

(૨૯) **કોઈને પોતાનો કાન પકડતાં જોવું :** અપરાધનો દંડ મળવાની શક્યતા.

(૩૦) **કાન પર વાળ વાળો વ્યક્તિ જોવો :** ધન પ્રાપ્તિનો પૂર્વ સંકેત.

(૩૧) **ખાલી ઘડો જોવો :** ચિંતા, કષ્ટનો પૂર્વ સંકેત.

(૩૨) **પાણીથી ભરેલો ઘડો જોવો :** સમૃદ્ધિની વૃદ્ધિનો પૂર્વ સંકેત.

(૩૩) **દૂધથી ભરેલો ઘડો જોવા :** શારીરિક સ્વાસ્થ્ય લાભનો પૂર્વ સંકેત.

(૩૪) **લોખંડનો ઘડો જોવો :** રોજ કમાઈ રોજ ખાવાનો પૂર્વ સંકેત.

(૩૫) **રસાયણથી ભરેલો ઘડો જોવો :** બિમારીનો પૂર્વ સંકેત.

(૩૬) **નવો ઘડો જોવો :** પ્રસિદ્ધિ મળવાનો પૂર્વ સંકેત.

(૩૭) **માથા પર ઘડો રાખી ચાલતા જોવું :** આજીવિકા માટે પરિશ્રમનો સંકેત.

(૩૮) **ઘડો ભરાતો જોવો :** વેપારમાં પરિવર્તનનો સંકેત.

(૩૯) **ઘડો ખરીદતો જોવો :** પોતાના પરિવારની કોઈ કન્યાનો વિવાહનો પૂર્વ સંકેત.

(૪૦) **બીજાને ઘડો આપતા જોવું :** સંપત્તિનો કોઈ હિસ્સો બીજાને દેવાનો પૂર્વ સંકેત.

(૪૧) **સ્ત્રી દ્વારા મોટા ઘડાથી સ્નાન કરતાં જોવું :** પુત્ર પ્રાપ્તિનો સંકેત.

(૪૨) **ઘડિયાળ જોવી :** સંકટ પહેલાનો સંકેત.

(૪૩) **ગર્ભવતી દ્વારા ઘડિયાળ જોવી :** પ્રસવ દરમ્યાનનો પૂર્વ સંકેત.

(૪૪) **વ્યાપારી દ્વારા ઘડિયાળ જોવી :** વેપાર અર્થે રેલ યાત્રાનો પૂર્વ સંકેત.

(૪૫) **પોતાની કલાઈ પર ઘડિયાળ જોવી :** માર્ગમાં અનંત બાધાઓનો સંકેત.

(૪૬) **સ્ત્રી દ્વારા પોતાની કલાઈ પર ઘડિયાળ જોવી :** પરિવારમાં સ્ત્રીથી મોટો ઝઘડો થવાનો સંભવ.

(૪૭) **અચાનક ઘડિયાળ બંધ જોવી :** વિરોધીનો પરાજયનો સંકેત.

(૪૮) **બંધ ઘડિયાળ જોવી :** મૃત્યુના સમાચારનો પૂર્વ સંકેત.

(૪૯) **સોનાની વીટીં જોવી :** પ્રેમવૃદ્ધિ-વૈવાહિક સુખનો સંકેત.

(૫૦) **વિવાહિત પુરુષ દ્વારા વીંટી જોવી :** પ્રેમ પ્રકરણમાં સફળતા.

(૫૧) **વિવાહિત સ્ત્રી દ્વારા વીંટી જોવી :** પુત્ર રત્નની પ્રાપ્તિ.

(૫૨) **અવિવાહિત પુરુષ દ્વારા સોનાની વીંટી જોવી :** અપરિચિત પુરુષ દ્વારા વિપુલ પ્રેમ મળવાનો સંકેત.

(૫૩) **પ્રેમી દ્વારા સોનાની વીંટી જોવી :** પ્રેમીની મુલાકાત થવાનો સંકેત.

(૫૪) **પુરુષના હાથથી વીંટી ખોવાવી** : પત્નીથી ઝઘડાનો સંકેત.

(૫૫) **સ્ત્રીના હાથથી વીંટી ખોવાવી** : પતિનો વિરહ થવાનો સંકેત.

(૫૬) **સોનાની વીંટી મળવી** : અશુભ, હાની થવાનો સંકેત.

(૫૭) **વીંટી ખરીદવી** : પરિવારમાં મંગલ કાર્યનો પૂર્વ સંકેત.

(૫૮) **સોનાની વીંટી વેચતા જોવું** : પરદેશ યાત્રાનો પૂર્વ સંકેત.

(૫૯) **વેપારી દ્વારા સોનાની અંગૂઠી ખરીદતા જોવું** : વેપારમાં પ્રગતિનો સંકેત.

(૬૦) **કેદી દ્વારા વીંટી જોવી** : કેદમાંથી શીઘ્ર મુક્તિનો સંકેત.

(૬૧) **ચાંદીની વીંટી પહેરતાં જોવું** : બિમારીનો પૂર્વ સંકેત.

(૬૨) **કોઈપણ ધાતુની વીંટી પહેરતાં જોવું** : દરિદ્રતાનો પૂર્વ સંકેત.

(૬૩) **અનાનસ જોવું** : ધન પ્રાપ્તિનો પૂર્વ સંકેત

(૬૪) **વિવાહીત સ્ત્રી દ્વારા અનાનસ જોવું** : સુંદર પુત્ર રત્નની પ્રાપ્તિ.

(૬૫) **અવિવાહીત યુવક દ્વારા અનાનસ જોવું** : ખૂબસુરત પત્ની મળવાનો સંકેત.

(૬૬) **અનાનસ ખાતા જોવું** : સ્વાસ્થ્યમાં સુધારાનો સંકેત.

(૬૭) **વેપારી દ્વારા અનાનસ જોવું** : વેપારમાં લાભ થવાનો સંકેત.

(૬૮) **કોઈ વિવાદ વખતે અનાનસ જોવું** : ભારી દંડ મળવાનો પૂર્વ સંકેત.

(૬૯) **સ્વયંને અનાનસ ભેંટ મળતા જોવું** : પ્રસિદ્ધિ મળવાનો સંકેત.

(૭૦) **કાચું અનાનસ ખાવું** : અસાધ્ય બિમારીનો સંકેત.

(૭૧) **અનાનસ વેચવું** : ખરાબ સમયનો સંકેત.

(૭૨) **અનાનસ ફેંકતા જોવું** : મિત્રોથી દૂર થવાનો સંકેત.

(૭૩) **અપ્સરા જોવી :** બધા જ પ્રકારના સુખની પ્રાપ્તિનો સંકેત.

(૭૪) **અપ્સરા ક્રોધિત થતી જોવી :** ખરાબ દિવસોનો સંકેત.

(૭૫) **અભિનેત્રી જોવી :** શુભ યશદાયક સમયનો સંકેત.

(૭૬) **સ્વચ્છ આકાશ જોવું :** ધન નાશનો પૂર્વ સંકેત.

(૭૭) **આકાશમાં પોતાને ઉડતા જોવું :** ધન નાશનો પૂર્વ સંકેત.

(૭૮) **અંજીર જોવું :** સૌભાગ્યવર્ધક સમયનો સંકેત.

(૭૯) **નૌકામાં બેસતા જોવું :** શુભ ફળનો સંકેત.

(૮૦) **અખરોટ ભેગા કરતા પુરુષ જોવો :** સંકટ આવવાનો સંકેત.

(૮૧) **અજગરના પંજાથી છુટવું :** શત્રુ મુક્ત હોવાનો સંકેત.

(૮૨) **સ્ત્રી દ્વારા અજગર જોવો :** આ જન્મ પતિવ્રતા રહેવાનો સંકેત.

(૮૩) **પોતાની ઓફિસ જોવી :** ભાગ્ય વિનાશકનો સંકેત.

(૮૪) **અગરબત્તી જોવી :** વેપારમાં સફળતા પ્રાપ્તિનો અંક.

(૮૫) **આસન, સુવર્ણ, શૈયા, ગાડી, ઘર અને પોતાના શરીરને આગ લાગતી જોવી :** લક્ષ્મી કૃપાનો સંકેત.

(૮૬) **કુમારિકાને આભૂષણ પહેરતાં જોવી :** ઘરમાં વિવાહનો સંકેત.

(૮૭) **કુમારીકા દ્વારા પોતાનો સમય આળસમાં વિતાવતા જોવો :** ધનવાન અને મનપસંદ યુવક સાથે વિવાહ થવાનો સંભવ.

(૮૮) **ગુરુનાં દર્શન થવા :** શુભ સંકેત.

(૮૯) **કોઈને કપૂર દેતાં જોવું :** સંપત્તિના લાભનો સંકેત.

(૯૦) **કબૂતર જોવું** : શુભ ફળ મળવાનો સંકેત.

(૯૧) **ખભા પર સવારે કબૂતર જોવું** : ધન, ઐશ્વર્ય પ્રાપ્તિનો સંકેત.

(૯૨) **પિંજરામાં કેદ કબૂતર જોવું** : ગુપ્ત ખજાનો પ્રાપ્ત થવાનો સંકેત.

(૯૩) **સફેદ કાગળ જોવો** : સૌભાગ્ય સૂચક સંકેત.

(૯૪) લાલ કાગળ જોવો : સારા પરિણામનો પૂર્વ સંકેત.

(૯૫) **કાગળનાં ટૂકડા ભેગા કરતાં જોવું** : સુસ્થિતિ આવવાનો સંકેત.

(૯૬) **કોઈને કાગળના ટૂકડા દેતા જોવું** : વ્યાપારમાં અસફળતાનો સંકેત.

(૯૭) **કાગડો જોવો** : શત્રુથી સાવધાન રહેવાનો સંકેત.

(૯૮) **માથા પર કાગડાને બેસતો જોવો** : મૃત્યુ પૂર્વનો સંકેત.

(૯૯) **ઘણાં બધા કાગડા જોવા** : ચારે તરફથી અપયશ મળવાનો સંકેત.

## છીંક પ્રકરણ

◆ **ઘરમાંથી પ્રયાણ કરતી વખતે...**

- પાછળથી છીંક આવે તે એવું સૂચન કરે છે આગે બઢો, આગળ સફળતા મળશે માટે ૨૭ ડગલા સુધી પાછળ જોવું નહિ.
- આગળની છીંક (સામેથી છીંક) આવે તો "પાછા જાવ, પાછા જાવ" નિષ્ફળતા મળશે. એવું સૂચન કરે છે માટે પાછા જવું આગળ પ્રયાણ કરવું નહિ...

- ડાબી છીંક સારી ગણાય.
- જમણી છીંક ખરાબ ગણાય.
- ઉપરની છીંક ચડતીનું સૂચન કરે છે માટે તે સારી ગણાય.
- નીચેની (ભોયરા વગેરેની) છીંક પડતીનું સૂચન કરે છે માટે તે ખરાબ ગણાય છે.

◆ **ઘરમાં પાછા આવતી વખતે...**

- ઘરમાંથી પ્રયાણ કરતી વખતેનું જે પ્રમાણે છીંક પ્રકરણ છે તેનું વિપરીત સમજવું.

◆ **કોની છીંક ન ગણવી... ?**

- શરદીની છીંક ન ગણવી.
- ૫ વર્ષથી નીચેના બાળકો અને ૭૦ વર્ષથી ઉપરનાં વૃદ્ધની છીંક ન ગણવી.
- ઉપરા-ઉપરી વારંવાર છીંક આવે તે પણ ન ગણવી.
- વાતાવરણની છીંક ન ગણવી એટલે કે શાક નાં વઘારથી અને મરચાં ઉડ્યા હોય તેનાથી આવેલ છીંક પણ ન ગણવી.
- આપણે જતાં હોઈએ અને જો અપશુકન થાય તો પાછા આવી જવું અને નવકાર ગણી ફરી જવું અને ફરીથી અપશુકન થાય તો ફરીથી નવકાર ગણી ફરીથી જવું પરંતુ જો ત્રીજીવાર અપશુકન થાય તો ફરી જવાનો વિચાર ન કરવો.

# કુંડળીમાં બનતાં રાજયોગો અને તેના ફળાદેશ

**❋ ધનના યોગો :**

(૧) પહેલાનો સ્વામી પહેલાં, બીજા, પાંચમા, નવમા, દસમા, અગિયારમા સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૨) બીજાનો સ્વામી પહેલાં, બીજા, પાંચમા, નવમા, દસમા, અગિયારમા સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૩) પાંચમાનો સ્વામી, પહેલાં, બીજા, પાંચમા, નવમા, દસમા, અગિયારમા સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૪) નવમાનો સ્વામી પહેલાં, બીજા, પાંચમા, નવમા, દસમા, અગિયારમા સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૫) દસમાનો સ્વામી પહેલાં, બીજા, પાંચમા, નવમા, દસમા, અગિયારમા સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૬) અગિયારમાનો સ્વામી પ્પહેલાં, બીજા, પાંચમા, નવમા, દસમા, અગિયારમા સ્થાન પર હોય તો ધનવાન થાય.

**❋ રાશિ પરથી ગ્રહથી બનતા ધનના યોગો :**

(૧) મેષનો સૂર્ય, ચંદ્ર, મંગળ અને ગુરુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૨) કર્કનો સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા અને અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૩) સિંહનો સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા અને અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૪) વૃશ્ચિકનો સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા અને અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૫) ધનનો સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા અને અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૬) મીનનો સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૭) વૃષભનો ચંદ્ર શુક્ર, બુધ, શનિ, રાહુ, કેતુ - પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૮) મિથુનનો શુક્ર, બુધ, શનિ, રાહુ, કેતુ પહેલે, પાંચમે, નવમે, દસમે, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૯) કન્યાનો શુક્ર, બુધ, શનિ, રાહુ, કેતુ પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૧૦) તુલાનો શુક્ર, બુધ, શનિ, રાહુ, કેતુ પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૧૧) મકરનો શુક્ર, બુધ, શનિ, રાહુ, કેતુ પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

(૧૨) કુંભનો શુક્ર, બુધ, શનિ, રાહુ, કેતુ પહેલાં, પાંચમા, નવમા, દસમા, અગિયારમાં સ્થાન પર હોય તો ધનવાન થાય.

## રાજયોગો કેવી રીતે બને છે તથા તેનું ઉદાહરણ અને ફળાદેશ :

(૧) **અનફા રાજયોગ :** લગ્નથી કે ચંદ્રથી બારમે સૂર્ય, રાહુ, કેતુ સિવાય કોઈપણ ગ્રહ હોય તો અનફા રાજયોગ બને છે.

**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક વિદ્યાવાન, રાજયોગી, ધનવાન, કીર્તિવાન ઉપરાંત વાક્ચાતુર્ય અને વકૃત્વકળામાં હોશિયાર હોય છે. અનફાયોગ ચંદ્રથી બનતો રાજયોગ છે અને જાતકને કુંડળીમાં શુભફળો પ્રદાન કરે છે.

**અભિનેતા શ્રી મનોજકુમારની કુંડળી**



## (૨) સુનફા રાજયોગ :

લગ્નથી અથવા ચંદ્રથી બીજે (સૂર્ય, રાહુ, કેતુ સિવાય) કોઈપણ ગ્રહ હોય તો સુનફા રાજયોગ બને છે.

ડૉ. ખરેની કુંડળી




ફળાદેશ : આ યોગવાળા જાતકો સારું શરીર, શૈષ્ઠવ્ય, ચારે બાજુ પ્રસિદ્ધિ પામનાર, તેજસ્વી, બુધ્ધિવાન, ધનવાન અને ધૈર્યવાન તથા કલ્યાણકારી ભાવનાવાળા બને છે.

## (૩) દૂરધરા રાજયોગ :

લગ્નથી અથવા ચંદ્રથી બીજે અને બારમે (સૂર્ય, રાહુ, કેતુ સિવાય) કોઈપણ ગ્રહ હોય તો દૂરધરા રાજયોગ બને છે.

ડૉ. રાધાકૃષ્ણનૂ




ફળાદેશ : આ યોગવાળો જાતક રાજયોગ જેવા ફળો પ્રાપ્ત કરે છે. તે ધર્મવાન, સાત્વિક ભાતૃસુખયુક્ત, ભાગ્યશાળી, પોતાનાં પરાક્રમથી ધનપ્રાપ્ત કરનાર તથા રાજાને પ્રિય, જમીન-જાગીર સંપન્ન, દિવ્ય દ્રષ્ટિવાન બને છે.

(૪) **કેમદ્રુમ રાજયોગ :**

લગ્નથી અથવા ચંદ્રથી બીજે અને બારમે કોઈપણ ગ્રહ (સૂર્ય, રાહુ, કેતુ સિવાય) ન હોય તો કેમદ્રુમ રાજયોગ બને છે.




**ફળાદેશ :** આ યોગવાળા જાતકો ચિંતાતુર, નિર્ધન, ખાઉધરા, વિષયાચારી અને પલાયન વૃત્તિનાં હોય છે. ઘણીવાર આવા જાતકોને રાજદંડ જેવી સજા થાય છે અને સતત ભયભીત રહે છે. સારા કુળમાં જન્મેલા કેમદ્રુમયોગ વાળા જાતકો ઘણીવાર મજુરી કે ઘરઘાટી જેવા નીચા પ્રકારનાં કાર્યો કરનાર થાય છે. આવા જાતકો તેમની બધી પ્રવૃત્તિ ખોરાક અને વ્યભિચારને કેન્દ્રમાં રાખીને કરતા હોય છે.

(૫) **પાપ કર્તરી યોગ :** લગ્નથી અથવા ચંદ્રથી બીજે અને બારમે પાપગ્રહ (રવિ, મંગળ, શનિ, રાહુ, કેતુ) હોય તેને પાપ કર્તરી યોગ કહેવાય છે.

**પૃથ્વીરાજ ચૌહાણ**




**ફળાદેશ :** આ યોગવાળા જાતકો રાજદંડ, બંધન, તાડન, દારિદ્ર, અભક્ષ ખોરાક ખાનારા, વ્યભિચારી, ઘણીવાર દુરાગ્રહી કે હઠાગ્રહી જોવા મળે છે.

(૬) **શુભ કર્તરી યોગ :**

લગ્નથી અથવા ચંદ્રથી બીજે અને બારમે શુભગ્રહ (બુધ, ગુરુ, શુક્ર) પડ્યા હોય તો શુભ કર્તરી યોગ કહેવાય છે.

**શ્રી આદ્ય શંકરાચાર્ય**




**ફળાદેશ :** આ જાતક સુંદર મુખાકૃતિવાળો, દીર્ઘદ્રષ્ટિવાળો, સુંદર નેત્રવાળો, મિતભાષી, મૃદુભાષી, પ્રેમાળ, સુખસંપત્તિથી યુક્ત, ઐશ્વર્યવાન અને લાગણીશીલ હોય છે. ઘણીવાર મનમોજી, શુભ વસ્ત્રાલંકાર ધારણ કરવાવાળો હોય છે. આવા જાતકો સર્વ રીતે સુખી હોય છે.

(૭) **વેશીયોગ :** સૂર્યથી બીજે (ચંદ્ર, રાહુ, કેતુ સિવાય) કોઈપણ ગ્રહ હોય તો વેશીયોગ કહેવાય છે.

**ડૉ. જગદીશચંદ્ર બોઝ**




**ફળાદેશ :** આ જાતક ભાગ્યશાળી, સદ્‌ગુણી, વિવેકશીલ, સુપ્રસિદ્ધ અને ખ્યાતનામ ધરાવે છે. તેઓ હીરા, ઝવેરાત, સંપન્ન માનવમર્તબાવાળા અને લોકોમાં વિશેષ પ્રકારનો આદર ધરાવતા હોય છે.

### (૮) વોશી યોગ :

સૂર્યથી બારમે (ચંદ્ર, રાહુ, કેતુ સિવાય) કોઈ પણ ગ્રહ હોય તો વોશીયોગ કહેવાય છે.

**શ્રી આશુતોષ મુખરજી**




**ફળાદેશ :** આ જાતક ઉદારતા, રાજ્યમાન, સુખ સંપત્તિ યુક્ત, સદાય પ્રગતિકારક ભાગ્ય મેળવે છે. આવા જાતકો હંમેશા સુખ સંપત્તિયુક્ત હોય છે.

### (૯) ઊભયચારી યોગ :

સૂર્યથી બીજે અને બારમે (ચંદ્ર, રાહુ, કેતુ સિવાય) કોઈ પણ ગ્રહ હોય તો ઊભયચારી યોગ કહેવાય છે.

**મહા કવિ શ્રી પતંજી**




**ફળાદેશ :**

ઉભયચારીયોગમાં જન્મેલ જાતક સુંદર શરીરના ઘાટવાળો, અર્થસંપન્ન, સારી વાક્ચાતુર્યવાળો, દરેક બાબતે અને વિષયે રસરૂચિ લેવાવાળો અને સુવિખ્યાત થાય છે.

(૧૦) **રૂચક યોગ :** આ યોગ મંગળથી બને છે મંગળ ઉચ્ચનો કે સ્વગૃહી થાય એટલે કે મકર, વૃશ્ચિક, મેષ રાશિનો થઈ કેન્દ્રમાં એટલે કે પહેલે, ચોથે, સાતમે, દસમે પડ્યો હોય તો રૂચક યોગ થાય છે.

**શ્રી કસ્તુરભાઈ લાલભાઈ**




**ફળાદેશ :** ચહેરો અંડાકાર, ચામડીનાં રોગ વગરનો, મસ્ત ચહેરો હોય, કાંતિવાળો, લાલ રંગ તરી આવતો હોય આવા જાતકો ગુસ્સાવાળા, પોતાની જાતને આગળ લાવનારા, સુંદર વાળવાળા, સુંદર અને વિશાળ હૃદયવાળા, મંત્ર-તંત્રનાં જાણકાર, શત્રુ જિત, દિશાનાં જેવો સુંદર કંઠ ધરાવનાર, રાજા સમાન પ્રભાવવાળા, હૃદયનાં કોમળ, સ્ત્રીઓની સાથે મીઠું બોલનાર તેમજ ગુરુ અને બ્રાહ્મણની સાથે પણ મીઠું બોલનાર, નવી નવી સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત કરનાર.

(૧૧) **ભદ્ર યોગ :** આ બુધથી થતો યોગ છે બુધ ઉચ્ચનો કે સ્વગૃહી થઈને એટલે કે કન્યા રાશિનો કે મિથુન રાશિનો થઈ કેન્દ્રમાં એટલે કે ૧, ૪, ૭, ૧૦ ભાવમાં પડ્યો હોય તો આ યોગ બને છે.

**દલાઈ લામા**




**ફળાદેશ :** વિદ્યાવાન, ચતુર, ધીરજવાળા, પ્રબળ જાતિયવૃત્તિવાળો, કમળની પાંખડીઓ જેવા રંગવાળો, યોગોનો અભ્યાસી, જંગલના રાજા સિંહ જેવા પ્રભાવવાળો, પહોળી છાતી, લાંબા હાથ,

ભરાવદાર અને ઊંચું શરીર, પાતળી તથા કોમળ ચામડી વાળો, જગતમાં વિખ્યાત પ્રસિધ્ધિ વાળો, સમાજમાં અગ્રણીય થાય છે.

(૧૨) **હંસ યોગ :** આ ગુરૂથી બનતો યોગ છે ગુરુ ઉચ્ચનો કે સ્વગૃહી એટલે કે કર્ક, ધન અને મીનનો થઈ કેન્દ્રમાં એટલે કે ૧, ૪, ૭, ૧૦ માં પડ્યો હોય તો આ યોગ બને છે.

**લોકનાયક અણણા**




**ફળાદેશ :** ઘઉં વર્ણો, ભરેલા ગાલ વાળો, લોહીયુક્ત નખવાળો, એક સરખી આંખોવાળા, ઊંચા માથાવાળો, ચારિત્રવાન, આર્થિક રીતે સંપન્ન, નિષ્કલંકી, પગનાં તળીયામાં જ્યોતિષનાં નિશાન વાળો, સમાજ અને બહારનાં કાર્યમાં ઘણો જ લોકપ્રિય થાય છે.

(૧૩) **માલવ્ય યોગ :** આ શુક્રથી બનતો યોગ છે શુક્ર ઉચ્ચનો કે સ્વગૃહી એટલે કે મીન, વૃષભ કે તુલાનો થઈ કેન્દ્રમાં એટલે કે ૧, ૪, ૭, ૧૦ માં પડ્યો હોય તો આ યોગ બને છે.

**શ્રી રામાઓ બંડારનાયકે**




**ફળાદેશ :** સુગંધયુક્ત શરીર, તેજસ્વી આંખો, હાસ્ય યુક્ત પ્રસન્નતાવાળો ચહેરો, ઘૂંટણ સુધી પહોંચે તેવા હાથ, લાંબા આયુષ્ય વાળો, વિહાર કરનાર, સંગીતનો શોખીન, કાવ્ય કુશળ, સ્વરૂપવાન, દાનવીર અને સુંદર પ્રભાવવાળો થાય છે.

(૧૪) **શશક યોગ :** આ યોગ શનિથી બનતો યોગ છે. શનિ ઉચ્ચનો કે સ્વગૃહી એટલે કે તુલા, મકર, કુંભનો થઈ કેન્દ્રમાં એટલે કે ૧, ૪, ૭, ૧૦માં પડ્યો હોય તો આ યોગ બને છે.

**શ્રી ઢેબરભાઈ**




**ફળાદેશ :** રાજાનો સલાહકાર, પ્રધાન, દીર્ઘદ્રષ્ટિવાળો, ચંચળ પ્રકૃતિવાળો, ક્રોધી સ્વભાવનો, કામેચ્છાવાળો, માતાનો ભક્ત, પિતા સાથે મતમતાંતરવાળો, અન્ય વ્યક્તિની ખામી કાઢનાર, બીજાની ખામીનો લાભ લેનાર, બુદ્ધિથી યોજના ઘડીને કાર્ય કરનારો થાય છે.

(૧૫) **ગજકેસરી યોગ :** આ ગુરુથી બનતો યોગ છે. ચંદ્રથી ગુરુનો કેન્દ્ર યોગ (૧, ૪, ૭, ૧૦ ભાવમાં) થતો હોય તો ગજકેસરી યોગ બને છે.

**ડૉ. રાજેન્દ્ર પ્રસાદ**




**ફળાદેશ :** આ યોગના શબ્દના અર્થ પરથી ગજ એટલે હાથી અને કેસરી એટલે સિંહ. આ યોગવાળા જાતકોમાં હાથી જેટલી ધીરજ અને સિંહ જેટલી શક્તિ હોય છે.

- આ યોગવાળા જાતકો રાજા સમાન મોટો અધિકારી, ભાઈભાંડુનાં સુખોવાળો, પુત્રોયુક્ત, વાહન આદિ સુખવાળો, સાધન સંપન્ન, શસ્ત્ર અને સાહિત્યને જાણનાર, મંત્ર-તંત્ર, જ્યોતિષ આદિ ગૂઢ વિદ્યાઓનો જાણકાર, વિવેકી અને સુંદર આચરણવાળો થાય છે.
- **નોંધ :** ગજકેસરીયોગમાં ચંદ્રગુરુનો કેન્દ્રયોગ જો ચંદ્રથી દશમે ગુરુ રહીને બનતો હોય તો આ ગજકેસરીયોગ અને અમલાકીર્તીયોગનું પણ ફળ પ્રદાન કરે છે.

**(૧૬) અમલાકીર્તિ યોગ :** ચંદ્રથી ગુરુ દસમે હોય તો અમલાકીર્તિ યોગ બને છે.

**શ્રી મોહનભાઈ ડી. પટેલ**




**ફળાદેશ :** અમલાકીર્તિયોગ ધરાવનાર જાતકોની ખ્યાતિ, યશ, કૃપા, તેજ, પ્રખ્યાતિ, પ્રસિદ્ધિ વગેરે સતત વધતી રહે છે અને સ્વચ્છ, નિર્દોષ, નિર્મળ, પવિત્ર, કીર્તિનું તેજ ચોતરફ ફેલાય છે અને જાતકને યશમાન, કીર્તિ જે સ્થળે જાય છે તે સ્થળે મળે છે.

**(૧૭) અધિ યોગ :** લગ્નથી છઠ્ઠે, સાતમે અને આઠમે શુભગ્રહ હોય તો અધિયોગ બને છે.

**શ્રી ચીમનભાઈ પટેલ**




**ફળાદેશ :** અધિયોગમાં જન્મેલ જાતક રાજ્ય સુખો ભોગવે છે. ઐશ્વર્યવાન, ધનવાન, શત્રુજીત, લાંબુ આયુષ્ય ભોગવનાર, જ્ઞાની, વિનયી, બાહુબલી, સેનાયુક્ત, સહૃદયી અને કીર્તિવાન થાય છે.

- જો ચંદ્રથી અધિયોગ થાય તો જાતક પ્રેમાળ અને સંવેદનશીલ બને છે અને જો લગ્નથી અધિયોગ થાય તો જાતક પ્રતિભા સંપન્ન અને પ્રભાવશાળી બને છે.

**(૧૮) અમાત્ય યોગ :**

કેન્દ્ર અને ત્રિકોણનો સ્વામી એક સાથે બેઠા હોય તો અમાત્ય યોગ બને છે.

**શ્રીમદ્ રાજચંદ્ર**




**ફળાદેશ :** મોટા હોદ્દાવાળો, આગળ પડતો, પ્રતિભાસંપન્ન, સમાજ સુધારક અને લોકહીતનાં કાર્યો કરનાર પ્રભાવશાળી વ્યક્તિ બને છે.

**(૧૯) કાહલ યોગ :** ચોથા સ્થાનનો સ્વામી અને ગુરુ એકબીજાનાં કેન્દ્ર સ્થાનમાં હોય **અને** લગ્ન સ્થાનનો સ્વામી ઉચ્ચનો હોય તો કાહલ યોગ થાય છે.

**શ્રી માઓત્સેતુંગ**




**ફળાદેશ :** આ જાતક સુખની છોળો વચ્ચે જીવતા હોય છે. પુષ્કળ વૈભવ ભોગવનાર આ જાતકો મોટી જમીન જાગીરો ધરાવતા હોવા ઉપરાંત તેઓ વિદ્યાભ્યાસી અને વિદ્વાન હોય છે.

(૨૦) **ખડ્ગ યોગ :** નવમાં અને બીજા સ્થાનનાં સ્વામીઓનું સ્થાન પરિવર્તન થયું હોય અને લગ્નનો સ્વામી કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો આ યોગ થાય છે.

**ડૉ. રાધાકૃષ્ણન્**




**ફળાદેશ :**રાજા જેવો સુખો પ્રાપ્ત થાય છે. સ્ત્રી, પુત્ર અને કુટુંબ કબીલાનાં સંપૂર્ણ સુખો ભોગવે છે ઉપરાંત પરાક્રમી, ઐશ્વર્યવાન, ધનવાન અને કીર્તિવાન બને છે.

(૨૧) **પર્વત યોગ :** બધા જ કેન્દ્રમાં શુભ ગ્રહ હોય, છઠ્ઠા અને આઠમાં સ્થાનમાં પાપગ્રહ બેઠા ન હોય, અન્ય ગ્રહમાંથી નવમાં ભાવમાં કોઈને કોઈ ગ્રહ બેઠો હોય તો પર્વત યોગ થાય છે.




**ફળાદેશ :** આવા જાતકો રાજ્યશાસક, બુદ્ધિશાળી, સદ્‌ગુણી, હુન્નરી, આબરૂદાર, ધનવાન, વાદવિવાદમાં નિપુણ, કામી, ભોગી, સ્ત્રી, મિત્ર અને પુત્રથી યુક્ત અને વૈભવશાળી હોય છે.

(૨૨) **મહાભાગ્ય યોગ : સ્ત્રીની કુંડલીમાં** લગ્ન, ચંદ્ર અને સૂર્ય **બેકી રાશિમાં** હોય અને રાતે જન્મ થયો હોય તેમજ **પુરુષની કુંડળીમાં** લગ્ન, ચંદ્ર અને સૂર્ય હોય અને દિવસે જન્મ થયો હોય તો મહાભાગ્ય યોગ બને છે.

**શ્રીમતી ઈન્દિરાગાંધી**




**ફળાદેશ :** સ્ત્રી જાતકને પુત્રોનું, સંપત્તિનું ઘણું ધન (સુખ) મળે છે આવી સ્ત્રીઓ સામાન્ય સ્ત્રીને ભાગ્યે જ મળે એવું પદ-પ્રતિષ્ઠા અને પૈસો મળે છે ઘણીવાર આવી સ્ત્રીઓ રાજયોગ પણ ભોગવે છે.

- પુરુષ જાતકમાં આવો યોગ થયો હોય તો ઉદાર દિલનાં ઉંચા ચારિત્રનાં રાજા કે રાજા સમાન અત્યંત સુખી જીવન, લાંબુ આયુષ્ય અને પ્રભાવશાળી પ્રતિભા આપે છે.

(૨૩) **બુધાદિત્ય યોગ :** સૂર્ય અને બુધ બન્ને યુતિમાં હોય તથા બન્નેમાંથી એક ઉચ્ચનો કે સ્વગૃહી હોય તો બુધાદિત્યયોગ થાય છે.

**સ્વામી શ્રી શિવાનંદ**




**ફળાદેશ :** જાતકને ઉચ્ચ પ્રકારની બુદ્ધિમતા, ચાલાકીભરી કાર્યપદ્ધતિ, સુંદર માન મર્તબો દરેક પ્રકારનાં સુખોથી યુક્ત અને વિચારશીલ બનાવે છે.

**(૨૪) વસુમતિ - વસુમાન યોગ :** ચંદ્રથી કે લગ્નથી ઉપચય (૩, ૬, ૧૦, ૧૧)સ્થાનોમાં જો શુભગ્રહો રહેલા હોય તો વસુમતી નામનો યોગ થાય છે.

**શ્રી રાવરૂપજી ટાંક**




**ફળાદેશ :** તે સંપૂર્ણ રીતે અખુટ, ધન, સંપત્તિ અને સર્વ પ્રકારે સમૃદ્ધિ પ્રદાન કરતો રાજયોગ છે ખૂબ જ સુંદર ફળ અને અતુટ ધન રાશિ પ્રાપ્ત થાય છે.

**(૨૫) શકટ યોગ :**

જન્મકુંડળીમાં ગુરુથી ચંદ્ર બારમે, છઠ્ઠે કે આઠમે આવેલ હોય તો કુંડલીમાં શકટ નામનો દુર્ભાગ્યયોગ થાય છે.

**આચાર્ય રજનીશ**




**ફળાદેશ :** ઘણીવાર શકટયોગવાળા જાતકને સામાન્ય યોગમાં બહુ ખરાબ ફળ મળતા નથી પરંતુ જ્યારે ગોચરમાં ગુરુ થી ચંદ્ર છઠ્ઠે, આઠમે કે બારમે આવે છે ત્યારે તેના ખરાબ ફળ જાતકને અચૂક રીતે પ્રાપ્ત થાય છે.

**(૨૬) હર્ષ યોગ :** ૬, ૮ કે ૧૨ માં ભાવનો સ્વામી છઠ્ઠા ભાવે હોય તો હર્ષ યોગ થાય છે.

**શ્રી ગુલજારીલાલ નંદા**




**ફળાદેશ :** શત્રુ વિજયી, અજાતશત્રુ, સદા આનંદદાયી, શારીરિક રીતે મજબૂત બાંધો આપે છે પુષ્કળ ધન, યશ, માન, કીર્તિમાં વધારો કરનાર અને આવા જાતકો પાપાચાર કરતાં અચકાય છે અને ઈશ્વરભિરૂ હોય છે.

**(૨૭) સરલ યોગ :** ૬, ૮, કે ૧૨માં ભાવનો સ્વામી ૮માં ભાવે હોય તો સરલ યોગ થાય છે.

**જનરલ દ'ગોલ**




**ફળાદેશ :** જાતક દીર્ઘાયુષી, શાસ્ત્રાભ્યાસી, શત્રુ દમન કરનાર, નિર્ભય, લોકપ્રિય અને સદાયે પ્રગતિશીલ હોય છે.

(૨૮) **વિમળ યોગ :** ૬, ૮ કે ૧૨માં ભાવનો સ્વામી ૧૨માં ભાવે હોય તો વિમળ યોગ થાય છે.

**નૃત્યાંગના સાધનાબોઝ**




**ફળાદેશ :** સદ્‌ગુણી, નિર્મળ, સ્વતંત્ર વિચારસરણીવાળા, કલાપ્રત્યે રૂચિવાળા, આર્થિક રીતે સુખી, લોકમાન્ય અને પરગજુ હોય છે.

(૨૯) **પરિવર્તન યોગ :** કોઈપણ બે ભાવના સ્વામીઓ પરસ્પર એકબીજાના ભાવમાં હોય તો પરિવર્તન યોગ થાય છે.

અહીં આપેલ કુંડળીમાં ગુરુ અને શુક્ર પરિવર્તન યોગનાં છે.

**શ્રી મોરારજીભાઈ દેસાઈ**




**ફળાદેશ :** જે ભાવનું પરિવર્તનયોગ થયું હોય તે ભાવનું હંમેશા શુભ ફળ મળે છે.

## (૩૦) કૂર્મ યોગ :

૧, ૨ અને ૩ ભાવે જો એક એક શુભગ્રહ હોય અને તે જ કુંડળીમાં ૯, ૧૦, ૧૧ ભાવે પણ એક એક પાપ ગ્રહ હોય તો કૂર્મયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક ધર્મપ્રેમી, સાત્વિક, પરદુઃખભંજન, અર્થસંપન્ન અને સમાજમાં સારા ગુણોનાં પ્રચારનું ઉત્તમ કાર્ય કરનાર પરોપકારી થાય છે.

## (૩૧) ચંદ્ર-મંગળ યોગ :

જો કુંડળીમાં ચંદ્ર અને મંગળ અંશાત્મક રીતે યુતિમાં હોય તો આ યોગ બને છે.

**શ્રી રણછોડલાલ છોટાલાલ**




**ફળાદેશ :** આ યોગ ઘણાં જ સુંદર ફળો પ્રદાન કરે છે આ એક સરસ રાજયોગ છે.

(૩૨) **ગદા યોગ :** કોઈપણ બે નજીકનાં કેન્દ્રમાં બધા ગ્રહનો સમાવેશ થાય તો ગદા યોગ થાય છે. દા.ત. : ૧ અને ૪ અથવા ૪ અને ૭ અથવા ૭ અને ૧૦ અથવા ૧૦ અને ૧




**ફળાદેશ :** જાતક ધર્મમાં ખૂબ રસ ધરાવનાર ધનવાન હોય અને લોભવૃત્તિવાળો હોય.

(૩૩) **શકટ યોગ :**

લગ્નમાં અને સાતમા ભાવમાં દરેક ગ્રહનો સમાવેશ થાય તો શકટ યોગ થાય છે.




**ફળાદેશ :** જાતક રોગી થાય, ગાડા ચલાવવાવાળો થાય, હલકી અને દુષ્ટ પત્ની વાળો થાય.

### (૩૪) વિહગ યોગ :

૪ અને ૧૦ ભાવની અંદર દરેક ગ્રહનો સમાવેશ થાય તો આ યોગ થાય છે.




**ફળાદેશ :** ઝઘડા ખોર, કંકાશ કરનારો, દૂત, સમાચાર આપનારો, લોકોનાં ટાંપાટંયા કરનારો, આખું જીવન પ્રવાસી જીવન જીવનારો થાય છે.

### (૩૫) શૃંગાટક યોગ :

લગ્નમાં અને બે ત્રિકોણમાં (૧, ૫, ૯) બધા ગ્રહો બેઠેલા હોય તો આ યોગ થાય છે.

શ્રી રણછોડલાલ છોટાલાલ




**ફળાદેશ :** સંતોષી અને સર્વ વાતે સુખી થાય.

## (૩૬) હલયોગ :

લગ્નને છોડીને બાકીનાં કોઈપણ ભાવની અંદર તેમજ ત્યાંથી પાંચમે, નવમે બધા જ ગ્રહો હોય તો આ યોગ બને છે.




**દા.ત. :** ૨, ૬, ૧૦ માં ભાવમાં સર્વગ્રહ હોય

અથવા ૩, ૭, ૧૧ માં ભાવમાં સર્વગ્રહ હોય

અથવા ૪, ૮, ૧૨ માં ભાવમાં સર્વગ્રહ હોય

**ફળાદેશ :** હળ ચલાવવા વાળો મજૂર અથવા ખેડૂત થાય છે.

## (૩૭) વ્રજયોગ :

કેન્દ્રમાં બધા ગ્રહ હોય અને ૧ અને ૭મા ભાવમાં શુભગ્રહ હોય અને ૪ અને ૧૦મા ભાવમાં પાપગ્રહ હોય તો વ્રજયોગ થાય છે.




**ફળાદેશ :** બાળપણ અને ઘડપણ સુખેથી જાય છે.

## (૩૮) યવયોગ :

કેન્દ્રમાં બધા ગ્રહ હોય અને ૧ અને ૭ માં પાપગ્રહ હોય અને ૪ અને ૧૦ માં શુભગ્રહ હોય તો યવયોગ થાય છે.




**ફળાદેશ :** મધ્યમ અવસ્થા (યુવાવસ્થા) સુખેથી જાય છે.

## (૩૯) વાપીયોગ :

બધા કેન્દ્ર સિવાય બાકીનાં ખાનામાં બધા જ ગ્રહનો સમાવેશ થતો હોય તો વાપીયોગ થાય છે.




**ફળાદેશ :** કંજૂસ અને ધનવાન થાય છે. ઘણું સુખ પ્રાપ્ત કરે છે.

## (૪૦) યુપયોગ :

૧, ૨, ૩ ભાવમાં સર્વગ્રહનો સમાવેશ થતો હોય તો યુપયોગ થાય છે.




**ફળાદેશ :** મોટા ઉદ્યોગપતિ, ધર્મમાં રૂચી રાખનાર, દાન-પુણ્ય કરનાર થાય છે.

## (૪૧) સરયોગ :

૪, ૫, ૬ ભાવમાં બધા જ ગ્રહ હોય તો સરયોગ થાય છે.




**ફળાદેશ :** અસ્ત્ર-શસ્ત્ર બનાવનાર, જેલર કે હિંસા આચરનાર અધિકારી થાય છે.

## (૪૨) શક્તિયોગ :

૭, ૮, ૯માં બધા જ ગ્રહનો સમાવેશ થાય તો શક્તિયોગ થાય છે.




**ફળાદેશ :** પ્રમાદી, આળસુ, દુઃખી થાય, પરેશાની, હેરાન થાય અને હલકા પાપ કરનારો થાય છે.

## (૪૩) દંડયોગ :

૧૦, ૧૧ અને ૧૨માં બધા જ ગ્રહનો સમાવેશ થાય તો દંડ યોગ થાય છે.




**ફળાદેશ :** હૃદય વગરનાં દયાહીન, હલકી વૃત્તિવાળા નિર્દય થાય છે.

**(૪૪) નૌયોગ :**

બધા જ ગ્રહ ૧ થી ૭ ભાવમાં આવે તો નૌ યોગ થાય છે.




**ફળાદેશ :** સતત સુખ, પ્રખ્યાતી અને કંજૂસ થાય છે.

**(૪૫) પુટયોગ :**

૪ થી ૧૦માં ભાવની અંદર બધા જ ગ્રહો આવે તો પુટયોગ થાય છે.




**ફળાદેશ :** જુઠ્ઠો, જેલર થાય, હલકા કાર્યનો ઉપરી, ખરાબ માણસ, ખરાબ અધિકારી થાય છે.

## (૪૬) છત્રયોગ :

૭ થી ૧ ભાવમાં બધા જ ગ્રહ આવેલા હોય તો છત્રયોગ થાય છે.




**ફળાદેશ :** સ્વયંસુખી (આપકર્મી) થાય છે.

## (૪૭) ચાપયોગ :

૧૦ થી ૪ ભાવમાં બધા જ ગ્રહ આવે તો ચાપ યોગ થાય છે.




**ફળાદેશ :** જીવનની શરૂઆત અને પાછળની જીંદગી સુખી થાય છે.

(૪૮) **સમુદ્રયોગ :**

બેકી રાશિમાં બધા જ ગ્રહ હોય તો સમુદ્રયોગ થાય છે.




**ફળાદેશ :** રાજકારણી થાય અથવા અત્યંત ન ફીકર, કુદરતી જીવન જીવે છે.

(૪૯) **ચંદ્રયોગ :**

એકી રાશિમાં બધા જ ગ્રહ હોય તો ચંદ્રયોગ થાય છે.




**ફળાદેશ :** વડાપ્રધાન, મુખ્યમંત્રી, રાષ્ટ્રપતિ કે મોટા અધિકારી થાય, માન પાન ખૂબ વધે અને પુષ્કળ ધન મળે છે.

## (૫૦) અર્ધચંદ્રયોગ :

પણફર ભાવ (૨, ૫, ૮, ૧૧) કે આપોકિલમ ભાવ (૩, ૬, ૯, ૧૨) થી સાત ભાવ સુધીમાં બધા ગ્રહ આવી જાય તો અર્ધચંદ્રયોગ થાય છે.




**ફળાદેશ :** રાજદરબારમાં ભારે પ્રતિષ્ઠા પામે, ઉત્તમવસ્ત્ર અને અલંકાર સહિતનું ધન સુખ ભોગવે છે.

## (૫૧) રજ્જૂયોગ :

ચર રાશિ (૧, ૪, ૭, ૧૦) માં બધા ગ્રહ હોય તો રજ્જૂયોગ થાય છે.




**ફળાદેશ :** કઠોર હૃદયનાં, ઈર્ષાળુ અને યાત્રાપ્રવાસમાં શોખીન અને રૂપાળા, સ્વરૂપવાન અને પૈસા માટે દેશ છોડીને પરદેશ જતો રહે છે.

**(૫૨) મુશળયોગ :**

સ્થિર રાશિમાં (૨, ૫, ૮, ૧૧) બધા જ ગ્રહ હોય તો મુશળયોગ થાય છે.




**ફળાદેશ :** જાતક સ્વમાની, પૈસાવાળો, સ્થિર મનવાળો, વિવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલો, પ્રખ્યાત અને ગવીલો હોય છે.

**(૫૩) નાલયોગ :**

દ્વિસ્વભાવ વાળી રાશિમાં (૩, ૬, ૯, ૧૨) બધા જ ગ્રહ આવેલા હોય તો નાલયોગ થાય છે.




**ફળાદેશ :** જાતક વિકૃત ચહેરાવાળો, કદરૂપો, હલકો, ઉધ્ધત અને ઉછાંછળો થાય છે.

(૫૪) **વલકીયોગ :** બાર ભાવમાંથી કોઈપણ સાત ભાવમાં બધા ગ્રહ આવે તો વલકી યોગ થાય છે.




**ફળાદેશ :** સર્વકામમાં કુશળ, સંગીતકાર થાય, નૃત્યકાર થાય, ગીત-સંગીત અને નૃત્યનો શોખીન થાય છે.

(૫૫) **દામિનીયોગ :** બાર ભાવમાંથી કોઈપણ છ ભાવમાં બધા ગ્રહ આવેલા હોય તો દામિની યોગ થાય છે.

**રોમીલ શાહ, કૃષ્ણનગર, અમદાવાદ**




**ફળાદેશ :** સુવિખ્યાત, પૈસાદાર, દાનેશ્વરી, ચતુર (હોંશિયાર) ભણેલો ગણેલો થાય. મંત્ર-તંત્ર-જ્યોતિષ-સંગીતનો મહાન જાણકાર કવિ-લેખક-ચિંતક વફાદાર-સમર્પિત-આજ્ઞાવાન સ્વરૂપવાન મહાભાગ્યશાળી પ્રસિદ્ધ થાય છે.

**(૫૬) પાસયોગ :** બાર ભાવમાંથી ગમે તે પાંચ ભાવમાં બધા ગ્રહ આવેલા હોય તો પાસયોગ થાય છે.

**સંકલન કર્તા સંયમ શાહની કુંડળી, કૃષ્ણનગર, અમદાવાદ**




**ફળાદેશ :** પુત્રવાન, ચતુર, પૈસા એકઠા કરવામાં મશગુલ તથા દરેક વસ્તુની ખરીદી ઉત્તમ ગુણવત્તાની ચકાસણી બાદ કરનાર થાય અને વિદ્વાન, વક્તા, શાસન પ્રભાવક થાય છે સંયમ લે તો મહાન બને છે પ્રસિદ્ધ ભાગ્યોદયવાળા થાય છે.

**(૫૭) કેદારયોગ :** બારમાંથી કોઈપણ ચાર ભાવમાં બધા ગ્રહ આવેલા હોય તો કેદારયોગ થાય છે.




**ફળાદેશ :** જમીનદાર (ખેડૂત), ભાઈભાંડુ સાથે ઉપકારવૃત્તિ રાખનાર, ઓછી બુધ્ધિ છતાં ધન સંપત્તિવાળો થાય છે.

**(૫૮) શૂલયોગ :**

બારભાવમાંથી કોઈપણ ત્રણ ભાવમાં બધા ગ્રહ આવેલા હોય તો શૂલયોગ થાય છે.




**ફળાદેશ :** બહાદૂર, ક્રોધી, ગુસ્સાવાળો, શસ્ત્રઘાતવાળો, લોભીયો, આર્થિક રીતે દરિદ્ર હોય છે.

**(૫૯) યુગયોગ :** બાર ભાવમાંથી કોઈપણ બે ભાવમાં બધા ગ્રહ આવેલા હોય તો યુગ યોગ થાય છે.




**ફળાદેશ :** મદ્યપાન કરનાર, ચપળ, ખોટા-ખોટા ધૂર્ત પ્રયોગો કરનાર, ભીખ માંગીને જીવનાર થાય છે.

## (૬૦) ગોલયોગ :

બાર ભાવમાંથી ગમે તે એક ભાવમાં સર્વેગ્રહ આવેલા હોય તો ગોલયોગ થાય છે.




**ફળાદેશ :** પ્રમાદી, નિર્ધન, અજ્ઞાની, ટૂંકા આયુષ્યવાળો, રઝળપાટ કરનાર બને છે.

## (૬૧) કમળયોગ :

કેન્દ્રની અંદર બધા જ ગ્રહનો સમાવેશ થાય તો કમળયોગ થાય છે.




**ફળાદેશ :** સર્વે રીતે સુખી થાય છે.

**(૬૨) દારિદ્રયોગ :**

જન્મકુંડલીમાં લાભ ભુવન (૧૧મા ભાવ)નો સ્વામી ૬, ૮ કે ૧૨માં ભાવમાં બેઠો હોય અને કુંડલીનું લગ્ન નિર્બળ હોય કે લગ્નેશ અશુભ દ્રષ્ટ હોય અને દુઃખસ્થાનમાં બિરાજમાન હોય તો દારિદ્રયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક સતત દારિદ્ર, આર્થિક મૂંઝવણોવાળો, સુખચેનનો અભાવ અને ક્વચિત, અપમાનિત સ્થિતિ ભોગવનાર થાય છે.

**(૬૩) વાહનયોગ :**

જો કુંડલીમાં લગ્નનો સ્વામી ૪ થે, ૯મે કે ૧૧મે હોય તો આવા જાતકને વાહનયોગ થાય છે. આ યોગમાં ૪ થા સ્થાનનો સ્વામી ઉચ્ચનો કે ઉચ્ચાધિપતિ થઈને કુંડળીનાં ત્રિકોણ સ્થાને કે કેન્દ્ર સ્થાને હોય તો તેનું નક્કર પરિણામ મળે છે.




**ફળાદેશ :** આવા જાતકોને ભૌતિક સુખો સરળતાથી પ્રાપ્ત થાય છે. આવા જાતકોને સ્થાવર મિલકત અને અન્ય પ્રોપર્ટી વગેરે અધિકારની સાથે ઘોડાગાડી, મોટરકાર વગેરે પણ પ્રાપ્ત થાય છે.

(૬૪) **અપકીર્તીયોગ :** જો જન્મકુંડળીમાં દશમા ભાવમાં શનિ અને સૂર્યની અંશાત્મક યુતિ હોય એટલે કે બંનેનાં અંશ એક સરખા હોય અને દશમા ભાવ પર કોઈપણ ક્રૂર ગ્રહની દ્રષ્ટિ કે ક્રુરગ્રહ બેઠો હોય તો આ યોગ થાય છે.

**શ્રી રણછોડલાલ છોટાલાલ**




**ફળાદેશ :** જાતકો જીવનમાં અપકીર્તિ પામે છે અને પોતાના જીવનમાં કરેલા શુભકાર્યોથી પ્રાપ્ત થયેલ કીર્તિને ખોઈ બેસે છે અને બદનામી વ્હોરી લે છે. ઘણીવાર કુંડળીમાં આવા યોગ ધરાવનાર જાતકો માત્ર અપયશ જ મેળવે છે.

(૬૫) **કુલદીપકયોગ :** જન્મકુંડલીમાં ત્રીજા ભાવનો સ્વામી ૫મે કે ૯મે ભાવે ઉચ્ચનો કે બળવાન બનીને બેઠો હોય તો આયોગ થાય છે.

**ગણપતિ દાદા**




**ફળાદેશ :** કુટુંબનો સર્વભાર ઉપાડનાર, પોતાની જાતને ઘસીને કુટુંબીજનોની સેવા કરનાર, મા-બાપનું નામ રોશન કરનાર, કુટુંબનાં વ્યક્તિનું ભરણપોષણ કરનાર, પ્રતિષ્ઠા પામનાર થાય છે.

(૬૬) **કમાલાકરયોગ :** જો શુક્ર મીન રાશિમાં ૨૭ અંશનો હોય, ચંદ્ર વૃષભનો અને બુધ ચોથા કેન્દ્ર સ્થાને હોય અને જો દિવસે જન્મ થયો હોય તો આ યોગ બને છે. ✡ જન્મ સવારે ૬:૦૦ વાગે




**ફળાદેશ :** જાતક મહાન ભાગ્યશાળી, સુંદર આકર્ષક મુખ મુદ્રાવાળો અને સમાજમાં શ્રેષ્ઠ વ્યક્તિ તરીકે પ્રસિદ્ધ થાય છે.

(૬૭) **સ્રકયોગ :**

કેન્દ્રમાં સર્વ શુભ ગ્રહો હોય તો સ્રક નામનો દલયોગ બને છે.




**ફળાદેશ :** આવા જાતકો મોજીલા અને ભોગ વિલાસમાં રત હોય છે.

**(૬૮) ભોગીનયોગ :**

કેન્દ્રમાં માત્ર પાપગ્રહો હોય તો ભોગીન યોગ નામનો દલયોગ થાય છે.




**ફળાદેશ :** જાતક સુખના અભાવવાળો અને દુઃખ દર્દોથી આવરિત હોય છે.

**(૬૯) રાજલક્ષણ યોગ :**

જો જન્મકુંડલીમાં ગુરુ, શુક્ર, બુધ અને ચંદ્ર લગ્નમાં કે ત્રિકોણમાં (પાંચમે કે નવમે) હોય તો રાજલક્ષણ યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક આકર્ષક પ્રતિભાવવાળો, સર્વગુણ સંપન્ન અને સર્વ પ્રકારે ઉત્તમ વ્યક્તિત્વ ધરાવતો હોય છે.

## (૭૦) પુષ્કર-પુષ્કળ યોગ :

કુંડલીમાં ચંદ્ર જે રાશિમાં બેઠો હોય તે રાશિનો અધિપતિ જો લગ્નાધિપતિ સાથે કુંડળી વિષે ત્રિકોણમાં (પાંચમે કે નવમે) અગર અધિમિત્રનાં ઘરમાં બેઠેલ હોય અને લગ્નને જોતો હોય તથા લગ્નમાં બળવાન ગ્રહ બેઠેલ હોય તો પુષ્કર-પુષ્કળ યોગ બને છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતકો અર્થ સંપન્ન, મધુરવાણી અને વચનો યુક્ત પ્રસિદ્ધ અને રાજા તથા ઉચ્ચ ઉમરાવો દ્વારા સન્માનીત હોય છે.

## (૭૧) પરકાર્યરતયોગ :

જો જન્મકુંડળીમાં ચર રાશિનું લગ્ન હોય અને ધન ભાવે ગુરુ, પરાક્રમે મંગળ, સુખે શનિ, કલત્રે ચંદ્ર અને કર્મે સૂર્ય બિરાજમાન હોય તો આ પરકાર્યરતયોગ થાય.




**ફળાદેશ :** આ યોગવાળો બીજા લોકોના કાર્ય કરવામાં સતત પ્રવૃત્તિમય રહે છે અને આ કાર્યો જાણે કે પોતાના જ કાર્યો હોય તે રીતે રસ રૂચિથી કરે છે.

(૭૨) **અસત્યવાદી યોગ :** જો બીજા સ્થાનનો સ્વામી શનિ કે મંગળની રાશિમાં રહેલ હોય અને અશુભગ્રહ કુંડળીનાં કેન્દ્રમાં કે ત્રિકોણમાં હોય તો આ યોગ થાય છે.

**શ્રીમતી ઈન્દિરાગાંધી**




**ફળાદેશ :** આ જાતકો હરહંમેશ પ્રયોજન હોય કે ન હોય તો પણ અસત્ય કે જુઠું બોલવાની ટેવવાળા હોય છે તેઓના આ વર્તનમાં તેઓ આ પ્રકારી વૃત્તિને ક્યારેય તેના શું પરિણામ આવશે તે બાબતે જરાપણ ગંભીરતાથી લેતા નથી તેઓ સહજ ભાવે બોલે છે અને જુઠું બોલવામાં તેઓએ કશુંય ખોટું કર્યું છે તેવું ક્યારેય અનુભવતા નથી પોતે જેવું કરે તેવું ભોગવે છે.

(૭૩) **લક્ષ્મીયોગ :** નવમાનો સ્વામી પરમ ઉચ્ચમાં, મૂળત્રિકોણમાં કે કેન્દ્રમાં હોય અને લગ્નનો સ્વામી બળવાન હોય તો લક્ષ્મીયોગ થાય.




**ફળાદેશ :** ગુણવાન, બહુ દેશોનો સ્વામી, વિદ્વાન, જમીનવાળો, કીર્તિવાળો, કામદેવ જેવો, દરેક દિશાઓના રાજાથી નમસ્કાર કરાતો, બહુસ્ત્રી પુત્રવાળો, ને રાજાધિરાજ થાય છે.

## (૭૫) કુસુમયોગ :

લગ્ન સ્થિર રાશિનું હોય, શુક્ર કેન્દ્રમાં અને ચંદ્ર ત્રિકોણમાં હોય અને શુભગ્રહો બીજા સ્થાનોમાં ને શનિ દશમે હોય તો કુસુમયોગ થાય.




**ફળાદેશ :** દાન આપનાર, રાજાઓથી નમસ્કાર કરાતો, ભોગી, મોટા રાજકુળમાં જન્મેલો, લોકોમાં બહુ યશવાળો અને પ્રતાપી રાજા થાય છે.

## (૭૬) પારિજાતકયોગ :

જે રાશિમાં લગ્નનો સ્વામી હોય તે રાશિનો સ્વામી જે રાશિમાં હોય તે રાશિનો સ્વામી જેના નવમાંશમાં હોય તે કેન્દ્ર કે ત્રિકોણમાં પોતાનાં ઉચ્ચમાં હોય તો પારિજાતકયોગ થાય.

**યુદ્ધિષ્ઠિર**




**ફળાદેશ :** મધ્ય અને છેલ્લી અવસ્થા સુખી, રાજાઓથી નમસ્કાર કરાતો, યુધ્ધમાં પ્રીતિ રાખનાર, હાથી-ઘોડાઓ વાળો, પોતાનાં ધર્મ કાર્યમાં પ્રીતિવાળોને દયાળુ રાજા થાય છે.

**(૭૭) કળાનિધિયોગ :**

ગુરુ બીજે કે પાંચમે બુધ શુક્ર સાથે કે તેમની દ્રષ્ટિવાળો અથવા તેમના ઘરમાં હોય તો કળાનિધિયોગ થાય.




**ફળાદેશ :** કામી, સારા ગુણોમાં પ્રીતિ, ઘણા મોટા રાજાઓથી સ્તુતિ કરાતો, લશ્કર, ઘોડા અને બળવાન હાથીઓવાળો, શંખભેરી વગેરે લશ્કરી ગાયનનાં વાજાવાળો, રોગ અને ભય વિનાનો ને શત્રુ રહિત થાય છે.

**(૭૮) (જાતક પારિજાતક) અંશાવતારયોગ :** શુક્રને ગુરુ કેન્દ્રમાં હોય અને શનિ ઉચ્ચનો થઈ કેન્દ્રમાં હોય ને લગ્ન ચર રાશીનું હોય તો થાય.




**ફળાદેશ :** રાજા જેવી લક્ષ્મીવાળો, પવિત્ર વાત કરનાર, તીર્થમાં ફરનાર, કળાઓ જાણનાર, કામરહિત, ઈતિહાસકાર, આત્માને જીતનાર વેદાંત જાણનારને વેદશાસ્ત્રોનો અધિકારી થાય છે.

## (૭૯) હરિહરબ્રહ્મયોગ :

(૧) બીજા ભાવનાં સ્વામીથી બીજે, બારમે અને આઠમે શુભ ગ્રહો હોય તો થાય. (૨) ગુરુ, ચંદ્ર, બુધ સાતમા ભાવનાં સ્વામીથી ચોથે, નવમે, આઠમે અનુક્રમે હોય તો... (૩) સૂર્ય, શુક્ર, મંગળ લગ્નનાં સ્વામીથી ચોથે, દશમે અને અગિયારમે અનુક્રમે હોય તો થાય.




**ફળાદેશ :** સમગ્રશાસ્ત્રની વિદ્યાના પારને પામનાર, સાચું બોલનાર, દરેક રીતે સુખ ભોગવનાર, સુંદર વચન બોલનાર, બહુ ઈચ્છાવાળો, શત્રુઓને જીતનાર, સર્વ જીવનો ઉપકાર કરનાર પવિત્ર કામ કરનાર થાય છે.

## (૮૦) કારિકાયોગ :

અગિયારમે, દશમે ને લગ્ને, બધા ગ્રહો હોય તો થાય.




**ફળાદેશ :** તે યોગમાં નીચ વંશમાં જન્મેલો હોય તો પણ રાજા થાય છે. ને રાજવંશનો હોય તો જરૂર રાજા થાય. એમાં સંશય ન સમજવો.

## (૮૧) ચતુઃસાગરયોગ :

(૧) ચારે કેન્દ્રોમાં બધા ગ્રહો હોય ચતુઃસાગરયોગ થાય છે. આ યોગ રાજ્ય અને ધનનું સુખ આપે છે. (૨) કર્ક, મકર, મેષ, તુલા તે રાશિઓમાં બધા ગ્રહો હોય તો ચતુઃસાગર યોગ થાય.




**ફળાદેશ :** તે યોગ સર્વ પ્રકારનું રિષ્ટ (દુઃખ) નાશ કરે છે. ને ઘણાં રત્નો, તથા હાથીઓ, ઘોડાઓને પૃથ્વીનો અધિપતિ થાય છે.

## (૮૨) ચાપ યોગ :

કુંભનો શુક્ર, મેષનો મંગળને સારા સ્થાનમાં ગુરુ હોય તો ચાપ યોગ થાય.




**ફળાદેશ :** તે યોગવાળો માણસ રાજા થાય છે.

## (૮૩) દંડયોગ :

કર્ક, મિથુન, મીન, કન્યાને ધન તે રાશિઓમાં બધા ગ્રહો હોય તો દંડ યોગ થાય છે.




**ફળાદેશ :** તે યોગ રાજ્ય આપે છે.

## (૮૪) અપરપ્રકારે હંસયોગ :

મેષ, કુંભ, ધન, તુલા, મકર અને વૃશ્ચિક તે રાશિઓમાં બધા ગ્રહો હોય તો હંસયોગ થાય છે.




**ફળાદેશ :** તે યોગવાળો જાતક રાજાને પૂજવા યોગ્ય, અથવા રાજા જેવો થાય છે.

(૮૫) **સિંહાસનયોગ :** (૧) કન્યા, મીન, વૃષભ, વૃશ્ચિક તે રાશિઓમાં બધા ગ્રહો હોય તો સિંહાસનયોગ થાય છે. (૨) ધન, મિથુન, કુંભ કે સિંહ રાશિમાં બધા ગ્રહો હોય તો પણ સિંહાસનયોગ થાય.




**ફળાદેશ :** જાતક ગર્જના કરવાવાળા હાથી-ઘોડાઓનો અધિપતિ સર્વેથી બળવાન અને રાજાઓમાં શ્રેષ્ઠ થાય છે.

(૮૬) **ચતુશ્ચકયોગ :** મેષ, સિંહ, કન્યા, કુંભ, મિથુન, મીન, વૃશ્ચિક, ધન તે રાશિમાં બધા ગ્રહો હોય તો ચતુશ્ચકયોગ થાય છે.




**ફળાદેશ :** સમગ્ર સુખ ભોગવનાર, મુકુટોથી શોભાયમાન રાજા થાય અને જય મેળવે.

(૮૭) **એકાવલીયોગ :**

મોતીની પંક્તિ સમાન અનુક્રમથી એકેક ગ્રહ એકેક રાશિમાં હોય તો એકાવલીયોગ થાય છે.




**ફળાદેશ :** તે માણસ સમસ્ત રાજાઓમાં શ્રેષ્ઠ, શત્રુ સૈન્યનો નાશ કરનારો, ગંધર્વની સ્ત્રીઓ સમાન, સ્ત્રીઓમાં વિલાસ કરનાર, ગુણવાન વિદ્વાન થાય છે.

(૮૮) **શત્રુહંતાયોગ :** કર્ક, કન્યા, મીન, ધન, મિથુન એ રાશિઓમાં સૂર્ય વિગેરે બધા ગ્રહો હોય તો શત્રુહતાયોગ થાય છે.




**ફળાદેશ :** પ્રચંડ બળવાન, શત્રુના નાશ કરનાર રાજા થાય છે. તથા ઘણું દાન કરવાથી ઘણા રાજાઓમાં શ્રેષ્ઠ કહેવાય છે.

## (૮૯) છત્રયોગ :

જન્મકાળમાં લગ્ને, બારમે, સાતમે, બીજે બધા ગ્રહો હોય તો છત્રયોગ થાય છે.




**ફળાદેશ :** તે યોગ પૂર્વનાં મહાપુણ્યથી થાય છે.

## (૯૦) રાજહંસયોગ :

કુંભ, મેષ, મિથુન, ધન, તુલા અને સિંહ રાશિઓમાં બધા ગ્રહો હોય તો રાજહંસયોગ થાય.




**ફળાદેશ :** તે રાજ્યનું સારું સુખ આપે છે.

**(૯૧) દોલાયોગ :**

મીન, મેષને ધન એ ત્રણ રાશિઓમાં બધા ગ્રહો હોય તો દોલા નામનો યોગ થાય છે.




**ફળાદેશ :** તે પણ રાજ્યનું સુખ આપે છે.

**(૯૨) માલાયોગ :**

સૂર્ય સાથે અથવા ચંદ્ર સાથે ચાર ગ્રહ કોઈપણ ઘરમાં બેઠા હોય તો માલા નામનો યોગ થાય છે.




**ફળાદેશ :** તે યોગ રાજ્ય અપાવનાર તથા ધન અપાવનાર થાય છે.

## (૯૩) ધ્વજયોગ :

આઠમા ભાવમાં પાપગ્રહ અને લગ્નમાં શુભગ્રહો હોય તો ધ્વજ યોગ થાય.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલો ઘણા માણસોનો ઉપરી થાય છે.

## (૯૪) ભેરીયોગ :

જો જન્મ કુંડલીમાં લગ્ન ભાવમાં, ધન ભાવમાં અને વ્યય ભાવમાં ગ્રહો હોય તો ભેરીયોગ થાય.

**શ્રી આશુતોષ મુખરજી**




**ફળાદેશ :** આ યોગ વાળો જાતક સામાન્ય રીતે અનેક હાથી-ઘોડા યુક્ત, સદાયે રણ વાદ્યોનાં અવાજ વચ્ચે શૌર્યથી ઘુમનાર અને વિશ્વ વંદનીય રાજાની માફક જીવે છે. આ યોગનું ફળ કુંડલીમાં અશુભ ગ્રહોની ઉપસ્થિતિમાં ઘટે છે. જ્યારે અશુભ ગ્રહોની ગેરહાજરીમાં સચોટ જણાય છે.

(૯૫) **અંશાવતાર યોગ :** જો કુંડળીમાં કર્મસ્થાનમાં ગુરુ, પાંચમે સ્થાને મંગળ, સાતમે અથવા કેન્દ્ર કે ત્રિકોણગત શનિ હોય અને જાતકનો જન્મ દિવસ દરમ્યાન ચર લગ્નમાં થયો હોય તો અંશાવતાર યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળા જાતકો વાક્પટુ, શાસ્ત્રોનાં જાણકાર, વેદ-પુરાણો અને આગમોનાં અભ્યાસી, ધર્મનાં અધિકારવાળા તેમને જોતાની સાથે આનંદ ઉત્પન્ન થાય તેવા, પરદુઃખભંજન, તીર્થયાત્રા કરનાર, ગીત-ભજનોમાં નિમગ્ન, પુણ્યશાળી અને ઈશ્વરનાં અંશ સમાન વ્યક્તિત્વવાળા હોય છે. આવા જાતકોની હથેળીને પગનાં તળિયાઓમાં શુભ અને શુકનવંતા દૈવી સામુહિક નિશાનો હોય છે. જેવા કે, મત્સ્ય, અંકુશ, કમલ, સ્વસ્તિક, ચંદ્ર, દંડ, ધ્વજા, તિલક આદિ શુભચિહ્નોમાંથી કોઈને કોઈ ચિહ્ન જોવા મળે છે.

(૯૬) **મુશલયોગ :** જો કુંડલીમાં શુભદ્રષ્ટિ યુક્ત વ્યયેશ જન્મકુંડલીમાં વિશેષ ઉચ્ચ, સ્વ કે શુભ રાશિ વિશે કેન્દ્ર કે ત્રિકોણ વિશે બિરાજમાન હોય તો મુશલયોગ થાય છે.

**ઈન્દુલાલ યાજ્ઞિક**



**ફળાદેશ :** આ યોગમાં જન્મેલો જાતક સ્વ મહેનતે ધન-સંપત્તિ પ્રાપ્ત કરે છે અને જીવનમાં અનેક ખાટાં-મીઠા અનુભવ કરે છે. ઘણીવાર આવા જાતકો પોતાની મૂર્ખામી અને તર્કોના કારણે નુકસાન વેઠે છે. આવા લોકોની આર્થિક સ્થિતિ એકધારી ન રહેતા સમયે સંજોગો પ્રમાણે બદલાતી રહે છે. જીવનમાં પાછલા ભાગમાં સરળ અને સાદું જીવન જીવતા હોઈ સ્વર્ગનાં અધિકારી બને છે કે મૃત્યુ સમયે પણ ઘણું પુણ્ય કમાય છે.

**(૯૭) સુયોગ :**

જો જન્મકુંડળીમાં ૧, ૪, ૭, ૧૦ ભાવોનાં માલિકો ઉચ્ચનાં, સ્વગૃહી, મિત્રક્ષેત્રી કે બળવાન બનીને કુંડળીમાં કેન્દ્ર કે ત્રિકોણ ભાવોમાં બેઠેલ હોય તો સુયોગ થાય છે.




**ફળાદેશ :** અનેક પ્રકારની સુખ, સંપત્તિ, મકાન, જમીન-જાગીર, અઢળક ધન, પુત્ર, પુત્રાદી તથા પતિ-પત્નિનું ઉત્તમ સુખ પ્રાપ્ત કરનાર, યશમાન, પ્રતિષ્ઠાવાળા, સારા વ્યવસાયો કરનાર અને સારું ઉપાર્જન કરનાર નીવડે છે. આવા જાતકો ધર્મમાં અને પરોપકારમાં વિશેષ રૂચિ ધરાવે છે.

**(૯૮) નીચ્ચભંગ રાજયોગ :** જન્મકુંડળીમાં કોઈપણ ગ્રહ નીચ્ચ રાશિનો થઈને કુંડળીનાં કેન્દ્ર વિશે સ્વગૃહી કે ઉચ્ચનો થઈને બેઠેલ ગ્રહ સાથે યુતિમાં હોય તો તેવા નીચ્ચગ્રહનો નીચ્ચભંગ રાજયોગ થાય છે.




**ફળાદેશ :** જ્યારે કુંડળીમાં નીચ્ચભંગ રાજયોગ થાય છે ત્યારે ગ્રહનાં નીચ્ચ હોવાના કારણે મળતાં અશુભ ફળોનો ક્ષય થાય છે અને નીચ્ચનો ગ્રહ અશુભનાં બદલે રાજયોગ કરતા ગ્રહ જેવું શુભ ફળ પ્રદાન કરે છે.

**(૯૯) હરિહરાત્મજયોગ :**

જન્મકુંડળીમાં બીજા ભાવથી બીજે મંગળ હોય તથા આઠમે અને બારમે શુભગ્રહો હોય તો પણ આ યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગ એક આધ્યાત્મિક પ્રકારનો યોગ છે. આ યોગમાં જન્મનાર જાતકો સતત બ્રહ્મજ્ઞાન, ઈશ્વરીય વિષયોમાં મગ્ન રહેતા હોય છે. તેઓ વેદ, ઉપવેદ, ઉપનિષદોના જાણકાર, પવિત્ર, નિર્મળ તનવાળા, મૃદુ અને જ્ઞાન ગાંભીર્યવાળા હોય છે.

**(૧૦૦) શારદાયોગ :**

જન્મકુંડળીમાં ચંદ્રથી ત્રિકોણ ભાવમાં ગુરુ, બુધ થી ત્રિકોણ ભાવમાં મંગળ, અને બુધ થી ગુરુ અગ્યિારમે હોય તો આ યોગ થાય છે.

**યુદ્ધિષ્ઠિર**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક વિદ્યાવાન, સુંદરવાણીવાળો, ધન-ધાન્ય યુક્ત, વિનયી, જે જગ્યાએ રહેતા હોય તે લોકોના આગેવાન હોય છે. ઘણીવાર મોટા-મોટા કવિઓ, પંડિતો, મંત્રશાસ્ત્રીઓ, આધ્યાત્મવાદીઓની કુંડળીમાં શારદાયોગ જોવા મળે છે. નિતિ નિયમોવાળા મહાન થાય છે.

**(૧૦૧) શંખયોગ :** જન્મકુંડળીમાં લગ્ન બળવાન હોય તથા છઠ્ઠા અને આઠમા સ્થાનના માલિકો એક બીજાથી કેન્દ્રભાવે હોય તો શંખયોગ બને છે.

**ભારતરત્ન કવિ કર્વે**




**ફળાદેશ :** આ યોગવાળા જાતકો જમીન-જાગીર સંપન્ન, દીર્ઘાયુષી, ભોગી તથા અઢળક ધનવાળા હોય છે. આવા જાતકો ઘણીવાર સો વર્ષ જીવે છે.

## (૧૦૨) માલાયોગ :

જન્મકુંડળીમાં ૨, ૯, ૧૧માં ભાવનાં સ્વામીઓ સ્વક્ષેત્રી કે સ્વગૃહી હોય તો માલાયોગ થાય છે.

**બાજીરાવ પેશ્વા**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતકો મધ્ય આયુ પછી એટલે કે ૩૦-૩૫ વર્ષ પછી ભાગ્યશાળી બને આવા જાતકો ભણતર-ગણતરની દ્રષ્ટિએ ઘણાં જ આગળ પડતા હોય છે મોટા માનવ થવાય છે.

**(૧૦૩) મદનયોગ :** જન્મકુંડલીમાં ૧૦મા ભાવનો સ્વામી લગ્ન સ્થાનમાં શુક્ર સાથે બેઠેલો હોય અને ૧૧માં ભાવનો સ્વામી કુંડલીમાં ઉચ્ચનો થઈને બેઠો હોય તો મદનયોગ થાય છે.

**શ્રી ઢેબરભાઈ**




**ફળાદેશ :** આ યોગમાં જન્મનાર જાતક કામણગારી આંખોવાળો, અત્યંત સ્વરૂપવાન, યુવાવસ્થામાં પ્રબળ ભાગ્યોદય પ્રાપ્ત કરનાર, રાજા સમાન સુખો ભોગવનાર અને સ્ત્રીઓમાં કામવૃત્તિ પેદા કરનાર થાય છે. મોટા માણસ થાય છે.

## (૧૦૪) દામોદરયોગ :

જન્મકુંડલીમાં ગુરુ, સ્વગૃહી-ઉચ્ચનો કે મિત્રક્ષેત્રી હોય તો દામોદર નામનો યોગ થાય છે.

**અરવિંદ ઘોષ**




**ફળાદેશ :** ધનવાન, વિદ્યાવાન, અનેકપ્રકારનાં સુખોવાળો નોકર-ચાકરો વાળો થાય છે. યોગી થાય તો મહાન બને છે.

## (૧૦૫) દીપયોગ :

જન્મકુંડળીમાં મંગળ થી બીજે બુધ, નવમે કે પાંચમે શુક્ર હોય અને દસમા ભાવે શનિ ઉચ્ચનો કે બળવાન થયેલો હોય તો દીપયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મનાર બાહુબલી અને મહાન ગુણોથી સંપન્ન હોય છે. જે તે સ્થળનો રાજવી કે અગ્રેસર બને છે.

## (૧૦૬) કુસુમયોગ :

જન્મકુંડળીમાં જો દશમાં સ્થાનમાં શનિ હોય, શુક્ર સ્થિર રાશિનો કે કેન્દ્રમાં હોય અને જો ચંદ્ર ત્રિકોણ સ્થાનમાં હોય તો કુસુમયોગ થાય છે.




**ફળાદેશ :** દાનવીર, મહાનકુળમાં જન્મનાર, વૈદકના જાણકાર, રાજવૈદ્ય તરીકે સુપ્રસિદ્ધ મોભાદાર, સજ્જન અને સ્ત્રીવર્ગમાં પ્રિય બને છે.

**(૧૦૭) ગજયોગ :** જન્મકુંડળીમાં છઠ્ઠા ભાવનો સ્વામી ચંદ્ર સાથે બેસી અગિયારમા ભાવના સ્વામી વડે દ્રષ્ટ હોય તો કુંડળીમાં ગજયોગ થાય છે.

ગુરુનાનક




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક તેની ઉંમરના ૨૦મા વર્ષે ભાગ્યોદય પ્રાપ્ત કરે છે અને આ ભાગ્યોદયનાં કારણે ધન-ધાન્ય સુખ અને ભોગ પ્રાપ્ત કરે છે આ યોગના શુભફળો જાતકને ઓછામાં ઓછા એક દસકા સુધી નિરંતર મળ્યા કરે છે અને મહાન થાય છે.

## (૧૦૮) ચિત્રયોગ :

જન્મકુંડળીમાં ધનેશ ભાગ્ય ભુવનમાં, ભાગ્યેશ એકાદશ ભાવમાં અને એકાદશેશ જો ઉચ્ચનો થઈને કુંડળીમાં બેઠો હોય તો ચિત્ર યોગ નિષ્પન્ન થાય છે.




**ફળાદેશ :** જ્ઞાન ગાંભીર્યવાળો, ઉચ્ચ પદવી પ્રાપ્ત કરનાર, દીર્ઘઆયુષ્યવાળો, રાજકારણનો મજબૂત ખેલાડી થાય છે.

**(૧૦૯) કાલસર્પયોગ :** જન્મકુંડળીમાં રાહુ અને કેતુ વચ્ચે આવેલા સાત સ્થાનોમાં કુંડળીના બધા જ ગ્રહો સમાયેલા હોય છે અને સાત સ્થાનો પૈકી કોઈપણ સ્થાન ગ્રહ વિનાનું કે ખાલી ન હોય તો કાળસર્પ યોગ થાય.

**જવાહરલાલ નહેરુ**




**ફળાદેશ :** આત્મહત્યા કરવાની વૃત્તિવાળા, આત્મઘાતક ચિંતનવાળા, હિંમતના અભાવવાળા, ક્યારેક આ યોગવાળા જાતકો નિર્ધન, હતોત્સાહી કે બેસવાની ડાળ ગુમાવી બેઠેલા જોવા મળે છે મોજ શોખવાળો રાજા થાય છે.

**(૧૧૦) ચાપયોગ :** જન્મકુંડલીમાં લગ્નનો સ્વામી ઉચ્ચનો હોય અને ચોથા, દશમા સ્થાનના સ્વામીઓ સ્થાન પરિવર્તનમાં હોય તો ચાપયોગ થાય છે.




**ફળાદેશ :** જાતક નાની ઉંમરે રાજાના ઉમરાવ તરીકે પસંદગી પામે છે. શક્તિશાળી અને સંપત્તિવાન બને છે. આવા જાતકો નાની ઉંમરે રાજાના ખજાનચી જેવા ઉચ્ચપદના હોદ્દાઓ ભોગવે છે.

**(૧૧૧) ચંડયોગ :** જન્મકુંડળીમાં લગ્નની અંદર ઉચ્ચનો ગ્રહ હોય અને તેના ઉપર મંગળની દ્રષ્ટિ હોય સાથે સાથે ભાગ્ય ભુવનનો માલિક ત્રીજા ભાવમાં હોય તો ચંડયોગ નામનો રાજયોગ થાય છે.

**સંત કબીર**




**ફળાદેશ :** અનેક પ્રકારનાં જાતવાન અશ્વોનો સ્વામી થાય છે. જાતક સત્તા, બળ અને પરાક્રમ યુક્ત હોય છે. આવા જાતકો ઉંમર વર્ષ ૬૦ કરતાં લાંબુ જીવન જીવે છે. સંત થાય તો મહાન થાય છે.

(૧૧૨) **દેવેન્દ્રયોગ :** જન્મકુંડલીમાં વૃષભ, સિંહ, વૃશ્ચિક કે કુંભ રાશિનું લગ્ન હોય અને લગ્નેશ તથા એકાદશેશ વચ્ચે સ્થાન પરિવર્તન થયેલ હોય અને બીજા અને દશમા સ્થાનના માલિકો એકબીજા પર દ્રષ્ટિ કરતાં હોય અથવા એકબીજાથી કેન્દ્રમાં હોય તો આ યોગ થાય છે.

**બાબા રામદેવ**




**ફળાદેશ :** આવા જાતકો સુંદર કાંતિવાળા, કિર્તીવાન, જમીન-જાગીરવાળા, શક્તિશાળી, સુંદર સ્વભાવવાળા, શત્રુનો નાશ કરવાવાળા, સ્ત્રીઓમાં પ્રિય તથા આશરે ૬૦ વર્ષ જેટલું આયુષ્ય ભોગવવાવાળા થાય છે.

(૧૧૩) **નલિકાયોગ :** જન્મકુંડળીમાં બન્ને ત્રિકોણનાં સ્વામીઓ (પંચમેશ અને નવમેશ) યુતિમાં હોય તથા ચંદ્ર લાભેશ સાથે ધન ભાવમાં હોય તો નાલિકાયોગ થાય છે.

**બાદશાહ હૈદઅલી**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક રાજા થાય અથવા તો રાજા જેવો સુખો પ્રાપ્ત કરે છે. કિશોર અવસ્થા એટલે કે ૧૬ વર્ષની ઉંમરે આવા જાતકો જીવનમાં ભાગ્યોદય પ્રાપ્ત કરે છે.

**(૧૧૪) નાલયોગ :** જો જન્મકુંડળીમાં ભાગ્યસ્થાનમાં ગુરુ હોય અને જો ભાગ્યનો અધિપતિ ગુરુથી અગિયારમાં ભાવમાં પૂર્ણ ચંદ્ર સાથે યુતિ યોગમાં હોય તો નાલ નામનો રાજયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક સમાજમાં અગ્રગણ્ય કે મોભાનું સ્થાન પ્રાપ્ત કરે છે જાતક તેની ઉંમરના ૨૧મા વર્ષ બાદ પ્રબળ ભાગ્યોદય કરે છે અને જીવનમાં સુખ સાહેબી પ્રાપ્ત કરે છે.

**(૧૧૫) પદ્મપરાગયોગ :** જન્મકુંડળીમાં ગુરુ અને શુક્રની કેન્દ્ર સ્થાનમાં યુતિ થયેલી હોય તો પદ્મપરાગયોગ થાય છે.

**પૃથ્વીરાજ ચૌહાણ**




**ફળાદેશ :** આ યોગવાળો જાતક રાજા થાય છે તેઓ ઉત્તમ પ્રકારનાં હીરા-માણેક-રત્નોથી ભરપૂર ખજાનો ધરાવે છે અને તેઓની બુદ્ધિમત્તાની ચારે બાજુ કદર થાય છે આવા જાતકો દરેક પ્રકારનાં સુખોથી સંપન્ન હોય છે.

**(૧૧૬) ચર્તુમુખયોગ :** જન્મકુંડળીમાં ભાગ્યેશથી ગુરુ કેન્દ્રમાં હોય, લાભેશથી શુક્ર કેન્દ્રમાં હોય અને લગ્નેશથી તથા કર્મેશથી બુધ કેન્દ્રમાં હોય તો ચતુર્મુખયોગ થાય છે.

**જૈનાચાર્ય વિજયરામચંદ્રસૂરિજી**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતકો મોજ શોખથી પર જીવન જીવનાર, ખાવા-પીવામાં વિશિષ્ટ પ્રકારનાં ત્યાગી કુળદીપક બને છે વિદ્વાનો દ્વારા પ્રસસ્થ અને લાંબા આયુષ્યવાળા હોય છે મહાન ત્યાગી, વૈરાગી સમ્રાટ બને છે.

**(૧૧૭) કલાનીધિયોગ :** જો જન્મકુંડળીમાં ગુરુ, બુધ અને શુક્ર વડે યુક્ત કે દ્રષ્ટ હોય તથા તે બીજે કે પાંચમે સ્થાને બુધ કે શુક્રની રાશિમાં હોય તો કલાનીધિયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલો જાતક સુંદર સ્વભાવના, રાજા દ્વારા માન-સન્માન પ્રાપ્ત કરનાર, વિપુલ લક્ષ્મી સુખવાળા, સારા આરોગ્યવાળા, ખૂબ જ લાગણી પ્રધાન અને વાહન આદિના સુખોવાળા હોય છે.

**(૧૧૮) કૃતકૃત્યયોગ :** જો શુભગ્રહ યુક્ત ચરરાશિનું લગ્ન હોય તથા ગુરુ ગ્રહ કુંડળીમાં કેન્દ્ર કે ત્રિકોણ સ્થાનમાં બિરાજમાન હોય તો કૃતકૃત્યયોગ થાય.

**ડૉ. સંપૂર્ણાનંદજી**




**ફળાદેશ :** જીવનમાં ઈચ્છિત કર્મો સફળ રીતે કરવાથી પોતે જીવનમાં કૃતકૃત્યતાનો ભાવ અનુભવે છે. આવા જાતકો તેમના જીવનમાં ઘણા બધા મહાન કાર્યો કરે છે અને તેઓ તેમનાં જીવનને ધન્ય ધન્ય બનાવે છે.

**(૧૧૯) ગોયોગ :** જન્મકુંડળીમાં ગુરુ બીજા ભાવનાં સ્વામી સાથે મૂળ ત્રિકોણ એટલે કે પાંચમા કે નવમાં સ્થાને બેઠેલ હોય અને કુંડળીમાં લગ્ન ભાવનો સ્વામી ઉચ્ચનો હોય તો ગોયોગ થાય છે.




**ફળાદેશ :** જાતક ઉચ્ચ કુટુંબધારી, પ્રભાવશાળી, પ્રતિભાવાળા, આર્થિક રીતે સંપન્ન, હળતા-મળતા, ભોગવિલાસ અને લાંબા આયુષ્યવાળા હોય છે.

**(૧૨૦) સ્વેચ્છાયોગ :** જો જન્મકુંડળીમાં બધા ગ્રહો સ્વગૃહી હોય તો આ યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક અનેક પ્રકારના રત્નાભૂષણોયુક્ત, અનેક પ્રકારના સુખોવાળો, શત્રુઓનો નાશ કરનાર અને ધન-ધાન્ય યુક્ત હોય છે. આવા જાતકો પોતાની ઈચ્છા મુજબના સુખો સહજ રીતે પ્રાપ્ત કરે છે.

**(૧૨૧) વિદ્યુતયોગ :** કુંડળીમાં જો એકાદશ ભાવનો સ્વામી પરમ ઉચ્ચનો હોય અને શુક્ર સાથે બેસીને લગ્નેશથી કેન્દ્રમાં હોય તો વિદ્યુતયોગ થાય છે.

રાવશ્રી રૂપજી ટાંક




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક રાજયોગ જેવા ફળો પ્રાપ્ત કરે છે અને આવા જાતકો મોટા અમલદાર કે પ્રભાવશાળી વ્યક્તિ તરીકે પ્રતિષ્ઠિત હોય છે.

**(૧૨૨) ઈન્દ્રયોગ :** જો જન્મકુંડળીમાં પાંચમા ભાવ અને અગિયારમા ભાવના અધિપતિઓ સ્થાન પરિવર્તનમાં હોય અને ચંદ્ર જો પાંચમા ત્રિકોણ ભાવે શુભ થઈને બેઠેલ હોય તો ઈન્દ્રયોગ નામનો રાજયોગ થાય છે.




**ફળાદેશ :** આયોગમાં જન્મેલ જાતકો ચોતરફ પ્રખ્યાતીવાળા, રાજવી કે રાજવી સમાન થાય છે.

**(૧૨૩) શિવયોગ :** જો જન્મકુંડળીના ભાગ્યાધિપતિ કર્મ ભુવનમાં, કર્માધિપતિ પાંચમે ત્રિકોણ ભુવનમાં અને પંચમાધિપતિ ભાગ્ય સ્થાનમાં બિરાજમાન હોય તો શિવનામનો રાજયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતકો સમુદાયના નાયક, મોટા વેપારી અને સદ્‌ગુણી હોય છે. જેઓમાં આધ્યાત્મિક અભિરૂચિ અને ધાર્મિક મનોવૃત્તિ સહજ રીતે જણાય છે.

**(૧૨૪) ગાંધર્વયોગ :** જો કુંડળીમાં કર્મભુવનનો સ્વામી ૩, ૭ કે ૧૧ મે ભાવે હોય અને કુંડળીમાં લગ્નેશ તથા ગુરુ યુતિમાં હોય અને સૂર્ય મેષ રાશિનો (ઉચ્ચનો હોય) તથા ભાગ્યસ્થાને ચંદ્ર હોય તો ગાંધર્વયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મનાર જાતક ગાંધર્વ વિદ્યાઓમાં એટલે કે નૃત્ય, સંગીત અને ગાયનવાદનમાં નિપુણ હોય છે. આ કારણે તે રાજપ્રિય ઉચ્ચવર્ગનો પ્રેમ સંપાદન કરનાર, કલાકાર અને દીર્ઘ આયુષ્યવાળો બને છે.

**(૧૨૫) શ્રીનાથયોગ :** જો જન્મકુંડળીમાં ભાગ્યેશ, કર્મેશની યુતિ હોય તથા સપ્તમ સ્થાનનો સ્વામી ઉચ્ચનો થઈ કર્મભુવનમાં બેઠેલ હોય તો આ યોગ થાય છે.

**શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**




**ફળાદેશ :** આ યોગમાં જન્મનાર જાતક અનેક પ્રકારનાં સુખોવાળો, ઐશ્વર્યયુક્ત અને દરેક સંકલ્પો સિદ્ધ કરનાર સંભવે છે.

## (૧૨૬) વંધ્યાયોગ :

જો સ્ત્રીજાતકની કુંડળીમાં લગ્નેશ, પંચમેશ, સપ્તમેશ તથા ગુરુ નિર્બળ હોય તો આવી સ્ત્રીઓની કુંડળીમાં વંધ્યાયોગ ગણાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મનાર સ્ત્રી જાતકોની કુંડળીમાં આજીવન સંતતિ થતી નથી અને જો અનેક કષ્ટો પછી સંતાન અવતરણ થાય છે, તો આવા સંતાનો બહુ લાંબુ જીવતા નથી. ટૂંકમાં આ યોગમાં જન્મેલ સ્ત્રી જાતકો વંધ્ય અવસ્થામાં જ મૃત્યુ પામે છે.

**(૧૨૭) સરસ્વતીયોગ :** જો જન્મકુંડળીમાં શુક્ર અને બુધ લગ્ને, બીજા ભાવે, ચોથા ભાવે, પાંચમા ભાવે, અગર દશમા ભાવે અલગ-અલગ ભાવમાં બેઠેલ હોય અને ગુરુ પણ જો આ ગ્રહથી અલગ ઉપરોક્ત સ્થાનોમાંથી ગમે તે સ્થાનમાં ઉચ્ચનો, સ્વગૃહી કે મિત્ર રાશિનો થઈ બેઠેલ હોય તો સરસ્વતીયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક વિદ્વાન, ગુણવાન, પુત્ર-પત્નીનાં સુખવાળા, વિદ્યાભ્યાસી તથા વિદ્યાવ્યાસંગી હોય છે.

## (૧૨૮) કુલવર્ધનયોગ :

જો જન્મકુંડળીમાં બધા જ ગ્રહો લગ્નથી, સૂર્યથી અને ચંદ્રથી પાંચમે એમ ત્રણ ભાવોમાં જ સમાયેલ હોય તો કુલવર્ધન નામનો યોગ થાય છે.




**ફળાદેશ :** જાતકો મોટા કુટુંબ કબીલાવાળા, પુત્ર-પૌત્રીઓ યુક્ત તથા તંદુરસ્તી, સુખ સામર્થ્ય અને આર્થિક રીતે ઘણાં જ સંપન્ન હોય છે.

## (૧૨૯) સુશુભાયોગ :

જન્મકુંડળીમાં બારમા ભાવે શુભગ્રહ હોય તો સુશુભાયોગ થાય છે.

**શ્રી અણ્ણા સાહેબ**




**ફળાદેશ :** આવા જાતકો શુભ ફળો જેવા કે ધન-ધાન્ય, ઐશ્વર્ય, ધર્મપ્રેમ, સ્ત્રી-પુત્રનો પ્રેમ અને યમ-નિયમનું આચરણ કરનાર થાય છે.

## (૧૩૦) અશુભાયોગ :

જન્મકુંડળીમાં બારમા ભાવે અશુભગ્રહ હોય તો અશુભાયોગ થાય છે.

**શ્રી સંજય ગાંધી**




**ફળાદેશ :** આવા જાતકો અકર્મણ્ય, કપટી, ક્રોધી, ટુંકા આયુષ્યવાળા, ક્યારેક મંદબુદ્ધિના અને ક્યારેક સતપતિયા જોવા મળે છે.

**(૧૩૧) સહજધનપ્રાપ્તિયોગ :** જો કુંડળીમાં લગ્નેશ અને દ્વિતિયેશ વચ્ચે સ્થાન પરિવર્તન થયું હોય તો સહજ લક્ષ્મી પ્રાપ્તિનો યોગ થાય છે.

**શ્રી આશુતોષ મુખરજી**




**ફળાદેશ :** આ યોગવાળા જાતકોને પ્રયત્ન વિના લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. આવા જાતકો ઘણીવાર વારસાયોગી કે સ્પેક્યુલેશનમાંથી કે કોઈના પ્રેમથી બક્ષીસરૂપે કે નિમિત્ત માત્ર બનવાથી લક્ષ્મી પ્રાપ્ત કરે છે અને લક્ષ્મીનું સુખ અનાયાસે જ ભોગવે છે.

**(૧૩૨) આજીવન ધનપ્રાપ્તિયોગ :** જન્મકુંડળીમાં કેન્દ્ર ભાવે ધન નિર્દેશક ગુરુ બેઠેલ હોય અને કુંડળીમાંના ધનભાવમાં બે કે તેથી વધુ ગ્રહો બેઠેલા હોય કે દ્રષ્ટિ કરતા હોય તો આજીવન ધનપ્રાપ્તિ યોગ થાય છે.

**સમ્રાટ એડવર્ડ આઠમો**




**ફળાદેશ :** આયોગમાં જન્મેલ જાતક જીંદગીભર કોઈપણ તકલીફ વિના કોઈને કોઈ રીતે જીવનપર્યંત લક્ષ્મી પ્રાપ્તિના સ્રોત ધરાવે છે અને લક્ષ્મીનો અભાવ ક્યારેય અનુભવતા નથી.

**(૧૩૩) ઈષ્ટફળયોગ :**

જો જન્મ વખતે બધા જ ગ્રહો કુંડળીનાં આપોકિલમ સ્થાનોમાં એટલે કે ૩, ૬, ૯, ૧૨માં ભાવમાં હોય તો ઈષ્ટફળ યોગ થાય છે.




**ફળાદેશ :** આવા જાતકો રાજ્ય તરફથી લાભ પ્રાપ્ત કરનાર, અન્ય વ્યક્તિઓને સુખ અને આનંદ આપનાર, ધન-ધાન્યવાળા અને જ્યારે જેવી જરૂરત હોય કે અપેક્ષા હોય તેવા સુંદર ફળો પ્રાપ્ત કરનાર ભાગ્યશાળી બને છે.

**(૧૩૪) ચક્રયોગ :**

જન્મકુંડળીમાં દશમા ભાવે રાહુ હોય, દશમા સ્થાનનો અધિપતિ જન્મકુંડળીમાં લગ્ન ભાવે હોય અને લગ્નેશ નવમા ભાવમાં હોય તો ચક્રયોગ નામનો રાજયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતકો જમીન-જાગીર, યશ, માન અને કીર્તિ પ્રાપ્ત કરનાર તથા નાની ઉંમરે (વીસમાં વર્ષે) ભાગ્યોદય પ્રાપ્ત થાય છે.

**(૧૩૫) ચામરયોગ :** જન્મકુંડળીમાં લગ્નનો સ્વામી ઉચ્ચનો થઈને કેન્દ્રમાં બેઠો હોય, તેના પર ગુરુની દ્રષ્ટિ હોય અથવા બે શુભગ્રહો લગ્ને, સાતમે કે દશમે હોય તો આ યોગ થાય છે.

**શ્રી બળવંત રામચંદ્ર ગોડવળે**




**ફળાદેશ :** આવા જાતકો જ્ઞાન-ધ્યાન યુક્ત, રાજ્યમાન પ્રાપ્ત કરેલ, વિદ્વાન, ધર્મશાસ્ત્રોમાં પ્રવિણ તથા સરસ્વતીની પૂર્ણ મહેરબાનીવાળા થાય છે. આવા યોગવાળા જાતકો દીર્ઘાયુષી હોય છે.

**(૧૩૬) ભાસ્કરયોગ :** ચંદ્રથી ગુરુ ત્રિકોણમાં હોય, સૂર્યથી બુધ બીજે હોય અને ચંદ્ર બુધ થી અગિયારમે હોય તો ભાસ્કરયોગ થાય છે.

**મહાત્મા ગાંધીજી**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક સૂર્ય સમાન તેજસ્વી અને જગત ઉપરની સર્વપ્રકારની વિદ્યાઓથી સુપરિચિત હોય છે. આવા જાતકો કલા કે સત્યના શોધક હોય છે. ધન, સત્તા અને સાહેબી તેમની મરજી પ્રમાણે વર્તે છે. તેઓ માટે ધન, સત્તા કે સાહેબી એ ગૌણ વિષય છે. ઘણીવાર આવા જાતકો સમાજના માર્ગદર્શકો, રાજા-રાજવીઓ પણ સંભવે છે.

**(૧૩૭) બ્રહ્મયોગ :** જો જન્મકુંડળીમાં ગુરુ અને શુક્ર અનુક્રમે નવમેથી અને અગિયારમેથી કેન્દ્રમાં હોય અને બુધ પણ તે જ પ્રમાણે કુંડળીમાં લગ્નેશ કે દશમેશથી કેન્દ્રમાં બેઠેલ હોય તો બ્રહ્મયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક વૈભવશાળી, ભુવનમાં રહેનાર, રાજવી ભોજનો કરનાર, જ્ઞાની અને પવિત્ર માણસો દ્વારા માન પામનાર, ધાર્મિકવૃત્તિવાળા અને સદ્કૃત્યો કરનાર થાય છે.

(૧૩૮) રવિયોગ :

જો કર્મભુવનનો સ્વામી શનિ યુક્ત થઈને પરાક્રમ ભુવનમાં બેઠો હોય અને દશમા ભુવનમાં સૂર્ય હોય તો રવિયોગ થાય છે.




**ફળાદેશ :** આવા જાતકો આ રાજયોગ વડે માન આદર પામે છે અને રાજાઓ કે ઉત્તમ અધિકારીઓ દ્વારા પાલન પોષણ પામે છે. આવા જાતકોની જિંદગીમાં કિશોર અવસ્થા એટલે કે પંદરેક વર્ષની ઉંમરે ભાગ્યોદય થાય છે.

(૧૩૯) ભિક્ષુકયોગ :

જાતકની કુંડળીમાં સ્થિર રાશિનું જન્મ લગ્ન હોય, રાત્રિમાં જન્મ થયો હોય, લગ્ન અને લગ્નેશ પાપગ્રહ યુક્ત હોય તો ભિક્ષુકયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક આજીવન ભિક્ષા માંગીને પોતાનું પેટ ભરે છે. હંમેશા દારિદ્રી, દુઃખી અને ભીખ માંગીને ભરણપોષણ કરતો જોવા મળે છે.

**(૧૪૦) દુર્યોગ :**

આ એક કનિષ્ટ પ્રકારનો યોગ છે. જો કુંડળીમાં કર્મભુવનનો સ્વામી અસ્ત, નીચ્ચ કે શત્રુ રાશિમાં ૬, ૮ કે ૧૨મે સ્થાને હોય તો દુર્યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગ વાળો જાતક દુઃખી અને પોતાની સિક્યોરીટી માટે સદૈવ ફાંફાં મારતો જોવા મળે છે. દુર્યોગના ખરાબ ફળો સામાન્ય રીતે દશમા ભાવના સ્વામીની દશા-અંતરદશા સમયે અચૂક મળે છે.

**(૧૪૧) અપુત્રયોગ :** જન્મકુંડળીમાં પાંચમા ભાવનો સ્વામી છટ્ઠે, આઠમે કે બારમે હોય તો અપુત્ર યોગ થાય છે.

**શ્રી રમણ મહર્ષિ**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક પુત્ર સુખથી વંચિત રહે છે. ઘણું કરીને આવા જાતકોને ત્યાં સંતાન જન્મ થતો નથી અને થાય તો અલ્પઆયુષી થાય છે.

**(૧૪૨) પ્રવજ્યાયોગ :** જો જન્મકુંડળીમાં ચાર ગ્રહો કે તેથી વધુ ગ્રહો એક જ ભાવમાં રહેલ હોય અને તે ગ્રહો પૈકી એક કે વધુ ગ્રહો ઉચ્ચ કે સ્વગૃહી બનતા હોય તો પ્રવજ્યાયોગ થાય છે.

**મહાત્મા ગૌતમ બુધ્ધ**




**ફળાદેશ :** આ યોગ થતો હોય તો જાતક ઘર-બાર, પતિ-પત્નિ, સંતાન, સંસાર ઈત્યાદિ સુખોનો ત્યાગ કરીને સન્યાસ ધારણ કરે છે. અને ગ્રહ યોગ પ્રમાણે આત્મા અને જગતનાં કલ્યાણ માટે વિહાર કરે છે. અથવા તો મઠ સ્થાપીને સ્થિર થાય છે.

**(૧૪૩) પૃથ્વીપતિયોગ :** મેષ લગ્નની કુંડળીમાં પહેલા ૧૩ અંશ ૨૦ કળા સુધીમાં અશ્વિની નક્ષત્ર વિશે શુક્ર બેઠેલો હોય અને અન્ય ગ્રહો વડે જોવાયેલો હોય તો પૃથ્વીપતિ યોગ થાય છે.

**જનરલ મોસેદ્દયાન**




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલા જાતકો અતુલ વૈભવશાળી, પૃથ્વીના અધિપતિ, મહારાજા જેવા, સુખસંપત્તિવાળા અને યશ, માન, પ્રતિષ્ઠાવાળા થાય છે.

**(૧૪૪) અધમયોગ :** જો કુંડળીમાં સૂર્ય, ચંદ્ર એકબીજાથી કેન્દ્રમાં રહેલા હોય તો અધમયોગ થાય છે.

**ફીસ્ટલાઈન કીલર**




**ફળાદેશ :** આ યોગમાં જન્મનાર જાતકો દરેક બાબતમાં મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ અને પરવશતા અનુભવે છે.

તેઓ સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, વાહન, ભોજન, વસ્ત્ર ઈત્યાદિ બાબતોમાં અધમ ચારિત્રના આચરણને લીધે અશુભફળ કે અધમફળ પ્રાપ્ત કરે છે.

**(૧૪૫) વિરંચી યોગ :** જન્મકુંડળીમાં પંચમેશ, ગુરુ અને શનિ આ ત્રણ ગ્રહો કુંડળીનાં કેન્દ્ર કે ત્રિકોણ સ્થાને શુભ બનીને બેઠા હોય એટલે કે સ્વગૃહી, ઉચ્ચ કે મિત્રક્ષેત્રી હોય તો આ વિરંચીયોગ થાય.




**ફળાદેશ :** આવા જાતકો તીવ્ર બુદ્ધિશાળી, સર્વગુણ સંપન્ન, ધીર-ગંભીર વાણીવાળા, આનંદ વૃત્તિવાળા, બ્રહ્મજ્ઞાન વાળા, સદાય બ્રહ્મનું ચિંતન કરનારા ધર્મમાં અટલ શ્રદ્ધાવાળા, સ્ત્રી-પુત્રો હોવા છતાં સંયમી અને ઈન્દ્રિયજીત હોય છે. આવા જાતકો રાજમાન પ્રાપ્ત કરે છે. તેમના ચહેરા પર અલૌકિક તેજ હોય છે. જેઓ લાંબુ આયુષ્ય ભોગવે છે.

**(૧૪૬) છત્રયોગ :** જો જન્મકુંડળીમાં પાંચમા ભાવનો સ્વામી શુભગ્રહ દ્રષ્ટ, ઉચ્ચનો કે સ્વગૃહી થઈ કુંડળીમાં કેન્દ્ર કે ત્રિકોણ વિશે બેઠેલો હોય અને પાંચમા સ્થાન વિશે શુભગ્રહ બેઠેલ હોય કે પાંચમા ભાવ ઉપર શુભગ્રહની દ્રષ્ટિ હોય તો છત્રયોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક ઉત્તમ વાણી બોલનાર, રાજાજેવું પદ-પ્રતિષ્ઠા ભોગવનાર, સ્ત્રી-પુત્ર, ધન-ધાન્ય, સંપત્તિ ઈત્યાદિના ઉત્તમ સુખો ભોગવનાર, તીવ્ર બુદ્ધિવાળો અને વિદ્વાન થાય છે. મોટી ઉંમર સુધી માતા-પિતા આશિર્વાદ આપવા જીવીત રહે છે.

**(૧૪૭) કામયોગ :** જો જન્મકુંડળીમાં સપ્તમેશ શુભગ્રહની યુતિવાળો બનીને જે કુંડળી વિશે ઉચ્ચ કે શુભગ્રહ સ્થાનમાં બિરાજમાન હોય તો કામયોગ નામનો લાવણ્યયોગ થાય છે.

**પ્રેસિડેન્ટ નાઅર**




**ફળાદેશ :** આવા જાતકો ઉત્તમ ગુણવાળા, પુત્ર, સુખ પ્રાપ્ત કરનારા, ઉત્તમ પત્નિ પ્રાપ્ત કરનારા અને તે દ્વારા પૂર્ણ સુખ પ્રાપ્ત કરનારા થાય છે. આવા જાતકો પરસ્ત્રીમાં ક્યારેય આશક્ત થતા નથી.

**(૧૪૮) જલધીયોગ :**

જો કોઈપણ કુંડળીમાં શુભગ્રહનાં સંબંધથી ચતુર્થેશ ઉચ્ચનો, સ્વક્ષેત્રી કે મિત્રક્ષેત્રી બનીને શુભસ્થાન વિશે રહેલો હોય તો જલધીયોગ થાય છે.

**સ્વામિ મુક્તજીવનદાસજી**




**ફળાદેશ :** આવા જાતકો ધાર્મિક અને આધ્યાત્મિક વ્યક્તિઓમાં રસ, રુચિ અને પ્રેમ ધરાવે છે. તેના કોઠારો સદાય ધન-ધાન્યથી ભરેલા રહે છે. આવા જાતકો પાસે મોટું ગોધન હોય છે. સ્ત્રી, સંતાન, અને ભાઈ ભાંડુંનું પૂર્ણ સુખ પ્રાપ્ત કરે છે અને જીવનમાં ઘણા ઊંચા પદ કે સ્થાન ભોગવે છે. ઘણીવાર માનવ પ્રેમથી ખેંચાઈને વાવ, તળાવ, કૂવા, ધર્મશળા તેમજ નાના મોટા રસ્તાઓ બનાવી પરોપકારી કાર્યો કરે છે.

**(૧૪૯) શૌર્યયોગ :** જો કુંડળીમાં ત્રીજા ભાવનો સ્વામી સ્વગૃહી, ઉચ્ચ કે મિત્ર રાશિનો હોય અને કુંડળીમાં કેન્દ્ર કે ત્રિકોણ વિશે બેઠેલો હોય તથા ત્રીજા ભાવમાં શુભ ગ્રહો બેઠેલા હોય તે કુંડળીમાં શૌર્યયોગ બને છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક અખૂટ શક્તિવાળો, યુધ્ધમાં વિજય મેળવવા વાળો, પ્રખ્યાત, નાના ભાઈભાંડુઓ દ્વારા સન્માનિત, રાજ્યધુરા વહન કરનાર, સૈન્યમાં અગ્રેસર તથા ઉત્તમ, ભૌતિક સુખ પ્રાપ્ત કરનાર થાય છે.

**(૧૫૦) પારિજાત યોગ :** જન્મકુંડળીમાં એકાદશ સ્થાન વિશે શુભ ગ્રહ બેઠેલ હોય કે શુભગ્રહની દ્રષ્ટિ હોય તથા આ ભાવનો સ્વામી ઉચ્ચ, સ્વ કે મિત્ર રાશિનો બની શુભ સ્થાન વિશે બેઠેલ હોય તો પારિજાત નામનો યોગ થાય.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક રાજા જેવો, વિશાળ ભૂમિનો માલિક બને છે. તે હંમેશા શુભ આશયથી અને શુભફળોવાળા કાર્યો કરે છે. આવા માનવીના જીવનમાં અશુભ પ્રસંગો આવતાં જ નથી.

**(૧૫૧) બુધયોગ :** જો જન્મકુંડળીમાં લગ્ન ભાવે ગુરુ બેઠેલ હોય, કેન્દ્ર ભાવે ચંદ્ર બેઠેલ હોય અને ચંદ્રથી બીજે રાહુ તથા સૂર્ય-મંગળ રાહુથી ત્રીજે હોય તો બુધ નામનો યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળા જાતકો ચોમેર કિર્તીવાળા, વૈભવથી પરિપૂર્ણ, શત્રુઓનો નાશ કરનાર, દબદબાવાળા અને પ્રતિભા સંપન્ન હોય આવા જાતકોની કુંડળીમાં અનાયાસે થતાં ગજકેસરી યોગ અને અમલાકીર્તિ યોગ જેવા યોગોથી સમાજ, રાજ્ય અને દેશના ક્યારેક વડા પણ થાય છે.

**(૧૫૨) અવયોગ :** જો જાતકની જન્મકુંડળીમાં લગ્ન ભાવ વિશે અશુભગ્રહો રહેલા હોય કે અશુભ ગ્રહોની દ્રષ્ટિ હોય અને લગ્નેશ છઠ્ઠા, આઠમા કે બારમા અશુભ સ્થાનમાં રહેલ હોય તો અવયોગ બને છે.




**ફળાદેશ :** અવયોગી જાતકો સદાય દારિદ્ર ભોગવે છે. ચારિત્ર્ય ભ્રષ્ટ તથા ખરાબ માણસોની સંગ-સોબતમાં રહે છે. ઘણીવાર હલકા પ્રકારનાં અપમાન સહન કરે છે. આવા માણસોને ધન કે આબરૂ જેવું કશું જ હોતું નથી.

**(૧૫૩) નિઃસ્વયોગ :** જો કોઈપણ જાતકની કુંડળીમાં બીજાભાવ વિશે અશુભગ્રહની સ્થિતિ કે દ્રષ્ટિ હોય અને બીજા ભાવનો સ્વામી જન્મકુંડળીમાં છઠ્ઠા, આઠમા કે બારમા ભાવે હોય તો નિઃસ્વયોગ થાય છે.




**ફળાદેશ :** નિઃસ્વયોગી જાતક સ્ત્રી, પુત્ર, વિદ્યા, ધન, ધાન્ય, વાહન વગેરેના સુખથી વંચિત ક્રૂરવાણી બોલનાર, ખરાબ માણસની સોબતવાળો, જો અન્ય શુભ યોગે પત્નિ પ્રાપ્તિ થાય તો તે પણ વંધ્યા મળે છે. આવા જાતકોના દાંત અને આંખો રોગ વિકાર યુક્ત હોય છે. ઘણીવાર આવા જાતકો દુશ્મનોથી પીડિત થાય છે.

**(૧૫૪) મૃતયોગ :** જન્મકુંડળીમાં ત્રીજા સ્થાને પાપ ગ્રહ હોય કે પાપગ્રહની દ્રષ્ટિ હોય અને બીજા સ્થાને સ્વામી જન્મકુંડળીમાં નિર્બળ બનીને છઠ્ઠા, આઠમા કે બારમે ભાવે હોય તો મૃત નામનો કનિષ્ટ યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળો જાતક અપકૃત્યો કરનાર અને નીચા અને હલકા કૃત્યોને કારણે શરમથી નીચું મોં ઘાલીને ફરવાવાળો, અનેક પ્રકારનાં દુશ્મનોથી મુશ્કેલીમાં મૂકાયેલો અયોગ્ય કાર્ય કરી ખાતર પર દીવેલ નાંખી કાર્યમાં હરહંમેશા નિષ્ફળતા મેળવે છે અને પસ્તાવો કરે છે. આવા માણસોને તેમના દુર્ગુણોના કારણે ભાઈ-ભાંડુના સુખ પ્રાપ્ત થતું નથી.

**(૧૫૫) કુહુ યોગ :** જો ચોથા સ્થાન વિશે પાપગ્રહની દ્રષ્ટિ હોય તથા ચતુર્થ ભાવનો સ્વામી જો કુંડલીમાં ખાડામાં સ્થાનો જેવા કે ૬, ૮ કે ૧૨માં ભાવમાં હોય તો કુહુ નામનો યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગમાં જન્મેલ જાતક માતા, મિત્રવર્ગ, વાહન, વસ્ત્રાળંકાર ઇત્યાદિ સુખોનો અભાવ અનુભવે છે અને ઘણીવાર નિરાશ્રિત જીવન ભોગવવાના દિવસો આવે છે. આવા સમયે જો કે આશ્રયનું સ્થાન પ્રાપ્ત થાય તો આ સ્થાન પોતે જ નાશ પામે છે અને તેના ખરાબ સમયમાં આશ્રયની સતત પ્રતિક્ષા હોય છે.

**(૧૫૬) નિર્ભાગ્ય યોગ :** જો જન્મકુંડળીમાં નવમા ભાગ્ય સ્થાને અશુભ ગ્રહ બેઠેલા હોય કે અશુભગ્રહની દ્રષ્ટિ હોય અને ભાગ્યેશ કુંડળીમાં ૬, ૮ કે ૧૨ મે બેઠો હોય તો નિર્ભાગ્ય યોગ થાય છે.




**ફળાદેશ :** આ યોગવાળા ધર્માચારણ વિનાના, બ્રાહ્મણો, ગુરુજનો, વડીલો, સંતો તથા માતા-પિતા વિશે અશુભ બોલનાર, વિલવારસાથી આવા લોકોને અલિપ્ત રાખવામાં આવે છે. મતિ તથા અવળી પ્રવૃત્તિ કે ખરાબ માર્ગ આચરે છે.

**(૧૫૭) વિષયોગ :** શનિ અને ચંદ્ર યુતમાં હોય તો વિષયોગ થાય.

**લંકાપતિ રાવણ**




**ફળાદેશ :** આ યોગવાળા જાતક મહાન છત્રપતિ મહારાજા થાય. સમૃદ્ધિવાન થાય. જમીન-જાગીર સર્વે રીતે સિદ્ધિ સફળતા મળે છતાં વિષયોગનાં કારણે પોતાને ઊંધુ સુઝે, અવળુ સુઝે ન કરવાની કરી બેસે સર્વે સફળતા ખોઈ બેસે છે.

**(૧૫૮) ગ્રહણયોગ :** સૂર્ય અને રાહુ અથવા ચંદ્ર અને રાહુ યુતિમાં હોય તો ગ્રહણયોગ થાય.




**ફળાદેશ :** આ યોગવાળા જાતકને દરેક રીતે બંધન થાય. તેમના જીવનમાં તેઓ ઘણી રીતે હેરાન, પરેશાન થાય છે. ગમે તેટલો મોટો માણસ હોય તો પણ તેમના જીવમાં મુસીબતો આવે છે.

**(૧૫૯) શકટયોગ :** ગુરુ ચંદ્રથી છઠ્ઠે, આઠમે, લગ્નથી કેન્દ્ર સિવાયના કોઈ સ્થાનમાં બેઠો હોય તો શકટ યોગ થાય છે.




**ફળાદેશ :** શકટ યોગનાં પ્રભાવથી રાજાના કુંળમાં જન્મેલ વ્યક્તિ પણ નિર્ધન, ક્લેશયુક્ત અને મહેનત કરવા છતાં પણ દુઃખી બને અને રાજાનો વેરી થાય.

**(૧૬૦) પંચમહાપુરુષયોગ :** જો જન્મકુંડળીમાં પાંચ ગ્રહો ઉચ્ચના હોય તો પંચમહાપુરુષ યોગ થાય છે.

**દશરથપુત્ર શ્રી રામ**




**ફળાદેશ :** શકટ યોગનાં પ્રભાવથી રાજાના કુંળમાં જન્મેલ વ્યક્તિ પણ નિર્ધન, ક્લેશયુક્ત અને મહેનત કરવા છતાંપણ દુ:ખી બને અને રાજાનો વેરી થાય.

## કેટલાક અન્ય યોગોના ફળાદેશ

- મેષ રાશિમાં ચંદ્ર, મંગળ, ગુરુ ઉદયને (લગ્નમાં) પામેલા હોય તો શત્રુઓ હરીફોને હંફાવી બધાયે દેશોમાં ફરનારો થાય.
- કોઈપણ ભાવમાં ઉચ્ચ રાશિમાં ગુરુ હોય (કર્ક), મેષ લગ્ને મંગળ હોય અથવા મંગળ અને ગુરુ મેષમાં સાથે હોય તો તેની સામે શત્રુઓ ટકી શકતા નથી. શત્રુઓ હેઠા પડે, ભાઠાં પડે, બળ હિન, શક્તિહીન બની જાય છે.
- શુક્લ પક્ષમાં (સુદમાં) જન્મ હોય, કર્કનો ચંદ્ર લગ્નમાં હોય સાતમે બુધ, હોય, છઠ્ઠે સૂર્ય, ચોથે શુક્ર, દસમે ગુરુ, ત્રીજે મંગળ અને શનિ હોય તો રાજલક્ષ્મી ભોગવનારો થાય છે. ધનાઢ્ય થાય છે, માલામાલ થાય છે. ખૂબ જ પૈસા વાળો થાય છે. ધનિક થાય છે.

- મકર લગ્ને શનિ હોય, ચંદ્ર મીનમાં હોય, મંગળ મિથુનમાં, બુધ કન્યામાં, ગુરુ ધનમાં હોય તો ઇન્દ્ર જેવા મહિમાવાળો થાય છે. મોટો માણસ થાય છે. ધનાઢ્ય થાય છે, પ્રભાવિત થાય છે. પ્રભાવવાળો થાય છે.
- લગ્નમાં મીનનો ચંદ્ર, મંગળ ઉચ્ચનો (મકરનો), સિંહનો સૂર્ય શનિ કુંભમાં હોય તો સઘળા કૌશલ્યનો જાણકાર થાય છે. ખૂબ સુખી થાય છે આનંદી થાય છે. મહાન સુખી થાય છે.
- લગ્ને મંગળ અને ચંદ્ર હોય, સાતમે બુધ ઉચ્ચનો હોય તો શત્રુથી જીતાય નહિ. (શત્રુને જીતનારો). સર્વ શાસ્ત્રોનો તત્ત્વનો જાણકાર થાય છે. તીક્ષ્ણ બુદ્ધિવાળો, મહાન વિદ્યાન થાય છે. તીવ્ર યાદશક્તિ વાળો (સ્મૃતિશક્તિવાળો) મહાન વિદ્યાન થાય છે.
- સૂર્ય કુંભમાં, મંગળ મેષમાં, ગુરુ કર્કમાં હોય ત્યારે પોતાનાં માન યશથી સર્વ સ્થળે પ્રસિદ્ધિ પામે છે અને તેનો ચારેય બાજુ જયજયકાર થાય છે.
- કર્કનો ગુરુ લગ્ને, દસમે મેષનો સૂર્ય, વૃષભમાં ચંદ્ર, બુધ, શુક્ર હોય તો આપમેળે શાસનકર્તા થાય છે. જાતમહેનતે આગળ આવે છે. તેને આપકર્મી કહેવાય છે.
- ધનમાં ચંદ્ર, ગુરુ સાથે હોય મકરનાં પૂર્વ ભાગે મંગળ (મકર રાશિનાં ૧૫ અંશ સુધીમાં) અને મીનમાં શુક્ર હોય. કન્યામાં બુધ હોય. તો પણ શાસનકર્તા ઉપરી અધિકારી મહાન નેતા થાય છે.
- કોઈ પણ રાશિમાં ૧૫ અંશ સુધી પૂર્વાધ કહેવાય અને ૧૬ થી ૩૦ અંશ સુધી ઉત્તરાંધ કહેવાય.
- લગ્ને કન્યાનો બુધ, મીનમાં ચંદ્ર અને ગુરુ મકરમાં શનિ, મિથુનમાં શુક્ર હોય તો સર્વશ્રેષ્ઠ શાસનકર્તા થાય છે.

- સૂર્ય, ગુરુ, સિંહમાં, કુંભમાં શનિ, વૃષભમાં ચંદ્ર, વૃશ્ચિકમાં મંગળ, મિથુનનો બુધ અને મેષ લગ્ન હોય તો પણ ઉચ્ચ શાસનકર્તા થાય છે.
- ધનમાં ગુરુ અને શનિ, તુલામાં ચંદ્ર, લગ્નમાં મેષનો સૂર્ય હોય તો ઘણી કીર્તિ મેળવે છે.
- બે ગ્રહો લગ્ને હોય અને શુભગ્રહો કેન્દ્રમાં હોય ત્યારે સમુદ્રયોગ થતાં આયોગમાં જન્મેલ ચક્રવર્તી રાજવી શાસનકર્તા થાય.
- લગ્નથી છ ભુવન સુધીમાં સઘળા ગ્રહો એવી રીતે હોય કે તે છ સ્થાનમાંનું એક પણ ખાલી ન રહેલું હોય તો પંક્તિયોગ થાય.

  એમ જ કેન્દ્રથી ૪માંથી ૭માંથી કે ૧૦માંથી ૬ ભુવન સુધીમાં બધાયે ગ્રહ પરિવારનાં સભ્યોએ સ્થાન ગ્રહણ કરેલાં હોય તો પણ **પંક્તિયોગ** થાય છે. એમાં જન્મેલ પ્રધાન થાય છે.
- ૫, ૪, ૩ ભાવમાં બધા ગ્રહો રહેલાં હોતાં **કર્મયોગ** થાય. આ યોગવાળો બંધુપુત્ર, લક્ષ્મી, વાહનો અને બહુ નોકરચાકરવાળો રાજા, પ્રધાન કે મંત્રી થાય છે.
- ૧૦, ૭, ૪ અને લગ્ને શુભગ્રહો હોય અને મંગળ, સૂર્ય, શનિ નવમે અથવા ૧૧મે હોય તો શાંત સ્વભાવી શાસનકર્તા થાય છે.
- ૧૦,૭,૪ ભાવ અને લગ્ને આ ચારેયમાં શુભો એવી રીતે ગોઠવાઈ ગયેલા હોય કે એખેય સ્થાન ખાલી ન રહેલું હોય ત્યારે **નગરયોગ** થાય છે. એમાં જન્મેલ રાજા શાસનકર્તા થાય છે.
- ૧૧ અને ૯ ભાવમાં શુભ ગ્રહ બેઠેલા હોય અને ૧૦મે પાપી (પાપ ગ્રહ) હોય ત્યારે **કલશ** નામનો રાજયોગ થાય છે.

- ત્રણ ગ્રહો ૨, ૫ અને ૧૧મા ભાવમાં હોય અને શુભ છઠ્ઠે હોય તથા બાકીનાં બે ગ્રહો ૭મે હોય ત્યારે પૂર્ણકુંભ રાજયયોગ થાય છે.
- અધિમિત્રની રાશિમાં કેન્દ્રમાં જન્મ રાશિનો સ્વામિ લગ્નના સ્વામિની જોડે હોય ને પાછી બળવાન બનીને લગને જોતો હોય ત્યારે **પુષ્કળયોગ** થાય છે. આ યોગમાં જન્મેલ લાંબા કાળ સુધી રાજ કરનાર શત્રુઓનો નાશ કરનાર હરીફોને હંફાવનાર થાય છે.

## વર્ગ કુંડળીનાં યોગો

- આ પુસ્તકમાં અત્યાર સુધી ઉદાહરણ સહિત જન્મકુંડળીઓનું વર્ણન જોયું હવે અહીં ૧૨ યોગોનું વર્ણન દર્શાવ્યું છે. તે ઉદાહરણ સિવાયના યોગો છે. જે વર્ગ કુંડળી પરથી ફળાદેશ થઈ શકે છે.

(૧) **ગરૂડ યોગ :** જો કોઈ જાતકનો જન્મ શુક્લ પક્ષમાં (સુદમાં) દિવસ દરમ્યાન થયો હોય. જો કુંડળીનો ચંદ્ર નવમાંશનો ઉચ્ચનો થઈને બેઠેલ હોય તો ગરુડ નામનો શુભયોગ થાય છે.

- આ યોગમાં જન્મનાર જાતક શુભ વસ્ત્ર, અલંકાર ધારણ કરનાર, સુંદરવાણી ઉચ્ચારનાર, અનેક પ્રકારના સુખો ભોગવનાર, સુંદર આરોગ્યવાળા, ઉચ્ચ પુરુષોની સેવા કરનાર બને છે. આવા જાતકોને જીવનનાં મધ્યભાગે વિષપાનથી મૃત્યુ થવાનો ભય છે.

(૨) **ગોલયોગ :** જો જન્મકુંડળીમાં ભાગ્ય ભુવનમાં પૂર્ણ ચંદ્ર, ગુરુ અને શુક્ર સાથે યુતિમાં હોય તથા નવમાંશ કુંડળીમાં બુધ ગ્રહ લગ્નમાં બિરાજમાન હોય તો ગોલયોગ થાય છે.

- આ યોગમાં જન્મેલ જાતકો નમ્ર, ઉચ્ચ પદવીધારી, લાંબા આયુષ્યવાળા, સુંદર મુખાકૃતિવાળા, ઉચ્ચ પ્રકારના ભોજનો કરનારા અને ક્યારેક આવા જાતકો મેજિસ્ટ્રેટ કે ન્યાયખાતા સાથે સંકળાયેલા અને ગામમાં મુખ્ય વ્યક્તિ

તરીકેની પ્રતિષ્ઠા ધરાવનાર હોય છે.

(૩) **વિષ્ણુયોગ :** જો જન્મકુંડળીમાં ભાગ્યાધિપતિ અને કર્માધિપતિની યુતિ દ્વિતિય ભાવમાં હોય અને ભાગ્યેશ નવમાંશમાં જે ભાવમાં બેઠેલ હોય તે ભાવનો અધિપતિ ષડવર્ગ કુંડળીઓમાં સર્વે ગ્રહોમાં બળવાન હોય તો વિષ્ણુ નામનો સૌભાગ્ય યોગ થાય છે.

- આ યોગમાં જન્મેલ જાતક અતિશય ભાગ્યશાળી અને દીર્ઘ આયુષ્યવાળા હોય છે. આવા જાતકો ધાર્મિક રૂચિવાળા ઉત્તમ પ્રકારના માનવીઓ હોય છે.

(૪) **મૃદંગયોગ :** જો કોઈ કુંડળીમાં પ્રથમ ભાવનો અધિપતિ બળવાન હોય ઉપરાંત કુંડળીમાં ઉચ્ચનો ગ્રહ જે સ્થાનમાં હોય તે નવમાંશમાં જે ભાવે હોય તેનો અધિપતિ જો કેન્દ્રમાં સ્વગૃહી ઉચ્ચનો કે મિત્રક્ષેત્રી હોય તો મૃદંગ નામનો રાજયોગ થાય છે.

- આ યોગવાળો જાતક આકર્ષક મુખ મુદ્રાવાળો પ્રભાવશાળી પ્રતિભાવાળો, તંદુરસ્ત આરોગ્યવાળો તથા ચોતરફ કીર્તિવાળો થાય છે.

(૫) **ચંદ્રિકાયોગ :** જન્મકુંડળીમાં છઠ્ઠા અને નવમા ભાવનો સ્વામીનો નવમાંશ વિશે જે રાશિમાં હોય તે રાશિના અધિપતિ જો સૂર્ય સાથે બેઠેલ હોય અને જો છઠ્ઠા ભાવના સ્વામીની સ્થિર રાશિમાં રહીને લગ્ન ભાવ પર દ્રષ્ટિ કરતા હોય તો ચંદ્રિકાયોગ બને છે.

- આ યોગમાં જન્મેલ જાતક અઢળક ધનવાળો, રાજ દરબારે પદ-પ્રતિષ્ઠાવાળો, ગુણવાન, નમ્ર, યુદ્ધપ્રિય, સારા આરોગ્યવાળો અને સો વર્ષનું આયુષ્ય ભોગવનાર થાય છે.

(૬) **ગૌરીયોગ :** દશમા ભાવનો સ્વામી નવમાંશ કુંડળીમાં જે રાશિનો સ્વામી બનતો હોય તો રાશિનો સ્વામી જન્મકુંડળીમાં ઉચ્ચનો હોય અને દશમાં ભાવે લગ્નના સ્વામી સાથે યુતિ યોગમાં હોય તો ગૌરીનામનો યોગ બને છે.

- આ જાતકની કુંડળીમાં ૩૬-૩૭ વર્ષ બાદ લગભગ ૧૦-૧૨ વર્ષનો ગાળો ઘણો જ પ્રગતિ સૂચક હોય છે અને ધર્મ, જ્ઞાન, કિર્તી, જમીન, જાગીર, કર્મ કાંડનું જ્ઞાન તથા યશમાન, કિર્તી આદિ ફળ પણ તે આ સમયમાં પ્રાપ્ત કરે છે.

(૭) **ભૂપયોગ :** નવમાંશ કુંડળીમાં રાહુ જો રાશિમાં હોય તેના અધિપતિથી ત્રિકોણમાં જો સ્વગૃહી ગ્રહ હોય અને તેની પર જો મંગળનો દ્રષ્ટિયોગ થતો હોય તો તેની કુંડળીમાં ભૂપયોગ થાય છે.

- આવા જાતકો શત્રુજીત, કુશળ રાજકારણી અગ્રેસર તથા ઉંમર વર્ષ ૩૩-૩૪ થી ભાગ્યોદય પ્રાપ્ત કરનાર નિવડે છે.

(૮) **નાગયોગ :** જન્મકુંડળીમાં દશમા ભાવનો અધિપતિ લગ્ન ભાવનો અધિપતિ અને દશમેશ નવમાંશમાં જે રાશિનો થતો હોય તો ત્રણેય ગ્રહોની યુતિ થતી હોય તો નાગયોગ થાય છે.

- આ યોગમાં જન્મેલ જાતકો નમ્ર, અર્થ સંપન્ન, આદર-માન પામનાર અને સોળ વર્ષની નાની વયે ભાગ્યોદય પ્રાપ્ત કરનાર થાય છે.

(૯) **ભારતીયોગ :** બીજા, પાંચમા કે અગિયારમા ભાવમાંથી કોઈપણ એક ભાવોનો માલિક નવમાંશ કુંડળીમાં જે ભાવમાં હોય તે ભાવનો સ્વામી ઉચ્ચનો થઈને ભાગ્યાધિપતિ સાથે જન્મકુંડળીમાં હોય તો ભારતીયોગ થાય છે.

- આવા જાતકો જગપ્રસિદ્ધ, ઉંડા અભ્યાસી, સુંદર પ્રતિભા, આકર્ષક ચહેરો, ધાર્મિક વૃત્તિવાળા, ચળકતી આંખોવાળા અને સંગીતના શોખીન હોય છે.

(૧૦) **દેવયોગ :** જો જન્મકુંડળીનો ભાગ્યેશ તથા આ ભાગ્યેશ નવમાંશ કુંડળીમાં જે રાશિમાં બેઠો હોય તે રાશિનો સ્વામી આ બન્ને ગ્રહો જન્મકુંડળીમાં લગ્નેશનાં દ્રષ્ટિકોણમાં બેઠો હોય અને જો જાતકનો જન્મ દિવસ દરમ્યાન થયો હોય તો આ દેવયોગ થાય છે.

- આ યોગમાં જન્મેલ જાતકો તેમની ઉંમરના ગૃહસ્થ આશ્રમની શરૂઆતમાં એટલે કે લગભગ ૩૦ વર્ષની આજુબાજુ ભાગ્યોદય પામે છે. તેઓ પુષ્કળ ધન, શારિરીક સુખાકારી, ઐશ્વર્ય, માન, આદર અને લાંબુ આયુષ્ય ભોગવે છે.

(૧૧) **અંગૂલયોગ :** જન્મકુંડળીમાં પંચમેશ થતો ગ્રહ નવમાંશ કુંડળીમાં જે રાશિમાં બેઠો હોય તેનો સ્વામી ગ્રહ ઉચ્ચનો થઈ બુધ અને કર્મેશ સાથે કુંડળી વિશે બેઠેલ હોય તો અંગુલ નામનો શુભયોગ થાય છે.

- આવા જાતકો ૬૦ થી ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવનાર (દીર્ઘ આયુષી) સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરનાર, વિદ્યાવ્યાસંગી, જમીન-જાગીર સંપન્ન ગોધણયુક્ત અને સારું લક્ષ્મી સુખ ભોગવનાર થાય છે.

(૧૨) **પૂર્ણ આનંદ યોગ :** જો જન્મકુંડળીમાં જન્મ લગ્ન સ્થિર રાશિમાં હોય, સૂર્યોદય થી સૂર્યાસ્ત વચ્ચેના સમયમાં જાતકનો જન્મ થયો હોય, લગ્નેશ નવમાંશ કુંડળીમાં જે રાશિનો હોય તે રાશિનો માલિક જન્મકુંડળીમાં ઉચ્ચનો કે સ્વગૃહી થઈ કેન્દ્ર વિશે બિરાજમાન હોય તો આ યોગ થાય છે.

- આ યોગમાં જન્મનાર જાતક અનેક પ્રકારની તીર્થયાત્રાઓ કરનાર, ગુણવાન, ભક્તિવાન, ધૈર્યવાન, પ્રતિભા અને કીર્તિયુક્ત હોય છે. કુંડળીમાં આ યોગ થયો હોય તો આવા જાતકો જીવનને પૂર્ણ આનંદથી કે પરમ આનંદથી ભોગવે છે.

# ચોવીસ તીર્થંકર પરમાત્માનાં જન્માક્ષરો

## (૧) શ્રી આદિનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | ફાગણ વદ આઠમ |
| નક્ષત્ર | : | ઉત્તરાષાઢા |
| રાશિ | : | ધન |

### લગ્ન કુંડળી




## (૨) શ્રી અજિતનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | મહા સુદ આઠમ |
| નક્ષત્ર | : | રોહિણી |
| રાશિ | : | વૃષભ |

### લગ્ન કુંડળી



## (૩) શ્રી સંભવનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | માગશર સુદ ચૌદશ |
| નક્ષત્ર | : | મૃગશીર્ષ |
| રાશિ | : | મિથુન |

### લગ્ન કુંડળી




## (૪) શ્રી અભિનંદન સ્વામી ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | મહા સુદ બીજ |
| નક્ષત્ર | : | પુનર્વસુ |
| રાશિ | : | મિથુન |

### લગ્ન કુંડળી



## (૫) શ્રી સુમતિનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | વૈશાખ સુદ આઠમ |
| નક્ષત્ર | : | મઘા |
| રાશિ | : | સિંહ |

### લગ્ન કુંડળી




## (૬) શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | આસો વદ બારસ |
| નક્ષત્ર | : | ચિત્રા |
| રાશિ | : | કન્યા |

### લગ્ન કુંડળી



## (૭) શ્રી સુપાર્શ્વનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | જેઠ સુદ બારસ |
| નક્ષત્ર | : | વિશાખા |
| રાશિ | : | તુલા |

### લગ્ન કુંડળી




## (૮) શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | માગશર વદ બારસ |
| નક્ષત્ર | : | અનુરાધા |
| રાશિ | : | વૃશ્ચિક |

### લગ્ન કુંડળી



## (૯) શ્રી સુવિધિનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | કારતક વદ પાંચમ |
| નક્ષત્ર | : | મૂળ |
| રાશિ | : | ધન |

### લગ્ન કુંડળી




## (૧૦) શ્રી શીતલનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | પોષ વદ બારસ |
| નક્ષત્ર | : | પૂર્વાષાઢા |
| રાશિ | : | ધન |

### લગ્ન કુંડળી



## (૧૧) શ્રી શ્રેયાંસનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | મહા વદ બારસ |
| નક્ષત્ર | : | શ્રવણ |
| રાશિ | : | મકર |

### લગ્ન કુંડળી




## (૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | મહા વદ ચૌદસ |
| નક્ષત્ર | : | શતભિષા |
| રાશિ | : | કુંભ |

### લગ્ન કુંડળી



## (૧૩) શ્રી વિમલનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | મહા સુદ ત્રીજ |
| નક્ષત્ર | : | ઉત્તરા ભાદ્રપદ |
| રાશિ | : | મીન |

### લગ્ન કુંડળી




## (૧૪) શ્રી અનંતનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | ચૈત્ર વદ તેરસ |
| નક્ષત્ર | : | રેવતી |
| રાશિ | : | મીન |

### લગ્ન કુંડળી



## (૧૫) શ્રી ધર્મનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | મહા સુદ ત્રીજ |
| નક્ષત્ર | : | પુષ્ય |
| રાશિ | : | કર્ક |

### લગ્ન કુંડળી




## (૧૬) શ્રી શાંતિનાથ ભગવાન (ચક્રવર્તી)

| | | |
|---|---|---|
| જન્મ | : | વૈશાખ વદ તેરસ |
| નક્ષત્ર | : | ભરણી |
| રાશિ | : | મેષ |

### લગ્ન કુંડળી






## (૧૭) શ્રી કુંથુનાથ ભગવાન (ચક્રવર્તી)

| | | |
|---|---|---|
| જન્મ | : | ચૈત્ર વદ ચૌદશ |
| નક્ષત્ર | : | કૃતિકા |
| રાશિ | : | વૃષભ |

### લગ્ન કુંડળી




## (૧૮) શ્રી અરનાથ ભગવાન (ચક્રવર્તી)

| | | |
|---|---|---|
| જન્મ | : | માગશર સુદ દશમ |
| નક્ષત્ર | : | રેવતી |
| રાશિ | : | મીન |

### લગ્ન કુંડળી



## (૧૯) શ્રી મલ્લિનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | માગશર સુદ અગ્યિારસ |
| નક્ષત્ર | : | અશ્વિની |
| રાશિ | : | મેષ |

### લગ્ન કુંડળી




## (૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | વૈશાખ વદ આઠમ |
| નક્ષત્ર | : | શ્રવણ |
| રાશિ | : | મકર |

### લગ્ન કુંડળી



## (૨૧) શ્રી નમિનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | અષાઢ વદ આઠમ |
| નક્ષત્ર | : | અશ્વિની |
| રાશિ | : | મેષ |

### લગ્ન કુંડળી




## (૨૨) શ્રી નેમિનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | શ્રાવણ સુદ પાંચમ |
| નક્ષત્ર | : | ચિત્રા |
| રાશિ | : | કન્યા |

### લગ્ન કુંડળી



## (૨૩) શ્રી પાર્શ્વનાથ ભગવાન

| | | |
|---|---|---|
| જન્મ | : | માગશર વદ દશમ |
| નક્ષત્ર | : | વિશાખા |
| રાશિ | : | તુલા |

### લગ્ન કુંડળી




## (૨૪) શ્રી મહાવીરસ્વામી ભગવાન

